न्यायबोधिनी-पदकृत्यव्याख्योपेत-

# तर्कसङ्ग्रहः

[सविवरणः]

: વિવરણકાર :

આ. વિ. ચન્દ્રગુપ્તસૂરિ

: આર્થિક સહકાર :

શ્રીમતી ચંદ્રાવતી બાલુભાઈ ખીમચંદ ઝવેરી રીલિજીયસ ટ્રસ્ટ

રત્નપુરી - ગોશાલેન દફતરી રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૯૭.

न्यायबोधिनी-पदकृत्यव्याख्योपेत-

# तर्कसङ्ग्रहः

[सविवरणः]

: વિવરણકાર:

પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ. આચાર્યભગવન્ત શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પૂજ્યપાદ સ્વ. આ.ભ. શ્રી. વિ. મુક્તિચન્દ્ર સૂ. મ. સા. ના. શિષ્યરત્ન પૂજ્યપાદ આ. ભ. શ્રી. વિ. અમરગુપ્ત સૂ. મ. સા. ના શિષ્ય

આ. વિ. ચન્દ્રગુપ્તસૂરિ

: આર્થિક સહકાર :

શ્રીમતી ચંદ્રાવતી બાલુભાઈ ખીમચંદ ઝવેરી રીલિજીયસ ટ્રસ્ટ

રત્નપુરી - ગોશાલાલેન દફતરી રોડ,

મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૯૭.

# તર્કસઙ્ગ્રહ-વિવરણ

આવૃત્તિ ત્રીજી : ૧૦૦૦ નકલ :

વિ. સં. : ૨૦

: પ્રાપ્તિ-સ્થાન.

શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ. પો. મુરબાડ
જિ. ઠાણે

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાહની પોળ, કાળુપુર રોડ,
અમદાવાદ–૩૮૦૦૦૧

શાહ. મુકુંદભાઈ રમણલાલ
૫, 'નવરત્ન' ફલેટ્સ
ઓપેરા સોસાયટી નં. ૨ની સામે
નવા વિકાસગૃહ માર્ગ, પાલડી
અમદાવાદ–૩૮૦૦૦૭.

જતીનભાઈ હેમચંદ શાહ
'કોમલ' કબૂતરખાનાની સામે,
છાપરીયા શેરીઃ મહીધરપુરા
સુરત - ૩૯૫૦૦૩

: મુદ્રણ :

કુમાર ગ્રાફીક
૧૩૮/બી, ચંદાવાડી, બીજે માળે, સી.પી.ટેંક રોડ,
મુંબઈ - ૪૦૦૦૦૪ ✆ : ૩૮૮૬૩૨૦ / ૩૮૭૯૬૫૯

# વિવરણકારની વાત....

દેવાધિદેવ શ્રી અરિહન્ત પરમાત્માઓના શાસનની સર્વોપરિતા સ્વયંસિદ્ધ છે. કારણ કે એ પરમતારક દેવાધિદેવોએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી જ એ શાસનની સ્થાપના કરી હોય છે. સર્વજ્ઞપ્રણીત એ શાસનના મર્મને સમજાવવા માટે શ્રી ગણધર ભગવન્તો આદિ મહાપુરુષોએ શ્રીદ્વાદશાઙ્ગીપ્રમુખ અનેક શાસ્ત્રો રચીને આપણી ઉપર અસીમ ઉપકાર કર્યો છે.

સ્યાદ્વાદના અભેદ્ય કવચથી સુરક્ષિત શ્રી જિનવચનોના એ અખૂટ ખજાનાનો પરિચય પામવા માટે પણ અન્યદર્શનકારોની દૃષ્ટિ નિષ્ફળ ગઈ છે. જ્ઞાનાવરણીયકર્મના વિશિષ્ટ ક્ષયોપશમના યોગે પ્રખર બુદ્ધિપ્રતિભા ધરાવવા છતાં, મિથ્યાત્વના ગાઢ પડલથી વિવેકચક્ષુ આવરાયેલા હોવાના કારણે જૈનેતરદર્શનકારો સાચા તત્ત્વજ્ઞાનથી દૂર જ રહ્યા છે. એકાન્તવાદની આગ્રહી પરંપરામાં ઊછરેલા આવા ઈતરદર્શનના વિદ્વાનોમાં જ્યારે જ્યારે કોઈ મહાન પુણ્યાત્માઓનો પુણ્યોદય જાગ્યો, ત્યારે ત્યારે નજીવું પણ કોઈ સુંદર નિમિત્ત મળતાં જ એ પુણ્યાત્માઓએ સ્યાદ્વાદના શરણે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. યાકિનીમહત્તરાસૂનુ સૂરિપુરન્દર શ્રીમદ્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા વગેરે મહાપુરુષોનાં દૃષ્ટાન્તો આ સત્યના સાક્ષી છે.

ઈતરદર્શનમાંથી જૈનદર્શનમાં આવેલા આવા અનેક સમર્થ મહાપુરુષો અને જૈનકુલમાં જન્મીને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની ઉપાસના દ્વારા જૈનશાસનને જયવન્તું રાખનારા મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વગેરે મહાપુરુષો વચ્ચે સમાનભાવે તરી આવતી એક વિશેષતા એ રહી છે કે એ બધા મહાપુરુષોએ; અન્યદર્શનકારોએ શ્રી જૈનદર્શન ઉપર કરેલા સઘળાય આક્ષેપોનું નિરસન અને શ્રી જૈનદર્શનના સિદ્ધાન્તોનું સમર્થન અન્યદર્શનકારોની જ શૈલીથી કરી બતાવ્યું છે. અનેકાન્તવાદનો ઉપહાસ કરનારાઓને અનેકાન્તવાદના ઉપાસક બનાવી દે એવા અજેય ગ્રન્થરત્નોના સર્જક સમર્થ મહાપુરુષોના એ પ્રસાદનો આસ્વાદ લેવા માટે અન્યદર્શનકારોની પરિભાષાનો અભ્યાસ પણ આવશ્યક બને—એ સહેજે સમજાય એવું છે.

એ પરિભાષાને સમજાવતા ગ્રન્થોમાં હાલ 'તર્કસંગ્રહ'નું સ્થાન

પ્રારંભિક ગ્રન્થ તરીકે ખૂબ જ વ્યાપક બન્યું છે. 'ન્યાયબોધિની' અને 'પદકૃત્ય' નામનાં બે સંસ્કૃત વિવેચનો સાથેના તર્કસંગ્રહનું ગુજરાતી ભાષામાં સાચું અને સરલ વિવરણ હાલ ઉપલબ્ધ ન હોવાથી ખાસ તો પૂ. સાધુ-સાધ્વીજીમહારાજોની અનુકૂળતા માટે આ વિવરણ લખ્યું છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી આ વિવરણ પૂ. સાધુ-સાધ્વીજી ભગવન્તોને ખૂબ ઉપયોગી જણાયાથી આજથી બાર વર્ષ પૂર્વે એનું પુસ્તકરૂપે પ્રકાશન થયું હતું. આજે એનું ત્રીજી આવૃત્તિરૂપે શ્રીમતી ચંદ્રાવતી બાલુભાઈ ખીમચંદ ઝવેરી રીલિજીયસ ટ્રસ્ટ, (મલાડ - મુંબઈ)ના જ્ઞાનખાતાની રકમના સદુપયોગથી પ્રકાશન થઈ રહ્યું છે, માટે આ પુસ્તકની સમ્પૂર્ણ કિંમત અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતામાં આપ્યા વિના શ્રાવકોએ આ પુસ્તકનો ઉપયોગ ન કરવા ખાસ સૂચના છે.

બીજું આ ગ્રન્થના અધ્યયન દ્વારા દાર્શનિક પરિભાષાનું જ્ઞાન મેળવી અનેકાન્તવાદનું અવગાહન કરી પ્રાન્તે આત્મકલ્યાણને સાધવામાં સહાયક બનવાનું જ એકમાત્ર લક્ષ્ય આ વિવરણ પાછળ રહ્યું છે. તેથી માત્ર અધ્યયન–અધ્યાપન દ્વારા આજીવિકા ચલાવવા આદિના લક્ષ્યથી આ ગ્રન્થનો ઉપયોગ નહિ કરવા પણ ખાસ સૂચના છે. આમ છતાં આવા આત્મકલ્યાણકર સાધનનો બીજા કોઈ આશયથી કોઈ ઉપયોગ કરે તો તેનો દોષ તેમ કરનારના શિરે છે. વિવરણકાર તરીકે મારી એમાં કોઈ અનુમોદના નથી.

દેશકાલની સીમાઓથી પર એવા પરમસત્યસ્વરૂપ શ્રી-જિનવચનોના જયનાદમાં આ વિવરણનો નાનો નિખાલસ સાદ સંભળાય અને શાસન-સેવાનું આ નાનું સુકૃત મારા અને પાઠકોના આત્માને પરમાત્મા બનાવે એવી શ્રદ્ધા સાથે વિરમું છું.

વર્ધમાનનગર રાજકોટ
વિ.સં. ૨૦૫૨ - ભા.સુ. ૧૦ — આ. વિ. ચન્દ્રગુપ્ત સૂ.

# श्रीतर्कसङ्ग्रहः ।

## न्यायबोधिनी–पदकृत्यव्याख्योपेतः ।

❀ ❀ ❀ ❀ ❀

**निधाय हृदि विश्वेशं विधाय गुरुवन्दनम् ।**
**बालानां सुखबोधाय क्रियते तर्कसङ्ग्रहः ॥१॥**

**न्यायबोधिनी ।**

**अखिलागमसंचारि श्रीकृष्णाख्यं परं महः ।**
**ध्यात्वा गोवर्धनसुधीस्तनुते न्यायबोधिनीम् ॥१॥**

चिकीर्षितस्य ग्रन्थस्य निर्विघ्नपरिसमाप्त्यर्थमिष्टदेवतानमस्कारात्मकं मङ्गलं शिष्यशिक्षार्थं ग्रन्थादौ निबध्नाति–**निधायेति** ॥१॥

## अथ विव्रियते सटीकस्तर्कसङ्ग्रहः ।

**नत्वा श्रीवीरवाचं भवविरहफलां स्यात्पदेनाङ्कितां तां,**
**सूरिं श्रीरामचन्द्रं प्रवचननिपुणं विश्ववन्द्यं प्रणम्य ।**

**स्मृत्वा शिक्षाप्रदातु र्वचनविलसितं तृप्तिनारायणस्य**
**ज्ञात्वा न्यायं यथार्थं कृतिजनसरलं न्यायसिद्धान्तयुक्त्या ॥१॥**

**विवृणोमि पदकृत्यसमेतं, न्यायबोधिनीवृत्तिसुयुक्तम् । तर्कसङ्ग्रह-मतर्ककोविद–च्छात्रमात्रहितहेतुसमुत्कः ॥२॥ (युग्मम्)**

निधाय......ઈત્યાદિ–––હૃદયને વિશે વિશ્વેશનું ધ્યાન કરીને, ગુરુને વંદન કરીને બાલજીવોના સુખથી બોધ માટે તર્કસંગ્રહ કરાય છે.

# ❋ ન્યાયબોધિની ❋

अखिलागम.........ઈત્યાદિ--અખિલાગમોનો સંચાર છે જેમાંથી, અર્થાત્ અખિલ આગમોની ઉત્પત્તિના સ્થાનભૂત એવા શ્રીકૃષ્ણ નામના પરમતેજનું ધ્યાન કરીને ગોવર્ધન નામના પંડિત ન્યાયબોધિની રચે છે.

કરવાની ઈચ્છાના વિષયભૂત ગ્રંથની નિર્વિઘ્ન પરિસમાપ્તિ માટે કરેલા ઈષ્ટદેવતાનમસ્કારાત્મક મંગલને; શિષ્યશિક્ષા માટે ગ્રંથની શરૂઆતમાં "**निधाय हृदि**.........." ઈત્યાદિ ગ્રંથથી લખે છે. અર્થાદ્ મંગલ કરવાનું ફળ વિઘ્નધ્વંસપૂર્વક સમાપ્તિ છે અને ગ્રંથની આદિમાં મંગલના નિબંધનનું ફળ, શિષ્યની શિક્ષા છે. "મારે પણ વિઘ્નધ્વંસ-પૂર્વક ગ્રંથસમાપ્તિ માટે મંગલ કરવું જોઈએ" આ પ્રમાણેનું જ્ઞાન, અહીં શિષ્યશિક્ષા છે. ગ્રંથકાર મંગલ કરત અને ગ્રંથની આદિમાં તેનું નિબંધન ન કરત તો નિર્વિઘ્ન ગ્રંથસમાપ્તિ થવા છતાં "નિર્વિઘ્ન પરિસમાપ્તિનું મંગલ કારણ છે" આવું જ્ઞાન શિષ્યોને ન થાત. તેથી શિષ્યોને તાદૃશજ્ઞાન દ્વારા મંગલમાં પ્રવર્ત્તાવવા ગ્રંથની આદિમાં મંગલનું નિબંધન આવશ્યક છે. માત્ર मंगलम्...... ઈત્યાદિ ન લખતાં इष्टदेवतानमस्कारात्मकं..... ઈત્યાદિ લખ્યું છે, તે મંગલના અન્ય પ્રકારો સૂચવવા માટે છે. આથી "कमठे धरणेन्द्रे च... ..." ઈત્યાદિ આશીર્વાદાત્મક મંગલનો અને "जीवाजीवा......." ઈત્યાદિ વસ્તુનિર્દેશાત્મક મંગલનો સંગ્રહ કરીને મંગલના ત્રણ પ્રકાર સમજી લેવા.

યદ્યપિ "निधाय... ...." ઈત્યાદિ શ્લોકના પૂર્વાર્ધથી જ શિષ્ય-શિક્ષાનું પ્રયોજન સિદ્ધ થાય છે. તેથી "बालानां सुखबोधाय......" ઈત્યાદિ ઉત્તરાર્ધ વ્યર્થ છે; પરંતુ 'प्रेक्षावतां प्रवृत्त्यर्थम्' અર્થાદ્ બુદ્ધિમાનની પ્રવૃત્તિ માટે અનુબંધચતુષ્ટયનું કથન આવશ્યક હોય છે. એ અનુબન્ધચતુષ્ટયનું સૂચન; ગ્રંથકાર શ્લોકના તાદૃશ ઉત્તરાર્ધથી કરે છે. આશય એ છે કે, ગ્રંથકાર ગ્રંથની રચના; બીજાના જ્ઞાન માટે કરે છે. ગ્રંથનાં વાંચન અથવા શ્રવણમાં પ્રવૃત્તિ કર્યા વિના

બીજાઓને ગ્રંથનું જ્ઞાન ન થાય. આથી ગ્રંથનાં વાંચન અથવા શ્રવણમાં પ્રવર્ત્તાવવા અનુબંધચતુષ્ટયનું કથન અનિવાર્ય હોય છે. વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારી આ અનુબંધચતુષ્ટયના કથનથી ગ્રંથનાં વાંચન અથવા શ્રવણમાં બીજાઓને પ્રવર્ત્તાવવાનું સુકર બને છે. ગ્રંથ જોનાર વ્યક્તિ સામાન્યતઃ ગ્રંથમાં કયા વિષયનું પ્રતિપાદન કર્યું છે ? ગ્રંથનો એના અધ્યયન માટે અધિકારી કોણ છે ? અને ગ્રંથાર્થજ્ઞાનથી શું ફળ મળશે? એ જાણ્યા પછી જ ગ્રંથનાં વાંચન–શ્રવણમાં પ્રવૃત્તિ કરે છે. જ્યાં સુધી એ ત્રણનું જ્ઞાન ન થાય, ત્યાં સુધી એ વ્યક્તિ ગ્રંથને ઉપાદેય માનીને એનાં વાંચન અથવા શ્રવણમાં પ્રવૃત્ત નહિ થાય. જેથી બીજાઓને ગ્રંથવાંચન અથવા શ્રવણમાં પ્રવર્ત્તાવવા ઉપરોક્ત ત્રણ અનુબંધનું કથન ગ્રંથકારને અનિવાર્ય હોય છે. ગ્રંથમાં કયો વિષય પ્રતિપાદ્ય છે - એ જાણવા છતાં 'એના જ્ઞાનનો હું અધિકારી છું કે નહિ?' આ સંદેહના કારણે માત્ર પ્રતિપાદ્ય વિષયનો જ્ઞાતા ગ્રંથનાં વાંચનાદિમાં પ્રવૃત્તિ નથી કરતો. તેમ જ પ્રતિપાદ્ય વિષયની સાથે તદર્થજ્ઞાનમાં અધિકારી તરીકે પોતાની જાતને જાણવા છતાં, તે જ્ઞાનનું શું ફળ છે - એ નહિ જાણવાથી ગ્રંથનાં વાંચનાદિમાં અનુબંધદ્વયનો જ્ઞાતા પ્રવૃત્ત થતો નથી. માટે ઉપર્યુક્ત ત્રણે અનુબંધનું કથન ગ્રંથની આદિમાં આવશ્યક છે. ગ્રંથકારે "बालानां सुखबोधाय, क्रियते तर्कसङ्ग्रहः ।।" આ ઉત્તરાર્દ્ધથી દ્રવ્યાદિ પદાર્થો વિષય છે; બાલજીવો અધિકારી છે; તથા દ્રવ્યાદિપદાર્થ–જ્ઞાન દ્વારા પરંપરાએ મોક્ષ પ્રયોજન અર્થાત્ ફળ છે. એ પ્રમાણે ત્રણ અનુબંધો સૂચવ્યા છે. આ અનુબંધત્રયના જ્ઞાનથી સંબંધાત્મક અનુબંધનું જ્ઞાન સ્વાભાવિક રીતે થઈ જાય છે. કારણ કે ગ્રંથ અને તત્પ્રતિપાદ્ય વિષયનો નિરૂપ્ય–નિરૂપકભાવ, વાચ્ય–વાચકભાવાદિ; સંબંધ હોય છે. યદ્યપિ અનુબંધત્રયનું જ્ઞાન થવાથી ઉપર જણાવ્યા મુજબ ગ્રંથવાંચનાદિમાં પ્રવૃત્તિ શક્ય હોવાથી સંબંધાત્મક અનુબંધના જ્ઞાનની આવશ્યકતા નથી. પરંતુ સંબંધના જ્ઞાનના અભાવમાં પણ ગ્રંથવાંચનાદિમાં પ્રવૃત્તિ નહિ થઈ શકે. કારણ કે, અહીંનો જ વિચાર કરીએ તો અહીં દ્રવ્યાદિ

સાત પદાર્થોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. એ સંગ્રહ જો સંયોગાદિ સંબંધથી કરવામાં આવે તો, એક દ્રવ્યાત્મક પદાર્થનો જ, સંયોગાદિ સંબંધથી એક સ્થાને સન્નિવેશાત્મક સંગ્રહ શક્ય નથી. તો દ્રવ્યાદિ સાત પદાર્થોનો સંગ્રહ કેવી રીતે શક્ય બને ? આથી અશક્ય વસ્તુમાં વ્યર્થ પ્રયત્ન ગ્રંથકારે કેમ કર્યો ? આવી શંકાના કારણે પણ બીજાઓની ગ્રંથનાં વાંચનાદિમાં પ્રવૃત્તિ નહિ થાય. તેથી અશક્ય વસ્તુમાં ગ્રંથકારનો પ્રયાસ નથી, એના નિર્ણય માટે સંબંધનું જ્ઞાન પણ આવશ્યક છે. પ્રતિપાદ્ય-પ્રતિપાદકતા સંબંધના જ્ઞાનથી; ગ્રંથકારે દ્રવ્યાદિ સાત પદાર્થોનું નિરૂપણ આ ગ્રંથમાં કર્યું છે - એવું સમજાઈ જાય છે. તેથી ગ્રંથકારનો પ્રયત્ન અશક્ય વસ્તુમાં નથી, પરંતુ શક્ય વસ્તુમાં છે. કારણ કે, સકલ પદાર્થનું નિરૂપણ એક ગ્રંથમાં શક્ય છે. એતાદૃશ નિર્ણયથી બીજાઓની ગ્રંથનાં વાંચન અથવા શ્રવણમાં પ્રવૃત્તિ શક્ય બને છે.

पदकृत्यम् ।

श्रीगणेशं नमस्कृत्य पार्वतीशंकरं परम् ।
मया चन्द्रजसिंहेन क्रियते पदकृत्यकम् ॥१॥
यस्मादिदमहं मन्ये बालानामुपकारकम् ।
तस्माद्धितकरं वाक्यं वक्तव्यं विदुषा सदा ॥२॥

विश्वेशं=जगत्कर्तारं श्रीसाम्बमूर्तिं, हृदि=मनसि । निधाय=नितरां धारयित्वा, गुरुवन्दनं च विधाय=कृत्वेत्यर्थः । बालेति । अत्राधीतव्या-करणकाव्यकोशोऽनधीतन्यायशास्त्रो बालः । व्यासादावतिव्याप्तिवारणाय अनधीतन्यायेति । स्तनंधयेऽतिप्रसक्तिवारणाय अधीतव्याकरणेति । सुखेति । सुखेन=अनायासेन, बोधाय=पदार्थतत्त्वज्ञानायेत्यर्थः । तर्क्यन्ते=प्रमितिविषयीक्रियन्ते इति तर्काः=द्रव्यादिपदार्थास्तेषां सङ्ग्रहः=संक्षेपेणोद्देश-लक्षण-परीक्षा यस्मिन् स ग्रन्थः । नाममात्रेण

**वस्तुसंकीर्त्तनमुद्देशः । यथा 'द्रव्यं, गुणा' इति । असाधारणधर्मो लक्षणम् । यथा 'गन्धवत्त्वं पृथिव्याः' । लक्षितस्य लक्षणं संभवति न वेति विचारः परीक्षा । अत्रोद्देशस्य पक्षज्ञानं फलं, लक्षणस्येतरभेदज्ञानं, परीक्षाया लक्षणे दोषपरिहार इति मन्तव्यम् ॥**

## પદકૃત્ય

श्रीगणेशमित्यादि–શ્રી ગણેશને તેમ જ શ્રેષ્ઠ પાર્વતી-શંકરને નમસ્કાર કરીને ચંદ્રજસિંહ એવા મારા વડે આ પદકૃત્ય કરાય છે. જે કારણથી હું આ પદકૃત્યને બાલજીવોને ઉપકારનું કારણ માનું છું તે કારણથી હિતકર એવું પદકૃત્યસ્વરૂપ વાક્ય વિદ્વાનોએ હંમેશાં કહેવું જોઈએ. અર્થાત્ બાલજીવોને ભણાવવું જોઈએ.

ઈશ્વરને વિશ્વેશ; તેઓ વિશ્વના કર્તા હોવાથી કહેવાય છે. ગૃહાદિને પૈસાથી ખરીદનાર જેવી રીતે ગૃહાદિના સ્વામી કહેવાય છે; તેવી રીતે ઈશ્વરને વિશ્વેશ નથી માનતા. તેથી વિશ્વેશ પદનો અર્થ 'જગત્કર્ત્તા' કર્યો છે. ઈશ્વર જગત્કર્તા અરૂપી હોવાથી તેનું ધ્યાન અશક્ય જાણીને "निधाय हृदि विश्वेशम्" આ પદની અસઙ્ગતિને દૂર કરવાના આશયથી વિશ્વેશ પદનો અર્થ; 'સામ્બમૂર્તિ' અર્થાત્ 'પાર્વતીસહિત શંકરની મૂર્તિ' આ પ્રમાણે કર્યો છે. ધ્યાન મનનો વિષય છે. તેથી "निधाय हृदि" આ પદની અસઙ્ગતિને દૂર કરવાના આશયથી हृदि નો અર્થ 'मनसि' આ પ્રમાણે કર્યો છે.

"अधीतव्याकरणकाव्यकोशोऽनधीतन्यायशास्त्रो" बालः । અર્થાત્ વ્યાકરણ, કાવ્ય અને કોશનું જેણે અધ્યયન કર્યું છે અને ન્યાયશાસ્ત્રનું અધ્યયન જેણે કર્યું નથી તેને બાલ કહેવાય છે. "अधीत–व्याकरणकाव्यकोशो बालः" આટલું જ લક્ષણ કરીએ તો વ્યાસાદિ વ્યાકરણ-કાવ્યકોશના વિદ્વાન પુરુષોને પણ બાલ કહેવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. લક્ષણમાં 'अनधीतन्यायशास्त्र' પદોપાદાનથી, તાદૃશ અનિષ્ટ પ્રસંગ નહિ આવે. કારણ કે, વ્યાસાદિ અનધીતન્યાયશાસ્ત્ર

નથી. "अनधीतन्यायशास्त्रो बालः" આટલું જ લક્ષણ કરીએ તો સ્તનન્ધયાદિ નાના બાલકોને પણ બાલ કહેવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. કારણ કે સ્તનંધયોએ ન્યાયશાસ્ત્રનું અધ્યયન કર્યું નથી. લક્ષણમાં अधीत.......ઈત્યાદિ પદોપાદાનથી બાલનું લક્ષણ સ્તનં-ધયાદિમાં નહિ જાય. કારણ કે સ્તનંધયોએ ન્યાયની જેમ જ વ્યાકરણાદિનું પણ અધ્યયન કર્યું નથી. યદ્યપિ "अधीतव्याकरण...." ઈત્યાદિ પદના અનુપાદાનથી સ્તનંધયમાં અતિવ્યાપ્તિનું કાંઈ જ કારણ નથી. કારણ કે સ્તનંધયાદિ વસ્તુતઃ બાલ જ હોવાથી તેમાં લક્ષણ જાય તો કોઈ અનિષ્ટ પ્રસંગ નથી. માટે તેના નિવારણ માટે "अधीतव्याकरण.. ..." ઈત્યાદિ પદનું ઉપાદાન અનાવશ્યક છે. પરંતુ જે બાલજીવોને અલ્પપ્રયત્ને તર્કસંગ્રહનું જ્ઞાન થઈ શકે છે એવા પારિભાષિક બાલજીવો લક્ષ્ય છે. સ્તનંધયાદિને તો પ્રયત્નપ્રકર્ષથી પણ તર્કસંગ્રહનું જ્ઞાન થઈ શકે એમ નથી. માટે એ અલક્ષ્યમાં લક્ષણની વ્યાવૃત્તિ કરવા "अधीत" ઈત્યાદિ પદોપાદાન આવશ્યક છે.

सुखबोधाय.......ઈત્યાદિ—તર્કસંગ્રહનું જ્ઞાન સુખપૂર્વક અર્થાદ્ વિના પ્રયત્ને થતું નથી પરંતુ અલ્પ પ્રયત્ને થાય છે. તેથી 'सुखबोधाय' ગ્રંથની અસંગતિને દૂર કરવા 'अनुदरा कन्या' ઈત્યાદિ પ્રયોગોમાં પ્રસિદ્ધ અલ્પાર્થક नञ्‌નો પ્રયોગ કરીને 'सुखबोधाय' ગ્રંથનો અર્થ "सुखेन–अनायासेन बोधाय" આવો કર્યો છે. અન્યથા अनायास પદનો અર્થ "સર્વથા પ્રયત્નાભાવ" કરીએ તો ઉપર મુજબ 'सुखबोधाय' લખવું અસંગત થશે.

तर्क्यन्ते.....ઈત્યાદિ–યથાર્થજ્ઞાનના જે વિષય કરાય છે અર્થાદ્ જેનું યથાર્થજ્ઞાન કરાય છે; તેને તર્ક કહેવાય છે. દ્રવ્ય, ગુણ... ઈત્યાદિ સાત પદાર્થો તર્ક છે. તે તર્કના સંગ્રહને તર્કસંગ્રહ કહેવાય છે. સંક્ષેપથી ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષા જેમાં હોય તેને ગ્રંથ કહેવાય છે. યદ્યપિ તર્ક-પદાર્થનું નિરૂપણ કર્યા પછી ગ્રંથકારે સંગ્રહ પદાર્થનું નિરૂપણ કરવું જોઈએ; પરન્તુ અપ્રસ્તુત ગ્રંથની વ્યાખ્યા

કરવી ન જોઈએ; છતાં પણ પૂર્વે જણાવ્યા મુજબ નિરૂપકતા સંબંધથી અહીં તર્કોનો સંગ્રહ હોવાથી અર્થાત્ સંગ્રહ તર્કોનો નિરૂપક હોવાથી; ગ્રંથસ્વરૂપ જ અહીં સંગ્રહ છે; કારણ કે ગ્રંથ પણ પદાર્થનો નિરૂપક જ હોય છે. તેથી સંગ્રહ અને ગ્રંથ એતદન્યતર પદાર્થના નિરૂપણથી કાર્ય સિદ્ધ થઈ જતું હોવાથી ગ્રંથનું નિરૂપણ કર્યું છે. નામમાત્રથી વસ્તુના સંકીર્ત્તનને–કથનને ઉદ્દેશ કહેવાય છે. દા. ત., "द्रव्य–गुण–कर्म–सामान्य–विशेष–समवाया–भावाः सप्त पदार्थाः" આ પ્રમાણે દ્રવ્યાદિ પદાર્થોનાં નામમાત્રથી સંકીર્ત્તનને ઉદ્દેશ કહેવાય છે. વસ્તુના અસાધારણ ધર્મને લક્ષણ કહેવાય છે. પૃથ્વીનો અસાધારણ ગન્ધવત્ત્વ ધર્મ છે; તેથી તે ગન્ધવત્ત્વ ધર્મ પૃથ્વીનું લક્ષણ છે. લક્ષિતનું (જેનું લક્ષણ કર્યું હોય તેનું) લક્ષણ સંભવે છે કે નહિ - તે વિચારવું; તેને પરીક્ષા કહેવાય છે. ઉદ્દેશથી પક્ષનું જ્ઞાન થાય છે. લક્ષણથી ઈતરના ભેદનું જ્ઞાન થાય છે અને લક્ષણમાં દોષનો પરિહાર પરીક્ષાથી થાય છે. તેથી લક્ષણ નિર્દોષ બને છે. આશય એ છે કે ગ્રંથ, પદાર્થોનો નિરૂપક હોવાથી ગ્રંથનાં શ્રવણાદિથી પદાર્થનું જ્ઞાન થાય છે. દરેક પદાર્થનું જ્ઞાન કરતી વખતે તે તે પદાર્થ 'સ્વેતરથી ભિન્ન છે;' આવું જ્ઞાન ન થાય તો તે તે પદાર્થોનો વાસ્તવિક બોધ થતો નથી. માટે સ્વેતરભેદનું જ્ઞાન કરાવવું અનિવાર્ય છે. સ્વેતરભેદનું જ્ઞાન અનુમાન દ્વારા થાય છે. અનુમાનમાં પક્ષ, સાધ્ય અને હેતુ વિગેરે સામગ્રીની અપેક્ષા હોય છે. અને તે સામગ્રી ઉદેશ, લક્ષણ અને પરીક્ષાથી પ્રાપ્ત થાય છે. દ્રવ્યમાં સ્વેતરભેદનું જ્ઞાન, "द्रव्यं स्वेतर-(गुणादि)भिन्नं समवायिकारणत्वात्" આ અનુમાનથી થાય છે. આ અનુમાનમાં ઉદ્દેશ્ય (ઉદ્દેશનો વિષય)ભૂત દ્રવ્ય, એ જ પક્ષ છે. દ્રવ્યનો અસાધારણ ધર્મ સમવાયિકારણત્વ, એ જ હેતુ છે; અને એ હેતુથી પક્ષમાં સ્વેતરભેદનું જ્ઞાન થાય છે. આથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે, ઉદ્દેશથી પક્ષનું જ્ઞાન થાય છે અને લક્ષણસ્વરૂપ વસ્તુના અસાધારણ ધર્મરૂપ હેતુથી ઈતરના ભેદનું જ્ઞાન થાય છે. હવે જો દ્રવ્યમાં ઈતરભેદનું જ્ઞાન કરાવવા ગુણવત્ત્વહેતુ આપીએ તો "द्रव्यं

स्वेतरभिन्नं गुणवत्त्वात्'' આ અનુમાનથી દ્રવ્યમાં સ્વેતરભેદનું જ્ઞાન થઈ શકશે નહિ. કારણ કે જ્યાં જ્યાં ગુણવત્ત્વ છે, ત્યાં ત્યાં સ્વેતરગુણાદિનો ભેદ હોવા છતાં જ્યાં ગુણવત્ત્વ નથી ત્યાં પણ સ્વેતરભેદ છે. દા. ત., ઉત્પન્ન થયેલું પ્રથમક્ષણવૃત્તિ દ્રવ્ય. આથી ઉપરોક્ત અનુમાનમાં પ્રવર્ત્તનારને ''ગુણવત્ત્વના અભાવવદ્‌માં દ્રવ્યેતરનો ભેદ હોય છે;'' એ જ્ઞાનથી ગુણાદિમાં પણ દ્રવ્યેતરભેદનું જ્ઞાન થશે. જેથી દ્રવ્ય અને ગુણાદિનો તેને વાસ્તવિક બોધ થઈ શકશે નહિ; આવી જ રીતે ''द्रव्यं स्वेतरभिन्नं जातिमत्त्वात्,'' ''द्रव्यं स्वेतरभिन्नं, गुणत्वात्'' આ દુષ્ટહેતુકાનુમાનથી પણ દ્રવ્યમાં સ્વેતરભેદનું જ્ઞાન કરવાનું શક્ય નથી. કારણ કે જાતિમત્ત્વ અને ગુણત્વ તો ગુણમાં છે અને ત્યાં સ્વેતરભેદ નથી. (દ્રવ્યેતરભેદ નથી.) આથી સ્પષ્ટ છે કે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ કે અસંભવ દોષથી યુક્ત લક્ષણને તાદૃશાનુમાનમાં હેતુ કરીએ તો પક્ષમાં સ્વેતરભેદ સિદ્ધ થતો નથી. માટે લક્ષણમાં તે તે દોષોનો પરિહાર કરીને નિર્દુષ્ટ લક્ષણ જ હેતુ તરીકે આપવું જોઈએ. જેથી વિવક્ષિત સ્વેતરભેદનું જ્ઞાન થઈ શકે; પરંતુ લક્ષણમાં દોષનો પરિહાર પરીક્ષા વિના શક્ય નથી માટે પરીક્ષા પણ ગ્રંથનું એક આવશ્યક અંગ છે.

**मूलम्–द्रव्य–गुण–कर्म–सामान्य–विशेष–समवायाभावाः सप्त पदार्थाः ॥**

**(न्या०) अथ पदार्थान्विभजते[1]–द्रव्येति । तत्र सप्तग्रहणं 'पदार्थत्वं द्रव्यादिसप्तान्यतमत्वव्याप्य'मिति व्याप्तिलाभाय । ननु शक्तिपदार्थस्याष्टमस्य सत्त्वात्कथं सप्तैवेति ? तथा हि–वह्निसंयुक्तेन्धनादौ सत्यपि मणिसंयोगे दाहो न जायते, तच्छून्येन तु जायते । अतो 'मणिसमवधाने शक्तिर्नश्यति, मण्यभावदशायां दाहानुकूला शक्तिरुत्पद्यत' इति कल्प्यते । तस्माच्छक्तिरतिरिक्तः पदार्थ इति चेत् । न । मणेः प्रतिबन्धकत्वेन मण्यभावस्य**

१ उद्देशस्यापि विभागसमानविषयत्वादर्थात्सिद्धिरतो नास्योद्देशग्रन्थत्वानुपपत्तिः ।

**कारणत्वेनैव निर्वाहे मणिसमवधानासमवधानाभ्यामनन्तशक्ति–तद्ध्वंस–तत्प्रागभाव–कल्पनाया अन्याय्यत्वात् । तस्मात्सप्तैवेति सिद्धम् ॥**

## ન્યાયબોધિની

पदार्थान् विभजते–द्रव्य ગુણ.....ઈત્યાદિ ગ્રંથથી પદાર્થોનો વિભાગ કરે છે.

"स्वसमभिव्याहृतपदार्थतावच्छेदकमिथोविरुद्धव्याप्ययावद्धर्म-विशिष्टधर्मिणां प्रतिपादनम् विभागः;" અર્થાત્ પોતાની સમીપમાં રહેલ પદના અર્થમાં રહેલી અર્થતાના અવચ્છેદક ધર્મના પરસ્પર વિરુદ્ધ અને વ્યાપ્ય એવા જેટલા ધર્મો; તે ધર્મવિશિષ્ટ ધર્મીઓના પ્રતિપાદનને (નામમાત્રથી સંકીર્ત્તનને) વિભાગ કહેવાય છે. स्व પદથી वि + भज् ધાતુનું ગ્રહણ કરવું. તેની (वि + भज् ધાતુની) નજીકમાં રહેલા पदार्थ પદના અર્થ પદાર્થમાં રહેલી અર્થતાનો અવચ્છેદક ધર્મ પદાર્થત્વ છે; તેના વ્યાપ્ય અને પરસ્પર વિરુદ્ધ ધર્મો- દ્રવ્યત્વ,ગુણત્વ,કર્મત્વ, સામાન્યત્વ,વિશેષત્વ,સમવાયત્વ અને અભાવત્વ આ સાત છે. તે ધર્મવિશિષ્ટ સાતે ધર્મીના પ્રતિપાદનને અર્થાત્ સ્વરૂપાદિના પ્રદર્શન વિના નામમાત્રથી ઉત્કીર્ત્તનને વિભાગ કહેવાય છે. આથી સ્પષ્ટ જ છે કે વિભાગવાક્યમાં નામમાત્રથી જ પદાર્થોનું નિરૂપણ હોવાથી વિભાગ અને ઉદ્દેશવાક્યનું કામ એક જ છે, તેથી 'पदार्थान् उद्दिशति' ન લખતાં 'पदार्थान्विभजते' આવું લખવા છતાં કોઈ દોષ નથી. અન્યથા ઉદ્દેશ વિના વિભાગગ્રન્થનો પ્રારંભ અસઙ્ગત થાત. આવી જ રીતે "द्रव्याणि विभजते"........ઈત્યાદિ ગ્રંથનો અર્થ સમજી લેવો. "द्रव्य-गुण.......पदार्थाः" અહીં દ્રવ્યાદિ સાત ઉદ્દેશ્ય છે. કારણ કે તે સાતનું નામમાત્રથી સંકીર્ત્તન કર્યું છે; અને પદાર્થત્વ વિધેય છે. દ્રવ્યાદિ સાતમાં રહેલી ઉદ્દેશ્યતાનો અવચ્છેદક, દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ છે. 'अन्यूनानतिप्रसक्त' ધર્મને અવચ્છેદક કહેવાય છે. ઉદ્દેશ્યતા દ્રવ્યાદિ સાતમાં છે અને ત્યાં જ દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ પણ છે. તેથી દ્રવ્યાદિનિષ્ઠોદ્દેશ્યતાનો તે અન્યૂનાનતિપ્રસક્ત 'દ્રવ્યાદિ-સપ્તાન્ય-

તમત્વ' ધર્મ અવચ્છેદક છે. "भेदकूटावच्छिन्नप्रतियोगिताकभेदवत्त्व" ને અન્યતમત્વ કહેવાય છે; અન્યોન્યાભાવસ્વરૂપ અભાવને 'ભેદ' કહેવાય છે. જેનો અભાવ, તેને અભાવનો 'પ્રતિયોગી' કહેવાય છે. જે, જેનો અવચ્છેદક હોય છે; તેનાથી તે 'અવચ્છિન્ન' કહેવાય છે. "ભેદકૂટથી અવચ્છિન્ન છે પ્રતિયોગિતા જેની એવા ભેદવત્ત્વને (ભેદને) અન્યતમત્વ" કહેવાય છે. द्रव्यं न, गुणो न,......ઈત્યાદિ દ્રવ્યાદિ-પ્રતિયોગિક સાત ભેદનો કૂટ (સમુદાય) દ્રવ્યાદિસાતમાં નથી. કારણ કે સ્વનો ભેદ સ્વમાં નથી રહેતો. દ્રવ્યાદિપ્રતિયોગિક સપ્તભેદકૂટ; દ્રવ્યાદિથી અતિરિક્ત વિષયતાદિ પદાર્થોમાં છે; અને 'द्रव्यादि-प्रतियोगिकसप्तभेदकूटवन्नास्ति ઈત્યાકારક પ્રતીતિસિદ્ધ ભેદ દ્રવ્યાદિ સાતમાં છે. એ ભેદનો પ્રતિયોગી તાદૃશભેદકૂટવત્ છે; એમાં રહેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક, તાદૃશભેદકૂટવત્ત્વરૂપ ભેદકૂટ છે અને તે પ્રતિયોગિતા–તાદૃશ ભેદકૂટથી અવચ્છિન્ન છે. આથી સ્પષ્ટ છે કે તાદૃશભેદકૂટાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદવત્ત્વરૂપ અન્યતમત્વ, દ્રવ્યાદિ સાતમાં છે. આ પ્રાસંગિક વાત થઈ. હવે પ્રકૃત સ્થળે "असति बाधके उद्देश्यतावच्छेदकव्यापकत्वं विधेये भासते" અર્થાત્ "કોઈ બાધક ન હોય તો ઉદ્દેશ્યતાવચ્છેદકનું વ્યાપકત્વ વિધેયમાં ભાસિત થાય છે." આ નિયમથી ઉદ્દેશ્યતાવચ્છેદક-દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ વ્યાપ્ય મનાય છે; અને વિધેય-પદાર્થત્વ વ્યાપક મનાય છે. તેથી "यत्र यत्र द्रव्यादिसप्तान्यतमत्वं तत्र तत्र पदार्थत्वम्"આ વ્યાપ્તિનો લાભ ઉક્ત નિયમથી જ પ્રાપ્ત થાય છે. વ્યાપ્ય-દ્રવ્યાદ્યન્યતમત્વના અધિકરણ સાત નિશ્ચિત હોવાથી પદાર્થત્વના અધિકરણ એ વ્યાપક હોવાથી સાતથી ઓછા નહિ માની શકાય. ન્યૂનમાં ન્યૂન પદાર્થત્વના અધિકરણ સાત તો માનવા અનિવાર્ય હોવાથી ઉક્ત નિયમથી પદાર્થની ન્યૂન સંખ્યાનો વ્યવચ્છેદ થાય છે. પદાર્થની અધિક સંખ્યાનો વ્યવચ્છેદ કરવા મૂલમાં સપ્ત પદનું ગ્રહણ છે. આ આશયને સ્પષ્ટ કરતાં ન્યાયબોધિનીકાર કહે છે–"तत्र सप्तग्रहणं पदार्थत्वं द्रव्यादिसप्तान्यतमत्वव्याप्यमिति व्याप्ति-लाभाय"; આશય એ છે કે, દ્રવ્યાદિસપ્તાન્યતમત્વનું વ્યાપ્ય પદાર્થત્વ

છે; અર્થાત્ यत्र यत्र पदार्थत्वं तत्र तत्र द्रव्यादिसप्तान्यतमत्वं એતાદૃશ વ્યાપ્તિના લાભ માટે મૂલમાં सप्त પદોપાદાન છે. જેથી દ્રવ્યાદિ-સપ્તાન્યતમત્વરૂપ વ્યાપકના સાત અધિકરણથી અધિક અધિકરણ, વ્યાપ્યભૂતપદાર્થત્વના માનવાનું શક્ય ન હોવાથી પદાર્થની અધિક સંખ્યાનો વ્યવચ્છેદ થાય છે. આ રીતે "असति बाधके..." ઈત્યાદિ નિયમના બલે તેમ જ સપ્તગ્રહણના બલે પદાર્થની ન્યૂનાધિક સંખ્યાનો વ્યવચ્છેદ થવાથી "सप्तैव पदार्थाः" અર્થાત્ પદાર્થો સાત જ છે એ સિદ્ધ થાય છે. આ આશયથી જ મૂલમાં "सप्त पदार्थाः" અહીં 'एव' કારનું ઉપાદાન નહિ હોવા છતાં, 'कथं सप्तैव' આ પ્રમાણે ન્યાયબોધિની-કારનો શંકાગ્રંથ છે. અન્યથા મૂલમાં एव કારનો ઉલ્લેખ ન હોવાથી તાદૃશોલ્લેખપૂર્વકનો તે શંકાગ્રંથ સઙ્ગત નહિ થાય. શક્તિ નામના સ્વાભિપ્રેત અષ્ટમ પદાર્થની સિદ્ધિ કરવા શંકાકાર "वह्नि संयुक्त...." ઈત્યાદિ ગ્રંથથી નીચે જણાવ્યા મુજબનું અનુમાન સૂચવે છે. इन्धनादिविशिष्टमणिसमवधानकालीनदाहाभावो; यत्किञ्चित्कारणाभाव-प्रयुक्तः, कार्याभावत्वाद्; यथा दण्डेतरसकलसामग्रीसमवधानकालीनदण्डाभाव-प्रयुक्तघटाभावः । यत्र यत्र कार्याभावत्वं, तत्र तत्र कारणाभावप्रयुक्तत्वम् । આ પ્રમાણે તાદૃશદાહાભાવમાં યત્કિંચિત્કારણાભાવપ્રયુક્તત્વ સિદ્ધ થાય છે; અને એ દાહાભાવ જે કારણના અભાવથી થયો છે; તે કારણ જ શક્તિ છે; આવું મીમાંસકોનું કહેવું છે. યદ્યપિ શક્તિ નામનો પદાર્થ સિદ્ધ થવા છતાં તેમાં અષ્ટમત્વ અર્થાત્ સપ્તપદાર્થાતિરિક્તત્વ સિદ્ધ ન થવાથી 'सप्तैव पदार्थाः' આ ગ્રંથ અસંગત નથી. પરંતુ નીચે જણાવેલાં અનુમાનોથી શક્તિમાં સપ્તપદાર્થાતિરિક્તત્વ પણ સિદ્ધ થાય છે. शक्ति, द्रव्य-गुण-कर्मभिन्ना गुणवृत्तित्वाद्, गुणत्वादिवद्, यत्र यत्र गुणवृत्तित्वं तत्र तत्र द्रव्यगुणकर्मभिन्नत्वम्, यथा गुणत्वादिकम् । शक्तिः सामान्य–विशेष-समवायाभावभिन्ना, उत्पत्तिमत्त्वे सति विनाशशालित्वाद्, यथा द्रव्यादिकम्, यत्र यत्रोत्पत्तिमत्त्वे सति विनाशशालित्वं तत्र तत्र सामान्य–विशेष–समवायाभावभिन्नत्वं, यथा द्रव्यादिकम् । शक्तिः सप्तपदार्थातिरिक्तपदार्थः क्लृप्तपदार्थेष्वनन्तर्भूतत्वाद्, यन्नैवं तन्नैवम् । આ

રીતે શક્તિને અતિરિક્ત પદાર્થ માનનારા મીમાંસકોને, તેમના જ અનુમાનથી પ્રતિબંધકાભાવાભાવપ્રયુક્તત્વને સિદ્ધ કરવાની ઈચ્છાથી નૈયાયિક ઉત્તર આપે છે....मणेः प्रतिबन्धकत्वेन....ઈત્યાદિ–આશય એ છે કે, પૂર્વપક્ષી તાદૃશ દાહાભાવમાં યત્કિંચિત્કારણાભાવપ્રયુક્તત્વ સિદ્ધ કરીને ત્યાં 'कारण' પદથી શક્તિનો સંગ્રહ કરે છે. અર્થાત્ તાદૃશ દાહાભાવ શક્ત્યભાવરૂપકારણાભાવપ્રયુક્ત છે. એ અભિપ્રાય પૂર્વપક્ષીનો છે. જ્યારે નૈયાયિકનો અભિપ્રાય એ છે કે, કાર્યમાત્રની પ્રત્યે પ્રતિબંધકાભાવ કારણ છે. દાહની પ્રત્યે મણિ પ્રતિબંધક છે. મણિસમવધાનકાલીન દાહાભાવસ્થળે પ્રતિબંધકાભાવરૂપ (મણ્ય-ભાવરૂપ) કારણ નથી. અર્થાત્ પ્રતિબંધકાભાવાભાવ (કારણાભાવ) જ છે. તેથી તાદૃશદાહાભાવમાં કારણાભાવપ્રયુક્તત્વ છે; અને તે, શક્ત્યભાવપ્રયુક્તત્વરૂપ નથી. પણ પ્રતિબંધકાભાવાભાવપ્રયુક્તત્વરૂપ છે. આથી શક્તિને માનવાનું આવશ્યક નથી. યદ્યપિ "प्रकृतकार्यानु-कूलकारणविघटकत्वं प्रतिबन्धकत्वम्"; અર્થાત્ "આરંભેલા કાર્યના અનુકૂલ કારણનો જે નાશ કરે છે; તેને જ પ્રતિબંધક કહેવાય છે." ઈન્ધનાદિ સામગ્રીસમકાલીન દાહાભાવસ્થળે મણિ, દૃષ્ટ કોઈ પણ કારણનો નાશ કરતો નથી; આથી મણિને પ્રતિબંધક માનનારા નૈયાયિકોને પણ મણિમાં પ્રતિબંધકત્વના નિર્વાહ માટે, અદૃષ્ટ (અતીંદ્રિય) શક્તિને કારણ માન્યા વિના ગત્યન્તર નથી. અન્યથા દાહાનુકૂલશક્ત્યતિરિક્ત કોઈ પણ કારણનું વિઘટકત્વ મણિમાં ન હોવાથી મણિને પ્રતિબંધક માનવાનું શક્ય નથી. પરંતુ ઉપર્યુક્ત પ્રતિબંધકનું સ્વરૂપ વાસ્તવિક નથી; "कारणीभूताभावप्रतियोगित्वं प्रतिबन्धकत्वम्' અર્થાત્ કારણીભૂત અભાવના પ્રતિયોગીને પ્રતિબંધક કહેવાય છે. દાહની પ્રત્યે કારણભૂત અભાવ મણ્યભાવ છે; તેથી તેના પ્રતિયોગી (મણ્યભાવના પ્રતિયોગી) મણિને પ્રતિબંધક કહેવાય છે, આથી સ્પષ્ટ છે કે "મણિમાં પ્રતિબંધકત્વના નિર્વાહ માટે પણ શક્તિને કારણ માન્યા વિના ગત્યન્તર નથી." આ કહેવું યુક્તિસંગત નથી. "प्रकृत....." ઈત્યાદિ ઉપર જણાવેલા પ્રતિબંધકના સ્વરૂપની

અવાસ્તવિકતા જણાવે છે, अनन्तशक्ति..... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, "प्रकृतकार्या...' ઈત્યાદિ પ્રતિબંધકનું સ્વરૂપ માનીએ તો અનંત શક્તિ, તેનો (શક્તિનો) ધ્વંસ તથા પ્રાગભાવ ઈત્યાદિની કલ્પના કરવાની આપત્તિ આવશે. તેથી "कारणीभूता...." ઈત્યાદિ રૂપ જ પ્રતિબંધકત્વ વાસ્તવિક છે.

**मूलम् :–तत्र द्रव्याणि पृथिव्यप्तेजोवाय्वाकाशकालदिगात्ममनांसि नवैव ॥**

મૂલ :- પૃથ્વી, અપ્, તેજ, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મન આ નવ દ્રવ્યો છે, અહીં 'तत्र द्रव्याणि' આ વિધેયવાક્યનો પૂર્વપ્રયોગ છે અને "पृथिव्य..." ઈત્યાદિઉદ્દેશવાક્યનો પશ્ચાત્પ્રયોગ છે. જ્યારે ઉદ્દેશ્ય-વિધેયભાવસ્થળે ઉદ્દેશવાક્યનો પ્રયોગ પૂર્વમાં હોય છે અને વિધેયવાક્યનો ઉત્તરમાં પ્રયોગ થાય છે. તેથી ઉદ્દેશ્ય-વિધેયભાવની વ્યવસ્થાનો પ્રકૃતમાં અભાવ હોવાથી 'असति बाधके...' ઈત્યાદિ પૂર્વે જણાવેલા નિયમાનુસાર ન્યૂન સંખ્યાનો વ્યવચ્છેદ અહીં થતો નથી. જેથી ન્યૂન સંખ્યાના વ્યવચ્છેદ માટે નવ પદનું; તથા અધિક સંખ્યાના વ્યવચ્છેદ માટે 'एव' પદનું ઉપાદાન કર્યું છે. આવી જ રીતે "रूपरस..." ઈત્યાદિ ગ્રંથમાં ન્યૂનાધિક સંખ્યાનો વ્યવચ્છેદ સ્વયં સમજી લેવો.

**(न्या०) द्रव्याणि विभजते–पृथिवीति । नन्वन्धकारस्य दशमद्रव्यस्य सत्त्वात्कथं नवैवेति ? । तथा हि–'नीलं तमश्चलती'ति प्रतीतेर्नील-रूपाश्रयत्वेन क्रियाश्रयत्वेन च द्रव्यत्वं सिद्धम् । न च क्लृप्तद्रव्येष्वन्त-र्भावात्कुतो दशमद्रव्यत्वमिति वाच्यम् । आकाशादिपञ्चकस्य वायोश्च नीरूपत्वान्न तेष्वन्तर्भावः । तमसो निर्गन्धत्वान्न पृथिव्यामन्तर्भावः । जलतेजसोः शीतोष्णस्पर्शवत्त्वान्न तयोरन्तर्भावः । तस्मात्तमसो दशमद्रव्यत्वं सिद्धमिति चेत् । न । तेजोभावरूपत्वेनैवोपपत्तावतिरिक्ततत्कल्पनायां मानाभावात् । न च विनिगमनाविरहात्तेज एव तमोभावस्वरूपमस्त्विति**

वाच्यम् । तेजसोऽभावस्वरूपत्वे सर्वानुभूतोष्णस्पर्शाश्रयद्रव्यान्तरकल्पने गौरवात् ! तस्मादुष्णस्पर्शगुणाश्रयतया तेजसो द्रव्यत्वं सिद्धम् । तमसि नीलत्वादिप्रतीतिस्तु भ्रान्तिरेव, दीपापसरणक्रियाया एव तत्र भानात् ॥

## ન્યાયબોધિની

"द्रव्याणि–नवैव" આ મૂલગ્રંથમાં શંકા કરે છે–"नन्वंधकारस्य" ઈત્યાદિ ગ્રંથથી. અંધકારમાં દ્રવ્યત્વને સિદ્ધ કરવાપૂર્વક ક્લૃપ્તદ્રવ્યાતિરિક્તત્વને સિદ્ધ કરે છે. "तथा हि...." ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે तमो द्रव्यं गुणवत्त्वात्; कर्मवत्त्वाद् वा; यत्र यत्र गुणवत्त्वं कर्मवत्त्वं वा तत्र तत्र द्रव्यत्वम्; यथा पृथिव्यादिकम्; આ અનુમાનથી દ્રવ્યત્વની અંધકારમાં સિદ્ધિ થાય છે; અને નીચે જણાવેલાં અનુમાનોથી તેમાં નવદ્રવ્યાતિરિક્તત્વની સિદ્ધિ થાય છે. तमो नवद्रव्यातिरिक्तम्; क्लृप्तद्रव्येष्वनन्तर्भूतत्वाद्, यत्र यत्र क्लृप्तद्रव्यानन्तर्भूतत्वम्, तत्र तत्र नवद्रव्यातिरिक्तत्वम्, यथा गुणादिकम् । तमः पृथ्वीभिन्नं गन्धशून्यत्वाद्, यत्र यत्र गन्धशून्यत्वं तत्र तत्र पृथ्वीभिन्नत्वम्; यथा जलादिकम् । तमो जलतेजोभिन्नं शीतोष्णस्पर्शरहितत्वाद्; यत्र यत्र शीतोष्णस्पर्शरहितत्वं; तत्र तत्र जलतेजोभिन्नत्वं, यथा पृथ्व्यादिकम् । तमो वाय्वादिषड्भिन्नं रूपवत्त्वाद्; यत्र यत्र रूपवत्त्वं तत्र तत्र वाय्वादिषड्भिन्नत्वम्; यथा पृथ्व्यादिकम् । આ અનુમાનોથી નવદ્રવ્યથી અતિરિક્ત દશમદ્રવ્ય અંધકાર છે એ સિદ્ધ થાય છે. તેથી 'द्रव्याणि नवैव' આ મૂલ ગ્રંથ અસંગત છે. એ શંકાકારનો અભિપ્રાય છે. ઉક્ત શંકાનું નિરાકરણ કરે છે. "न तेजोभावरूप...."ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, અંધકારનો સમાવેશ તેજોભાવમાં થઈ જતો હોવાથી તેને અતિરિક્ત દ્રવ્ય માનવામાં કોઈ પ્રમાણ નથી. યદ્યપિ "અંધકારને દ્રવ્ય માનીને અંધકારના અભાવમાં તેજનો સમાવેશ થઈ જતો હોવાથી તેજને જ

---

१ आदिशब्दाच्चलनस्य ग्रहणम् ।

અતિરિક્ત દ્રવ્ય માનવામાં કોઈ પ્રમાણ નથી.'' આવું પણ કહી શકાય છે. કારણ કે અન્યતર પક્ષમાં કોઈ પ્રબલ પ્રમાણરૂપ વિનિગમન નથી. પરંતુ સર્વાનુભૂત ઉષ્ણસ્પર્શના આશ્રય તરીકે તેજ નામના દ્રવ્યને માનવું આવશ્યક છે. અન્યથા અંધકારના અભાવરૂપ તેજને સ્વીકારીએ તો અભાવમાં ગુણમાત્રનો અભાવ હોવાથી ઉષ્ણસ્પર્શની પ્રતીતિ પ્રમાત્મક નહિ થાય. માટે પ્રમાત્મક ઉષ્ણપ્રતીતિથી ઉષ્ણસ્પર્શના આશ્રય તરીકે સ્વતંત્ર તેજોદ્રવ્યને, માનવું આવશ્યક છે. આથી તેજોભાવમાં અંધકારનો સમાવેશ શક્ય હોવાથી, અંધકારની દ્રવ્ય તરીકેની કલ્પનામાં કોઈ પ્રમાણ નથી. યદ્યપિ ''नीलं तमश्चलति''આ પ્રતીતિથી નીલરૂપાશ્રયતયા અને ચલનાશ્રયતયા અંધકારને દ્રવ્યરૂપ જ માનવું જોઈએ. કારણ કે તેજોભાવરૂપ અંધકારમાં ગુણ–ક્રિયાનું અસ્તિત્વ અનુપપન્ન છે. પરંતુ ઉક્ત પ્રતીતિ પ્રમાત્મક નથી. દીપની અપસારણ-ક્રિયાથી જ અંધકારમાં કર્મવત્તાદિની પ્રતીતિ થાય છે. એ પ્રતીતિ ભ્રમાત્મક હોવાથી એના આધારે અંધકારને દ્રવ્ય માનવું યુક્તિયુક્ત નથી. માટે નવ જ દ્રવ્ય છે એ સિદ્ધ થાય છે.

**(५०) तत्रेति । तत्र=सप्तपदार्थमध्ये इत्यर्थः । द्रव्याणि नवैवे-त्यन्वयः। एवं 'तत्रे'तिपदं 'चतुर्विंशतिर्गुणा' इत्यादिनाऽप्यन्वेति । द्रव्यत्वजातिमत्त्वं गुणवत्त्वं समवायिकारणत्वं वा द्रव्यसामान्यलक्षणम् ॥**

## -: પદકૃત્ય :-

''द्रव्यत्वजातिमत्त्वम्''.......ઈત્યાદિ–'દ્રવ્યત્વજાતિમત્ત્વ' આ દ્રવ્યનું લક્ષણ કરીએ તો અન્યોન્યાશ્રય દોષ આવે છે, કારણ કે દ્રવ્યત્વ શું છે ? એના સમાધાનમાં કહેવું પડે છે કે દ્રવ્યવૃત્તિ જાતિવિશેષ અને દ્રવ્ય શું છે ? તો એના સમાધાનમાં કહેવું પડે કે દ્રવ્યત્વજાતિમદ્દ્ને દ્રવ્ય કહેવાય છે. આથી પરસ્પરની અપેક્ષા હોવાથી અન્યોન્યાશ્રયદોષને જોઈને 'દ્રવ્યત્વજાતિમત્ત્વ' લક્ષણનો ત્યાગ કરીને 'ગુણવત્ત્વ' લક્ષણ કર્યું છે. ''उत्पन्नं द्रव्यं क्षणमेकं निर्गुणं निष्क्रियञ्च तिष्ठति'' અર્થાત્

ઉત્પન્ન દ્રવ્ય પ્રથમક્ષણમાં ગુણ અને ક્રિયાથી રહિત હોય છે. તેથી પ્રથમક્ષણવૃત્તિ દ્રવ્યમાં ગુણવત્ત્વ ન હોવાથી અવ્યાપ્તિ દોષથી યુક્ત 'ગુણવત્ત્વ' લક્ષણનો ત્યાગ કરીને 'સમવાયિકારણત્વ' આ દ્રવ્યનું લક્ષણ કર્યું છે. કાર્યમાત્રનું સમવાયિકારણ દ્રવ્ય જ હોય છે અને પરમાણુ વિગેરે સકલ દ્રવ્યો કાર્યવિશેષનું સમવાયિકારણ હોવાથી, દ્રવ્યનું 'સમવાયિકારણત્વ' આ લક્ષણ બરાબર છે. પૂર્વ પૂર્વ લક્ષણમાં ઉપર જણાવ્યા મુજબ અન્યોન્યાશ્રયાદિ દોષો જોઈને તેમાં અરુચિ બતાવવા ગ્રંથકારે "समवायिकारणत्वं वा द्रव्यसामान्यलक्षणम्" અહીં 'वा' પદોપાદાન કર્યું છે.

## : मूलम् :

रूपरसगन्धस्पर्शसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागपरत्वापरत्वगुरुत्वद्रवत्वस्नेहशब्दबुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मसंस्काराश्चतुर्विंशतिर्गुणाः ॥ उत्क्षेपणापक्षेपणाकुञ्चनप्रसारणगमनानि पञ्च कर्माणि ॥ परमपरं चेति द्विविधं सामान्यम् ॥ नित्यद्रव्यवृत्तयो विशेषास्त्वनन्ता एव । समवायस्त्वेक एव । अभावश्चतुर्विधः—प्रागभावः प्रध्वंसाभावोऽत्यन्ताभावोऽन्योन्याभावश्चेति ॥

(५०) परमपरं चेति । परसामान्यमपरसामान्यमित्यर्थः । परत्वं चाधिकदेशवृत्तित्वम् । अपरत्वं न्यूनदेशवृत्तित्वम् ॥

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
મૂલ:-રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ,
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
પરત્વ, અપરત્વ, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, શબ્દ, બુદ્ધિ, સુખ, દુ:ખ, ઈચ્છા,
૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪
દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર: આ ચોવીશ ગુણો છે.

૧ ૨ ૩ ૪ ૫
ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુઞ્ચન, પ્રસારણ અને ગમન, આ પાંચ કર્મ છે.

પર અને અપર ભેદથી સામાન્ય બે પ્રકારનું છે. અધિકદેશમાં રહેનારને પર કહેવાય છે; અને અલ્પદેશમાં રહેનારને અપર કહેવાય છે.

નિત્યદ્રવ્યમાં રહેનારા વિશેષો અનંતા છે. કારણ કે નિત્યદ્રવ્યો અનંતા છે અને પ્રત્યેક નિત્ય દ્રવ્યમાં રહેનાર વિશેષ ભિન્ન છે.

સમવાય તો એક જ છે.

અભાવ ચાર પ્રકારનો છે,-પ્રાગભાવ[૧], પ્રધ્વંસાભાવ[૨], અત્યન્તાભાવ[૩] અને અન્યોન્યાભાવ[૪].

॥ इत्युद्देशग्रन्थः ॥

**तत्र गन्धवती पृथिवी । सा द्विविधा—नित्याऽनित्या च । नित्या परमाणुरूपा । अनित्या कार्यरूपा । पुनस्त्रिविधा शरीरेन्द्रियविषयभेदात् । शरीरमस्मदादीनाम् । इन्द्रियं गन्धग्राहकं घ्राणं नासाग्रवर्त्ति । विषयो मृत्पाषाणादिः ॥**

-: મૂલ :-

तत्र गन्धवती....ઈત્યાદિ—ગંધવતી પૃથ્વી છે. તે નિત્ય અને અનિત્ય ભેદથી બે પ્રકારની છે. પરમાણુરૂપ પૃથ્વી નિત્ય છે. કાર્યરૂપ અનિત્ય પૃથ્વી શરીર, ઈન્દ્રિય અને વિષયભેદથી ત્રણ પ્રકારની છે. આપણા બધાનું શરીર, એ શરીરરૂપ અનિત્ય પૃથ્વી છે. ગંધને ગ્રહણ કરનારી, નાસિકાના અગ્રભાગવર્ત્તી ઘ્રાણેન્દ્રિય, એ ઈન્દ્રિયરૂપ અનિત્ય પૃથ્વી છે અને માટી, પાષાણ.. વિગેરે વિષયરૂપ અનિત્ય પૃથ્વી છે.

(न्या०) गन्धवतीति । गन्धवत्त्वं[१] पृथिव्या लक्षणम् । लक्ष्या पृथिवी । पृथिवीत्वं लक्ष्यतावच्छेदकम् । यद्धर्मावच्छिन्नं लक्ष्यं स धर्मो लक्ष्यतावच्छेदकः । यो धर्मो यस्यावच्छेदकः स तद्धर्मावच्छिन्नः । तथा

१ अत्राधिकरणार्थकमतुबन्तात्त्वप्रत्ययविधानाद्गन्धवत्त्वमित्यस्य गन्धाधिकरणत्वमर्थः । तच्च समवायेन बोध्यम् । समवायसंबन्धावच्छिन्नगन्धत्वावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावत्त्वमिति निष्कर्षः ।

च लक्ष्यतावच्छेदकं पृथिवीत्वं चेल्लक्ष्यता पृथिवीत्वावच्छिन्ना । [1]गन्धसमानाधिकरणद्रव्यत्वव्याप्य[2]जातिमत्त्वं पृथिव्या लक्षणम् । एवं शीतस्पर्शवत्त्वादिलक्षणेषु जलादीनां लक्ष्यता जलत्वादीनां लक्ष्यतावच्छेदकत्वं च बोध्यम् ॥

## ન્યાયબોધિની

'ગંધવત્ત્વ' એ પૃથ્વીનું લક્ષણ છે. પૃથ્વી લક્ષ્ય છે; અને પૃથ્વીમાં રહેલી લક્ષ્યતાનો અવચ્છેદક, 'પૃથ્વીત્વ' છે. ''જે ધર્મથી યુક્ત લક્ષ્ય હોય છે, તે ધર્મ લક્ષ્યતાનો અવચ્છેદક કહેવાય છે.'' ''જે ધર્મ જેનો અવચ્છેદક હોય છે; તે ધર્મથી તે અવચ્છિન્ન કહેવાય છે.'' અહીં લક્ષ્યતાવચ્છેદક પૃથ્વીત્વ છે. માટે પૃથ્વીત્વથી અવચ્છિન્ન લક્ષ્યતા કહેવાય છે. આ ગ્રંથમાં સકલ પદાર્થનું લક્ષણ કરવાનું હોવાથી પૃથ્વીની જેમ જલાદિ પદાર્થોમાં પણ લક્ષ્યતા છે. જલાદિમાં રહેનારી લક્ષ્યતાનું વ્યાવર્ત્તન કરવા; ''પૃથ્વીત્વ લક્ષ્યતાવચ્છેદક છે અથવા પૃથ્વીત્વાવચ્છિન્ન લક્ષ્યતા છે.'' આવું કહેવાય છે. પૂર્વે ''અન્યૂનાનતિરિક્ત ધર્મ, અવચ્છેદક મનાય છે'' એ જણાવ્યું છે. પૃથ્વીત્વ; લક્ષ્યતાવચ્છેદક છે. એ જાણવાથી લક્ષ્યતાનો અન્યૂનાનતિપ્રસક્ત ધર્મ પૃથ્વીત્વ છે; એનું જ્ઞાન થાય છે. તેથી પૃથ્વીત્વ જેવી રીતે પૃથ્વીમાં જ છે તેવી રીતે લક્ષ્યતા પણ પૃથ્વીમાં જ છે એનું જ્ઞાન થાય છે. આથી જલાદિવૃત્તિ લક્ષ્યતાની વ્યાવૃત્તિ થઈ જાય છે. આ રીતે ''સર્વત્ર અવચ્છેદક ધર્મો વ્યાવર્ત્તક હોય છે.'' એ ધ્યાનમાં રાખવું. 'गन्धवत्त्वम्' અહીં मतु (मत्) પ્રત્યય અધિકરણાર્થમાં હોવાથી 'ગન્ધાધિકરણત્વ' આ

---

१ उत्पत्तिकालावच्छेदेन घटादावव्याप्तेराह–गन्धेति ।

२ व्याप्यत्वं न्यूनदेशवृत्तित्वं द्रव्यत्वसमानाधिकरणात्यन्ताभावप्रतियोगित्वे सति द्रव्यत्वाभाववदवृत्तित्वरूपं, तेन द्रव्यत्वस्य द्रव्यत्वव्याप्यत्वेऽपि न क्षतिः । अव्यापकत्वं वा निवेश्यं, तस्य गुणत्वादिसाधारण्येऽपि तत्र गन्धसमानाधिकरणत्वाभावान्नातिव्याप्तिः ।

અર્થ, गन्धवत्त्व પદનો છે. ગન્ધાધિકરણત્વ ગંધનિષ્ઠાધેયતાનિરૂપિતાધિકરણત્વસ્વરૂપ છે. જે પૃથ્વીનું લક્ષણ છે. ''આધેય પોતાના અધિકરણમાં જે સંબંધથી રહે છે; તે સંબંધ **આધેયતાવચ્છેદક** મનાય છે; અને તે સંબંધથી આધેયતા અવચ્છિન્ન કહેવાય છે.'' પ્રકૃત સ્થળે ગંધ, સ્વાધિકરણ પૃથ્વીમાં, સમવાય સંબંધથી વૃત્તિ હોવાથી, આધેયતાવચ્છદેક સંબંધ સમવાય છે. તેથી

१ १ १

''समवायसम्बन्धावच्छिन्न–गन्धत्वावच्छिन्नाधेयतानिरूपिताधिकरणताश्रयत्वं पृथिव्या लक्षणम्'' આ તાત્પર્ય છે. અહીં ગન્ધનિષ્ઠાધેયતાવચ્છેદક સંબંધ, સમવાય ન લઈએ અર્થાત્ ગમે તે સંબંધથી ગંધાધિકરણ લઈએ તો, કાલિકસંબંધથી ગંધનું અધિકરણ અનિત્યજલાદિ પદાર્થો તથા કાલદ્રવ્ય હોવાથી ગંધનિષ્ઠાધેયતાનિરૂપિતાધિકરણત્વ (કરણત્વાશ્રયત્વ) અનિત્ય જલાદિમાં પણ છે. માટે લક્ષણના અતિવ્યાપ્તિ દોષને દૂર કરવા ગન્ધનિષ્ઠાધેયતાવચ્છેદક સંબંધ તરીકે સમવાયની વિવક્ષા કરી છે. અર્થાદ્ ગંધાધિકરણ સમવાયસંબંધથી જ લીધું છે. તેથી કાલિક સંબંધથી ગંધના અધિકરણ અનિત્ય જલાદિમાં પૃથ્વીનું લક્ષણ નહિ જાય. યદ્યપિ પૂર્વે જણાવ્યા મુજબ ''उत्पन्नं द्रव्यं......'' ઈત્યાદિ વચનાનુસારે ઉત્પન્ન થયેલી પ્રથમક્ષણની પૃથ્વીમાં, સમવાયસંબંધથી ગંધ ન હોવાથી, ઉપરોક્ત ગન્ધનિષ્ઠાધેયતાનિરૂપિતાધિકરણત્વરૂપ લક્ષણ જતું નથી, તેથી અવ્યાપ્તિ આવે છે; પરંતુ ઉક્ત લક્ષણનું તાત્પર્ય ''गंधसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वम् पृथिव्या लक्षणम्'' આ હોવાથી અવ્યાપ્તિ નહિ આવે. આશય એ છે કે, ગંધસમાનાધિકરણ, જે દ્રવ્યત્વની વ્યાપ્ય જાતિ તાદૃશ જાતિમાનને પૃથ્વી કહેવાય છે. ગંધસમાનાધિકરણ એટલે ગંધાધિકરણવૃત્તિ. દ્રવ્યત્વવ્યાપ્ય એટલે દ્રવ્યત્વની અપેક્ષાએ ન્યૂનાધિકરણવૃત્તિ, આથી ''ગંધાધિકરણ (પૃથ્વી) વૃત્તિ જે દ્રવ્યત્વવ્યાપ્ય જાતિ(પૃથ્વીત્વ જાતિ) મત્ત્વ'' આ પૃથ્વીનું લક્ષણ છે. ઉત્પન્ન થયેલી પ્રથમક્ષણસંબંધી પૃથ્વીમાં, તાદૃશ ગંધસમાનાધિકરણ દ્રવ્યત્વવ્યાપ્ય પૃથ્વીત્વજાતિ

હોવાથી, અવ્યાપ્તિ દોષનું નિરાકરણ થાય છે. द्रव्यत्वव्याप्यजातिमत्त्वम् અથવા जातिमत्त्वम् આટલું જ પૃથ્વીનું લક્ષણ કરીએ તો દ્રવ્યત્વવ્યાપ્ય જલત્વાદિજાતિમત્ત્વ અથવા ગુણત્વાદિજાતિમત્ત્વ તો જલાદિ અથવા ગુણાદિમાં પણ હોવાથી અતિવ્યાપ્તિ આવશે. તેથી તેના નિવારણ માટે લક્ષણમાં गंधसमानाधिकरण પદનું ઉપાદાન કર્યું છે. જલત્વાદિ અથવા ગુણત્વાદિજાતિ, ગંધસમાનાધિકરણ અર્થાત્ ગંધાધિકરણ પૃથ્વીમાં રહેનારી નથી; તેથી તેને લઈને અતિવ્યાપ્તિ નહિ આવે. યદ્યપિ કાલિકસંબંધથી ગંધ, અનિત્ય જલાદિમાં પણ હોવાથી તાદૃશ ગંધાધિકરણ જલાદિમાં રહેનારી દ્રવ્યત્વવ્યાપ્યજલત્વાદિ જાતિને લઈને અતિવ્યાપ્તિ દુરુદ્ધર છે. પરંતુ અહીં પણ 'गंधसमानाधिकरण' પદનો અર્થ 'સમવાયસંબંધથી ગંધાધિકરણવૃત્તિ' આ છે. તેથી કાલિકસંબંધથી ગન્ધસમાનાધિકરણ દ્રવ્યત્વવ્યાપ્યજલત્વાદિ જાતિને લઈને અતિવ્યાપ્તિ નહિ આવે."गंधासमानाधिकरणजातिमत्त्वं" આ પ્રમાણે પૃથ્વીનું લક્ષણ કરીએ અર્થાત્ द्रव्यत्वव्याप्य પદનું ઉપાદાન ન કરીએ તો ગંધાધિકરણ (સમવાય સંબંધથી ગંધાધિકરણ) પૃથ્વીમાં રહેનારી દ્રવ્યત્વવ્યાપક સત્તા જાતિને લઈને સત્તાવદ્જલાદિમાં અતિવ્યાપ્તિ આવશે; તેથી તેના નિવારણ માટે લક્ષણમાં द्रव्यत्वव्याप्य પદનો નિવેશ કર્યો છે. સત્તાજાતિ દ્રવ્યત્વવ્યાપ્ય ન હોવાથી તેને લઈને અતિવ્યાપ્તિ નહિ આવે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે, "गंधत्वावच्छिन्न[1]–समवायसम्बन्धावच्छिन्ना[1]-धेयता[1]–निरूपिताधिकरणवृत्ति[2]द्रव्यत्वव्याप्य[2]जातिमत्त्वम् पृथिव्या लक्षणम्" આ પર્યવસિત પૃથ્વીનું લક્ષણ નિર્દુષ્ટ છે. આવી જ રીતે જલ–તેજ અને વાયુના પણ જાતિઘટિત "शीतस्पर्शसमानाधिरण-द्रव्यत्वव्याप्यजाति-मत्त्वं जलस्य लक्षणम्" "उष्णस्पर्श...तेजसो लक्षणम्"અને "रूपाभाव-विशिष्टस्पर्शसमानाधिकरण...वायो र्लक्षणम्" આ નિર્દુષ્ટ લક્ષણો સમજી લેવાં.

**(૫૦) तदेव हि लक्षणं यदव्याप्त्यतिव्याप्त्यसंभवरूपदोषत्रयशून्यम् । यथा गोः सास्नादिमत्त्वम् । अव्याप्तिश्च लक्ष्यैकदेशावृत्तित्वम् । अत एव गोर्न कपिलत्वं लक्षणं तस्याव्याप्तिग्रस्तत्वात् । अतिव्याप्तिश्च लक्ष्यवृत्तित्वे**

सत्यलक्ष्यवृत्तित्वम् । अत एव गोर्न शृङ्गित्वं लक्षणं तस्यातिव्याप्तिग्रस्तत्वात् । असंभवश्च लक्ष्यमात्रावृत्तित्वम् । यथा गोरेकशफवत्त्वं न लक्षणं तस्यासंभवग्रस्तत्वात् । नित्येति । ध्वंसभिन्नत्वे सति ध्वंसाप्रतियोगित्वं नित्यत्वम् । ध्वंसेऽतिव्याप्तिवारणाय ध्वंसभिन्नेति विशेषणम् । घटादावतिव्याप्तिवारणाय विशेष्यदलम् । ध्वंसप्रतियोगित्वं प्रागभावप्रतियोगित्वम् वाऽनित्यत्वम् । यद्भोगायतनं तदेव शरीरं चेष्टाश्रयो वा । इन्द्रियमिति । चक्षुरादावतिव्याप्तिवारणाय गन्धग्राहकमिति । कालादावतिप्रसक्तिवारणाय इन्द्रियमिति । विषय इति । शरीरेन्द्रियभिन्नत्वे सत्युपभोगसाधनं विषयः । शरीरादावतिव्याप्तिनिरासाय सत्यन्तम् । परमाण्वादावतिव्याप्तिवारणाय विशेष्यदलम् । कालादिवारणाय जन्यत्वे सतीत्यपि बोध्यम् ॥

## પદકૃત્ય

અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ આ ત્રણ દોષથી શૂન્ય જે હોય તેને લક્ષણ કહેવાય છે. લક્ષ્યના એક દેશમાં (ભાગમાં) ન રહેવું તે અવ્યાપ્તિ દોષ છે. કપિલરૂપાશ્રયત્વ (કપિલત્વ) નીલાદિ ગાયમાં રહેતું ન હોવાથી ગોસામાન્યાન્તઃપાતી એકદેશ નીલાદિગાયમાં ન રહેનાર કપિલત્વ અવ્યાપ્તિ દોષથી યુક્ત હોવાથી, ગાયસામાન્યનું તે લક્ષણ નથી, લક્ષ્યમાં અને લક્ષ્યભિન્નમાં રહેવું, તે અતિવ્યાપ્તિ દોષ છે. શૃઙ્ગાશ્રયત્વ (શૃઙ્ગિત્વ) લક્ષ્ય ગાયમાં અને લક્ષ્યભિન્ન મહિષી આદિમાં રહેતું હોવાથી તે અતિવ્યાપ્તિ દોષથી યુક્ત 'શૃઙ્ગિત્વ' ગાયનું લક્ષણ નથી. લક્ષ્યમાત્રમાં ન રહેવું તે અસંભવ છે. કોઈ પણ ગાયમાં એકશફવત્ત્વ (એક ખુર) નથી. તેથી તે અસંભવ દોષથી યુક્ત એકશફવત્ત્વ ગાયનું લક્ષણ નથી.

ધ્વંસથી ભિન્ન હોય અને ધ્વંસનો જે અપ્રતિયોગી હોય તેને નિત્ય કહેવાય છે. જેનો ધ્વંસ થાય છે તે ધ્વંસના પ્રતિયોગી છે, જેમ ઘટપટાદિ. અને જેનો ધ્વંસ થતો નથી તે ધ્વંસના અપ્રતિયોગી છે, જેમ

આકાશાદિ. ધ્વંસનો ધ્વંસ થતો નથી; તેથી તે ધ્વંસનો અપ્રતિયોગી છે. ધ્વંસાત્મક અભાવથી ભિન્ન અને ધ્વંસના અપ્રતિયોગી એવા આકાશાદિ પદાર્થો નિત્ય છે. માત્ર 'ધ્વંસાઽ-પ્રતિયોગિત્વમ્,' આટલું લક્ષણ નિત્યનું કરીએ તો ધ્વંસના અપ્રતિયોગી એવા ધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે નિત્યના લક્ષણમાં 'ધ્વંસભિન્નત્વ' પદનું ઉપાદાન કર્યું છે. ધ્વંસ, ધ્વંસનો અપ્રતિયોગી હોવા છતાં ધ્વંસથી ભિન્ન નથી. માટે તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં ધ્વંસાઽપ્રતિયોગિત્વ પદનું ઉપાદાન ન કરીએ તો ધ્વંસથી ભિન્ન ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે ધ્વંસાઽપ્રતિયોગિત્વ પદનું ઉપાદાન કર્યું છે. ઘટાદિ અનિત્ય પદાર્થમાં ધ્વંસાઽપ્રતિયોગિત્વ નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

ધ્વંસના પ્રતિયોગીને અથવા પ્રાગભાવના પ્રતિયોગીને અનિત્ય કહેવાય છે. જેની ઉત્પત્તિ થાય છે, તે પ્રાગભાવના પ્રતિયોગી કહેવાય છે. પ્રાગભાવની ઉત્પત્તિ થતી ન હોવાથી પ્રાગભાવ; પ્રાગભાવાઽ-પ્રતિયોગી છે. પરંતુ કાર્યોત્પત્તિ બાદ પ્રાગભાવનો નાશ થતો હોવાથી પ્રાગભાવ સ્વધ્વંસનો પ્રતિયોગી છે. જ્યારે ધ્વંસની ઉત્પત્તિ થતી હોવાથી અને તેનો વિનાશ થતો ન હોવાથી તે પ્રાગભાવનો પ્રતિયોગી છે અને ધ્વંસનો અપ્રતિયોગી છે. ઘટાદિ અનિત્ય પદાર્થો ઉત્પત્તિ અને વિનાશશીલ છે. તેથી તે ધ્વંસના અને પ્રાગભાવના પણ પ્રતિયોગી છે. માત્ર ધ્વંસના પ્રતિયોગીને, માત્ર પ્રાગભાવના પ્રતિયોગીને અથવા ધ્વંસ અને પ્રાગભાવના ઉભયના પ્રતિયોગીને અનિત્ય કહીએ તો ક્રમશઃ ધ્વંસમાં, પ્રાગભાવમાં અથવા ધ્વંસ અને પ્રાગભાવ ઉભયમાં અવ્યાપ્તિ આવશે. એ ઉપર જણાવેલી વાતથી સ્પષ્ટ છે. કારણ કે ધ્વંસ, ધ્વંસનો પ્રતિયોગી નથી. પ્રાગભાવ, પ્રાગભાવનો પ્રતિયોગી નથી, અને ઉભય ઉભયના પ્રતિયોગી નથી. તેથી એ અવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં વા પદનો અર્થ અન્યતર છે, તેથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે, ધ્વંસ અને પ્રાગભાવ, ધ્વંસ અને પ્રાગભાવ એતદન્યતરના

પ્રતિયોગી છે જ, આથી સ્પષ્ટ છે કે "ध्वंसप्रागभावान्यतर-प्रतियोगित्वमनित्यत्वम् આ અનિત્યનું લક્ષણ છે.

જે ભોગોનું સ્થાન છે, તેને શરીર કહેવાય છે. સુખ, દુઃખના સાક્ષાત્કારનો જે, અવચ્છેદકતા સંબંધથી આશ્રય છે તે શરીર છે. આ તાત્પર્યાર્થ છે. શરીરાવચ્છિન્નઆત્મામાં જ્ઞાનમાત્ર સમવાયસંબંધથી વૃત્તિ છે. એ જ્ઞાન અવચ્છેદકતા સંબંધથી શરીરમાં વૃત્તિ છે. તેથી સુખદુઃખવિષયક સાક્ષાત્કારનો અવચ્છેદકતા સંબંધથી જે આશ્રય છે તે શરીર છે. અથવા ચેષ્ટાના આશ્રયને શરીર કહેવાય છે. "હિતાહિત-પ્રાપ્તિપરિહારાનુકૂલ ક્રિયાને" ચેષ્ટા કહેવાય છે.

માત્ર 'इन्द्रियं घ्राणम्' આટલું જ લક્ષણ કરીએ તો ચક્ષુ વિગેરે ઈન્દ્રિયોમાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિવારણ માટે ઘ્રાણેન્દ્રિયના લક્ષણમાં गन्धग्राहक પદનું ઉપાદાન કર્યું છે. ચક્ષુ આદિ ઈન્દ્રિય ગંધને ગ્રહણ કરવામાં કારણ ન હોવાથી, તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર "गंधग्राहकं घ्राणम्" આટલું જ લક્ષણ કરીએ તો; કાર્યમાત્રના કારણભૂત કાલાદિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કાલાદિ ગંધના ગ્રાહક છે; તેથી તેના નિવારણ માટે, લક્ષણમાં इन्द्रिय પદોપાદાન કર્યું છે. કાલાદિ ઈન્દ્રિય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. તેથી "गन्धग्राहकत्वे सति इन्द्रियत्वम्", આ ઘ્રાણેન્દ્રિયનું લક્ષણ છે, એ સ્પષ્ટ છે.

શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન હોય અને ઉપભોગનું જે સાધન હોય, તેને વિષય કહેવાય છે. માત્ર उपभोगसाधनत्वम् આટલું જ વિષયનું લક્ષણ કરીએ તો શરીર અને ઈન્દ્રિયમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે તે પણ ઉપભોગનાં સાધન છે, તેથી અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં शरीरेन्द्रियभिन्नत्व પદનું ઉપાદાન કર્યું છે. શરીર અને ઈન્દ્રિયમાં શરીરેન્દ્રિયભિન્નત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં उपभोगसाधनत्व પદનું ઉપાદાન ન કરીએ તો શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન એવા પરમાણુમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ

માટે उपभोगसाधनत्व પદનું ઉપાદાન કર્યું છે. તેથી પરમાણુમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે પરમાણુ ઉપભોગનાં સાધન નથી. ત્રસરેણુ વિગેરે જ ઉપભોગનાં સાધન છે. યદ્યપિ શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન અને ઉપભોગનું સાધન તો કાલ પણ હોવાથી (કાલ કાર્યમાત્રનું કારણ છે.) કાલમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે લક્ષણમાં जन्यत्व પદનો પણ નિવેશ સમજી લેવો. કાલ જન્ય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કાલની જેમ ઈશ્વરેચ્છા પણ કાર્યમાત્રનું કારણ હોવાથી તેમાં પણ जन्यत्व પદના નિવેશના અભાવમાં અતિવ્યાપ્તિ સૂચવવા માટે कालादिवारणाय અહીં आदि પદનું ગ્રહણ છે. યદ્યપિ વિષયના લક્ષણમાં जन्यत्व પદનો નિવેશ કરીએ તો, પૂર્વે જણાવ્યા મુજબ પરમાણુમાં અતિવ્યાપ્તિના નિવારણ માટે उपभोग-साधनत्व પદનો નિવેશ વ્યર્થ છે. કારણ કે પરમાણુ જન્ય ન હોવાથી जन्यत्व પદના નિવેશથી જ, તેમાં (પરમાણુમાં) અતિવ્યાપ્તિનું નિવારણ થઈ જાય છે. પરંતુ વિષયના લક્ષણમાં उपभोगसाधनत्व પદનો નિવેશ ન કરીએ તો શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન તથા જન્ય એવા દ્વ્યણુકમાં અતિવ્યાપ્તિ આવશે; તેના નિવારણ માટે उपभोग-साधनत्व પદનો નિવેશ આવશ્યક છે. દ્વ્યણુકમાં અણુપરિમાણ હોવાથી તે ઉપભોગનું સાધન નથી. મધ્યમમહત્‌પરિમાણાશ્રય દ્રવ્ય જ ઉપભોગનું સાધન મનાય છે. યદ્યપિ અનિત્ય દ્રવ્યનો શરીર, ઈન્દ્રિય અને વિષયભેદથી પ્રકૃતસ્થલે વિભાગ કરવામાં આવ્યો છે; તેથી શરીર ઈન્દ્રિયરૂપ અનિત્યદ્રવ્યને છોડીને અન્ય અનિત્યદ્રવ્યમાત્રનો સમાવેશ વિષયમાં અભિપ્રેત છે- એ સ્પષ્ટ છે. અન્યથા વિભાગગ્રંથ (અનિત્યદ્રવ્ય-વિભાગગ્રન્થ) સંગત નહિ થાય. આ સ્થિતિમાં વિષયનું લક્ષણ અનિત્ય દ્રવ્યાન્તર્ગત પાર્થિવાદિ દ્વ્યણુકમાં પણ જવું જોઈએ. તેથી દ્વ્યણુક લક્ષ્ય હોવાથી તેમાં અતિવ્યાપ્તિનો સંભવ જ નથી; માટે લક્ષણમાં અતિવ્યાપ્તિના નિવારણ માટે જે उपभोगसाधनत्व પદ આપ્યું છે, તે વ્યર્થ છે; પરંતુ શરીર અને ઇન્દ્રિયથી ભિન્ન અને જન્ય તો દ્વ્યણુકગત એકત્વ સંખ્યાદિ પણ છે; તેથી તેમાં આવતી અતિવ્યાપ્તિનું વારણ

કરવા उपभोगसाधनत्व પદ આવશ્યક છે. દ્વ્યણુકગત એકત્વ સંખ્યા; દ્વ્યણુકની જેમ જ ઉપભોગનું સાધન ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહિ આવે. યદ્યપિ દ્વ્યણુક ઉપભોગનું સાધન ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવે છે; પરંતુ લક્ષણમાંના उपभोगसाधनत्व પદનો અર્થ; ''ઉપભોગસાધનવૃત્તિદ્રવ્યત્વવ્યાપ્યજાતિમત્ત્વ'' કરવાથી અવ્યાપ્તિ નહિ આવે. કારણ કે, ઉપભોગસાધનઘટાદિવૃત્તિદ્રવ્યત્વવ્યાપ્યપૃથ્વીત્વાદિ-જાતિમત્ત્વ પાર્થિવાદિ દ્વ્યણુકમાં હોવાથી લક્ષણસમન્વય થાય છે. આથી સ્પષ્ટ છે કે, ''शरीरेन्द्रियभिन्नत्वे सति जन्यत्वे सति उपभोगसाधन-वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्''; આ વિષયનું લક્ષણ છે. અથવા પરંપરાએ દ્વ્યણુક પણ ઉપભોગનું સાધન હોવાથી જાતિઘટિત લક્ષણ કરવાની આવશ્યકતા નથી. ઈત્યાદિ સ્વયં વિચારવું.

## मूलम्

**शीतस्पर्शवत्य आपः । ता द्विविधाः—नित्याः अनित्याश्च । नित्याः परमाणुरूपाः । अनित्याः कार्यरूपाः । पुनस्त्रिविधाः—शरीरेन्द्रिय-विषयभेदात् । शरीरं वरुणलोके प्रसिद्धम् । इन्द्रियं रसग्राहकं रसनं जिह्वाग्रवर्ति । विषयः सरित्समुद्रादिः ॥**

- મૂલ :– શીતસ્પર્શના આશ્રયને જલ કહેવાય છે. નિત્ય અને અનિત્યભેદથી પાણી બે પ્રકારનું છે. નિત્યજલ, જલીય પરમાણુસ્વરૂપ છે. શરીર, ઈન્દ્રિય અને વિષયભેદથી કાર્યરૂપ જલ ત્રણ પ્રકારનું છે. જલીય શરીર વરુણલોકમાં પ્રસિદ્ધ છે. જે પાણી છે તે જ વરુણલોક છે. આવી જ રીતે આદિત્યલોક અને વાયુલોક અંગે પણ જાણવું. રસને ગ્રહણ કરવામાં સાધનભૂત ઈન્દ્રિયને જલીય રસનેન્દ્રિય કહેવાય છે. જે જિહ્વાના અગ્ર ભાગ ઉપર રહે છે. નદી સમુદ્ર વગેરે જલીય વિષય છે. અર્થાત્ વિષયરૂપ જલ છે.

**(प०) शीतेति । तेजआदावतिव्याप्तिवारणाय शीतेति । (आकाश-वारणाय स्पर्शेति । ?) कालादावतिप्रसक्तिवारणाय समवायसंबन्धेनेति पदं**

देयम् । इन्द्रियमिति । त्वगादावतिव्याप्तिवारणाय रसग्राहकमिति । रसनेन्द्रियरससंनिकर्षादावतिव्याप्तिनिरासाय इन्द्रियमिति । सरिदिति । आदिना तडागहिमकरकादीनां संग्रहः ॥

## પદકૃત્ય

જલના લક્ષણમાં 'शीत' પદનું ઉપાદાન ન કરીએ તો ઉષ્ણાદિ સ્પર્શવત્ તેજ વગેરે દ્રવ્યોમાં અતિવ્યાપ્તિ આવશે. 'शीत'પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ નહિ આવે. કારણ કે તેજ વગેરે દ્રવ્યમાં શીતસ્પર્શ નથી. યદ્યપિ કાલિકસંબંધથી શીતસ્પર્શ તો, કાલસહિત અનિત્યમાત્રમાં હોવાથી કાલાદિમાં અતિવ્યાપ્તિ આવે છે, પરંતુ લક્ષણમાં સમવાયસંબંધથી શીતસ્પર્શવત્ત્વના નિવેશથી અતિવ્યાપ્તિ નહિ આવે. કારણ કે જલને છોડીને અન્યત્ર ક્યાંય પણ સમવાય સંબંધથી શીતસ્પર્શવત્ત્વ નથી. 'इन्द्रियं रसनम्' આટલું જ લક્ષણ કરવાથી ચક્ષુ આદિ ઈન્દ્રિયોમાં અતિવ્યાપ્તિ આવશે. रसग्राहक પદના ઉપાદાનથી, ચક્ષુ આદિ ઈન્દ્રિય રસના પ્રત્યક્ષનું કારણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહિ આવે. રસનેન્દ્રિયના લક્ષણમાં इन्द्रिय પદનો નિવેશ ન કરીએ તો રસ અને રસનેન્દ્રિયના સન્નિકર્ષમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે જ્યાં સુધી મધુરાદિ દ્રવ્યો દ્વારા રસનેન્દ્રિયની સાથે, મધુરાદિ રસોનો સન્નિકર્ષ થતો નથી ત્યાં સુધી મધુરાદિ રસોનું ગ્રહણ (પ્રત્યક્ષ) થતું નથી. તેથી રસગ્રાહક રસનેન્દ્રિય અને રસના સન્નિકર્ષમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા इन्द्रिय પદનું ઉપાદાન કર્યું છે. રસ અને રસનેન્દ્રિયનો સન્નિકર્ષ ઈન્દ્રિયરૂપ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહિ આવે. મૂલસ્થ सरित्समुद्रादिः અહીંના आदि પદથી બરફ અને કરા વગેરે વિષયરૂપ જલનો સંગ્રહ કરવો.

## मूलम्

उष्णस्पर्शवत्तेजः । तच्च द्विविधम्—नित्यमनित्यं च । नित्यं परमा—

१ रसनेन्द्रियस्य रसेन साकं यः संनिकर्षः संयुक्तसमवायस्तद्वारणायेत्यर्थः ।

णुरूपम् । अनित्यं कार्यरूपम् । पुनस्त्रिविधं–शरीरेन्द्रियविषयभेदात् । शरीरमादित्यलोके प्रसिद्धम् । इन्द्रियं रूपग्राहकं चक्षुः कृष्णताराग्रवर्ति । विषयश्चतुर्विधो-भौमदिव्योदर्याकरजभेदात् । भौमं वह्न्यादिकम् । अबिन्धनं दिव्यं विद्युदादि । भुक्तस्य परिणामहेतुरुदर्यम् । आकरजं सुवर्णादि ॥

મૂલ : ઉષ્ણસ્પર્શના આશ્રયને તેજ કહેવાય છે. નિત્ય અને અનિત્ય ભેદથી તેજ બે પ્રકારનું છે. પરમાણુસ્વરૂપ તેજ, નિત્ય તેજ છે. કાર્યરૂપ અનિત્ય તેજ, શરીર, ઈન્દ્રિય અને વિષય ભેદથી ત્રણ પ્રકારનું છે–તૈજસ શરીર, આદિત્યલોકમાં પ્રસિદ્ધ છે. રૂપને ગ્રહણ કરનાર ઈન્દ્રિય; તેજ સ્વરૂપ ચક્ષુ ઈન્દ્રિય કહેવાય છે. જે કીકીના અગ્ર ભાગ ઉપર રહે છે. વિષયરૂપ તેજ–ભૌમ, દિવ્ય, ઉદર્ય અને આકરજ ભેદથી ચાર પ્રકારનું છે. વહ્નિ આદિ ભૌમ (ભૂમિ-પૃથ્વી સંબંધી) તેજ છે. પાણીથી પ્રકાશિત થનાર વિદ્યુદાદિ, દિવ્ય તેજ છે. ભુક્ત તથા પીત અન્ન–જલાદિને પચવામાં કારણભૂત અગ્નિ ઉદર્ય તેજ છે. અને આકર (ખાણ) માં ઉત્પન્ન સુવર્ણાદિ તેજ આકરજ તેજ છે.

(૫૦) उष्णेति । जलादावतिव्याप्तिनिरासाय उष्णेति । कालादावतिप्रसङ्गवारणाय समवायसंबन्धेनेति पदं देयम् । इन्द्रियमिति । घ्राणादावतिव्याप्तिवारणाय रूपग्राहकमिति । कालादावतिव्याप्तिनिरसनाय इन्द्रियमिति । भेदादिति पदं प्रत्येकमभिसंबध्यते । भौममिति । आदिपदेन खद्योतगततेजःप्रभृतेः परिग्रहः । विद्युदादीति । आदिनाऽर्कचन्द्रादीनां परिग्रहः । भुक्तेति । भुक्तस्यान्नादेः पीतस्य जलस्य परिणामो जीर्णता, तस्य हेतुरुदर्यमित्यर्थः । सुवर्णादीति । आदिना रजतादिपरिग्रहः ।

પદકૃત્ય :– સ્પષ્ટ છે.

: मूलम् :

रूपरहितः स्पर्शवान्वायुः । स द्विविधः–नित्योऽनित्यश्च । नित्यः पर-

१ अबिन्धनमिति । अद्भिः–जलैः, इन्ध्यते प्रकाश्यते यत्तदित्यर्थः ।

माणुरूपः । अनित्यः कार्यरूपः । पुनस्त्रिविधः–शरीरेन्द्रियविषयभेदात् । शरीरं वायुलोके । इन्द्रियं स्पर्शग्राहकं त्वक् सर्वशरीरवर्ति । विषयो वृक्षादिकम्पनहेतुः । शरीरान्तःसंचारी वायुः प्राणः । स चैकोऽप्युपाधिभेदात् 'प्राणापानादि' संज्ञां लभते ॥

मूल :– રૂપથી રહિત હોય અને સ્પર્શનો આશ્રય હોય તેને વાયુ કહેવાય છે. નિત્ય અને અનિત્ય ભેદથી વાયુ બે પ્રકારનો છે. પરમાણુ રૂપ વાયુ નિત્ય છે. કાર્યરૂપ અનિત્ય વાયુ શરીર, ઈન્દ્રિય અને વિષય ભેદથી ત્રણ પ્રકારનો છે. શરીરરૂપ વાયુ, વાયુલોકમાં પ્રસિદ્ધ છે. સ્પર્શને ગ્રહણ કરનાર ઈન્દ્રિય ત્વક્ (સ્પર્શન), વાયુસ્વરૂપ ઈન્દ્રિય છે. વૃક્ષાદિના કંપનાદિનું કારણ જે વાયુ છે, તે વિષયસ્વરૂપ વાયુ છે. મનુષ્યાદિના શરીરમાં સંચાર કરનારો પ્રાણવાયુ એક જ છે. પરંતુ તે ઉપાધિના ભેદથી પ્રાણ–અપાનાદિ જુદી જુદી સંજ્ઞાઓને પ્રાપ્ત કરે છે.

(न्या०) एवं पृथिव्यादित्रिकं निरूप्य वायुं निरूपयति–रूपरहित इति। रूपरहितत्वे सति[1] स्पर्शवत्त्वं वायोर्लक्षणम् । सतिसप्तम्या विशिष्टार्थकतया रूपरहितत्वविशिष्टस्पर्शवत्त्वं वायोर्लक्षणम् । विशेषणांशानुपादाने स्पर्शवत्त्वमात्रस्य लक्षणत्वे पृथिव्यादित्रिकेऽतिव्याप्तिः, तद्वारणाय विशेषणोपादानम् । तावन्मात्रोपादाने आकाशादावतिव्याप्तिः, तद्वारणाय विशेष्योपादानम् । अतिव्याप्तिर्नाम अलक्ष्ये लक्षणसत्त्वम् । यथा गोः शृङ्गित्वं लक्षणं कृतं चेल्लक्ष्यभूतगोभिन्नमहिष्यादावतिव्याप्तिस्तत्रापि शृङ्गित्वस्य विद्यमानत्वात् । अव्याप्तिर्नाम लक्ष्यैकदेशावृत्तित्वम्, लक्ष्यैकदेशे–-लक्ष्यतावच्छेदकाश्रयीभूते क्वचिल्लक्ष्ये लक्षणासत्त्वमव्याप्तिरित्यर्थः । यथा गोर्नीलरूपवत्त्वं लक्षणं कृतं चेल्लक्ष्यतावच्छेदकाश्रयीभूतश्वेतगवि अव्याप्तिः, तत्र नीलरूपाभावात् । असंभवो नाम लक्ष्यमात्रे कुत्रापि लक्षणासत्त्वम् । यथा गोरेकशफवत्त्वम् । गोसामान्यस्य द्विशफवत्त्वेन एकशफवत्त्वस्य

---

१ सतिसप्तम्या बोधितं वैशिष्ट्यं सर्वत्र सामानाधिकरण्येन बोध्यम् ।

**कुत्राप्यसत्त्वात् । अतिव्याप्त्यव्याप्त्यसंभवानां निष्कृष्टलक्षणानि– लक्ष्यता[1]-वच्छेदकावच्छिन्नप्रतियोगिताकभेदसामानाधिकरण्यमतिव्याप्तिः । अव्याप्तिस्तु लक्ष्यतावच्छेदकसमानाधिकरणात्यन्ताभावप्रतियोगित्वम् । असंभवस्तु लक्ष्यतावच्छेदकव्यापकीभूताभावप्रतियोगित्वम् ॥**

## ન્યાયબોધિની

"रूपरहितत्वे सति स्पर्शवत्त्वम्" આ વાયુના લક્ષણમાં સતિ સપ્તમી વિશિષ્ટાર્થક હોવાથી "रूपरहितत्वविशिष्टस्पर्शवत्त्वम्" આ વાયુનું લક્ષણ છે. અહીં વૈશિષ્ટ્ય, સતિસપ્તમીથી બોધિત હોવાથી તે વૈશિષ્ટ્ય સામાનાધિકરણ્યસંબંધથી સમજવું. આશય એ છે કે, વિવક્ષિત એક સંબંધના, બે સંબંધીના સંબંધિત્વને જણાવવા વિશિષ્ટ શબ્દનો પ્રયોગ કરાય છે. ઘટવિશિષ્ટ ભૂતલ અને રૂપવિશિષ્ટ ઘટ અહીં, જેવી રીતે સંયોગસંબંધથી, ઘટનું વૈશિષ્ટ્ય ભૂતલમાં અને રૂપનું વૈશિષ્ટ્ય ઘટમાં સમવાયસંબંધથી સમજાવવા 'विशिष्ट' શબ્દનો પ્રયોગ છે. તેવી જ રીતે સતિસપ્તમી દ્વારા જણાવાયેલું રૂપાભાવનું વૈશિષ્ટ્ય સ્પર્શમાં જણાવવા વિશિષ્ટ શબ્દનો પ્રયોગ કર્યો છે. પરંતુ તે વૈશિષ્ટ્ય સતિસપ્તમીથી બોધિત હોવાથી, સંયોગાદિસંબંધથી નથી મનાતું, પણ સામાનાધિકરણ્ય સંબંધથી જ મનાય છે. કારણ કે "सतिसप्तम्या बोधितं वैशिष्ट्यं सर्वत्र सामानाधिकरण्येन बोध्यम्" અર્થાત્ સતિસપ્તમી દ્વારા જણાવાયેલું વૈશિષ્ટ્ય સર્વત્ર સામાનાધિકરણ્યસંબંધથી જાણવું જોઈએ એ નિયમ છે. "लोके रुदति सति प्राव्राजीत्" અહીં વિશિષ્ટાર્થક સતિસપ્તમી દ્વારા, લોકના રુદનકાલવૃત્તિ પ્રવ્રજ્યાનું અર્થાત્ સામાનાધિકરણ્યસંબંધથી લોકરુદનવિશિષ્ટ પ્રવ્રજ્યાનું જેવી રીતે જ્ઞાન થાય છે, તેવી જ રીતે "रूपरहितत्वे सति स्पर्शवत्त्वम्" અહીં પણ સતિસપ્તમી દ્વારા રૂપરહિતત્વાધિકરણવૃત્તિસ્પર્શવત્ત્વ, અર્થાત્ સામાનાધિકરણ્યસંબંધથી રૂપરહિતત્વ(રૂપાભાવ)વિશિષ્ટ સ્પર્શવત્ત્વ આ અર્થ જ્ઞાત થાય છે.

---

૧ 'लक्ष्यतावच्छेदकसामानाधिकरण्ये सति' इति पुस्तकान्तरेऽधिकम् ।

સમાનાધિકરણત્વ એટલે એકાધિકરણ(समानाधिकरण)વૃત્તિત્વ. જે પદાર્થો એક(સમાન) અધિકરણમાં રહે છે, તે પદાર્થો સમાનાધિકરણ કહેવાય છે. અને તે પદાર્થોનો સામાનાધિકરણ્યસંબંધ હોય છે તથા તે સંબંધથી તે પદાર્થો પરસ્પરથી વિશિષ્ટ મનાય છે. રૂપાભાવ અને સ્પર્શ બંન્ને એક અધિકરણ–વાયુમાં વૃત્તિ છે. તેથી રૂપાભાવ અને સ્પર્શ એ બંનેનો સામાનાધિકરણ્ય સંબંધ છે અને એ સંબંધથી રૂપાભાવવિશિષ્ટ સ્પર્શ અથવા સ્પર્શવિશિષ્ટ રૂપાભાવ છે. સામાનાધિ કરણ્યસંબંધઘટક બે આધેય હોય છે અને એક અધિકરણ હોય છે. બંન્ને આધેયનિષ્ઠ બંન્ને આધેયતા વક્તાના તાત્પર્યાનુસાર યત્કિંચિત્ સંબંધાવચ્છિન્ન અને યત્કિંચિદ્ધર્માવચ્છિન્ન હોય છે. તેથી સામાન્યતઃ "तत्सम्बन्धा-वच्छिन्न–तद्धर्मावच्छिन्नाधेयतानिरूपिताधिकरण-तावन्निरूपिततत्सम्बन्धा-वच्छिन्न–तद्धर्मावच्छिन्नाधेयतावत्त्वम् तत्सामाना-धिकरण्यम्" આ સામાનાધિકરણ્યનું સ્વરૂપ છે. પ્રકૃતસ્થલે વાયુસ્વરૂપ એક અધિકરણમાં રૂપાભાવ, સ્વરૂપસંબંધથી અને સ્પર્શ, સમવાય સંબંધથી વૃત્તિ છે. માટે તે બંને સંબંધો તત્તન્નિષ્ઠાધેયતાવચ્છેદક સંબંધ છે. સ્વરૂપસંબંધાવચ્છિન્નરૂપાભાવત્વાવચ્છિન્નાધેયતા(રૂપાભાવનિષ્ઠા) નિરૂપિતાધિકરણતા(વાયુનિષ્ઠા)વન્નિરૂપિતસમવાયસંબંધાવચ્છિન્ન–સ્પર્શત્વાવચ્છિન્નાધેયતા સ્પર્શમાં હોવાથી તાદૃશ સામાનાધિકરણ્યસંબંધ સ્પર્શમાં છે અને તે સંબંધથી રૂપાભાવ પણ સ્પર્શમાં છે. આથી સ્પષ્ટ છે કે સામાનાધિકરણ્યસંબંધથી રૂપાભાવવિશિષ્ટ સ્પર્શ વાયુમાં છે. પૃથ્વી વગેરે દ્રવ્યોમાં સ્પર્શ હોવા છતાં રૂપાભાવ નથી. આકાશાદિમાં રૂપાભાવ હોવા છતાં સ્પર્શ નથી. તેથી રૂપાભાવવિશિષ્ટ સ્પર્શ વાયુમાં જ છે. "रूपरहितत्वविशिष्टस्पर्शवत्त्वं वायोर्लक्षणम्" અહીં 'स्पर्शवत्त्व' આ વિશેષ્યવાચક પદનું જ ઉપાદાન કરીએ તો પૃથ્વી વગેરેમાં પણ સ્પર્શવત્ત્વ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પૃથ્વ્યાદિમાં રૂપરહિતત્વ ન હોવાથી 'रूपरहितत्व' આ વિશેષણવાચક પદના ઉપાદાનથી પૃથ્વી વગેરે દ્રવ્યોમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'रूपरहितत्व' આ વિશેષણવાચક પદનું જ ઉપાદાન કરીએ, તો રૂપરહિત આકાશાદિમાં

અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે स्पर्शवत्त्व પદનું ઉપાદાન કર્યું છે. આકાશાદિમાં સ્પર્શવત્ત્વ (સ્પર્શ)નો અભાવ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. રૂપાભાવવિશિષ્ટ સ્પર્શવત્ત્વ પણ સમવાય સંબંધથી વિવક્ષિત છે. અન્યથા કાલિકસંબંધથી તાદૃશ સ્પર્શવત્ત્વ કાલમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. સમવાયસંબંધથી તાદૃશસ્પર્શવત્ત્વ કાલમાં ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ યત્કિંચિદ્ રૂપનો અભાવ પૃથ્વી વગેરે દ્રવ્યોમાં પણ છે અને ત્યાં સમવાયસંબંધથી સ્પર્શવત્ત્વ પણ છે. તેથી ત્યાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ અહીં રૂપાભાવ રૂપત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકરૂપસામાન્યાભાવ અર્થાત્ "रूपन्नास्ती"ત્યાકારક પ્રતીતિસિદ્ધ રૂપાભાવ વિવક્ષિત છે; તેથી પૃથ્વ્યાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તાદૃશ રૂપાભાવ પૃથ્વ્યાદિમાં નથી. યદ્યપિ પૂર્વે જણાવ્યા મુજબ કોઈ પણ વસ્તુ કાલિક સંબંધથી કાલ અને અનિત્યમાત્રમાં વૃત્તિ હોવાથી, રૂપસામાન્ય સમવાય સંબંધથી વાયુમાં ન હોવા છતાં કાલિકસંબંધથી વૃત્તિ છે જ. તેથી અનિત્ય વાયુમાં તાદૃશ રૂપાભાવ નથી, માટે અનિત્ય વાયુમાં અવ્યાપ્તિ આવશે. પરંતુ અહીં રૂપાભાવ; સમવાયસંબંધથી અર્થાત્ સમવાયસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક–રૂપસામાન્યાભાવ એટલે "समवायेन रूपन्नास्ति" ઈત્યાકારક પ્રતીતિસિદ્ધ જ રૂપાભાવ વિવક્ષિત છે. અનિત્ય વાયુમાં "कालिकेन रूपन्नास्ती"ત્યાકારક પ્રતીતિસિદ્ધ રૂપાભાવ ન હોવા છતાં, "समवायेन रूपन्नास्ति" ઈત્યાકારક પ્રતીતિસિદ્ધ રૂપાભાવ છે જ. તેથી વિવક્ષિત રૂપાભાવવિશિષ્ટ સ્પર્શવત્ત્વ વાયુમાત્રમાં હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. સામાન્યતઃ "પ્રતિયોગી (यस्याभावः स प्रतियोगी) અભાવના અધિકરણમાં જે સંબંધથી રહેતો નથી તે સંબંધ; અભાવીયપ્રતિયોગિતાવચ્છેદક સંબંધ કહેવાય છે. અને તે સંબંધથી અભાવીય પ્રતિયોગિતા અવચ્છિન્ન હોય છે." આથી સ્પષ્ટ છે કે; रूपत्वावच्छिन्न–समवायसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभाव (समवायेन रूपन्नास्तीत्याकारकप्रतीतिसिद्धरूपाभाव) विशिष्ट-स्पर्शत्वावच्छिन्नसमवाय-सम्बन्धावच्छिन्नाधेयतानिरूपिताधिकरणताश्रयत्वं

वायोर्लक्षणम्' । આ પ્રમાણે વાયુલક્ષણનું સ્વરૂપ છે. એમાં પણ પૃથ્વી લક્ષણમાં જણાવ્યા મુજબ ઉત્પત્તિના પ્રથમક્ષણમાં વાયુમાં સ્પર્શ ન હોવાથી, અવ્યાપ્તિનું નિવારણ કરવા જાતિઘટિત લક્ષણ કરવું આવશ્યક હોવાથી "रूपत्वावच्छिन्न–समवायसम्बन्धावच्छिन्न- प्रतियोगिता-काभावविशिष्ट-स्पर्शत्वावच्छिन्न–समवायसम्बन्धावच्छिन्नाधेयता- निरूपिता-धिकरणवृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वं वायो र्लक्षणम्" આ લક્ષણનું સ્વરૂપ છે અને આમાં પણ વિશિષ્ટ સ્થાને ઉપર જણાવ્યા મુજબ सामानाधिकरण्य નો નિવેશ તેમ જ અંતમાં મતુપ્ પ્રત્યયાર્થ અધિકરણતા વગેરેનો નિવેશ કરીએ તો, આ લક્ષણનું સ્વરૂપ આથી પણ સૂક્ષ્મ થશે. જે-જિજ્ઞાસુઓએ સ્વયં વિચારવું અથવા ભણાવનાર પાસેથી જાણી લેવું.

અલક્ષ્ય અર્થાત્ લક્ષ્યભિન્નમાં જે લક્ષણનું સત્ત્વ હોય છે, તે લક્ષણ, અતિવ્યાપ્તિ દોષથી દુષ્ટ મનાય છે. ગાયનું શૃંગિત્વ (શૃંગ) લક્ષણ, લક્ષ્યભિન્ન મહિષાદિમાં વૃત્તિ હોવાથી તે લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી યુક્ત છે. લક્ષ્યના એકદેશમાં અર્થાદ્ લક્ષ્યતાવચ્છેદકના આશ્રયભૂત કોઈક લક્ષ્યભૂત પદાર્થમાં જે લક્ષણ રહેતું નથી; તે લક્ષણ અવ્યાપ્તિ દોષથી દૂષિત મનાય છે. ગાયનું नीलरूपवत्त्व (નીલરૂપ) આ લક્ષણ લક્ષ્યતાવચ્છેદક ગોત્વના આશ્રયભૂત શ્વેતાદિ ગાયમાં વૃત્તિ ન હોવાથી અવ્યાપ્તિ દોષથી દુષ્ટ મનાય છે. લક્ષ્યમાત્રમાં અર્થાત્ કોઈ પણ લક્ષ્યભૂત પદાર્થમાં જે લક્ષણ રહેતું નથી, તે લક્ષણ અસંભવ દોષથી યુક્ત મનાય છે. ગાયનું एकशफवत्त्व (એક ખુર) આ લક્ષણ લક્ષ્યભૂત કોઈ પણ ગાયમાં વૃત્તિ ન હોવાથી, તે લક્ષણ અસંભવ દોષથી દુષ્ટ છે.આથી સ્પષ્ટ છે કે "અલક્ષ્યમાં રહેવું" "લક્ષ્યના એકદેશમાં ન રહેવું" અને "લક્ષ્યમાત્રમાં ન રહેવું" એ ક્રમશઃ અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ દોષનું સ્વરૂપ છે. યદ્યપિ જે અવ્યાપ્તિ અને અસંભવ દોષથી દુષ્ટ લક્ષણ છે, એ પણ અલક્ષ્ય પૃથ્વીમાં અને એકશફવત્ત્વવદ્ અશ્વમાં વૃત્તિ છે; તેથી જે લક્ષણ

અવ્યાપ્તિ અને અસંભવ દોષથી દુષ્ટ મનાય છે તેને પણ અતિવ્યાપ્તિ દોષથી દુષ્ટ માનવું પડશે. અસંભવ દોષથી દુષ્ટ લક્ષણ લક્ષ્યમાત્રમાં વૃત્તિ ન હોવાથી, લક્ષ્યૈકદેશમાં પણ અવૃત્તિ છે જ. એવી જ રીતે અવ્યાપ્તિ દોષથી દુષ્ટ લક્ષણ પણ લક્ષ્યમાત્રમાં વૃત્તિ ન હોવાથી લક્ષ્યમાત્રાવૃત્તિત્વ પણ તેમાં છે; તેથી જ પરસ્પર સંકીર્ણ સ્વરૂપત્વનો પરિહાર કરવા અતિવ્યાપ્તિ વગેરે દોષોના યથાસ્થિત સ્વરૂપને સ્પષ્ટ કરે છે. "अतिव्याप्त्यव्याप्त्यसम्भवानां निष्कृष्टलक्षणानि....' ઈત્યાદિ ગ્રંથથી.

"लक्ष्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकभेदसामानाधिकरण्यमतिव्याप्तिः" અર્થાત્ લક્ષ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિતાક ભેદના અધિકરણમાં જે વૃત્તિ હોય છે; તે લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી દૂષિત મનાય છે. ગાયનું શૃઙ્ગિત્વ લક્ષણ કરીએ ત્યારે લક્ષ્યતાવચ્છેદક ગોત્વથી અવચ્છિન્ન જે પ્રતિયોગિતા તન્નિરૂપક ભેદ गौर्न ઈત્યાકારક પ્રતીતિસિદ્ધ ગોભેદ, તેના અધિકરણ મહિષાદિમાં શૃઙ્ગિત્વ વૃત્તિ છે. તેથી શૃંગિત્વ આ ગાયનું લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી યુક્ત છે. યદ્યપિ લક્ષ્યતાવચ્છેદક ગોત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક ગોભેદનું અધિકરણ જેમ મહિષાદિ છે તેમ ગોભિન્ન પૃથ્વી, અશ્વ વગેરે પણ છે અને ત્યાં નીલરૂપવત્ત્વ અને એકશફવત્ત્વ વૃત્તિ હોવાથી અવ્યાપ્તિ અને અસંભવ દોષથી યુક્ત લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી દુષ્ટ માનવું પડશે. પરંતુ 'लक्ष्यतावच्छेदकव्यापकत्व' આ પદનો ઉક્ત લક્ષણમાં સન્નિવેશ કરવાથી કોઈ દોષ નથી. કારણ કે લક્ષ્યતાવચ્છેદક ગોત્વ જ્યાં જ્યાં છે ત્યાં શૃઙ્ગિત્વ છે, પરંતુ નીલરૂપવત્ત્વ કે એકશફવત્ત્વ નથી. તેથી શૃંગિત્વમાં જ લક્ષ્યતાવચ્છેદકનું વ્યાપકત્વ હોવાથી તે જ અતિવ્યાપ્તિ દોષથી દૂષિત મનાશે. આથી સ્પષ્ટ છે કે 'लक्ष्यतावच्छेदकव्यापकत्वे सति लक्ष्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकभेदसामानाधिकरण्यमतिव्याप्तिः" આ તાત્પર્યાર્થ છે.

"अव्याप्तिस्तु लक्ष्यतावच्छेदकसमानाधिरणात्यन्ताभावप्रतियोगित्वम्" અર્થાત્ લક્ષ્યતાવચ્છેદકના અધિકરણમાં રહેનાર અત્યન્તાભાવનું પ્રતિયોગિત્વ જેમાં વૃત્તિ છે, તે લક્ષણ અવ્યાપ્તિ દોષથી યુક્ત મનાય

છે. ગાયનું નીલરૂપવત્ત્વ લક્ષણ કરીએ તો, લક્ષ્યતાવચ્છેદક ગોત્વના અધિકરણ શ્વેત ગાયમાં નીલરૂપવત્ત્વનો (નીલરૂપનો) અભાવ (અત્યન્તાભાવ) વૃત્તિ છે, અને એ અભાવનું પ્રતિયોગિત્વ (પ્રતિયોગિતા) નીલરૂપવત્ત્વમાં હોવાથી તે લક્ષણ અવ્યાપ્તિ દોષથી દુષ્ટ છે. "भूतले घटो नास्ति" અને "भूतलं घटो न" આ બંન્ને પ્રતીતિસિદ્ધ અભાવમાં જે ભેદ છે; તે ભેદ; અત્યન્તાભાવ અને ભેદાત્મક અન્યોન્યાભાવમાં છે. બંન્ને સ્થળે ભૂતલમાં ઘટનો અભાવ પ્રતીત થતો હોવા છતાં, જ્યારે ભૂતલ પર ઘટસામાન્યનો અભાવ હોય છે ત્યારે જ "भूतले घटो नास्ति" ઈત્યાકારક અત્યન્તાભાવવિષયંક પ્રતીતિ થાય છે અને જ્યારે ભૂતલ પર ઘટસામાન્ય હોય અથવા ન હોય, તોપણ "भूतलं घटो न" આ ભેદાત્મક અન્યોન્યાભાવાવગાહી પ્રતીતિ થાય છે. આથી ભેદ (અન્યોન્યાભાવ) અને અત્યન્તાભાવમાં જે ભેદ (વિશેષતા) છે, તે સમજી શકાય છે. ઉપર જણાવેલા અવ્યાપ્તિના સ્વરૂપમાં 'लक्ष्यतावच्छेदकसामानाधिकरण्य' આ પદનો પણ નિવેશ આવશ્યક છે. કારણ કે એ પદનો નિવેશ ન કરીએ તો લક્ષ્યતાવચ્છેદક ગોત્વના અધિકરણ શ્વેતાદિ ગાયમાં જેમ નીલરૂપવત્ત્વનો અભાવ છે, તેમ એકશફવત્ત્વનો પણ અભાવ છે; અને તેનું પ્રતિયોગિત્વ એકશફવત્ત્વમાં હોવાથી અસંભવ દોષથી યુક્ત લક્ષણ, અવ્યાપ્તિ દોષથી યુક્ત માનવું પડશે. लक्ष्यतावच्छेदकसामाना-धिकरण्य ના નિવેશથી એ પ્રસંગ નહિ આવે. કારણ કે લક્ષ્યતાવચ્છેદકના કોઈ પણ અધિકરણમાં એકશફવત્ત્વ વૃત્તિ ન હોવાથી તેમાં લક્ષ્યતાવચ્છેદક ગોત્વનું સામાનાધિકરણ્ય નથી. "लक्ष्यतावच्छेदकसामानाधिकरण्ये सति लक्ष्यतावच्छेदकसमानाधिकरणा-त्यन्ताभावप्रतियोगित्वमव्याप्तिः" આ અવ્યાપ્તિના પર્યવસિત લક્ષણમાં માત્ર લક્ષ્યતાવચ્છેદકસામાનાધિકરણ્યનો જ નિવેશ કરીએ તો પૃથ્વી વગેરેનાં નિર્દુષ્ટ ગંધાદિ લક્ષણોમાં પણ પૃથ્વીત્વાદિ લક્ષ્યતાવચ્છેદકનું સામાનાધિકરણ્ય હોવાથી તે નિર્દુષ્ટ લક્ષણો પણ અવ્યાપ્તિ દોષથી દુષ્ટ માનવાં પડશે. તેથી એના નિવારણ માટે લક્ષ્યતાવચ્છેદકસમાનાધિ-

કરણાત્યન્તાભાવપ્રતિયોગિત્વનો પણ નિવેશ કર્યો છે. પૃથ્વ્યાદિનાં નિર્દુષ્ટ ગંધાદિ લક્ષણોમાં લક્ષ્યતાવચ્છેદકના અધિકરણ પૃથ્વ્યાદિવૃત્તિ-જલત્વાદ્યભાવનું પ્રતિયોગિત્વ ન હોવાથી તે લક્ષણો અવ્યાપ્તિ દોષથી દુષ્ટ નહિ મનાય. આવી જ રીતે ઉપર જણાવેલા પર્યવસિત અતિવ્યાપ્તિના લક્ષણમાં પણ પદોનું પ્રયોજન જાણવું.

''असम्भवस्तु लक्ष्यतावच्छेदकव्यापकीभूताभावप्रतियोगित्वम्'' અર્થાત્ જે લક્ષણમાં લક્ષ્યતાવચ્છેદકના વ્યાપકીભૂત અભાવનું પ્રતિયોગિત્વ હોય છે તે લક્ષણને અસંભવ દોષથી દુષ્ટ મનાય છે. ગાયનું એકશફવત્ત્વ લક્ષણ કરીએ તો, લક્ષ્યતાવચ્છેદક ગોત્વ જ્યાં જ્યાં છે; ત્યાં ત્યાં એકશફવત્ત્વનો અભાવ હોવાથી, લક્ષ્યતાવચ્છેદકનો વ્યાપકીભૂત અભાવ એકશફવત્ત્વાભાવ છે, અને તેનું પ્રતિયોગિત્વ એકશફવત્ત્વમાં હોવાથી તે લક્ષણ અસંભવ દોષથી દુષ્ટ મનાય છે. પરંતુ લક્ષ્યતાવચ્છેદક ગોત્વ જ્યાં જ્યાં છે; ત્યાં શૃઙ્ગિત્વાભાવ અથવા નીલરૂપવત્ત્વાભાવ નથી, તેથી શૃઙ્ગિત્વાભાવ કે નીલરૂપવત્ત્વાભાવ, લક્ષ્યતાવચ્છેદક ગોત્વનો વ્યાપક ન હોવાથી તેના અર્થાદ્ લક્ષ્યતાવચ્છે-દકના અવ્યાપકીભૂત અભાવના પ્રતિયોગી 'शृङ्गित्व' કે 'नीलरूपवत्त्व' આ લક્ષણો અસંભવ દોષથી દુષ્ટ મનાતાં નથી.

**(૫૦) रूपेति । घटादिवारणाय विशेषणम् । आकाशादिवारणाय विशेष्यम् । इन्द्रियमिति । चक्षुरादिवारणाय स्पर्शग्राहकमिति । कालेऽतिव्याप्तिवारणाय इन्द्रियमिति । वृक्षेति । आदिपदेन जलादिपरिग्रहः । शरीरान्तरिति । महावाय्वादावतिव्याप्तिवारणाय विशेषणम् । मनआदिवारणाय विशेष्यम् । धनंजयवारणाय संचारीति । उपाधीति । मुखनासिकाभ्यां निर्गमनप्रवेशनात्प्राणः, जलादेरधोनयनादपानः, भुक्तपरिणामाय जाठरानलस्य समुन्नयनात्समानः, अन्नादेरुर्ध्वनयनादुदानः, नाडीमुखेषु विततनाद्व्यान इति क्रियारूपोपाधिभेदात्तथा व्यवह्रियत इत्यर्थः ॥**

## પદકૃત્ય

ત્વગિન્દ્રિયનું "इन्द्रियं त्वक्" આટલું જ લક્ષણ કરીએ, તો ચક્ષુ આદિ પણ ઈન્દ્રિયો હોવાથી તેમાં અતિવ્યાપ્તિ થશે. स्पर्शग्राहक પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ નહિ આવે. કારણ કે ચક્ષુ આદિ ઈન્દ્રિયો સ્પર્શગ્રાહક નથી. લક્ષણમાં इन्द्रिय પદનું ઉપાદાન ન કરીએ તો કાર્યમાત્રમાં કારણભૂત કાલ, સ્પર્શગ્રાહક હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. इन्द्रिय પદના ઉપાદાનથી, કાલ ઈન્દ્રિય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહિ આવે. "वायुः प्राणः" આટલું જ પ્રાણવાયુનું લક્ષણ કરીએ તો મહાવાયુ (શરીરથી બહાર રહેલા વાયુ) માં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'शरीरान्तःसंचारी' આ વિશેષણવાચક પદનું ઉપાદાન કર્યું છે. જેથી મહાવાયુમાં અતિવ્યાપ્તિ નહિ આવે એ સ્પષ્ટ છે. લક્ષણમાં 'वायु' આ વિશેષ્યવાચક પદનું ઉપાદાન ન કરીએ તો શરીરમાં સંચાર કરનારું જે પરમાણુસ્વરૂપ મન છે, તેમાં અતિવ્યાપ્તિ આવશે. वायु પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ નહિ આવે. કારણ કે મનમાં વાયુત્વ નથી. લક્ષણમાં 'संचारी' આ પદનું ગ્રહણ ન કરીએ તો, શરીરની અંદર રહેનાર જે ધનંજય વાયુ છે, એમાં અતિવ્યાપ્તિ થશે. તેના નિવારણ માટે संचारी પદનું ઉપાદાન કર્યું છે. ધનંજય વાયુ સ્થિર હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

उपाधीति – મુખ અને નાસિકાથી નીકળતા વાયુને 'પ્રાણવાયુ' કહેવાય છે. જલાદિને શરીરના નીચેના ભાગમાં લઈ જનાર વાયુને 'અપાનવાયુ' કહેવાય છે. ખાધેલા અન્નાદિને પચાવવા માટે જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર વાયુને 'સમાનવાયુ' કહેવાય છે. અન્નાદિને ઊંચે લઈ જનાર વાયુને 'ઉદાનવાયુ' કહેવાય છે. નાડીઓના મુખમાં વિસ્તાર કરનાર અર્થાત્ નાડીમુખોને ફેલાવનાર વાયુને 'વ્યાનવાયુ' કહેવાય છે. આ રીતે ક્રિયાની વિવિધતાથી એક જ પ્રાણવાયુનો અનેકવિધ નામોથી વ્યવહાર થાય છે.

### मूलम्

**शब्दगुणकमाकाशम् । तच्चैकं विभु नित्यं च ॥**

મૂલ - શબ્દ છે ગુણ જેનો, તેને આકાશ કહેવાય છે. તે એક છે, નિત્ય છે, અને વિભુ છે.

(न्या०) आकाशं लक्षयति–शब्दगुणकमिति । गुणपदम् 'आकाशे शब्द एव विशेषगुण' इति द्योतनाय न त्वतिव्याप्तिवारणाय, समवायेन शब्दवत्त्वमात्रस्य सम्यक्त्वात् । तच्चैकमिति । अनेकत्वे मानाभावादिति भावः । विभ्विति । सर्वमूर्तद्रव्यसंयोगित्वं विभुत्वम् । मूर्तत्वं च क्रियावत्त्वम् । पृथिव्यप्तेजोवायुमनांसि मूर्तानि । 'पृथिव्यप्तेजोवाय्वाकाशे'ति पञ्चकं भूतपदवाच्यम् । भूतत्वं नाम बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वम् ॥

## ન્યાયબોધિની

આકાશના લક્ષણમાં ગુણ પદ તો આકાશમાં શબ્દ એ એક જ વિશેષગુણ છે, એ જણાવવા માટે છે. કારણ કે "समवायेन शब्दाश्रयत्वम्" અર્થાત્ સમવાયસંબંધથી જે શબ્દનો આશ્રય છે, તેને આકાશ કહેવાય છે, એટલું લક્ષણ નિર્દુષ્ટ છે. "રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સ્નેહ, સાંસિદ્ધિકદ્રવત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, ભાવનાત્મક સંસ્કાર અને શબ્દ"[1] આ વિશેષગુણો છે. અને સંખ્યાદિ સામાન્ય ગુણો છે. આકાશના અનેકત્વમાં કોઈ પ્રમાણ ન હોવાથી આકાશ એક છે. સર્વમૂર્ત્તદ્રવ્યોના સંયોગી–(સંયોગાશ્રય)ને 'વિભુ' કહેવાય છે. સમવાયસંબંધથી ક્રિયાના આશ્રયભૂત 'પૃથ્વી,' 'જલ,' 'તેજ,' 'વાયુ' અને 'મન' આ મૂર્ત્તદ્રવ્યો છે. બહિરિન્દ્રિય (મનથી અતિરિક્ત ચક્ષુ આદિ)થી ગ્રાહ્ય છે વિશેષ ગુણો જેના; એવા 'પૃથ્વી', 'જલ', 'તેજ', 'વાયુ' અને 'આકાશ' આ પાંચ ભૂતદ્રવ્યો છે.

(प०) शब्देति । शब्दो गुणो यस्य तत्तथा । असंभववारणाय शब्दगुणोभयम् । विभ्विति । सर्वमूर्तद्रव्यसंयोगि ॥

---

१ रूपं गन्धो रसः स्पर्शः स्नेहः सांसिदृधिको द्रवः । बुदृध्यादिभावनान्ताश्च शब्दो वैशेषिका गुणाः । वैशेषिकाः विशेषाः ।

## पदकृत्य

'शब्द' અને 'गुण' આ બન્ને પદોમાંથી એક પદનું ઉપાદાન ન કરીએ તો સમાસનો સંભવ ન હોવાથી 'शब्द आकाशम्' અથવા 'गुण आकाशम्' આ પ્રમાણે આકાશનું લક્ષણ થશે, તેથી આકાશમાં શબ્દત્વ અથવા ગુણત્વ ન હોવાથી અસંભવ આવશે. તેના નિવારણ માટે 'शब्द' અને 'गुण' ઉભયપદની આવશ્યકતા છે; ઉભયપદના ઉપાદાનથી ઉક્ત બહુવ્રીહિસમાસથી 'शब्दगुणवत्त्व' આ આકાશનું લક્ષણ થવાથી અસંભવ નહિ આવે.

## मूलम्

**अतीतादिव्यवहारहेतुः कालः । स चैको विभुर्नित्यश्च ॥**

મૂલ – 'આ થઈ ગયો છે.' અને 'આ થવાવાલો છે,' ઈત્યાદિ વ્યવહારનું જે કારણ છે. તેને 'કાલ' કહેવાય છે. એ એક છે, નિત્ય છે અને વિભુ છે.

**(न्या०) कालं लक्षयति–अतीतेति । व्यवहारहेतुत्वस्य लक्षणत्वे 'घट' इति व्यवहारहेतुभूतघटादावतिव्याप्तिः । तद्वारणाय अतीतादीति विशेषणोपादानम् ॥**

## ન્યાયબોધિની

કાલના લક્ષણમાં 'अतीतादि' આ પદનું ઉપાદાન ન કરીએ, તો 'अयं घटः' ઈત્યાકારક વ્યવહારનું કારણ ઘટ હોવાથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. સ્વવ્યવહારનું સ્વ કારણ છે. કારણ કે સ્વ વિના સ્વનો વ્યવહાર અનુપપન્ન છે. અતીતાદિ વ્યવહારનું કારણ ઘટાદિ ન હોવાથી, 'अतीतादि' પદોપાદાનથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

**(प०) अतीतेति । 'अतीत' इत्यादिर्यो व्यवहारः–'अतीतो भविष्यन् वर्तमान' इत्यात्मकस्तस्यासाधारणहेतुः काल इत्यर्थः । नन्विदं लक्षण-माकाशेऽतिव्याप्तं, व्यवहारस्य शब्दात्मकत्वादिति चेत् । न । अत्र हेतुपदेन**

**निमित्तहेतोर्विवक्षितत्वात् । न चैवं कण्ठताल्वाद्यभिघातेऽतिव्याप्तिरिति वाच्यम्, विभुत्वस्यापि निवेशात् ।**

## પદકૃત્ય

અતીતાદિ વ્યવહાર શબ્દાત્મક હોવાથી અતીતાદિ વ્યવહારનું (તાદૃશ શબ્દનું) સમવાયિકારણ આકાશ છે; તેથી આકાશમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાંના હેતુ પદનો અર્થ નિમિત્તકારણ કરવો જોઈએ. આકાશ, તાદૃશ શબ્દાત્મક વ્યવહારનું નિમિત્તકારણ ન હોવાથી આકાશમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ શબ્દાત્મક વ્યવહારનું નિમિત્તકારણ તો કંઠ અને તાલ્વાદિનો અભિઘાત (સંયોગવિશેષ) પણ છે, તેથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ તેના નિવારણ માટે લક્ષણમાં વિભુત્વ નો પણ નિવેશ કરી લેવો. જેથી કંઠતાલ્વાદિના અભિઘાતમાં અતિવ્યાપ્તિ નહિ આવે. કારણ કે કંઠતાલ્વાદિનો અભિઘાત વિભુ નથી.

## मूलम्

**प्राच्यादिव्यवहारहेतुर्दिक् । सा चैका नित्या विभ्वी च ॥**

મૂલ – ''આ પૂર્વ છે,'' ''આ પશ્ચિમ છે'' ઈત્યાદિ વ્યવહારનું જે કારણ છે તેને દિશા કહેવાય છે. એ પણ એક છે. નિત્ય છે અને વિભુ છે.

**- (न्या०) दिशो लक्षणमाह–प्राच्येति । उदयाचलसंनिहिता या दिक् सा प्राची । अस्ताचलसंनिहिता या दिक् सा प्रतीची । मेरोः संनिहिता या दिक् सोदीची । मेरोर्व्यवहिता या दिक् साऽवाची ॥**

## ન્યાયબોધિની

ઉદયાચલની નજીકની દિશાને, પૂર્વ દિશા કહેવાય છે. અસ્તાચલની નજીકની દિશાને, પશ્ચિમ દિશા કહેવાય છે. મેરુ પર્વતની નજીકની દિશાને ઉત્તર દિશા કહેવાય છે અને તેની સામેની દિશાને દક્ષિણ દિશા કહેવાય છે. આ રીતે દિશા એક હોવા છતાં મેરુ પર્વતાદિ ઉપાધિના કારણે તેનો પૂર્વાદિ નામોથી વ્યવહાર થાય છે.

(प०) प्राचीति । 'इयं प्राची' 'इयमवाची' 'इयं प्रतीची' 'इयमुदीची' त्यादिव्यवहारासाधारणं कारणं दिगित्यर्थः । हेतुर्दिगित्युच्यमाने परमाण्वादावतिव्याप्तिः स्यात्तद्वारणाय प्राच्यादिव्यवहारहेतुरिति । आकाशादिवारणायासाधारणेत्यपि बोध्यम् ।

## પદકૃત્ય

"अतीतादिव्यवहारनिमित्तकारणत्वे सति विभुत्वम्" આ કાલ લક્ષણની જેમ જ "प्राच्यादिव्यवहारनिमित्तकारणत्वे सति विभुत्वम्" આ પ્રમાણે પર્યવસિત દિશાનું લક્ષણ સમજવું. તેમાં પ્રત્યેકપદપ્રયોજન પૂર્વવત્ જાણવું.

## मूलम्

ज्ञानाधिकरणमात्मा । स द्विविधः–जीवात्मा परमात्मा चेति । तत्रेश्वरः सर्वज्ञः परमात्मा एक एव । जीवस्तु प्रतिशरीरं भिन्नो विभुर्नित्यश्च ।

મૂલ – જ્ઞાનાધિકરણને આત્મા કહેવાય છે. તે જીવાત્મા અને પરમાત્મા રૂપ બે પ્રકારનો છે. એમાં પરમાત્મા સર્વજ્ઞ, ઈશ્વર, જગત્કર્તા એક જ છે. જ્યારે જીવાત્મા પ્રત્યેક શરીરમાં ભિન્ન છે, નિત્ય છે અને વિભુ છે.

(न्या०) आत्मानं निरूपयति–ज्ञानाधिकरणमिति । अधिकरणपदं समवायेन ज्ञानाश्रयत्वलाभार्थम् ।

## ન્યાયબોધિની

આત્માના લક્ષણમાં अधिकरण પદ સમવાયસંબંધથી જ્ઞાનાશ્રયત્વના લાભ માટે છે. આશય એ છે કે ज्ञानवान् आत्मा આ પ્રમાણે આત્માનું લક્ષણ કરીએ તો કાલિક સંબંધથી જ્ઞાન તો કાલ તથા અનિત્ય પદાર્થમાં પણ હોવાથી અતિવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે જ્ઞાનવત્ત્વ સમવાયસંબંધથી ગ્રહણ કરવું જોઈએ. એ આશયથી ज्ञानवान् आत्मा આ પ્રમાણે લક્ષણ ન કરતાં "ज्ञानाधिकरणमात्मा' આ

પ્રમાણે લક્ષણ કર્યું છે. તેથી समवायसंबंधावच्छिन्न-ज्ञानत्वावच्छिन्ना-धेयतानिरूपिताधिकरणताश्रयत्वम्'' આ આત્માનું પર્યવસિત લક્ષણ છે.

**(प०) ज्ञानाधिकरणेति । भूतलादिवारणाय ज्ञानेति । कालादि-वारणाय समवायेनेत्यपि देयम् । ईश्वर इति । समवायसम्बन्धेन नित्यज्ञानवानीश्वरः । जीव इति । सुखादिसमवायिकारणं जीव इत्यर्थः ॥**

## પદકૃત્ય

'अधिकरणमात्मा' આ પ્રમાણે આત્માનું લક્ષણ કરીએ તો ઘટાદિના અધિકરણ-ભૂતલાદિમાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિવારણ-માટે લક્ષણમાં ज्ञान પદનું ઉપાદાન છે. ભૂતલાદિ જ્ઞાનના અધિકરણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહિ આવે. કાલાદિમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં જ્ઞાનવત્ત્વ સમવાયસંબંધથી વિવક્ષિત છે; એ પૂર્વે જણાવ્યું છે. સમવાયસંબંધથી નિત્ય જ્ઞાનવાન ઈશ્વર છે અને સુખ-દુઃખાદિનું જે સમવાયિકરણ છે તે જીવાત્મા છે.

## मूलम्

**सुखाद्युपलब्धिसाधनमिन्द्रियं मनः । तच्च प्रत्यात्मनियतत्वादनन्तं परमाणुरूपं नित्यं च ॥**

મૂલ : સુખદુઃખાદિની ઉપલબ્ધિનું જે સાધન છે અને ઈન્દ્રિય છે તેને 'મન' કહેવાય છે. તે મન પ્રત્યાત્મનિયત હોવાથી આત્માની જેમ જ અનન્ત છે. નિત્ય છે અને પરમાણુરૂપ છે.

**(न्या०) मनो निरूपयति—सुखादीति । उपलब्धिर्नाम साक्षात्कारः । तथा च सुखदुःखादिसाक्षात्कारकारणत्वे सति इन्द्रियत्वं मनसो लक्षणम् । 'इन्द्रियत्वं' मात्रोक्तौ चक्षुरादावतिव्याप्तिरतः सुखादिसाक्षात्कारकारणत्व-विशेषणम् । विशेष्यानुपादाने आत्मन्यतिव्याप्तिः,आत्मनः सुखादिकं प्रति समवायिकारणत्वात् । अत 'इन्द्रियत्व'रूपविशेष्योपादानम् ॥**

## ન્યાયબોધિની

ઉપલબ્ધિ એટલે સાક્ષાત્કાર (માનસપ્રત્યક્ષ). "सुखदुःखादिसाक्षात्कारकारणत्वे सति इन्द्रियत्वम्" આ મનનું લક્ષણ છે. લક્ષણમાં 'इन्द्रियत्व' પદનું જ ઉપાદાન કરીએ તો ચક્ષુ આદિ ઈન્દ્રિયમાં અતિવ્યાપ્તિ આવશે. ચક્ષુ આદિ સુખદુઃખાદિસાક્ષાત્કારના કારણ ન હોવાથી 'सुखदुःखादिसाक्षात्कारकारणत्व' આ પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં इन्द्रियत्व પદનું ઉપાદાન ન કરીએ તો સુખાદ્યુપલબ્ધિનું સમવાયિકારણ આત્મા અને નિમિત્તકારણ આત્મમનઃસંયોગ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી અતિવ્યાપ્તિના નિવારણ માટે इन्द्रियत्व પદનું ઉપાદાન કર્યું છે. આત્મા તથા આત્મમનઃસંયોગ ઈન્દ્રિય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

**(प०) सुखेति । आत्ममनःसंयोगादिवारणाय इन्द्रियमिति । चक्षुरादिवारणाय सुखेति ॥ इति द्रव्यनिरूपणम् ।**

પદકૃત્ય સ્પષ્ટ છે.

## मूलम्

**अथ गुणा निरूप्यन्ते-चक्षुर्मात्रग्राह्यो गुणो रूपम् । तच्च शुक्ल-नीलपीतरक्तहरितकपिशचित्र-भेदात्सप्तविधम् । पृथिवीजलतेजोवृत्ति । तत्र पृथिव्यां सप्तविधम् । अभास्वरशुक्लं[1] जले । भास्वरशुक्लं तेजसि ॥**

મૂલઃ– જે ગુણ, માત્ર ચક્ષુ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે તેને 'રૂપ' કહેવાય છે. શુક્લ, નીલ, પીત, રક્ત, હરિત, કપિશ અને ચિત્ર ભેદથી રૂપ સાત પ્રકારનું છે. પૃથિવી, જલ અને તેજમાં રૂપ વૃત્તિ છે. પૃથિવીમાં સાત પ્રકારનું રૂપ વૃત્તિ છે. અભાસ્વર શુક્લરૂપ, જલમાં અને ભાસ્વર શુક્લરૂપ, તેજમાં વૃત્તિ છે ॥

**(न्या०) रूपं लक्षयति–चक्षुरिति । चक्षुर्मात्रग्राह्यत्वविशिष्टगुणत्वं**

---

१ न चात्र गुणे शुक्लादयः पुंसि इत्यनुशासनविरोधः शङ्क्यः । तस्य विशेष्यासमभिव्याहारविषयकत्वादत्र च रूपमित्यस्यानुषङ्गात् ।

रूपस्य लक्षणम् । विशेष्यमात्रोपादाने रसादावतिव्याप्तिः । अत 'श्चक्षुर्मात्रग्राह्यत्वं' विशेषणम् । तावन्मात्रोपादाने रूपत्वेऽतिव्याप्तिः । 'यो गुणो यदिन्द्रियग्राह्यस्तन्निष्ठा जातिस्तदिन्द्रियग्राह्ये' ति नियमात्, तद्वारणाय विशेष्योपादानम् । 'चक्षुर्मात्रग्राह्यत्वं' नाम चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्वे सति चक्षुर्ग्राह्यत्वम् । मात्रपदानुपादाने संख्यादिसामान्यगुणेऽतिव्याप्तिः, संख्यादावपि चक्षुर्ग्राह्यत्वविशिष्टगुणत्वस्य सत्त्वात् । अतस्तद्वारणाय मात्रपदं, संख्यादेश्चक्षुर्भिन्नत्वगिन्द्रियग्राह्यत्वाच्चक्षुर्मात्रग्राह्यत्वं नास्ति । अतीन्द्रिय-गुरुत्वादावतिव्याप्तिवारणाय चक्षुर्ग्राह्येति । अत्र लक्षणे 'ग्राह्यत्वं' नाम प्रत्यक्षविषयत्वम् । 'अग्राह्यत्वं' नाम तदविषयत्वम् । तथा च 'चक्षुर्भिन्नेन्द्रियजन्यप्रत्यक्षाविषयत्वे सति चक्षुर्जन्यप्रत्यक्षविषयत्व' मिति फलितोऽर्थः । ननु प्रभाघटसंयोगे रूपलक्षणस्यातिव्याप्तिः, तस्य चक्षुर्मात्र-ग्राह्यगुणत्वादिति चेन्न । गुणपदस्य विशेषगुणपरत्वात् । न चैवं विशेषगुण-त्वघटितलक्षणे संख्यादावतिव्याप्त्यभावान्मात्रपदवैयर्थ्यमिति वाच्यम् । जलमात्रवृत्तिसांसिद्धिकद्रवत्वादावतिव्याप्तिवारणाय तदुपादानात् । अथवा[2] चक्षुर्मात्रग्राह्यजातिमद्गुणत्वस्य लक्षणत्वान्न प्रभाघटसंयोगादावतिव्याप्तिः । संयोगत्वजातेश्चक्षुर्मात्रग्राह्यत्वाभावात् । घटपटसंयोगस्य त्वगिन्द्रियग्राह्य-त्वात्तद्गतजातेरपि त्वगिन्द्रियग्राह्यत्वात् । यो गुणो यदिन्द्रियग्राह्यस्त-न्निष्ठजातेरपि तदिन्द्रियग्राह्यत्वात् । अत्र जातिघटितलक्षणे गुणत्वानुपादाने चक्षुर्मात्रग्राह्यजातिमति सुवर्णादावतिव्याप्तिरतस्तद्वारणाय तदुपादानम् । एवं रसादिलक्षणे विशेषणानुपादाने लक्ष्यभिन्नगुणादावतिव्याप्तिः । विशेष्या-नुपादाने लक्ष्यमात्रवृत्तिरसत्वगन्धत्वादावतिव्याप्तिः । अतो विशेषण-विशेष्ययोरुपादानम् ।

---

१ येनेन्द्रियेण या व्यक्तिर्गृह्यते तद्गताजातिस्तदभावश्च तेनैवेन्द्रियेण गृह्यत इति नियमस्य प्रकृतोपयोग्यंशमात्रोपादानमिदम् ॥

२ अतीन्द्रिये परमाण्वादिरूपेऽव्याप्तिवारणायाह–अथवेत्यादि ।

## ન્યાયબોધિની

'चक्षुर्मात्रग्राह्यत्वविशिष्टगुणत्व' આ રૂપનું લક્ષણ છે. અર્થાત્ જેમાં ચક્ષુર્માત્રગ્રાહ્યત્વ અને ગુણત્વ છે તેને રૂપ કહેવાય છે. વિશેષ્યભૂત गुणत्व માત્રનું ઉપાદાન કરીએ અને 'चक्षुर्मात्रग्राह्यत्व' આ પદનું ઉપાદાન ન કરીએ તો રસાદિગુણોમાં ગુણત્વ હોવાથી અતિવ્યાપ્તિ આવશે. રસાદિમાં ગુણત્વ હોવા છતાં તેમાં ચક્ષુર્માત્રગ્રાહ્યત્વ ન હોવાથી લક્ષણમાં 'चक्षुर्मात्रग्राह्यत्व' પદના નિવેશ બાદ અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'गुणत्व' પદનું ઉપાદાન ન કરીએ તો ચક્ષુર્માત્ર-ગ્રાહ્યત્વ, રૂપત્વ જાતિમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. આશય એ છે કે ''येनेन्द्रियेण या व्यक्तिर्गृह्यते तद्गताजातिस्तदभावश्च तेनैवेन्द्रियेण गृह्यते ।''

અર્થાત્ 'જે ઈન્દ્રિયથી જે પદાર્થનું ગ્રહણ (પ્રત્યક્ષ) થાય છે, તે પદાર્થમાં રહેલી જાતિનું અને તે પદાર્થના અભાવનું ગ્રહણ તે જ ઈન્દ્રિયથી થાય છે.' આ નિયમ છે. તેથી રૂપની જેમ રૂપમાં રહેલી રૂપત્વ જાતિ અને રૂપનો અભાવ પણ ચક્ષુર્માત્રગ્રાહ્ય છે. માટે લક્ષણમાં गुणत्व પદનું ઉપાદાન ન કરીએ તો 'चक्षुर्मात्रग्राह्यत्व' રૂપત્વમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં गुणत्व નું ઉપાદાન છે. રૂપત્વજાતિ આદિમાં ગુણત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. 'चक्षुर्मात्रग्राह्यत्व' એટલે 'ચક્ષુરિન્દ્રિયગ્રાહ્યત્વવિશિષ્ટ ચક્ષુર્ભિન્નેન્દ્રિયાગ્રાહ્યત્વ' અર્થાત્ જે ચક્ષુઈન્દ્રિયથી ગ્રાહ્ય હોય અને ચક્ષુભિન્ન ઈન્દ્રિયથી અગ્રાહ્ય હોય તેમાં ચક્ષુર્માત્ર-ગ્રાહ્યત્વ મનાય છે. ''चक्षुर्ग्राह्यत्वविशिष्टगुणत्व'' આટલું જ લક્ષણ કરીએ અને मात्र પદનું અર્થાત્ चक्षुर्भिन्नेंद्रियाग्राह्यत्व પદનું ઉપાદાન ન કરીએ તો ચક્ષુઈન્દ્રિયથી ગ્રાહ્ય એવા સંખ્યાદિ સામાન્ય ગુણોમાં અતિવ્યાપ્તિ આવશે. मात्र પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે, સંખ્યાદિ સામાન્ય ગુણો, ચક્ષુઈન્દ્રિય અને તદ્ભિન્ન ત્વગિન્દ્રિયથી પણ ગ્રાહ્ય હોવાથી ચક્ષુર્માત્રગ્રાહ્ય નથી. 'चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्वविशिष्टगुणत्व' આટલું જ લક્ષણ કરીએ અર્થાત્ લક્ષણમાં चक्षुर्ग्राह्यत्व નો નિવેશ ન કરીએ તો,

અતીન્દ્રિય (જેનું કોઈપણ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ ન થાય તે) ગુરુત્વાદિ-ગુણમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે તેમાં ચક્ષુર્ભિન્નેન્દ્રિયાગ્રાહ્યત્વ અને ગુણત્વ છે. ચક્ષુગ્રાહ્યત્વ-પદના નિવેશ બાદ તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે અતીન્દ્રિય ગુરુત્વાદિ ગુણોનું કોઈ પણ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થતું ન હોવાથી તેમાં ચક્ષુગ્રાહ્યત્વ નથી. અહીં રૂપલક્ષણમાં 'ગ્રાહ્યત્વ' આ પદનો અર્થ પ્રત્યક્ષવિષયત્વ છે. જેનું પ્રત્યક્ષ થાય છે તે પ્રત્યક્ષાનો વિષય કહેવાય છે. આથી સ્પષ્ટ છે કે "ચક્ષુર્જન્યપ્રત્યક્ષવિષયત્વે સતિ ચક્ષુર્ભિન્નેન્દ્રિયજન્યપ્રત્યક્ષાવિષયત્વે સતિ ગુણત્વમ્" આ રૂપનું લક્ષણ છે. યદ્યપિ પ્રભા અને ઘટનો સંયોગ પણ ચક્ષુર્જન્ય પ્રત્યક્ષનો વિષય છે, ચક્ષુર્ભિન્નેન્દ્રિયજન્ય પ્રત્યક્ષનો અવિષય છે અને ગુણ છે. તેથી તેમાં ઉપર્યુક્ત પ્રત્યક્ષવિષયત્વવિશિષ્ટ તાદૃશ પ્રત્યક્ષાવિષયત્વવિશિષ્ટ ગુણત્વ હોવાથી પ્રભાઘટના સંયોગમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ લક્ષણમાંના ગુણ પદનો અર્થ 'વિશેષ ગુણ' કરવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ 'સંયોગ' એ વિશેષ ગુણ નથી. (જુઓ પૃ.નં. ૩૭) યદ્યપિ લક્ષણમાંના ગુણ પદનો અર્થ, વિશેષગુણ કરવાથી સંખ્યાદિ સામાન્ય ગુણમાં અતિવ્યાપ્તિ નહીં આવે. તેથી સંખ્યાદિ સામાન્ય ગુણોમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા માત્ર પદનું અર્થાત્ ચક્ષુર્ભિન્નેન્દ્રિયજન્યપ્રત્યક્ષાવિષયત્વ પદનું ઉપાદાન નિરર્થક છે. પરંતુ 'ચક્ષુર્ગ્રાહ્યવિશેષગુણત્વ' આટલું જ લક્ષણ કરીએ તો જલના સાંસિદ્ધિકદ્રવત્વમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે જલનું 'સાંસિદ્ધિકદ્રવત્વ' ચક્ષુર્ગ્રાહ્યવિશેષગુણ છે. સાંસિદ્ધિકદ્રવત્વ; ચક્ષુની જેમ ચક્ષુભિન્ન ત્વગિન્દ્રિયથી પણ ગ્રાહ્ય હોવાથી 'ચક્ષુર્માત્ર-ગ્રાહ્યવિશેષગુણત્વ'ની અર્થાત્ માત્ર પદઘટિત લક્ષણની વિવક્ષામાં અતિવ્યાપ્તિ નહીં આવે. ઉપર જણાવ્યા મુજબ વિશેષગુણપદઘટિત લક્ષણ કરવા છતાં અતીન્દ્રિય પરમાણુના રૂપમાં, ચક્ષુર્જન્યપ્રત્યક્ષ-વિષયત્વ ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે "ચક્ષુર્માત્રગ્રાહ્યજાતિમદ્ગુણત્વમ્" અર્થાત્ ચક્ષુઇન્દ્રિયથી જેનું પ્રત્યક્ષ થાય છે અને ચક્ષુર્ભિન્નેન્દ્રિયથી જેનું પ્રત્યક્ષ થતું નથી એવી જે ચક્ષુર્માત્રગ્રાહ્ય

જાતિ, તાદૃશ જાતિમદ્ જે ગુણ તાદૃશ ગુણત્વ, આ રૂપનું લક્ષણ છે. ચક્ષુર્માત્રગ્રાહ્યરૂપત્વજાતિમત્ પરમાણનું રૂપ પણ હોવાથી, અતીન્દ્રિય પરમાણુરૂપમાં હવે અવ્યાપ્તિ નહીં આવે. ઘટપટ, હસ્તપુસ્તકાદિ સંયોગમાં રહેનારી સંયોગત્વજાતિ ચક્ષુ અને તદ્ભિન્ન ત્વગિન્દ્રિયથી ગ્રાહ્ય છે. કારણ કે ઘટપટ, હસ્તપુસ્તકાદિ સંયોગ; ચક્ષુ અને તદ્ભિન્ન ત્વગ્ ઈન્દ્રિયથી પણ ગ્રાહ્ય છે. માટે સંયોગત્વજાતિ ચક્ષુમાર્ત્રગ્રાહ્ય જાતિ ન હોવાથી તાદૃશ જાતિમદ્ (સંયોગત્વજાતિમદ્) જે પ્રભા–ઘટનો સંયોગ છે એમાં લક્ષણ નહીં જાય. તેથી જાતિઘટિત લક્ષણમાં ગુણ પદનો અર્થ વિશેષગુણ કરવાની આવશ્યકતા નથી. સુવર્ણત્વ જાતિ ચક્ષુર્માત્રગ્રાહ્ય હોવાથી ગુણપદનું ઉપાદાન ન કરીએ તો ચક્ષુર્માત્રગ્રાહ્ય જાતિ(સુવર્ણત્વ)મદ્ સુવર્ણમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી તેના નિવારણ માટે ગુણપદોપાદાન આવશ્યક છે. સુવર્ણમાં ગુણત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. આવી જ રીતે રસાદિ લક્ષણોનું પણ તાત્પર્ય જાતિઘટિત લક્ષણમાં સમજી લેવું. અન્યથા અતીન્દ્રિય રસાદિમાં અવ્યાપ્તિ આવશે.

(૫૦) **चक्षुरिति । रूपत्वादिवारणाय गुणपदम् । रसादिवारणाय चक्षुर्ग्राह्य इति । संख्यादिवारणाय मात्रपदम् । यद्यपि प्रभाभित्ति-संयोगवारणाय गुणपदेन विशेषगुणस्य विवक्षणीयतया तत एव संख्यादिवारणं संभवतीति मात्रपदं व्यर्थं, तथापि सांसिद्धिकद्रवत्ववारणाय तदावश्यकम् । वस्तुतस्तु परमाणुरूपेऽव्याप्तिवारणाय चक्षुर्मात्रग्राह्य-जातिमत्त्वस्य विवक्षणीयतया विशेषपदं न देयम् । त्र्यणुकादिवारणाय गुणपदं तु देयम् । सप्तेति । 'रूप' मित्यनुषज्यते ॥**

## પદકૃત્ય

ત્ર્યણુકાદિતિ : જાતિઘટિત લક્ષણમાં પૂર્વે સુવર્ણત્વજાતિમત્ સુવર્ણમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા ગુણપદનું ઉપાદાન જણાવ્યું હતું એના સ્થાને પદકૃત્યકારે ત્ર્યણુકત્વજાતિમત્ ત્ર્યણુકમાં અતિવ્યાપ્તિનું

નિવારણ કરવા ગુણપદનું ઉપાદાન જણાવ્યું છે. કારણ કે ત્ર્યણુક(ત્રસરેણુ)નું માત્ર ચક્ષુથી જ પ્રત્યક્ષ થતું હોવાથી સુવર્ણ-ત્વાદિજાતિની જેમ ત્ર્યણુકત્વજાતિ પણ ચક્ષુર્માત્રગ્રાહ્ય છે. ગુણપદનું ઉપાદાન ન કરીએ તો ચક્ષુર્માત્રગ્રાહ્ય ત્ર્યણુકત્વજાતિમત્ ત્ર્યણુકમાં અતિવ્યાપ્તિ આવે એ સ્પષ્ટ છે.

## मूलम्

**रसनग्राह्यो गुणो रसः । स च मधुराम्ललवणकटुकषायतिक्तभेदात् षड्विधः । पृथिवीजलवृत्तिः । तत्र पृथिव्यां षड्विधः । जले मधुर एव ॥**

મૂલ : જે ગુણનું રસનેન્દ્રિયથી ગ્રહણ થાય છે તેને 'રસ' કહેવાય છે. તે રસ; મધુર, આમ્લ, લવણ, કટુ, કષાય, અને તિક્ત ભેદથી છ પ્રકારનો છે. 'રસ' ગુણ પૃથ્વી અને જલમાં વૃત્તિ છે. પૃથ્વીમાં 'છ' યે પ્રકારના રસ ઉપલબ્ધ છે. જલમાં મધુર જ રસ હોય છે.

**(प०) रसनेति । रसत्वादिवारणाय गुण इति । रूपादावतिव्याप्तिवारणाय रसनेति । तत्रेति पृथिवीजलयोरित्यर्थः । षड्विध इति । अत्र 'रस' इत्यनुवर्तते ॥**

પદકૃત્ય સ્પષ્ટ છે.

## मूलम्

**घ्राणग्राह्यो गुणो गन्धः । स द्विविधः । सुरभिरसुरभिश्च । पृथिवीमात्रवृत्तिः ॥**

મૂલ : જે ગુણ ઘ્રાણેન્દ્રિયથી ગ્રાહ્ય છે, તેને 'ગંધ' કહેવાય છે. સુરભિ અને અસુરભિ ભેદથી એ બે પ્રકારનો છે અને તે પૃથ્વીમાત્રમાં રહેનારો છે.

**(प०) घ्राणग्राह्य इति । गन्धत्वादावतिव्याप्तिवारणाय गुण इति । रूपादावतिव्याप्तिवारणाय घ्राणग्राह्य इति । पृथिवीति । 'पृथिवीसंबन्धसत्त्वे गन्धप्रतीतिसत्त्वं' 'पृथिवीसंबन्धाभावे गन्धप्रतीत्यभाव' इत्यन्वय–**

व्यतिरेकाभ्यां पृथिवीगन्धस्यैव जले प्रतीतिर्बोध्या । एवं वायावपि । ननु देशान्तरस्थकस्तूरीकुसुमसंबद्धपवनस्यैतद्देशे सत्त्वात्कुसुमादिसंबन्धाभावाद् गन्धप्रतीत्यनुपपत्तिः । न च वाय्वानीतत्र्यणुकादिसंबन्धोऽस्त्येवेति वाच्यं, कस्तूर्या न्यूनतापत्तेः, कुसुमस्य च सच्छिद्रत्वापत्तेरिति चेन्न । भोक्त्रदृष्टविशेषेण पूर्ववत्त्र्यणुकान्तराद्युत्पत्तेः । कर्पूरादौ तु तदभावान्न तथात्वमिति ॥

## પદકૃત્ય

'घ्राणग्राह्यो गन्धः' આટલું જ લક્ષણ કરીએ અર્થાત્ લક્ષણમાં ગુણપદનું ઉપાદાન ન કરીએ તો "यो गुणो यदिन्द्रियग्राह्यस्तद्गता जातिस्तदभावश्च तेनैवेन्द्रियेण गृह्यते" આ નિયમથી ગંધની જેમ ગન્ધત્વ જાતિ પણ ઘ્રાણેન્દ્રિયગ્રાહ્ય હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે ગુણપદનું ઉપાદાન કર્યું છે. ગન્ધત્વ જાતિમાં ગુણત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. 'गुणो गन्धः' આટલું જ લક્ષણ કરીએ તો રૂપાદિ ગુણોમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે ઘ્રાણગ્રાહ્ય પદનું ઉપાદાન કર્યું છે. રૂપાદિ ગુણો ઘ્રાણેન્દ્રિયગ્રાહ્ય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. પૃથ્વીના સંબંધનું સત્ત્વ હોય તો ગંધની પ્રતીતિ થાય છે અને પૃથ્વીના સંબંધના અભાવમાં ગંધની પ્રતીતિ થતી નથી. આ અન્વય–વ્યતિરેકથી જલાદિમાં પ્રાપ્ત થતો પણ ગંધ પૃથ્વીનો જાણવો. યદ્યપિ દેશાન્તરમાં રહેલી કસ્તુરી અને કુસુમાદિથી સમ્બદ્ધ પવન અન્ય દેશમાં હોય છે. અને ત્યાં કસ્તુરી વગેરે પાર્થિવદ્રવ્યનો સંબંધ હોતો નથી. તેથી ત્યાં ગન્ધપ્રતીતિ થવી ન જોઈએ, પરંતુ ત્યાં તાદૃશ પવન દ્વારા લવાયેલા પાર્થિવ ત્રસરેણુ આદિના સંબંધથી ગંધપ્રતીતિ થવામાં કોઈ દોષ નથી. યદ્યપિ દેશાન્તરસ્થ કસ્તુરી આદિ દ્રવ્યોના ત્રસરેણુ આદિ ભાગને અન્ય દેશમાં વાયુ લઈ જાય તો કસ્તુરી આદિ દ્રવ્યો ઓછા થઈ જાય અને કુસુમાદિમાં છિદ્રો પડી જાય. પરંતુ ભોક્તાના અદૃષ્ટથી નવા નવા ત્રસરેણુ આદિ ત્યાં આવી જતાં હોવાથી ન્યૂનતા કે સચ્છિદ્રત્વની આપત્તિ નથી આવતી. જ્યારે કર્પૂરાદિ દ્રવ્યમાં તથાવિધ ભોક્તાનું

અદૃષ્ટ કામ કરતું નથી માટે ત્યાં તો ન્યૂનતા થાય છે જ.

## मूलम्

**त्वगिन्द्रियमात्रग्राह्यो गुणः स्पर्शः । स च त्रिविधः, शीतोष्णानुष्णाशीतभेदात् । पृथिव्यप्तेजोवायुवृत्तिः । तत्र शीतो जले । उष्णस्तेजसि । अनुष्णाशीतः पृथिवीवाय्वोः ॥**

મૂલ – ત્વગિન્દ્રિયમાત્રથી ગ્રાહ્ય ગુણને સ્પર્શ કહેવાય છે. શીત, ઉષ્ણ અને અનુષ્ણાશીત આ ત્રણ ભેદથી સ્પર્શ ત્રિવિધ છે. જલમાં શીતસ્પર્શ છે. તેજમાં ઉષ્ણસ્પર્શ છે અને અનુષ્ણાશીતસ્પર્શ (સમસ્પર્શ) પૃથ્વી અને વાયુમાં છે.

**(न्या०) स्पर्शं लक्षयति–त्वगिन्द्रियमात्रग्राह्य इति । अत्रापि मात्रपदं संख्यादिसामान्यगुणादावतिव्याप्तिवारणाय । अन्यविशेषणकृत्यं पूर्ववद् बोध्यम् । 'ग्राह्यत्व'पदार्थोऽपि पूर्ववदेव प्रत्यक्षविषयत्वरूप एव बोध्यः ॥**

## ન્યાયબોધિની

અહીં સ્પર્શલક્ષણમાં પણ પૂર્વે રૂપલક્ષણમાં જણાવ્યા મુજબ માત્ર પદ સંખ્યાદિસામાન્ય ગુણોમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે છે. લક્ષણનું તાત્પર્ય; પૂર્વે જણાવ્યાં મુજબ પરમાણુના અતીન્દ્રિય સ્પર્શમાં આવતી અવ્યાપ્તિના નિવારણ માટે त्वगिन्द्रियमात्रग्राह्यजातिमद्गुणत्वम् આ છે. પરમાણુસ્પર્શમાં ત્વગિન્દ્રિયમાત્રગ્રાહ્યસ્પર્શત્વજાતિમત્સ્પર્શગુણત્વ હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. આ જાતિઘટિત લક્ષણમાં ગુણ પદનું ઉપાદાન ન કરીએ તો ત્વગિન્દ્રિયમાત્રગ્રાહ્યજાતિમત્ત્વ તો વાયુમાં પણ હોવાથી, અતિવ્યાપ્તિ આવશે, કારણ કે વાયુ અને વાયુત્વજાતિનું પ્રત્યક્ષ માત્ર ત્વગિન્દ્રિયથી જ થાય છે. વાયુનું ચાક્ષુષપ્રત્યક્ષ નથી માનતા. ગુણ પદનું ઉપાદાન કરવાથી વાયુમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તાદૃશ જાતિમદ્ ગુણત્વ વાયુમાં નથી. ઈત્યાદિ પૂર્વે રૂપનિરૂપણમાં જણાવ્યા મુજબ અહીં પણ પદપ્રયોજન સ્વયં જાણી લેવું.

(प०) स्पर्शत्वादावतिव्याप्तिवारणाय गुण इति । रूपादावतिव्याप्तिवारणाय त्वगिन्द्रियेति । संख्यादिवारणाय मात्रपदम् । तत्रेति । पृथिव्यादिचतुष्टये । शीत इति–शीतस्पर्शः । उष्ण इति–उष्णस्पर्शः ॥

પદકૃત્ય સ્પષ્ટ છે.

मूलम्

रूपादिचतुष्टयं पृथिव्यां पाकजमनित्यं च । अन्यत्रापाकजं नित्यमनित्यं च । नित्यगतं नित्यम् । अनित्यगतमनित्यम् ॥

મૂલ : પૃથ્વીમાં રહેનારા રૂપ રસ ગંધ અને સ્પર્શ પાકજ (પાકથી જન્ય) છે. માટે પાર્થિવપરમાણુરૂપ નિત્ય પૃથ્વીમાં રહેનારા પણ રૂપાદિ ચાર અનિત્ય છે. જલાદિમાં રહેનાર રૂપાદિ ચાર અપાકજ છે. તેથી નિત્ય જલાદિમાં રહેનારા રૂપાદિ નિત્ય છે. અને અનિત્ય દ્વયણુકાદિરૂપ જલાદિમાં રહેનારા રૂપાદિ અનિત્ય છે.

(न्या०) रूपादिचतुष्टयमिति । एतत्तत्त्वनिर्णयश्चेत्थम्–पाको नाम विजातीयस्तेजःसंयोगः । स च नानाजातीयरूपजनको विजातीयस्तेजःसंयोगः । तदपेक्षया रसजनको विजातीयः । एवं गन्धजनकोऽपि ततो विजातीय एव । एवं स्पर्शजनकोऽपि तथैव । एवं प्रकारेण भिन्नभिन्नजातीयाः पाकाः कार्यवैलक्षण्येन कल्पनीयाः । यथा तृणपुञ्जनिक्षिप्ते आम्रादौ ऊष्मलक्षणविजातीयतेजःसंयोगात्पूर्वहरितरूपनाशेन रूपान्तरस्य पीतादेरुत्पत्तिर्न तु रसादेरुत्पत्तिः । पूर्वरसस्याम्लस्यैवानुभवात् । क्वचित्पूर्वहरितरूपसत्त्वेऽपि रसपरावृत्तिर्दृश्यते । विजातीयतेजःसंयोगरूपपाकवशात्पूर्वतनाम्लरसनाशेन मधुररसस्यानुभवात् । तस्माद्रूपजनकापेक्षया रसजनको विलक्षण एवाङ्गीकार्यः । एवं गन्धजनको विलक्षण एव, रूपरसयोरपरावृत्तावपि पूर्वगन्धनाशे विजातीयपाकवशात्सुरभिगन्धोपलब्धेः । एवं स्पर्शजनकोऽपि, पाकवशात्कठिनस्पर्शनाशेन मृदुस्पर्शानुभवात् । तस्माद्रूपादिजनका विजातीया एव पाकाः । अत एव पार्थिवपरमाणूनामेकजातीयत्वेऽपि पाकमहिम्ना विजातीयद्रव्यान्तरानुभवः । यथा

**गोभुक्ततृणादीनामापरमाण्वन्तभङ्गे तृणारम्भकपरमाणुषु विजातीयतेजः-संयोगात्पूर्वरूपादिचतुष्टयनाशे तदनन्तरं दुग्धे यादृशं रूपादिकं वर्तते तादृशरूपरसगन्धस्पर्शजनकास्तेजःसंयोगा जायन्ते । तदुत्तरं तादृशरूपरसादय उत्पद्यन्ते । तादृशरूपरसादिविशिष्टपरमाणुभिर्दुग्धद्व्यणुकमारभ्यते ततस्त्र्यणु-कादिक्रमेण महादुग्धारम्भः । एवं दुग्धारम्भकैः परमाणुभिरेव दध्यारभ्यते । एवं पाकमहिम्ना दध्यारम्भकैरेव परमाणुभिर्नवनीतादिकमिति दिक् ॥**

## ન્યાયબોધિની

વિજાતીય તેજસંયોગને પાક કહેવાય છે. રૂપજનક વિજાતીય તેજસંયોગ અનેક પ્રકારના છે. એની અપેક્ષાએ રસાદિજનક વિજાતીય તેજસંયોગો પણ પરસ્પર ભિન્ન ભિન્ન અનેક પ્રકારના છે. કાર્યની વિલક્ષણતાથી તેના કારણભૂત વિજાતીય તેજસંયોગની કલ્પના કરવામાં આવે છે. તૃણપુંજમાં રાખેલી કેરીઓમાં કેટલીક વખત પૂર્વના રસ, ગંધ કે સ્પર્શનું પરાવર્તન થયા વિના પૂર્વના હરિત (લીલા) રૂપના સ્થાને પીતરૂપ ઉત્પન્ન થયેલું જણાય છે. એવી જ રીતે રૂપ, ગન્ધ કે સ્પર્શના પરાવર્ત્તન વિના પૂર્વ રસ આમ્લાદિના સ્થાને મધુરાદિ રસોત્પત્તિ જોવામાં આવે છે. કોઈ વખત રૂપ, રસ કે સ્પર્શના પરાવર્ત્તન વિના પૂર્વના ગંધ સ્થાને અન્ય સુરભિ ગંધાદિનો પ્રાદુર્ભાવ જોવામાં આવે છે અને કેટલીક વખત તો રૂપ, રસ કે ગન્ધના પરાવર્તન વિના પૂર્વકઠિન સ્પર્શના સ્થાને મૃદુસ્પર્શનો અનુભવ થાય છે. તેથી રૂપજનક વિજાતીય તેજના સંયોગની અપેક્ષાએ સ્પર્શજનક વિજાતીય તેજસંયોગ ભિન્ન છે તેમ જ તેની અપેક્ષાએ ગંધ અને રસજનક વિજાતીય તેજસંયોગો પણ ભિન્ન ભિન્ન છે એ સમજી શકાય છે. આ વિજાતીય તેજસંયોગરૂપ પાકના મહિમાથી પાર્થિવ પરમાણુ એક (સમાનજાતીય) હોવા છતાં ભિન્ન ભિન્ન રૂપાદિચારથી વિશિષ્ટ-તત્તત્પરમાણુઓથી આરબ્ધ વિજાતીય અનેક પાર્થિવદ્રવ્યોનો અનુભવ થાય છે. જેમ કે ગાયે ખાધેલા તૃણનો પરમાણુ સુધી ભંગ થયા બાદ વિજાતીય તેજસંયોગોના કારણે એ પરમાણુઓના પૂર્વ રૂપાદિ ચતુષ્ટયનો

નાશ થાય છે અને દૂધમાં જેવા રૂપાદિ ચાર છે તેવા જ રૂપરસાદિ એ પરમાણુઓમાં ઉત્પન્ન થાય છે. ત્યાર બાદ તાદૃશ પરમાણુઓથી દ્વ્યણુક, તેનાથી ત્ર્યણુક અને કાલાન્તરે તત્તદવયવોથી ક્રમશઃ મહાદૂધની ઉત્પત્તિ થાય છે. આ જ રીતે દૂધના પરમાણુઓથી કાલાન્તરે વિજાતીય તેજસંયોગોના મહિમાથી દહીંની ઉત્પત્તિ અને દધ્યાદિ પરમાણુઓથી કાલાન્તરે ક્રમશઃ માખણ વગેરે દ્રવ્યોની ઉત્પત્તિ થાય છે. જલાદિદ્રવ્યોમાં પાર્થિવદ્રવ્યોની જેમ વિલક્ષણતાનો અભાવ છે; જેથી ત્યાં રૂપાદિ ચતુષ્ટયને પાકજન્ય માનવામાં કોઈ પ્રમાણ ન હોવાથી જલાદિવૃત્તિ રૂપાદિ અપાકજ જ મનાય છે.

## मूलम्

**एकत्वादिव्यवहारहेतुः संख्या । सा नवद्रव्यवृत्तिः । एकत्वादिपरार्धपर्यन्ता । एकत्वं नित्यमनित्यं च । नित्यगतं नित्यम् । अनित्यगतमनित्यम् । द्वित्वादिकं तु सर्वत्रानित्यमेव ॥**

મૂલ :- 'એક' 'બે' ઈત્યાદિ વ્યવહારના કારણને સંખ્યા કહેવાય છે. તે નવે દ્રવ્યમાં વૃત્તિ છે. એકત્વ સંખ્યા નિત્ય અને અનિત્ય પણ છે. આકાશાદિ નિત્ય દ્રવ્યમાં રહેનારી એકત્વ સંખ્યા નિત્ય છે અને ઘટાદિ દ્રવ્યમાં રહેનારી એકત્વ સંખ્યા અનિત્ય છે. દ્વિત્વાદિ સંખ્યા તો સર્વત્ર "अयमेकोऽयमेक इमौ द्वौ" ઈત્યાદ્યાકારક અપેક્ષાબુદ્ધિથી જન્ય હોવાથી અનિત્ય જ છે.

**(૫૦) एकत्वादीति । 'एकत्व' मित्यादिर्यो व्यवहारः–'एको द्वा'वित्याद्यात्मकस्तस्य हेतुः संख्या इत्यर्थः । घटादिवारणाय एकत्वादीति । कालादिवारणाय असाधारणेत्यपि देयम् । ननु संख्याया अवधिरस्ति न वेत्यत आह–एकत्वादीति । तथा च 'एकं दश शतं चैव सहस्रमयुतं तथा । लक्षं च नियुतं चैव कोटिरर्बुदमेव च ॥ वृन्दं खर्वो निखर्वश्च शङ्खः पद्मश्च सागरः । अन्त्यं मध्यं परार्धं च दशवृद्ध्या यथाक्रमम् ॥' इति महदुक्तेः परार्धपर्यन्तैव संख्या इति भावः ॥**

## પદકૃત્ય

'व्यवहारहेतुः संख्या' આટલું જ લક્ષણ કરીએ તો ઘટાદિવ્યવહારના કારણ ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'एकत्वादि' આ પદનો નિવેશ કર્યો છે. ઘટાદિ, એકત્વાદિ વ્યવહારના કારણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કાલ કાર્યમાત્રનું સાધારણકારણ હોવાથી એકત્વાદિ વ્યવહારના પણ કારણભૂત કાલમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં असाधारण પદનો નિવેશ કરીને "एकत्वादिव्यवहारासाधारणहेतुः संख्या" આ પ્રમાણે લક્ષણનું તાત્પર્ય સમજવું જોઈએ. એક, દશ, સો, હજાર, અયુત (દશ હજાર), લાખ, નિયુત (દશ લાખ), કરોડ, અર્બુદ, વૃન્દ, ખર્વ, નિખર્વ, શંખ, પદ્મ, સાગર, અન્ત્ય, મધ્ય અને પરાર્ધ–આ યથાક્રમે એકત્વાદિ સંખ્યાને દશથી ગુણીને જે સંખ્યા આવે તેના નામ છે. એકથી પરાર્ધ સુધી જ સંખ્યા આપ્તપુરુષોએ જણાવી છે.

### मूलम्

**मानव्यवहारासाधारणं कारणं परिमाणम् । नवद्रव्यवृत्ति । तच्चतुर्विधम्–अणु महद् दीर्घं ह्रस्वं चेति ॥**

મૂલ :– 'इदमणु', 'इदं महद्', ઈત્યાદ્યાકારક માનવ્યવહારના કારણને પરિમાણ કહેવાય છે. અણુ, મહદ્, દીર્ઘ, અને હ્રસ્વ, આ ચાર ભેદથી પરિમાણ ચતુર્વિધ છે. પરિમાણ નવે દ્રવ્યમાં વૃત્તિ છે.

**(૫૦) मानेति । मानं–परिमितिस्तस्या यो व्यवहारः–'इदं महदिदमणु' इत्याद्यात्मकः, तस्य कारणं परिमाणमित्यर्थः । दण्डादिवारणाय मानेति । कालादिवारणाय असाधारणेति । शब्दत्ववारणाय कारणमिति । नवद्रव्येति । चतुर्विधमपि परममध्यमभेदेन द्विविधम् । तत्र परमाणुह्रस्वत्वे परमाणुमनसोः । मध्यमाणुह्रस्वत्वे द्व्यणुके । परममहत्त्वदीर्घत्वे गगनादौ । मध्यममहत्त्वदीर्घत्वे घटादौ । 'एतन्मौक्तिकादिदं मौक्तिकमण्वि' ति व्यवहारस्यापकृष्टमहत्त्वाश्रयत्वाद् गौणत्वं बोध्यम् । एवमेव 'केतनाद् व्यजनं**

ह्रस्वमित्यत्रापि निकृष्टदीर्घत्वाद् गौणत्वम् ॥

## પદકૃત્ય

પરિમાણલક્ષણમાં 'मान' પદનું ઉપાદાન ન કરીએ તો દંડાદિ વ્યવહારના કારણભૂત દંડાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે मान પદોપાદાન કર્યું છે. દંડાદિ માનવ્યવહારના કારણ નથી, તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કાર્યમાત્રના કારણભૂત કાલાદિમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા અહીં પણ પૂર્વે જણાવ્યા મુજબ असाधारण પદનો નિવેશ કરીને "मानव्यवहाराऽसाधारणकारणं परिमाणम्" આ પ્રમાણે લક્ષણનું તાત્પર્ય સમજવું જોઈએ. અહીં 'कारण' પદનો નિવેશ ન કરીએ અને "मानव्यवहारासाधारणं परिमाणम्" આટલું જ લક્ષણ કરીએ તો શબ્દાત્મક માનવ્યવહારનો અસાધારણ ધર્મ શબ્દત્વ હોવાથી શબ્દત્વમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે कारण પદના અભાવમાં માનવ્યવહારના અસાધારણ જે કોઈ ધર્માદિ છે તે બધાનો સંગ્રહ થવાથી અસાધારણ ધર્મ શબ્દત્વનું પણ ગ્રહણ થાય છે. પરંતુ લક્ષણમાં कारण પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે, 'શબ્દત્વ' એ માનવ્યવહારનો અસાધારણ ધર્મ હોવા છતાં માનવ્યવહારનું કારણ નથી. ઉપર જણાવ્યા મુજબ ચતુર્વિધ પરિમાણના દરેકના 'પરમ' અને 'મધ્યમ' આ બે ભેદ છે. પરમ–હ્રસ્વ અને પરમ–અણુ પરિમાણ, પરમાણુ તથા મનમાં જ મનાય છે. મધ્યમ–હ્રસ્વ અને મધ્યમ–અણુ પરિમાણ માત્ર દ્વયણુકમાં જ મનાય છે. પરમમહત્ અને પરમદીર્ઘ પરિમાણ આકાશાદિ વિભુ દ્રવ્યોમાં મનાય છે. તેમ જ મધ્યમમહત્ પરિમાણ તથા મધ્યમદીર્ઘ પરિમાણ ઘટાદિ દ્રવ્યોમાં મનાય છે. અહીં પદકૃત્યમાં अणुत्व, महत्त्व, ह्रस्वत्व, અને दीर्घत्व આ પરિમાણવાચક શબ્દ સ્થળે अणु, महत्, ह्रस्व અને दीर्घ શબ્દો અણ્વાદિપરિમાણવિશિષ્ટ દ્રવ્યવાચક હોવાથી तदुत्तर 'त्व' પ્રત્યયથી નિષ્પન્ન अणुत्वादि શબ્દો અણ્વાદિ પરિમાણના વાચક છે એ સમજી લેવું. અન્યથા મૂલોક્ત 'અણુ, મહદ્..' ઈત્યાદિ ગ્રંથ સંગત

નહિ થાય. યદ્યપિ "एतन्मौक्तिकादिदं मौक्तिकमणु" અને "क्रेतनाद् व्यजनं ह्रस्वम्" ઈત્યાદિ પ્રમાત્મક પ્રતીતિના અનુસારે અણુ અને હ્રસ્વ પરિમાણ પરમાણુ, દ્વ્યણુક, અને મનથી અતિરિક્ત મોતી અને પંખાત્મક દ્રવ્યમાં જણાય છે. પરંતુ એતાદૃશ પ્રતીતિસ્થળે અણુ અને હ્રસ્વ શબ્દ ક્રમશઃ અપકૃષ્ટ મહત્ત્વ (સહેજ અલ્પ મહત્ત્વ), અને નિકૃષ્ટ દીર્ઘત્વ (સહેજ અલ્પદીર્ઘત્વ) પરિમાણવાચક હોવાથી કોઈ દોષ નથી. કારણ કે ઉક્ત પ્રતીતિસ્થળે અણુ અને હ્રસ્વ પરિમાણનો વ્યવહાર; ક્રમશઃ અપકૃષ્ટ મહત્ત્વપરિમાણ અને નિકૃષ્ટ દીર્ઘત્વપરિમાણ વિષયક હોવાથી ગૌણ અર્થાત્ ઔપચારિક છે. પરંતુ પરમાર્થથી અણુ કે હ્રસ્વ પરિમાણબોધક તાદૃશ વ્યવહાર નથી.

## मूलम्

**पृथग्व्यवहारासाधारणकारणं पृथक्त्वम् । सर्वद्रव्यवृत्ति ॥**

મૂલ :– "આ આનાથી પૃથક્ છે" ઈત્યાકારક વ્યવહારનું જે અસાધારણ કારણ છે તેને પૃથક્ત્વ કહેવાય છે. પૃથક્ત્વ સર્વ દ્રવ્યોમાં વૃત્તિ છે. પૃથક્ત્વ અને ભેદાત્મક અભાવમાં જે ભેદ છે તે અન્ય ગ્રંથથી સમજવો જોઈએ.

**- (૫૦) पृथगिति । 'अयमस्मात्पृथगि'ति यो व्यवहारस्तस्य कारणं पृथक्त्वमित्यर्थः । दण्डादिवारणाय पृथगित्यादि । कालादिवारणाय असाधारणेति । पृथग्व्यवहारत्ववारणाय कारणमिति ।**

## પદકૃત્ય

સ્પષ્ટપ્રાયઃ છે; માત્ર પૃથક્ત્વના લક્ષણમાં कारण પદનો નિવેશ ન કરીએ તો પૂર્વે જણાવ્યા મુજબ कारण પદના અભાવમાં असाधारण પદથી અસાધારણ ધર્મનું પણ ગ્રહણ થઈ શકે છે. તેથી પૃથગ્વ્યવહારનો પૃથગ્વ્યવહારત્વ અસાધારણ ધર્મ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં कारण પદનો નિવેશ કર્યો છે. પૃથગ્વ્યવહારત્વ પૃથગ્વ્યવહારનું કારણ ન હોવાથી

તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે, આટલું વિશેષ છે. જે પૂર્વે જણાવેલા શબ્દત્વમાં અતિવ્યાપ્તિપ્રદાન અને નિરાકરણની જેમ જ સ્પષ્ટ છે.

### मूलम्

**संयुक्तव्यवहारहेतुः संयोगः । सर्वद्रव्यवृत्तिः ॥**

મૂલ - 'આ બે સંયુક્ત છે' ઈત્યાકારક વ્યવહારના કારણને સંયોગ કહેવાય છે, જે નવે દ્રવ્યમાં વૃત્તિ છે.

**(૫૦) संयुक्तेति । 'इमौ संयुक्ता'विति यो व्यवहारस्तस्य हेतुः संयोग इत्यर्थः । दण्डादिवारणाय संयुक्तव्यवहारेति । कालादिवारणाय असाधारणेत्यपि देयम् । संयुक्तव्यवहारत्वेऽतिप्रसक्तिवारणाय हेतुरिति । उपदर्शितलक्षणचतुष्टयेऽसाधारणपदं देयम् । क्वचित्पुस्तके परिमाणपृथक्त्वलक्षणे 'ईश्वरेच्छादिवारणायासाधारणे'ति दृश्यते, तत्त्वाधुनिकैर्न्यस्तमिति बोध्यम् ॥**

## પદકૃત્ય

સુગમ છે. માત્ર અહીં असाधारण પદનો નિવેશ કાલાદિમાં અતિવ્યાપ્તિના નિવારણ માટે આવશ્યક છે એ સમજી લેવું. સંખ્યાદિચારેના લક્ષણમાં, असाधारण પદનો નિવેશ આવશ્યક છે. યદ્યપિ કેટલાક પુસ્તકોમાં પરિમાણ અને પૃથક્ત્વ લક્ષણમાં असाधारण પદનો પાઠ છે. પરંતુ વાસ્તવમાં એ પ્રક્ષિપ્ત છે. કારણ કે પ્રાચીન પુસ્તકોમાં એવો પાઠ નથી. વિવરણ તો મુદ્રિત પુસ્તકાનુસાર હોવાથી પરિમાણ અને પૃથક્ત્વના લક્ષણમાં असाधारण પદનો ઉલ્લેખ કર્યો છે.

### मूलम्

**संयोगनाशको गुणो विभागः सर्वद्रव्यवृत्तिः ॥**

મૂલ :- સંયોગના વિનાશના અસાધારણ કારણભૂત ગુણને વિભાગ કહેવાય છે, વિભાગ નવે દ્રવ્યમાં વૃત્તિ છે.

**(न्या०) विभागं लक्षयति–संयोगेति । संयोगनाशकत्वविशिष्टगुणत्वं विभागस्य लक्षणम् । विशेषणमात्रोपादाने क्रियाया अपि संयोगनाशकत्वात्तत्रातिव्याप्तिस्तद्वारणाय 'गुणत्व' मिति विशेष्योपादानम् ॥**

## ન્યાયબોધિની

સંયોગનાશકત્વવિશિષ્ટ ગુણત્વ અર્થાત્ સંયોગનાશનિષ્ઠકાર્યતા-નિરૂપિતકારણતા-સમાનાધિકરણ ગુણત્વ વિભાગનું લક્ષણ છે. વિભાગ લક્ષણમાં ગુણત્વ પદનું ઉપાદાન ન કરીએ અને સંયોગનાશના કારણતા–શ્રયને જ વિભાગ કહીએ તો સંયોગના નાશની કારણભૂત ક્રિયામાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે ગુણત્વ પદનો નિવેશ કર્યો છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ક્રિયામાં ગુણત્વ નથી.

**(प०) संयोगेति । संयोगनाशजनक इत्यर्थः । कालेऽतिप्रसक्ति-वारणाय गुणपदम् । ईश्वरेच्छादिवारणाय 'असाधारणे' त्यपि बोध्यम् । ननु असाधारणपदोपादाने गुणपदस्य वैयर्थ्यं स्यादिति चेत् । न । क्रियायामतिप्रसक्तिवारणाय तस्याप्यावश्यकत्वात् ॥**

## પદકૃત્ય

વિભાગલક્ષણમાં ગુણત્વ પદનું ઉપાદાન ન કરીએ અને સંયોગનાશના જનકને જ વિભાગ કહીએ તો કાર્યમાત્રના સાધારણ કારણ કાલમાં અતિવ્યાપ્તિ આવશે. કાલાદિમાં ગુણત્વ ન હોવાથી ગુણ પદોપાદાન પછી અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ કાલની જેમ જ કાર્યમાત્રનું સાધારણકારણ 'ઈશ્વરેચ્છા' ગુણ હોવાથી ગુણ પદોપાદાન પછી પણ ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ સંયોગનાશક પદનો અર્થ 'સંયોગનાશનું અસાધારણકારણ' હોવાથી ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઈશ્વરેચ્છામાં ગુણત્વ હોવા છતાં તે સંયાગનાશનું સાધારણ કારણ છે, અસાધારણ કારણ નથી. યદ્યપિ ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિના નિવારણ માટે 'સંયોગનાશક' પદનો અર્થ 'સંયોગનાશનું અસાધારણકારણ' કરવો આવશ્યક છે, તેથી કાલ પણ

સંયોગનાશનું અસાધારણ કારણ ન હોવાથી કાલમાં પણ અતિવ્યાપ્તિ નહીં આવે. તેથી ગુણ પદ વ્યર્થ છે. પરંતુ ઉપર ન્યાયબોધિનીમાં જણાવ્યા મુજબ સંયોગનાશની અસાધારણકારણભૂત ક્રિયામાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે ગુણ પદનું ઉપાદાન આવશ્યક હોવાથી ગુણ પદ વ્યર્થ નથી.

## मूलम्

**परापरव्यवहारासाधारणकारणे परत्वापरत्वे । पृथिव्यादिचतुष्टय-मनोवृत्तिनी । ते च द्विविधे । दिक्कृते कालकृते चेति । दूरस्थे दिक्कृतं परत्वम् । समीपस्थे दिक्कृतमपरत्वम् । ज्येष्ठे कालकृतं परत्वम् । कनिष्ठे कालकृतमपरत्वम् ॥**

મૂલ :- પર અને અપર વ્યવહારના અસાધારણ કારણને યથાસંખ્ય 'પરત્વ' અને 'અપરત્વ' કહેવાય છે. પરત્વ અને અપરત્વ કાલિક (કાલકૃત) તથા દૈશિક (દિક્કૃત) ભેદથી બે પ્રકારનું છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ અને મન આ પાંચ દ્રવ્યોમાં પરત્વ અને અપરત્વ વૃત્તિ છે. દૂરના પ્રદેશમાં રહેલા દ્રવ્યમાં દૈશિક પરત્વ હોય છે અને નજીકના પ્રદેશમાં રહેલા દ્રવ્યમાં દૈશિક અપરત્વ હોય છે અને જ્યેષ્ઠ (જેની ઉત્પત્તિમાં વધારે કાલ થયો હોય તે) માં કાલિક પરત્વ હોય છે અને કનિષ્ઠ (જેની ઉત્પત્તિમાં અલ્પકાલ થયો હોય તે) માં કાલિક અપરત્વ હોય છે.

**(५०) परेति । परव्यवहारासाधारणं कारणं परत्वम् । अपरव्यवहारा-साधारणं कारणमपरत्वमित्यर्थः । दण्डादिवारणाय परव्यवहारेति । कालादिवारणाय असाधारणेति । परव्यवहारत्ववारणाय कारणेति । एवमेव द्वितीयेऽपि बोध्यम् ॥**

## પદકૃત્ય

"परव्यवहारासाधारणकारणं परत्वम्" અને "अपरव्यवहारासाधा-

रणकारणमपरत्वम्'' આ બંન્ને લક્ષણોમાં પદપ્રયોજન પૃથક્ત્વલક્ષણના પદકૃત્યમાં જણાવ્યા મુજબ સ્વયં સમજી લેવું.

## मूलम्

**आद्यपतनासमवायिकारणं गुरुत्वं, पृथिवीजलवृत्ति ॥**

મૂલ :- આદ્યપતનના અર્થાત્ પ્રથમ પતનક્રિયાના અસમવાયિ-કારણને ગુરુત્વ કહેવાય છે. પૃથ્વી અને જલ આ બે જ દ્રવ્યોમાં ગુરુત્વ વૃત્તિ છે, તેથી પતનક્રિયા પણ આ બે દ્રવ્યોમાં જ ઉત્પન્ન થાય છે. જે દ્રવ્યોમાં ગુરુત્વગુણનો અભાવ છે, તે દ્રવ્યોનું પતન થતું નથી.

**(न्या०) गुरुत्वं लक्षयति–आद्येति । द्वितीयपतनक्रियायां वेगस्यासमवायिकारणत्वात्तत्रातिव्याप्तिवारणाय आद्येति । उत्तरत्र स्यन्दने 'आद्य' विशेषणमपि पूर्ववदेव योजनीयम् ॥**

## ન્યાયબોધિની

ગુરુત્વલક્ષણમાં આદ્ય પદનો નિવેશ ન કરીએ તો દ્વિતીયાદિ-પતનક્રિયાના અસમવાયિકારણ વેગમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે દ્રવ્યની પતનક્રિયામાં જેમ ગુરુત્વ અસમવાયિકારણ છે તેમ વેગ પણ અસમ્વાયિકારણ છે. લક્ષણમાં આદ્ય પદના સંનિવેશથી વેગમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે આદ્યપતનક્રિયાનું અસમવાયિકારણ ગુરુત્વ જ છે, વેગ નહિ. તેથી દ્વિતીય-તૃતીયાદિક્ષણોત્પન્ન પતનક્રિયામાં અસમવાયિકારણભૂત વેગમાં અતિવ્યાપ્તિ નહીં આવે. સમવાયિ–અસમવાયિકારણનું સ્વરૂપ આગળ કારણનિરૂપણાવસરે સ્પષ્ટ થશે. આવી જ રીતે સ્યન્દન-ક્રિયાઘટિતદ્રવત્વ લક્ષણમાં પણ આદ્ય પદનું પ્રયોજન સ્વયં સમજવું.

**(प०) आद्येति । दण्डादिवारणाय असमवायीति । रूपादिवारणाय पतनेति । वेगेऽतिव्याप्तिवारणाय आद्येति ॥**

## પદકૃત્ય

ગુરુત્વલક્ષણમાં असमवायि પદનો નિવેશ ન કરીએ તો દંડાદિના પ્રહારથી જન્ય ઘટાદિની આદ્યપતનક્રિયાના કારણભૂત દંડાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે असमवायि પદનો નિવેશ કર્યો છે. આદ્યપતનક્રિયામાં દંડાદિ નિમિત્તકારણ છે. અસમવાયિકારણ નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર "असमवायिकारणं गुरुत्वम्" આટલું જ લક્ષણ કરીએ તો ઘટાદ્યવયવોના રૂપાદિમાં, કપાલાદિ અવયવોના રૂપાદિ, અસમવાયિકારણ હોવાથી તાદૃશ રૂપાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં પતન પદનું ગ્રહણ કર્યું છે. રૂપાદિ પતનક્રિયાના કારણ જ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. દ્વિતીયાદિ પતનક્રિયાના અસમવાયિકારણ વેગમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા आद्य પદોપાદાન છે એ વાત ન્યાયબોધિનીમાં જ જણાવી છે. આવી જ રીતે આદ્યસ્યન્દન ક્રિયાઘટિત દ્રવત્વલક્ષણમાં પણ પદનું પ્રયોજન સ્વયં સમજી લેવું.

## मूलम्

**आद्यस्यन्दनासमवायिकारणं द्रवत्वम् । पृथिव्यप्तेजोवृत्ति । तद् द्विविधं–सांसिद्धिकं नैमित्तिकं च । सांसिद्धिकं जले, नैमित्तिकं पृथिवी-तेजसोः । पृथिव्यां घृतादावग्निसंयोगजं द्रवत्वम् । तेजसि सुवर्णादौ ॥**

મૂલ :– આદ્યસ્યન્દનક્રિયાના અસમવાયિકારણને દ્રવત્વ કહેવાય છે. તે, પૃથ્વી જલ અને તેજ દ્રવ્યમાં વૃત્તિ છે. સાંસિદ્ધિક અને નૈમિત્તિક આ બે ભેદથી દ્રવત્વ બે પ્રકારનું છે. સાંસિદ્ધિક દ્રવત્વ જલમાત્રમાં જ વૃત્તિ છે અને નૈમિતિક દ્રવત્વ તો અગ્નિસંયોગથી, ઘી વગેરે પાર્થિવદ્રવ્યમાં અને સુવર્ણાદિ તૈજસદ્રવ્યમાં પણ ઉપલબ્ધ છે.

**(૫૦) आद्यस्यन्दनेति । दण्डादिवारणाय असमवायीति । रसादिवारणाय स्यन्दनेति ॥**

**પદકૃત્ય સ્પષ્ટ છે.**

## मूलम्

**चूर्णादिपिण्डीभावहेतुर्गुणः स्नेहः । जलमात्रवृत्तिः ॥**

મૂલ :– ચૂર્ણાદિના પિંડીભાવનું અસાધારણ કારણ જે ગુણ છે, તેને સ્નેહ કહેવાય છે. જે જલમાત્રમાં જ વૃત્તિ છે.

**(न्या०) स्नेहं लक्षयति–चूर्णादीति । चूर्णादिपिण्डीभावहेतुत्वे सति गुणत्वं स्नेहस्य लक्षणम् । पिण्डीभावो नाम–चूर्णादेर्धारणाकर्षणहेतुभूतो विलक्षणः संयोगः । तादृशसंयोगे स्नेहस्यैवासाधारणकारणत्वं न तु जलादिगतद्रवत्वस्य । तथा सति द्रुतसुवर्णादिसंयोगेन चूर्णादेः पिण्डीभावापत्तेः । अतः स्नेह एवासाधारणं कारणम् । विशेषणमात्रोपादाने कालादावतिव्याप्तिरतस्तद्वारणाय विशेष्योपादानम् । वस्तुतस्तु द्रुतजलसंयोगस्यैव पिण्डीभावहेतुत्वं, स्नेहस्य पिण्डीभावहेतुत्वे मानाभावात् । जले द्रुतत्वविशेषणात्करकादिव्यावृत्तिः ॥**

## ન્યાયબોધિની

'चूर्णादिपिण्डीभावहेतुत्वविशिष्ट गुणत्व' સ્નેહનું લક્ષણ છે. ચૂર્ણાદિની ધારણા માટેના આકર્ષણમાં કારણભૂત વિલક્ષણ સંયોગને પિણ્ડીભાવ કહેવાય છે. તાદૃશવિલક્ષણ સંયોગ સ્વરૂપ પિણ્ડીભાવમાં 'સ્નેહ' એ જ અસાધારણ કારણભૂત ગુણ છે. જલાદિગત દ્રવત્વ નહિ. પિણ્ડીભાવમાં જલાદિગત દ્રવત્વને કારણ માનીએ તો દ્રુતસુવર્ણાદિથી પણ પિણ્ડીભાવની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. એટલે પિણ્ડીભાવનું અસાધારણ કારણ સ્નેહ ગુણ જ છે. લક્ષણમાં ગુણત્વ પદોપાદાન કાર્યમાત્રના કારણભૂત કાલમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા માટે છે. અન્યથા કાલમાં અતિવ્યાપ્તિ આવત. ગુણત્વ પદોપાદાનથી કાલમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે કાલમાં ગુણત્વ નથી. લક્ષણઘટક હેતુ પદથી 'અસાધારણ કારણ' અર્થ સમજવો આવશ્યક છે. અન્યથા ઈશ્વરેચ્છામાં કાલની જેમ જ ચૂર્ણાદિપિણ્ડીભાવહેતુત્વ છે. તદુપરાંત ગુણત્વ પણ છે. તેથી ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિ આવશે. તેના

નિવારણ માટે હેતુ પદનો અર્થ 'અસાધારણકારણ' કરવાથી ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઈશ્વરેચ્છા સાધારણ કારણ છે. યદ્યપિ લક્ષણઘટક હેતુ પદથી અસાધારણકારણત્વની વિવક્ષામાં કાલમાં અતિવ્યાપ્તિ આવતી નથી, તેથી गुण પદોપાદાન વ્યર્થ છે. પરંતુ પિણ્ડીભાવના અસાધારણ કારણ ચૂર્ણાદિમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે गुण પદ સાર્થક છે. ચૂર્ણાદિમાં ગુણત્વ ન હોવાથી गुण પદોપાદાનથી અતિવ્યાપ્તિ નહીં આવે. વસ્તુતઃ પિણ્ડીભાવનું અસાધારણ કારણ દ્રુતજલના સંયાગને જ માની લઈએ, તો કોઈ દોષ નહીં આવે. તેથી સ્નેહને માનવામાં કોઈ પ્રમાણ નથી. પિણ્ડીભાવનું અસાધારણ કારણ જલના સંયોગને માનીએ તો બરફ કરાદિથી પણ પિણ્ડીભાવની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. તેથી દ્રુત જલના સંયોગને જ પિણ્ડીભાવમાં અસાધારણ કારણ માનવો જોઈએ.

(૫૦) **चूर्णादीति । चूर्णं–पिष्टं तदेवादिर्यस्य मृत्तिकादेः स चूर्णादिस्तस्य पिण्डीभावः–संयोगविशेषस्तस्य हेतुर्निमित्तकारणं स्नेह इत्यर्थः । कालादावतिव्याप्तिवारणाय गुणपदम् । रूपादावतिव्याप्तिवारणाय पिण्डीभावेति । चूर्णपदं स्पष्टार्थम् ॥**

## પદકૃત્ય

સ્પષ્ટપ્રાયઃ છે. લક્ષણમાં पिण्डीभावहेतुत्व પદનો નિવેશ ન કરીએ તો રૂપાદિ ગુણોમાં અતિવ્યાપ્તિ આવશે. पिण्डीभावहेतुत्व પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે રૂપાદિ પિણ્ડીભાવના કારણ નથી. લક્ષણમાં चूर्ण પદ સ્પષ્ટાર્થ છે કારણ કે "पिण्डीभावहेतुर्गुणः स्नेहः" આટલું લક્ષણ પણ અદુષ્ટ છે.

### मूलम्

**श्रोत्रग्राह्यो गुणः शब्दः । आकाशमात्रवृत्तिः । स द्विविधः–ध्वन्यात्मको वर्णात्मकश्च । तत्र ध्वन्यात्मको भेर्यादौ । वर्णात्मकः संस्कृतभाषादिरूपः ॥**

મૂલ :- શ્રવણેન્દ્રિયથી જે ગુણનું ગ્રહણ–પ્રત્યક્ષ થાય છે તેને 'શબ્દ' કહેવાય છે. જે માત્ર આકાશમાં જ વૃત્તિ છે. શબ્દ, ધ્વનિ અને વર્ણસ્વરૂપ હોવાથી બે પ્રકારનો છે. ભેરી વગેરેથી જન્ય શબ્દ ધ્વનિ સ્વરૂપ છે અને સંસ્કૃત ભાષાદિરૂપ શબ્દ વર્ણાત્મક છે.

**(न्या०) शब्दं लक्षयति–श्रोत्रेति । शब्दत्वेऽतिव्याप्तिवारणाय गुण इति । रूपादावतिव्याप्तिवारणाय श्रोत्रेति । स त्रिविधः- संयोगजो विभागजः शब्दजश्चेति । यथा भेरीदण्डसंयोगजो भांकारादिशब्दः, हस्ताभिघात-संयोगजन्यो मृदङ्गादिशब्दः । वंशे पाट्यमाने दलद्वयविभागजश्चटचटाशब्दः । शब्दोत्पत्तिदेशमारभ्य श्रोत्रदेशपर्यन्तं वीचीतरङ्गन्यायेन कदम्बमुकुलन्यायेन वा निमित्तपवनेन शब्दधारा जायन्ते । तत्र उत्तरोत्तरशब्दे पूर्वपूर्वशब्दः कारणम् ॥**

## ન્યાયબોધિની

શબ્દલક્ષણમાં ગુણ પદનું ઉપાદાન ન કરીએ તો "यो गुणो यदि..." ઈત્યાદિ ન્યાયથી શબ્દની જેમ જ તેમાં રહેલી શબ્દત્વ જાતિ પણ શ્રોત્રગ્રાહ્ય હોવાથી શબ્દત્વમાં અતિવ્યાપ્તિ આવશે. શબ્દત્વમાં ગુણત્વ ન હોવાથી ગુણ પદોપાદાન પછી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. રૂપાદિ ગુણમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા 'श्रोत्रग्राह्य' પદનું ઉપાદાન કર્યું છે, એ સ્પષ્ટ છે. આ શબ્દ, સંયોગ, વિભાગ અને શબ્દથી જન્ય હોવાથી, સંયોગજ, વિભાગજ અને શબ્દજ આ ત્રણ ભેદથી ત્રણ પ્રકારનો છે. ભેરી અને દંડના સંયોગથી ઉત્પન્ન ભાંકારાદિ શબ્દ તેમ જ હસ્તાભિઘાત સંયોગથી (વેગથી જન્ય સંયોગને અભિઘાત કહેવાય છે) જન્ય મૃદંગાદિનો શબ્દ 'સંયોગજ' શબ્દ કહેવાય છે. વાંસના વિદારણ વખતે બે પટ્ટીઓના વિભાગથી જન્ય ચટચટ શબ્દ 'વિભાગજ' શબ્દ કહેવાય છે. શબ્દના ઉત્પત્તિપ્રદેશથી આરંભીને શ્રવણેન્દ્રિયના પ્રદેશ સુધી વીચીતરંગન્યાયથી અથવા કદંબમુકુલ ન્યાયથી નિમિત્તભૂત પવનના કારણે શબ્દધારા ઉત્પન્ન થાય

છે. એમાં ઉત્તરોત્તર શબ્દની પ્રત્યે પૂર્વપૂર્વ શબ્દ કારણ બને છે અને એ ઉત્તરોત્તર શબ્દો 'શબ્દજ' શબ્દો કહેવાય છે. પાણીમાં પથ્થર વગેરે નાંખવાથી જેવી રીતે એક કુંડાળું ઉત્પન્ન થયા બાદ તેનાથી બીજા અનેક તરંગો ઉત્પન્ન થાય છે. એવી રીતે એક શબ્દ અનેક શબ્દોને ઉત્પન્ન કરે છે, તે વીચીતરઙ્ગન્યાયથી શબ્દોત્પત્તિ કહેવાય છે. તેમ જ કદંબપુષ્પના એક પરાગના ઊભા થયા બાદ એના આઘાતથી આજુબાજુના બીજા પરાગો, એના આઘાતથી એની પણ આજુબાજુના પરાગો ઊભા થાય છે અને એ રીતે સંપૂર્ણ પુષ્પ ખીલે છે. તેવી જ રીતે એક શબ્દથી પવનાદિના કારણે અનેક શબ્દોની ઉત્પત્તિ કદંબમુકુલન્યાયે થાય છે, શબ્દોત્પત્તિમાં પવનનિમિત્તત્વ અનુભવગમ્ય છે.

**(૫૦) श्रोत्रेति । शब्दत्वेऽतिव्याप्तिवारणाय गुण इति । रूपादिवारणाय श्रोत्रग्राह्य इति । वस्तुतस्तु श्रोत्रोत्पन्नशब्दस्यैव श्रोत्रग्राह्यत्वेन तद्भिन्नेऽव्याप्तिवारणाय श्रोत्रग्राह्यजातिमत्त्वे तात्पर्याद् 'गुण' पदमनुपादेयमेव ॥**

## પદકૃત્ય

वस्तुतस्तु.....ઈત્યાદિ આશય એ છે કે શબ્દોત્પત્તિપ્રદેશથી કર્ણવિવર સુધીની શબ્દધારાન્તઃપાતી શબ્દોમાંના માત્ર કર્ણપ્રદેશોત્પન્ન શબ્દ જ શ્રોત્રગ્રાહ્ય બને છે. બીજા શબ્દો શ્રવણેન્દ્રિયના વિષયમાં નથી આવતા. તેથી જે શબ્દો શ્રોત્રગ્રાહ્ય બન્યા નથી એમાં શબ્દલક્ષણનો સમન્વય ન થવાથી આવતી અવ્યાપ્તિના નિવારણ માટે "श्रोत्रग्राह्य-जातिमत्त्वम्" આ પ્રમાણે શબ્દલક્ષણ કરવું આવશ્યક છે. જેથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે શ્રોત્રગ્રાહ્ય શબ્દત્વજાતિમત્ત્વ તો જે શબ્દો શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય નથી બન્યા એમાં પણ છે જ. પરન્તુ આ જાતિઘટિત લક્ષણમાં ગુણ પદનું ઉપાદાન આવશ્યક નથી. કારણ કે શબ્દત્વમાં શ્રોત્રગ્રાહ્યશબ્દત્વજાતિમત્ત્વ ન હોવાથી શબ્દત્વમાં અતિવ્યાપ્તિ હવે નથી આવતી.

## મૂલમ્

**સર્વવ્યવહારહેતુર્ગુણો બુદ્ધિર્જ્ઞાનમ્ । સા દ્વિવિધા—સ્મૃતિરનુભવશ્ચ ।**

મૂલ :- સર્વવ્યવહારનું જે અસાધારણ કારણ છે તે ગુણને બુદ્ધિ અર્થાત્ જ્ઞાન કહેવાય છે. સ્મૃતિ અને અનુભવભેદથી બુદ્ધિ બે પ્રકારની છે.

**(न्या०) बुद्धेर्लक्षणमाह—सर्वव्यवहारेति । व्यवहारः—शब्दप्रयोगः । ज्ञानं विना शब्दप्रयोगासंभवात् । 'शब्दप्रयोगरूपव्यवहारहेतुत्वं' ज्ञानस्य लक्षणम् । बुद्धिं विभजते—सा द्विविधेति ।**

## ન્યાયબોધિની

વ્યવહાર એટલે શબ્દપ્રયોગ. જ્ઞાન વિના શબ્દપ્રયોગ થતો નથી. શબ્દપ્રયોગાત્મક વ્યવહારહેતુત્વ જેમાં રહેતું હોય તેને જ્ઞાન કહેવાય છે.

**(प०) बुद्धिलक्षणमाह—सर्वेति । सर्वे ये व्यवहारा आहारविहारादंयस्तेषां हेतुर्बुद्धिरित्यर्थः । दण्डादिवारणाय सर्वव्यवहारेति । कालादिवारणाय 'असाधारणे'त्यपि देयम् ।**

## પદકૃત્ય

આહાર, વિહાર આદિ સકલ વ્યવહારના અસાધારણ કારણને જ્ઞાન કહેવાય છે. 'હેતુ ર્જ્ઞાનમ્' આટલું જ લક્ષણ કરીએ તો ઘટાદિના કારણ દંડાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે સર્વવ્યવહાર પદનો નિવેશ કરવાથી દંડાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે દંડાદિ સર્વવ્યવહારના કારણ નથી. મૂલાનુસારી લક્ષણમાં 'असाधारण' પદનો નિવેશ આવશ્યક છે. અન્યથા કાલાદિમાં અતિવ્યાપ્તિનું નિવારણ નહીં થાય એ સ્પષ્ટ છે.

---

१ बुद्धिर्ज्ञानमिति पर्यायोपादानं ज्ञानबुद्ध्युपलब्धिशब्दानामस्मिञ्शास्त्रे समानार्थकत्वं, न सांख्यानामिव भिन्नार्थकत्वमिति ज्ञापयितुम् ।

## मूलम्

संस्कारमात्रजन्यं ज्ञानं स्मृतिः ॥

મૂલ :- સંસ્કારમાત્રથી જન્ય જ્ઞાનને સ્મૃતિ કહેવાય છે.

(न्या०) स्मृतिं लक्षयति–संस्कारेति । संस्कारमात्रजन्यत्वविशिष्टज्ञानत्वं स्मृतेर्लक्षणम् । विशेषणानुपादाने प्रत्यक्षानुभवेऽतिव्याप्तिस्तद्वारणाय विशेषणोपादानम् । संस्कारध्वंसेऽतिव्याप्तिवारणाय विशेष्योपादानम् । ध्वंसं प्रति प्रतियोगिनः [1]कारणत्वात् संस्कारध्वंसेऽपि संस्कारजन्यत्वस्य सत्त्वात् । [2]प्रत्यभिज्ञायामतिव्याप्तिवारणाय मात्रपदम् ॥

## ન્યાયબોધિની

"संस्कारमात्रजन्यत्वविशिष्टज्ञानत्वम्" આ સ્મૃતિનું લક્ષણ છે. માત્ર 'ज्ञानत्व' આટલું સ્મૃતિનું લક્ષણ કરીએ અને संस्कारमात्रजन्यत्व પદનું ઉપાદાન ન કરીએ તો પ્રત્યક્ષાત્મક અનુભવ પણ, જ્ઞાન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'संस्कारमात्रजन्यत्व' આ વિશેષણાંશનું ગ્રહણ કર્યું છે. પ્રત્યક્ષાત્મક અનુભવ સંસ્કારજન્ય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં વિશેષ્યાંશ ज्ञानत्व-પદનું ઉપાદાન ન કરીએ તો, ધ્વંસની પ્રત્યે પ્રતિયોગી કારણ હોવાથી સંસ્કારધ્વંસના પ્રતિયોગી સંસ્કારથી જન્ય એવા સંસ્કારધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. ज्ञानत्व પદોપાદાનથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સંસ્કારધ્વંસમાં જ્ઞાનત્વ નથી. લક્ષણમાં मात्र પદનું ઉપાદાન ન કરીએ તો પ્રત્યભિજ્ઞાસ્વરૂપ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે.

---

१ अत्र प्रतियोगित्वसंबन्धेन ध्वंसं प्रति तादात्म्यसंबन्धेन प्रतियोगिनः कारणत्वमिति कार्यकारणभावो बोध्यः । २ पुरोवर्तिनि पूर्वदृष्टस्याभेदावगाहि ज्ञानं प्रत्यभिज्ञा । यथा 'सोऽयं देवदत्त' इति ज्ञानम् । इदं च संस्कारेन्द्रियसंनिकर्षाभ्यां जन्यते । तत्र तत्तांशे संस्कार, इदन्तांशे इन्द्रियसंनिकर्षो हेतुः । अतस्तत्तेदन्तावगाहि ज्ञानमित्यपि लक्षणं बोध्यम् ।

"पुरोवर्त्तिनि पूर्वदृष्टस्याभेदावगाहिज्ञानं प्रत्यभिज्ञा' સામે રહેલા પદાર્થમાં પૂર્વે જોયેલા પદાર્થનું અભેદપણે અવગાહન કરતા જ્ઞાનને પ્રત્યભિજ્ઞા કહેવાય છે. દા. ત. 'सोऽयं देवदत्तो, यः काश्यां दृष्टः'' ''તે આ દેવદત્ત છે જેને કાશીમાં જોયો હતો.'' ઈત્યાકારક જ્ઞાનને પ્રત્યભિજ્ઞા કહેવાય છે. અહીં પુરોવર્ત્તિ દેવદત્તમાં, કાશીમાં પૂર્વે જોયેલા દેવદત્તનું અભેદપણે જ્ઞાન થાય છે. ''सोऽयम्' આટલો પ્રત્યભિજ્ઞાનો અંશ ચક્ષુ વગેરે ઈન્દ્રિયના સન્નિકર્ષથી જન્ય છે અને 'यः काश्यां दृष्टः'' આટલો અંશ સંસ્કારથી જન્ય છે. આથી સ્પષ્ટ છે કે પ્રત્યભિજ્ઞામાં જ્ઞાનત્વ અને સંસ્કારજન્યત્વ બંન્ને હોવાથી પ્રત્યભિજ્ઞામાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે સ્મૃતિલક્ષણમાં માત્ર પદનું ઉપાદાન કર્યું છે. પ્રત્યભિજ્ઞા ઉપર જણાવ્યા મુજબ સંસ્કારથી અને ઈન્દ્રિયસન્નિકર્ષથી જન્ય હોવાથી સંસ્કારમાત્રજન્ય નથી. તેથી પ્રત્યભિજ્ઞામાં અતિવ્યાપ્તિ નહીં આવે. આથી સ્પષ્ટ છે. કે, ''संस्कारजन्यत्वसमानाधिकरणसंस्कारेतराजन्यत्व-समानाधिकरणज्ञानत्वं स्मृतित्वम्'' આ સ્મૃતિનું લક્ષણ છે.

**(५०) संस्कारेति । संस्कारध्वंसेऽतिव्याप्तिवारणाय ज्ञानमिति । अनुभवेऽतिव्याप्तिवारणाय संस्कारजन्यमिति । तथापि प्रत्यभिज्ञायामतिव्याप्तिवारणाय 'संस्कारमात्रजन्यत्वं' विवक्षणीयम् । क्वचित्तथैव पाठः । न चैवं सत्यसंभवस्तस्य संस्कारजन्यत्वे सतीन्द्रियार्थसंनिकर्षाजन्यार्थकत्वात् ॥**

## પદકૃત્ય

न चैवं सत्य....ઈત્યાદિ–આશય એ છે કે संस्कारमात्रजन्य પદનો અર્થ, 'સંસ્કારજન્યત્વવિશિષ્ટ સંસ્કારેતરાજન્યત્વ' આ પ્રમાણે કરવાથી તો સ્મૃતિનું લક્ષણ સ્મૃતિમાં પણ નહિ જાય. તેથી અસંભવ આવશે. કારણ કે જ્ઞાનમાત્રની પ્રત્યે આત્મમનઃસંયોગ કારણ હોવાથી સ્મૃતિ સ્વરૂપજ્ઞાન સંસ્કારથી અને સંસ્કારેતર આત્મમનઃસંયોગથી પણ જન્ય છે. તેથી સ્મૃતિમાં સંસ્કારજન્યત્વવિશિષ્ટ સંસ્કારેતરાજન્યત્વનો અભાવ હોવાથી અસંભવ આવશે. તેથી અસંભવના નિવારણ માટે

संस्कारमात्रजन्यत्व; संस्कारजन्यत्वे सति संस्कारेतरेन्द्रियार्थसन्निकर्षाजन्यत्वम्'' એતત્ સ્વરૂપ સમજવું. સ્મૃતિમાં સંસ્કારજન્યત્વ, જ્ઞાનત્વ અને ઈન્દ્રિયાર્થસન્નિકર્ષાજન્યત્વ હોવાથી અસંભવ નહિ આવે. આથી સ્પષ્ટ રીતે સમજી શકાશે કે, ''संस्कारजन्यत्वसमानाधिकरणेन्द्रियार्थसन्निकर्षाजन्यत्वसमानाधिकरणज्ञानत्वम्'' આ સ્મૃતિલક્ષણનું તાત્પર્ય છે. જેનો અર્થ, વાયુનિરૂપણના અવસરે જણાવ્યા મુજબ ''संस्कारजन्यत्वत्वावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावन्निरूपितेन्द्रियार्थसन्निकर्षाजन्यत्वत्वावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावन्निरूपितवृत्तितावद्ज्ञानत्वम्'' આ પ્રમાણે છે. પ્રત્યભિજ્ઞાત્મક જ્ઞાનમાં ઈન્દ્રિય અને પદાર્થસન્નિકર્ષાજન્યત્વ ન હોવાથી એમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## मूलम्

**तद्भिन्नं ज्ञानमनुभवः । स द्विविधः–यथार्थोऽयथार्थश्च ॥**

મૂલ :– સ્મૃતિથી ભિન્ન જ્ઞાનને અનુભવ કહેવાય છે. યથાર્થ અને અયથાર્થ ભેદથી અનુભવ બે પ્રકારનો છે.

**(न्या०) अनुभवं लक्षयति–तद्भिन्नमिति । तद्भिन्नत्वं नाम स्मृतिभिन्नत्वम् । स्मृतिभिन्नत्वविशिष्टज्ञानत्वमनुभवस्य लक्षणम् । तत्र विशेषणानुपादाने स्मृतावतिव्याप्तिः, विशेष्यानुपादाने घटादावतिव्याप्तिरतस्तद्वारणाय विशेषणविशेष्ययोरुभयोरुपादानम् । अनुभवं विभजते- स द्विविध इति ॥**

## ન્યાયબોધિની

''स्मृतिभिन्नत्वविशिष्टज्ञानत्वम्'' આ અનુભવનું લક્ષણ છે. લક્ષણમાં સ્મૃતિભિન્નત્વ આ વિશેષણવાચક પદનો નિવેશ ન કરીએ તો સ્મૃતિમાં જ્ઞાનત્વ હોવાથી અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે સ્મૃતિભિન્નત્વ પદનો નિવેશ કરવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સ્મૃતિમાં સ્મૃતિનો ભેદ નથી. સ્વનો ભેદ સ્વમાં અનુપલબ્ધ છે.

અનુભવલક્ષણમાં વિશેષ્યવાચક 'ज्ञानत्व' પદનું ઉપાદાન ન કરીએ તો સ્મૃતિભિન્નત્વ ઘટાદિમાં પણ હોવાથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. ઘટાદિમાં જ્ઞાનત્વ ન હોવાથી ज्ञानत्व પદના નિવેશ બાદ અતિવ્યાપ્તિ નહીં આવે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે "स्मृतिभिन्नत्व(भेद) समानाधिकरणज्ञानत्वम्" આ અનુભવનું લક્ષણ છે.

**(૫૦) तदिति । स्मृतित्वावच्छिन्नभिन्नमित्यर्थः । तेन यत्किंचित्स्मृतिभिन्नत्वस्य स्मृतौ सत्त्वेऽपि न क्षतिः । घटादावतिव्याप्तिवारणाय ज्ञानमिति । स्मृतिवारणाय तद्भिन्नमिति ।**

## પદકૃત્ય

યદ્યપિ 'स्मृतिभिन्नत्वविशिष्ट-ज्ञानत्वम्" આ અનુભવનું લક્ષણ કરવા- છતાં સ્મૃતિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ યત્કિંચિત્ પટાદિ વિષયકસ્મૃતિનો ભેદ યત્કિંચિદ્ ઘટાદિવિષયક સ્મૃતિમાં હોવાથી સ્મૃતિભિન્નત્વ અને જ્ઞાનત્વ અર્થાત્ સ્મૃતિભિન્નત્વવિશિષ્ટજ્ઞાનત્વ સ્મૃતિમાં છે જ. પરંતુ લક્ષણઘટક સ્મૃતિભિન્નત્વ પદથી સ્મૃતિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક स्मृतिर्न ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત સ્મૃતિભેદની વિવક્ષા છે. તેથી સ્મૃતિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે યત્કિંચિત્ પટાદિવિષયક સ્મૃતિનો ભેદ યત્કિંચિદ્ ઘટાદિવિષયક સ્મૃતિમાં હોવા છતાં કોઈ પણ સ્મૃતિમાં સ્મૃતિસામાન્યનો 'स्मृतिर्न' ઈત્યાકારક જ્ઞાનનો વિષયભૂત ભેદ (स्मृतित्वावच्छिन्नप्रतियोगिताकभेद) નથી. તેથી "स्मृतित्वावच्छिन्नप्रतियोगिताकभेदसमानाधिकरणज्ञानत्वम्" આ અનુભવનું લક્ષણ સ્મૃતિમાં ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. યત્કિંચિત્ પટાદિવિષયક સ્મૃતિના ભેદની પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મ પટાદિસ્મૃતિગત તત્તદ્વ્યક્તિત્વ હોવાથી પટાદિસ્મૃતિગતતત્તદ્વ્યક્તિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક સ્મૃતિભેદ અને લક્ષણમાં વિવક્ષિત સ્મૃતિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદ, આ બંન્નેમાં જે ફરક છે તે સ્પષ્ટપણે સમજી શકાય છે.

## मूलम्

**तद्वति तत्प्रकारकोऽनुभवो यथार्थः । सैव प्रमेत्युच्यते ।**

મૂલ : તદ્વદ્માં અર્થાત્ ઘટત્વાદિ ધર્મથી યુક્ત ઘટાદિમાં જે તત્પ્રકારક (ઘટત્વાદિપ્રકારક) અનુભવ તેને યથાર્થ અનુભવ કહેવાય છે અને તે યથાર્થાનુભવને જ 'પ્રમા' કહેવાય છે.

**(न्या०) यथार्थानुभवं लक्षयति—तद्वतीति । 'तद्वती'त्यत्र सप्तम्यर्थो[1] विशेष्यत्वम् । तच्छब्देन प्रकारीभूतो धर्मो धर्त्तव्यः । तथा च 'तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकानुभवत्वं[2]' यथार्थानुभवस्य लक्षणम् । उदाहरणम्—रजते 'इदं रजतम्' इति ज्ञानम् । अत्र रजतत्ववद्विशेष्यकत्वे सति रजतत्वप्रकारकत्वस्य सत्त्वाल्लक्षणसमन्वयः । तद्वन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारताशालित्व[3]मिति तु निष्कर्षः । अन्यथा[4] यथाश्रुते[5] रङ्गरजतयोः 'इमे रजत-रङ्गे' इत्याकारकसमूहालम्बनभ्रमेऽतिव्याप्तिः, तत्रापि रजतत्ववद्विशेष्यकत्वरजतत्वप्रकारकत्वयो रङ्गत्ववद्विशेष्यकत्वरङ्गत्वप्रकारकत्वयोः सत्त्वात् । उक्तनिष्कर्षे[6] तु नातिव्याप्तिः, रजतत्वप्रकारताया रजतत्ववद्विशेष्यतानिरूपितत्वाभावात्, एवं रङ्गत्वप्रकारताया रङ्गत्ववद्विशेष्यतानिरूपितत्वाभावात् । किंतु समूहालम्बनभ्रमस्य रङ्गांशे रजतत्वावगाहित्वेन रजतत्वप्रकारताया रङ्गत्ववद्विशेष्यतानिरूपितत्वात् । एवं रजतांशे रङ्गत्वावगाहित्वेन रङ्गत्वप्रकारताया रजतत्ववद्विशेष्यतानिरूपितत्वाच्चेति । नानामुख्यविशेष्यताशालिज्ञानं समूहालम्बनम् ॥**

### ન્યાયબોધિની

અહીં એ સમજી લેવું જોઈએ કે—જ્ઞાન, ઈચ્છા અને કૃતિ આ

---

१ अत्र 'विशेष्यत्वस्य निरूपकत्वसंबन्धेन अनुभवेऽन्वयः' इति शेषः । २ तद्वन्निष्ठविशेष्यतानिरूपकत्वे सति तन्निष्ठप्रकारतानिरूपकत्वे सत्यनुभवत्वमित्यर्थः । ३ शालित्वमत्र निरूपकत्वम् । ४ अन्यथा=लक्षणघटकविशेष्यत्वप्रकारत्वयोर्निरूप्यनिरूपकभावस्याविवक्षायाम् । ५ विशेष्यत्वस्य साक्षादनुभवविशेषणत्वे । ६ सप्तम्यर्थविशेष्यत्वस्य प्रकारताद्वारानुभवविशेषणत्वरूपनिष्कर्षे ।

ત્રણ સવિષયક પદાર્થો છે. अयं घटः, घटवद् भूतलम्, અને रूपवान् पटः ઈત્યાકારક જ્ઞાનમાં ક્રમશઃ ઘટત્વ, ઘટ અને રૂપ વિશેષણરૂપે ભાસિત થાય છે; ઘટ, ભૂતલ અને પટ વિશેષ્યરૂપે ભાસિત થાય છે અને સમવાય, સંયોગ તથા સમવાય, વિશેષ્ય–વિશેષણના સંસર્ગરૂપે ભાસિત છે. વિશેષણ, વિશેષ્ય અને તેનો સંસર્ગ આ જ્ઞાનના પદાર્થોને, જ્ઞાનીય વિષય કહેવાય છે. એ ત્રણે એક જ જ્ઞાનના વિષય હોવા છતાં એમાં રહેલી વિષયતા ભિન્ન ભિન્ન મનાય છે. જેને અનુક્રમે વિશેષણતાખ્ય-વિષયતા, વિશેષ્યતાખ્ય–વિષયતા અને સંસર્ગતાખ્ય–વિષયતા કહેવાય છે. વિશેષણતાખ્યવિષયતાને પ્રકાર-તાખ્યવિષયતા પણ કહેવાય છે. કારણ કે વિશેષણતયા જ્ઞાત પદાર્થ જ પ્રકાર બને છે. "कस्य ज्ञानम्" અને "कस्य विषयः" આ આકાંક્ષાથી એ સ્પષ્ટ છે કે જ્ઞાન અને વિષય પરસ્પર નિયત સાકાંક્ષ છે. નિયત સાપેક્ષ પદાર્થોને પરસ્પર નિરૂપ્યનિરૂપકભાવ હોય છે એ વાત પૂર્વે જણાવી છે. તેથી જ્ઞાન અને વિષયતાને પણ નિરૂપ્યનિરૂપકભાવ છે એ સમજવામાં મુશ્કેલી નહીં પડે. આથી સ્પષ્ટ છે કે જ્ઞાન, વિશેષણતાદિ ત્રણે વિષયતાનું નિરૂપક છે અને એ ત્રણે વિષયતાઓ સ્વવિષયક-જ્ઞાનથી નિરૂપિત છે. અહીં એ ભૂલવું નહિ જોઈએ કે, જ્ઞાન અને વિષયતાને પરસ્પર નિરૂપ્યનિરૂપકભાવ હોવા છતાં જ્ઞાનનિરૂપિત વિષયતા જ કહેવાય છે. પરંતુ વિષયતાનિરૂપિત જ્ઞાન આ પ્રમાણે પ્રયોગ ઈષ્ટ નથી મનાતો. અર્થાત્ સદૈવ વિશેષણતાદિ–વિષયતાઓનું જ્ઞાન નિરૂપક જ હોય છે. પરંતુ વિષયતા ક્યારે પણ જ્ઞાનની નિરૂપિકા બનતી નથી. આવી જ રીતે ઈચ્છા અને કૃતિને પણ સ્વવિષયતાની સાથે નિરૂપ્ય-નિરૂપકભાવ સમજી લેવો. અભાવને સ્વપ્રતિયોગિનિષ્ઠપ્રતિયોગિતાની સાથે નિરૂપ્ય–નિરૂપકભાવ છે. પરંતુ અહીં પણ અભાવ હંમેશાં સ્વીયપ્રતિયોગિતાનો નિરૂપક જ હોય છે. પ્રતિયોગિતા ક્યારે પણ અભાવની નિરૂપિકા નથી મનાતી. આ જ રીતે આધેયતા–અધિકરણતા; કાર્યતા–કારણતા; પ્રતિયોગિતા–અનુયોગિતા; વિશેષ્યતા-વિશેષણતા (પ્રકારતા); સાધ્યતા–સાધનતા;

ઈત્યાદિ પરસ્પર સાપેક્ષ પદાર્થોને પણ નિરૂપ્ય–નિરૂપકભાવ છે. સંસર્ગરૂપે ભાસિત પદાર્થને જણાવવા માટે શબ્દનો ઉલ્લેખ કરાતો નથી. તેથી अयं घटः ઈત્યાદિસ્થળે સમવાયાદિ સંસર્ગબોધક કોઈ પણ પદ ન હોવા છતાં શાબ્દબોધની મર્યાદાથી જ તેનું (સંસર્ગનું) ભાન થાય છે. સંયોગાદિ સંબંધબોધક પદના ઉલ્લેખ વખતે સંયોગાદિ સંસર્ગનું પણ વિશેષણાદિરૂપે જ ભાન મનાય છે. દા. ત., घटसंयुक्तं भूतलम् અને अनित्यः संयोगः અહીં અનુક્રમે સંયોગનું ધર્મ (પ્રકાર) અને ધર્મી (વિશેષ્ય) રૂપે ભાન થાય છે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે अयं घटः, घटवद् भूतलम् અને रूपवान् पटः ઈત્યાકારક જ્ઞાનનું સ્વરૂપ, શાસ્ત્રીય પરિભાષામાં નીચે જણાવ્યા મુજબ વર્ણવી શકાશે. घटत्वनिष्ठप्रकारता-निरूपितघटनिष्ठविशेष्यतानिरूपकं ज्ञानम्, भूतलनिष्ठविशेष्यतानिरूपित-घटनिष्ठप्रकारतानिरूपकं ज्ञानम् અને रूपनिष्ठ-प्रकारतानिरूपितपटनिष्ठ-विशेष्यतानिरूपकं ज्ञानम् । અહીં યદ્યપિ घटवद् भूतलम् અને रूपवान् पटः ઈત્યાદિ જ્ઞાનમાં घट, भूतल, संयोग અને रूप, पट, समवाय આ પદાર્થોથી અતિરિક્ત घटत्व તેનો समवाय, भूतलत्व તેનો समवाय, रूपत्व તેનો समवाय અને पटत्व તેનો समवाय....ઈત્યાદિ પદાર્થોનું પણ ભાન થાય છે. પરંતુ એ બધા પદાર્થોના ઉલ્લેખથી જ્ઞાનનું સ્વરૂપ અધિક સૂક્ષ્મ થશે. જેને સમજાવતાં વિવરણ ખૂબ જ ક્લિષ્ટ થશે, તેથી અહીં સંક્ષેપથી જ વિવરણ કર્યું છે.

મૂલમાં 'तद्वति' અહીં સપ્તમ્યર્થ વિશેષ્યતા છે. તેનો નિરૂપકતા સંબંધથી અનુભવપદાર્થમાં અન્વય છે. प्रकारक પદનો અર્થ 'પ્રકારતા નિરૂપક' છે. तत् પદથી ધર્મનું અર્થાત્ પ્રકારીભૂત (વિશેષણતયા ભાસમાન) ધર્મનું ગ્રહણ કરવું. તેથી "तद्वन्निष्ठविशेष्यतानिरूपकत्वे सति तन्निष्ठप्रकारतानिरूपकानुभवत्वम्" આ યથાર્થાનુભવનું લક્ષણ છે. જેમ રજતપદાર્થમાં "इदं रजतम्" આવો અનુભવ, યથાર્થાનુભવ કહેવાય છે. અહીં રજતનું વિશેષ્યરૂપે અને રજતત્વનું વિશેષણરૂપે ભાન થાય છે. રજતત્વનિષ્ઠ પ્રકારતાનો નિરૂપક અને રજતત્વવન્નિષ્ઠ (રજતનિષ્ઠ) વિશેષ્યતાનો પણ નિરૂપક આ અનુભવ હોવાથી તેને

યથાર્થાનુભવ કહેવાય છે. અહીં લક્ષણનું સ્વારસ્ય "तद्वन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारताशालित्वम् (प्रकारतानिरूपकानुभवत्वम्)" આ પ્રમાણે સમજવું આવશ્યક છે. કારણ કે યથાશ્રુતમૂલાનુસારે લક્ષણને માનીએ તો "રઙ્ગ અને રજતમાં અનુક્રમે રજતરઙ્ગના સમૂહાલમ્બન ભ્રમ"રૂપ અયથાર્થાનુભવમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે આ સમૂહાલંબન ભ્રમમાં રંગ અને રજતનું વિશેષ્યરૂપે ભાન થાય છે અને અનુક્રમે રજતત્વ અને રંગત્વનું પ્રકારરૂપે ભાન થાય છે. આ સમૂહાલંબન ભ્રમ પણ રજતત્વ અથવા રંગત્વ નિષ્ઠ પ્રકારતાનો નિરૂપક છે અને રજતત્વવદ્ રજત અથવા રઙ્ગત્વવદ્ રઙ્ગનિષ્ઠ વિશેષ્યતાનો પણ નિરૂપક છે. આથી આ અનુભવમાં (સમૂહાલંબનાત્મક ભ્રમમાં) "तद्वन्निष्ठविशेष्यतानिरूपकत्वविशिष्टतन्निष्ठप्रकारतानिरूपकानुभवत्व" હોવાથી અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણનું સ્વારસ્ય ઉપર જણાવ્યા મુજબ સમજવું જોઈએ. તેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે "रङ्गरजतयोरिमे रजतरङ्गे" ઈત્યાકારક સમૂહાલંબન ભ્રમાત્મક જ્ઞાનમાં રંગ અને રજતનું વિશેષ્ય રૂપે અને રજતત્વ તથા રંગત્વનું પ્રકારરૂપે ભાન થવા છતાં રંગત્વનિષ્ઠ અને રજતત્વનિષ્ઠ પ્રકારતા ક્રમશઃ રંગત્વાભાવવદ્-રજતનિષ્ઠ અને રજતત્વાભાવવદ્-રંગનિષ્ઠ વિશેષ્યતાથી નિરૂપિત છે. કારણ કે અહીં રંગત્ત્વ અને રજતત્વનું પ્રકારરૂપે ભાન, ક્રમશઃ રજત અને રંગમાં થયું છે. તેથી રંગત્વનિષ્ઠ પ્રકારતા, રજતનિષ્ઠ વિશેષ્યતાથી નિરૂપિત છે અને રજતત્વનિષ્ઠ પ્રકારતા રંગનિષ્ઠ વિશેષ્યતાથી નિરૂપિત છે. આથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે ઉપરોક્ત સમૂહાલંબન ભ્રમાત્મક અનુભવમાં तद्वन्निष्ठविशेष्यता (रंगत्वादिवद्रंगादिनिष्ठविशेष्यता) निरूपकत्व અને तन्निष्ठ (रजतत्वादिनिष्ठ)प्रकारतानिरूपकत्व હોવા છતાં तद्वन्निष्ठ(रजतत्वादिवद्रजतादिनिष्ठ) વિશેષ્યતાનિરૂપિત જે રજતત્વાદિનિષ્ઠ પ્રકારતા તન્નિરૂપકત્વ નથી. તેથી અતિવ્યાપ્તિ પણ નહીં આવે. તાત્પર્ય એ છે કે જ્યારે લક્ષણઘટક તદ્વન્નિષ્ઠવિશેષ્યતાનિરૂપકત્વ અને તન્નિષ્ઠપ્રકારતાનિરૂપકત્વ; એ બંન્નેનો અન્વય સીધો અનુભવમાં

કરીએ તો ભ્રમાત્મક સમૂહાલંબન અનુભવમાં અતિવ્યાપ્તિ આવે છે અને તાદૃશ વિશેષ્યતાનિરૂપિતપ્રકારતા અથવા પ્રકારતાનિરૂપિત વિશેષ્યતા નિરૂપકત્વનો અન્વય અનુભવમાં કરીએ તો ત્યાં અતિવ્યાપ્તિ નથી આવતી. પ્રથમ સ્થળે तद्वन्निष्ठविशेष्यता અને तन्निष्ठप्रकारता એ બંન્નેને પરસ્પર નિરૂપ્યનિરૂપકભાવ ન હોય તોપણ ચાલે છે. જ્યારે ઉક્ત નિષ્કર્ષમાં તાદૃશ વિશેષ્યતા અને પ્રકારતાને નિરૂપ્ય–નિરૂપકભાવ હોવો આવશ્યક છે. એ ગર્ભિતાર્થ છે. ॥ नानामुख्यविशेष्यताशालिज्ञानं समूहालंबनम् । અનેક મુખ્ય વિશેષ્યતાના નિરૂપકજ્ઞાનને સમૂહાલંબન જ્ઞાન કહેવાય છે. દા. ત. रंगरजतयोरिमे रजतरंगे અથવા रङ्गरजते ઈત્યાકારક સમૂહાલંબન ભ્રમાત્મક અથવા પ્રમાત્મક જ્ઞાન રંગ અને રજત નિષ્ઠ બે વિશેષ્યતાનું નિરૂપક હોવાથી તે જ્ઞાનને સમૂહાલંબન જ્ઞાન કહેવાય છે. "घटवद् भूतलम्" ઈત્યાકારક જ્ઞાનમાં, ઘટત્વ ઘટમાં વિશેષણ છે. ઘટ, ભૂતલમાં વિશેષણ છે. ભૂતલ માત્ર વિશેષ્ય છે. ઘટત્વ માત્ર પ્રકાર છે. ઘટ વિશેષ્ય પણ છે અને પ્રકાર પણ છે. આથી સ્પષ્ટ છે કે "घटवद् भूतलम्" ઈત્યાકારક જ્ઞાન અનેક વિશેષ્યતાનું નિરૂપક છે; પરંતુ અહીં ઘટનિષ્ઠવિશેષ્યતાને, મુખ્ય નથી માનતા. કારણ કે કોઈની પણ અપેક્ષાએ જે પ્રકાર ન હોય એવા વિશેષ્યને જ મુખ્ય વિશેષ્ય મનાય છે. ઘટ, ભૂતલની અપેક્ષાએ પ્રકાર હોવાથી એમાં રહેલી વિશેષ્યતા મુખ્ય નથી.તેથી "घटवद् भूतलम्" ઈત્યાકારક જ્ઞાન, નાનાવિશેષ્યતાશાલી હોવા છતાં નાનામુખ્ય વિશેષ્યતાશાલી ન હોવાથી સમૂહાલંબન જ્ઞાન નથી. જેમાં પ્રકારતા અને વિશેષ્યતા બંન્ને હોય છે ત્યારે તે વિશેષ્યતાનો અર્થાત્ પ્રકારતા-સમાનાધિકરણ વિશેષ્યતાનો જ્ઞાનના સ્વરૂપમાં ઉલ્લેખ નથી કરાતો. તેથી "घटत्वनिष्ठप्रकारतानिरूपितघटनिष्ठप्रकारतानिरूपितभूतलनिष्ठ-विशेष्यतानिरूपकं ज्ञानम्" આ પ્રમાણે, "घटवद् भूतलम्" ઈત્યાકારકજ્ઞાનનું સ્વરૂપ મનાય છે.

**(५०) तद्वतीति । तद्वति तत्प्रकारो यस्य स तथेत्यर्थः । तद्वद्विशेष्यकतत्प्रकारक इति यावत् । स्मृतिवारणाय अनुभव इति ।**

**अयथार्थानुभववारणाय तद्वतीति । निर्विकल्पकेऽतिव्याप्तिवारणाय तत्प्रकारक इति ॥**

## પદકૃત્ય

યથાર્થાનુભવના લક્ષણમાં अनुभव પદનો નિવેશ ન કરીએ તો સ્મૃતિસ્વરૂપજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે પૂર્વે જણાવ્યા મુજબ જ્ઞાનમાત્ર સામાન્યતઃ વિશેષ્યતા અને પ્રકારતાનું નિરૂપક હોવાથી તદ્વન્નિષ્ઠવિશેષ્યતાનિરૂપકત્વવિશિષ્ટ તન્નિષ્ઠપ્રકારતાનિરૂપકત્વ તો સ્મૃતિમાં પણ છે. તેથી સ્મૃતિમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં अनुभव પદનું ઉપાદાન કર્યું છે. સ્મૃતિમાં અનુભવત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'तत्प्रकारकानुभवत्वम्' આ પ્રમાણે યથાર્થાનુભવનું લક્ષણ કરીએ તો, અયથાર્થાનુભવમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે शुक्तौ इदं रजतम् ઈત્યાકારક અયથાર્થાનુભવ પણ તન્નિષ્ઠ (रजतत्वनिष्ठ) પ્રકારતાનિરૂપક અનુભવ છે. તેથી અયથાર્થાનુભવમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'तद्वति' પદનો નિવેશ કર્યો છે. અયથાર્થાનુભવ તન્નિષ્ઠપ્રકારતા-નિરૂપક હોવા છતાં; તદભાવવન્નિષ્ઠ (रजतत्वाभाववत्शुक्तिनिष्ठ) વિશેષ્યતાનિરૂપક હોવાના કારણે, તદ્વન્નિષ્ઠવિશેષ્યતાનિરૂપક ન હોવાથી અયથાર્થાનુભવમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'तत्प्रकारक' પદનો નિવેશ ન કરીએ તો નિર્વિકલ્પકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે, કારણ કે નિર્વિકલ્પક જ્ઞાન પણ કોઈ પણ ધર્મવિશિષ્ટ ધર્મીમાં જ થતું હોવાથી તદ્વત્ (ધર્મી)માં થતો અનુભવ; નિર્વિકલ્પક અનુભવ પણ છે. તેથી નિર્વિકલ્પકમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે 'तत्प्रकारक' પદનો નિવેશ કર્યો છે. નિર્વિકલ્પક અનુભવ કોઈપણ પ્રકારતાનો નિરૂપક ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ 'तद्वति' આ મૂલપદનો 'तद्वन्निष्ठविशेष्यतानिरूपकत्व' અર્થ ઉપર જણાવ્યો હોવાથી નિર્વિકલ્પક અનુભવ જેમ પ્રકારતાનિરૂપક નથી મનાતો તેવી જ રીતે વિશેષ્યતાનિરૂપક પણ નથી મનાતો. તેથી

तत्प्रकारक પદના અભાવમાં પણ નિર્વિકલ્પકમાં અતિવ્યાપ્તિનો પ્રસંગ નથી આવતો. જેથી અતિવ્યાપ્તિના નિવારણ માટે 'तत्प्रकारक' પદનો નિવેશ આવશ્યક નથી. પરંતુ 'तद्वति' પદનો 'तद्वन्निष्ठविशेष्यता-निरूपकत्व અર્થ, લક્ષણમાં तत्प्रकारक પદનો નિવેશ છે માટે થાય છે...જ્યારે લક્ષણમાં तत्प्रकारक પદનો નિવેશ ન કરીએ ત્યારે તો ''तद्वति' પદનો અર્થ તાદૃશ થતો નથી. પરંતુ 'ધર્મીમાં' આવો થાય છે અને ત્યારે અતિવ્યાપ્તિ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. નિર્વિકલ્પક અનુભવવિશેષ છે, જેનું સ્વરૂપ આગળ વર્ણવાશે.

## मूलम्

**तदभाववति तत्प्रकारकोऽनुभवोऽयथार्थः ॥**

મૂલ :- તદભાવવત્ પદાર્થમાં જે તત્પ્રકારક અનુભવ તેને અયથાર્થાનુભવ કહેવાય છે. રજતત્વના અભાવવત્ શુક્તિમાં તત્ (રજતત્વ) પ્રકારક જે અનુભવ તે અયથાર્થાનુભવ કહેવાય છે.

**(न्या०) अयथार्थानुभवं लक्षयति–तदभाववतीति । अत्रापि पूर्ववत्त-दभाववन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारताशालिज्ञानत्वं विवक्षणीयम् । अन्यथा रङ्गरजतयोः 'इमे रङ्ग–रजते' इत्याकारकसमूहालम्बन-प्रमायामतिव्याप्तिः । एतत्समूहालम्बनस्य रङ्गरजतोभयविशेष्यकत्वेन रजतत्वरङ्गत्वोभयप्रकारकत्वेन च रजतत्वाभाववद्रङ्गविशेष्यकत्वरजतत्व-प्रकारकत्वयो रङ्गत्वाभाववद्रजतविशेष्यकत्वरङ्गत्वप्रकारकत्वयोश्च सत्त्वात् । निष्कर्षे तु रजतांशे रजतत्वावगाहित्वेन रङ्गाशे रङ्गत्वावगाहित्वेन च रजतत्वप्रकारताया रजतत्वाभाववद्रङ्गविशेष्यतानिरूपितत्वाभावात् । एवं रङ्गत्वप्रकारताया रङ्गत्वाभाववद्रजतविशेष्यतानिरूपितत्वाभावान्नातिव्याप्तिः । उदाहरणम्–यथा शुक्तौ 'इदं रजतम्' इति ॥**

## ન્યાયબોધિની

અહીં પણ યથાર્થાનુભવના નિરૂપણ અવસરે જણાવ્યા મુજબ

સપ્તમ્યર્થ વિશેષ્યતા;અને तत्प्रकारक પદનો અર્થ તન્નિષ્ઠપ્રકારતા નિરૂપક હોવાથી "तदभाववन्निष्ठविशेष्यतानिरूपकत्वे सति तन्निष्ठ-प्रकारतानिरूपकानुभवत्वम्"; આ અયથાર્થાનુભવનું લક્ષણ છે. "शुक्ताविदं रजतम्" ઈત્યાકારક અનુભવ રજતત્વાભાવવત્ શુક્તિનિષ્ઠ વિશેષ્યતાનો નિરૂપક અને રજતત્વનિષ્ઠ પ્રકારતાનો નિરૂપક હોવાથી આ અનુભવ અયથાર્થાનુભવ છે. અહીં પણ લક્ષણનું સ્વારસ્ય પૂર્વે જણાવ્યા મુજબ "तदभाववन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारता-निरूपकानुभवत्वम् अयथार्थानुभवत्वम्" આ પ્રમાણે સમજવું જોઈએ. અન્યથા યથાશ્રુતમૂલોક્તલક્ષણના અનુસારે "रङ्गरजतयोरिमे रङ्गरजते" ઈત્યાકારક સમૂહાલંબન પ્રમાત્મક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે આ જ્ઞાન, રંગ અને રજત નિષ્ઠ વિશેષ્યતાનું તથા રંગત્વ અને રજતત્વ નિષ્ઠ પ્રકારતાનું નિરૂપક હોવાથી રજતત્વ અથવા રંગત્વા-ભાવવદ્, રંગ અથવા રજતનિષ્ઠ વિશેષ્યતાનું અને રંગત્વ અથવા રજતત્વ નિષ્ઠ પ્રકારતાનું પણ નિરૂપક છે જ. ઉક્ત નિષ્કર્ષની વિવક્ષામાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તાદૃશ સમૂહાલંબન પ્રમાત્મક જ્ઞાનમાં, રંગત્વ અને રજતત્વનું પ્રકારરૂપે ભાન ક્રમશઃ રંગ અને રજત પદાર્થમાં થયું હોવાથી રંગત્વનિષ્ઠ પ્રકારતા; રંગનિષ્ઠ વિશેષ્યતાથી નિરૂપિત છે અને રજતત્વનિષ્ઠપ્રકારતા, રજતનિષ્ઠ-વિશેષ્યતાથી નિરૂપિત છે. અર્થાદ્ લક્ષણમાં વિવક્ષિત રજતત્વા-દ્યભાવવદ્ રંગાદિનિષ્ઠ વિશેષ્યતાનિરૂપિત નથી. તેથી તાદૃશ સમૂહાલંબન પ્રમાત્મક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે. અતિવ્યાપ્તિનું પ્રદાન કરવાના અવસરે લક્ષણમાં વિશેષ્યતા-પ્રકારતાનો નિરૂપકત્વ સંબંધથી સીધો અનુભવમાં જ અન્વય કર્યો છે. જ્યારે નિષ્કર્ષની વિવક્ષાથી અતિવ્યાપ્તિના નિરાકરણના અવસરે વિશેષ્યતા–પ્રકારતાનો, પરસ્પર નિરૂપ્યનિરૂપકભાવની વિવક્ષા કરીને પછી અનુભવમાં નિરૂપકતાસંબંધથી અન્વય કર્યો છે, એ વિશેષ પૂર્વે જણાવ્યા મુજબ સમજી શકાય છે.

**(૫૦) तदभावेति । तदभाववद्विशेष्यकतत्प्रकारकोऽनुभवोऽय-**

थार्थानुभव इत्यर्थः । यथा शुक्तौ 'इदं रजतम्' इति ज्ञानम् । स्मृतिवारणाय अनुभव इति । यथार्थानुभवेऽतिव्याप्तिनिरसनाय तदभाववतीति । निर्विकल्पकवारणाय तत्प्रकारक इति ॥

## પદકૃત્ય

યથાર્થાનુભવના નિરૂપણની જેમ જ અહીં પણ સ્મૃતિ તથા યથાર્થાનુભવમાં અતિવ્યાપ્તિ વગેરેનું સ્વરૂપ સમજવું. તદ્વત્માં જેમ નિર્વિકલ્પક થાય છે, તેમ જ તદભાવવત્માં પણ નિર્વિકલ્પક થાય છે. પરંતુ પ્રકારતાનિરૂપકત્વ નિર્વિકલ્પક અનુભવમાં નથી. જેથી तत्प्रकारक પદના નિવેશથી નિર્વિકલ્પકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે-એ પણ પૂર્વે જણાવ્યા મુજબ સ્વયં સમજી લેવું.

## मूलम्

यथार्थानुभवश्चतुर्विधः प्रत्यक्षानुमित्युपमितिशाब्दभेदात् ॥

મૂલ :- પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દ આ ચાર ભેદથી યથાર્થાનુભવ ચતુર્વિધ છે.

(न्या०) यथार्थानुभवं विभजते—चतुर्विध इति ॥

સ્પષ્ટ છે.

(प०) यथार्थेति । यथार्थानुभवः प्रत्यक्षमेवेति चार्वाकाः । अनुमितिरपीति काणादबौद्धाः । उपमितिरपीति नैयायिकैकदेशिनः । शाब्दमपीति नैयायिकाः । अर्थापत्तिरपीति प्राभाकराः । आनुपलब्धिकोऽपीति भाट्ट—वेदान्तिनौ । सांभविकैतिह्यकावपीति पौराणिकाः । चैष्टिकोऽपीति तान्त्रिकाः । एतेषां मतेऽस्वरसं संभाव्य तस्य चातुर्विध्यं दर्शितम् ॥

## પદકૃત્ય

''યથાર્થાનુભવ એક પ્રત્યક્ષ સ્વરૂપ જ છે'' એ ચાર્વાક (નાસ્તિક) ની માન્યતા છે. 'પ્રત્યક્ષ અને અનુમિતિ' આ બે જ ભેદ યથાર્થાનુભવના છે. એ કાણાદ અને બૌદ્ધની માન્યતા છે. પ્રત્યક્ષ,

અનુમિતિ અને ઉપમિતિ આ ત્રણ જ ભેદ યથાર્થાનુભવના છે. એમ કેટલાક નૈયાયિકો કહે છે. પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ, અને શાબ્દભેદથી યથાર્થાનુભવને ચતુર્વિધ જ માનનારા કેટલાક નૈયાયિકો છે. પ્રત્યક્ષાદિચારની સાથે અર્થાપત્તિરૂપ પણ યથાર્થાનુભવને કહેનારા પ્રાભાકરો છે. પ્રત્યક્ષાદિ પાંચની સાથે આનુપલબ્ધિક સ્વરૂપ પણ યથાર્થાનુભવને માનનારા ભાટ્ટ (મીમાંસક) અને વેદાંતીઓ છે. પ્રત્યક્ષાદિ છ અને સાંભવિક અને ઐતિહ્યક સ્વરૂપ પણ યથાર્થાનુભવને જણાવનારા પૌરાણિકો છે. પ્રત્યક્ષાદિ આઠ અને ચૈષ્ટિક આ રીતે નવ પ્રકારના યથાર્થાનુભવને માનનારા તાંત્રિકો છે. પરંતુ આ નવ પ્રકારના યથાર્થાનુભવના વાસ્તવિક રીતે પ્રત્યક્ષાદિ ચાર જ ભેદ છે. અન્ય ભેદોનો એ ચાર ભેદમાં જ સમાવેશ શક્ય હોવાથી અન્યમતોમાં અરુચિ બતાવીને ગ્રંથકારે ચાર જ ભેદ વર્ણવ્યા છે. પ્રત્યક્ષાદિ ચારનું સ્વરૂપ આ ગ્રંથમાં જ આગળ સ્પષ્ટ થશે. "पीनोऽयं देवदत्तो दिवा न भुङ्क्ते" અહીં દિવસે નહિ ખાનારા દેવદત્તનું પીનત્વ (પુષ્ટત્વ) અનુપપન્ન ન થાય માટે દેવદત્તનું રાત્રિભોજન કલ્પાય છે. અહીં દેવદત્તના રાત્રિભોજનનું જ્ઞાન અર્થાપત્તિરૂપ યથાર્થાનુભવ મનાય છે. "यद्यत्र घटः स्यात्तर्हि उपलभ्येत नोपलभ्यते तस्मान्नास्ति घटः" આ રીતે ઘટથી શૂન્ય ભૂતલાદિમાં તેની ઉપલબ્ધિના અભાવથી જે ઘટાભાવનો અનુભવ થાય છે તેને આનુપલબ્ધિક યથાર્થાનુભવ કહેવાય છે. પુરાણાદિ ગ્રંથોથી ભૂત અને ભવિષ્યત્કાલીન પદાર્થોનું જે જ્ઞાન થાય છે, તેને અનુક્રમે ઐતિહ્યક અને સાંભવિક યથાર્થાનુભવ કહેવાય છે. શરીરાદિની વિલક્ષણ ચેષ્ટાદિ જોઈને ભૂતાદિ સંચારનું જે જ્ઞાન થાય છે તેને ચૈષ્ટિક યથાર્થાનુભવ તાંત્રિકો કહે છે.

પ્રત્યક્ષાદિ ચાર યથાર્થાનુભવના નિરૂપણ માટે આરંભ કરે છે. तत्करणमपि....ઈત્યાદિ ગ્રંથથી.

## मूलम्

**तत्करणमपि चतुर्विधं-प्रत्यक्षानुमानोपमानशब्दभेदात् ॥**

મૂલ :– યથાર્થાનુભવ સ્વરૂપ પ્રમાત્મક જ્ઞાનના કરણ પણ ચાર છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ અહીં 'શબ્દ' પદથી શબ્દ (પદ) જ્ઞાન સમજવું.

(न्या०) तत्करणमिति । फलीभूतप्रत्यक्षादिकरणं चतुर्विधमित्यर्थः । प्रत्यक्षादिचतुर्विधप्रमाणानां प्रमाकरणत्वं सामान्यलक्षणम् । एकैक-प्रमाणलक्षणं तु वक्ष्यते 'प्रत्यक्षज्ञाने'त्यादिना ॥

## ન્યાયબોધિની

કાર્યસ્વરૂપ પ્રત્યક્ષાદિ ચાર યથાર્થાનુભવના કરણ પણ ચાર છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ આ ચાર પ્રમાણ છે. યથાર્થાનુભવને પ્રમા કહેવાય છે એ વાત પૂર્વે જ જણાવી છે. પ્રમાના કરણને પ્રમાણ કહેવાય છે. અર્થાત્ 'प्रमाकरणत्वम्' આ પ્રમાણ સામાન્યનું લક્ષણ છે. પ્રત્યક્ષાદિ પ્રત્યેક પ્રમાણનું લક્ષણ તો प्रत्यक्ष ज्ञान... ઈત્યાદિ ગ્રંથથી કહેવાશે.

(प०) तदिति । यथार्थानुभवात्मकप्रमायाः करणमित्यर्थः ॥

સ્પષ્ટ છે.

### मूलम्

असाधारणं कारणं करणम् ॥

મૂલઃ –અસાધારણ કારણને કરણ કહેવાય છે.

(न्या०) करणलक्षणमाह–असाधारणमिति । व्यापारवदसाधारणं कारणं करणमित्यर्थः । असाधारणत्वं च 'कार्यत्वातिरिक्तधर्मावच्छिन्न-कार्यतानिरूपितकारणताशालित्वम्' । यथा दण्डादेर्घटादिकं प्रत्यसाधार-णकारणत्वम् । कार्यत्वातिरिक्तो घटत्वादिरूपो धर्मस्तदवच्छिन्नकार्यता घटे, तन्निरूपितकारणता दण्डे । अतो घटं प्रति दण्डोऽसाधारणं कारणम् । भ्रम्यादिरूपव्यापारवत्त्वाच्च करणम् । साधारणत्वं च कार्यत्वावच्छिन्नकार्यता-निरूपितकारणताशालित्वम् । ईश्वरादृष्टादेः कार्यत्वावच्छिन्नं प्रत्येव

कारणत्वात्साधारणकारणत्वम् ॥

## ન્યાયબોધિની

વ્યાપારવદ્ અસાધારણ કારણને કરણ કહેવાય છે. કાર્યત્વથી અતિરિક્ત ધર્મથી અવચ્છિન્ન કાર્યતા નિરૂપિત કારણતાશ્રયત્વ જેમાં છે તેને અસાધારણ કારણ કહેવાય છે. દા. ત. ઘટાદિકાર્યનું દંડાદિ અસાધારણ કારણ છે. ઘટ કાર્ય છે એનું દંડ કારણ છે. અનુક્રમે ઘટ અને દંડમાં રહેલી કાર્યતા અને કારણતાને પરસ્પર નિરૂપ્યનિરૂપકભાવ છે. ઘટમાં રહેલી કાર્યતાનો અવચ્છેદક ઘટત્વ જ છે. પરંતુ કાર્યત્વ નહિ. કારણ કે કાર્યત્વ, ઘટાદિ સકલ કાર્યમાં વૃત્તિ હોવાથી ઘટનિષ્ઠ કાર્યતાની અપેક્ષાએ 'કાર્યત્વ' અતિપ્રસક્ત છે. ન્યૂન અને અતિપ્રસક્ત (અલ્પ–અધિક અધિકરણવૃત્તિ) ધર્મને સામાન્યતઃ અવચ્છેદક માનતા નથી. આથી સ્પષ્ટ છે કે કાર્યત્વાતિરિક્ત ઘટત્વધર્માવચ્છિન્નકાર્યતા (ઘટનિષ્ઠા) નિરૂપિતકારણતાશ્રયત્વ દંડમાં હોવાથી ઘટની પ્રત્યે દંડ અસાધારણ કારણ છે. અને એ ભ્રમિરૂપ વ્યાપારથી યુક્ત હોવાથી ઘટની પ્રત્યે કરણ છે. કાર્યત્વાવચ્છિન્નકાર્યતાનિરૂપિત-કારણતાશ્રયત્વ જેમાં છે, તેને સાધારણકારણ કહેવાય છે. કાર્યમાત્રનું કારણ ઈશ્વર, અદૃષ્ટ (ધર્માધર્મ) તથા કાલાદિ છે. કાલાદિનિષ્ઠકારણતા-નિરૂપિત કાર્યતા સકલ કાર્યમાં હોવાથી તાદૃશકાર્યતાનો અવચ્છેદક ધર્મ 'કાર્યત્વ' છે. આથી કાર્યત્વાવચ્છિન્નકાર્યતા-નિરૂપિતકારણતાશ્રયત્વ કાલાદિમાં હોવાથી કાલાદિ કાર્યમાત્રના સાધારણ-કારણ મનાય છે. સકલકાર્યમાં રહેલી કાર્યતા અને તેનો અવચ્છેદક કાર્યત્વધર્મ એ બેમાં જે ભેદ છે. તે અન્ય ગ્રંથોથી અથવા ભણાવનાર પાસેથી સમજી લેવો, અન્યથા સ્વનો અવચ્છેદક 'સ્વ' જણાશે.

(૫૦) **असाधारणमिति । कालादिवारणाय असाधारणमिति । व्यापारेऽतिव्याप्तिवारणाय 'व्यापारवदि'त्यपि देयम् । व्यापारश्च-द्रव्यान्यत्वे** ***सति तज्जन्यत्वे सति तज्जन्यजनकः । ईश्वरेच्छादिवारणाय तज्जन्यत्वे*** **सतीति । कुलालजन्यत्वे सति कुलालजन्यघटजनकत्वं कुलालपुत्रस्याप्यस्ति,**

**अतस्तत्रातिव्याप्तिवारणाय प्रथमं सत्यन्तम् । दण्डरूपादिवारणाय तज्जन्यजनक इति ॥**

## પદકૃત્ય

"असाधारणकारणं करणम्" આ કરણલક્ષણમાં असाधारण પદનો નિવેશ ન કરીએ તો કાર્યમાત્રના કારણભૂત કાલમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે असाधारण પદનો નિવેશ કર્યો છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે કાલ સાધારણકારણ છે. યદ્યપિ ચક્રાદિભ્રમણરૂપ વ્યાપાર પણ ઘટાદિની પ્રત્યે અસાધારણકારણ હોવાથી ભ્રમ્યાદિરૂપ વ્યાપારમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ તેના નિવારણ માટે કરણલક્ષણમાં 'व्यापारवद्' પદનો નિવેશ કરી લેવો. ભ્રમ્યાદિ વ્યાપાર છે, પરંતુ વ્યાપારવદ્ નથી. તેથી ભ્રમ્યાદિ વ્યાપારમાં અતિવ્યાપ્તિ નહીં આવે. "तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वे सति द्रव्यान्यत्वम्-व्यापारत्वम्" જે દ્રવ્યથી ભિન્ન હોય તદ્‌થી (કરણથી) જન્ય હોય અને તદ્‌થી જન્યનો જનક હોય, એને વ્યાપાર કહેવાય છે. ઘટની પ્રત્યે ચક્રાદિનું ભ્રમણ એ વ્યાપારસ્વરૂપ કારણ છે. 'ભ્રમિ' ક્રિયા (કર્મ) સ્વરૂપ હોવાથી દ્રવ્યથી ભિન્ન છે, દંડથી જન્ય છે અને દંડથી જન્ય એવા ઘટની પ્રત્યે ભ્રમણાત્મક કર્મ, જનક પણ છે. તેથી ભ્રમિ એ વ્યાપાર છે. અને ભ્રમિસ્વરૂપ વ્યાપારવદ્ અસાધારણ કારણ 'દંડ' કરણ છે. વ્યાપારના લક્ષણમાં 'तज्जन्यत्व' પદનો નિવેશ ન કરીએ અને "द्रव्यान्यत्वविशिष्टतज्जन्यजनकत्वम्" આટલું જ લક્ષણ કરીએ તો ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે, 'ઈશ્વરેચ્છા' ગુણસ્વરૂપ હોવાથી અને દંડજન્યઘટની જનિકા હોવાથી દ્રવ્યાન્યત્વવિશિષ્ટ તજ્જન્યજનકત્વ ઈશ્વરેચ્છામાં પણ છે. તેથી ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા વ્યાપારના લક્ષણમાં 'तज्जन्यत्व' પદનો નિવેશ કર્યો છે. ઈશ્વરેચ્છા નિત્ય હોવાથી 'તજ્જન્યત્વ' અર્થાત્ દંડજન્યત્વ તેમાં નથી. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. 'ईश्वरेच्छादिवारणाय" અહીં आदि પદથી અદૃષ્ટ–ધર્માધર્મમાં અતિવ્યાપ્તિ આપી શકાશે.

"तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वम्" આટલું જ વ્યાપારનું લક્ષણ કરીને 'द्रव्यान्यत्व' પદનો વ્યાપારલક્ષણમાં નિવેશ ન કરીએ તો કુલાલપુત્રમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કુલાલના પુત્રમાં તદ્ (કુલાલ) જન્યત્વ અને કુલાલજન્ય ઘટનું જનકત્વ પણ છે. લક્ષણમાં द्रव्यान्यत्व પદનો નિવેશ કરીએ તો કુલાલપુત્ર, દ્રવ્યથી ભિન્ન ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'तज्जन्यजनकत्व' પદનો નિવેશ કર્યા વિના 'द्रव्यान्यत्वविशिष्टतज्जन्यत्वम्" આટલું જ વ્યાપારનું લક્ષણ કરીએ તો દંડરૂપાદિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે દંડનું રૂપ, દ્રવ્યથી ભિન્ન છે અને દંડથી જન્ય પણ છે. તેથી દંડરૂપાદિમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે 'तज्जन्यजनकत्व' પદનો નિવેશ કર્યો છે. દંડનું રૂપ, દંડજન્યઘટની પ્રત્યે જનક ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ વ્યાપારલક્ષણઘટક 'तज्जन्यजनकत्व' તદ્જન્યાસાધારણકારણ-ત્વસ્વરૂપ લઈએ તો तज्जन्यत्व પદના અભાવમાં ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિ નહીં આવે. પરંતુ તાદૃશ વિવક્ષામાં 'કપાલસંયોગ' પણ દંડનો વ્યાપાર થશે. તેથી તેના નિવારણ માટે 'तज्जन्यत्व' પદનો નિવેશ આવશ્યક છે જ....ઈત્યાદિ સ્વયં વિચારવું.

## मूलम्

**कार्यनियतपूर्ववृत्ति कारणम् ॥**

મૂલ : – કાર્યની પ્રત્યે જે નિયત પૂર્વવૃત્તિ છે તેને કારણ કહેવાય છે. ઘટાદિ કાર્યની પ્રત્યે દંડાદિ નિયત (અવશ્ય) પૂર્વવૃત્તિ હોવાથી દંડાદિ કારણ છે.

**(न्या०) कारणं लक्षयति–कार्यनियतेति । कार्यं प्रति नियतत्वे[1] सति पूर्ववृत्तित्वम् । नियतत्वविशेषणानुपादाने पूर्ववर्तिनो रासभादेरपि**

---

१ नियतत्वं व्यापकत्वम् । तद्घटकाभावश्च कार्याव्यवहितप्राक्क्षणावच्छिन्नो ग्राह्यः । एतत्तात्पर्यग्राहकमेव पूर्ववृत्तीति । तेन घटाद्युत्पत्त्यनन्तरं कपालादौ दण्डाद्यभावेऽपि न क्षतिः ॥

घटादिकारणत्वं स्यादतो 'नियतत्वे सती'ति विशेषणम् । नियतपूर्ववर्तिनो दण्डरूपादेरपि घटकारणत्वं स्यादतो'ऽनन्यथासिद्‌ध'पदमपि कारणलक्षणे निवेशनीयम् । दण्डरूपादीनां त्वन्यथासिद्‌धत्वात् ।

## ન્યાયબોધિની

કાર્યની પ્રત્યે નિયતત્વવિશિષ્ટ પૂર્વવૃત્તિત્વ જેનું છે, તેને કારણ કહેવાય છે. કારણલક્ષણમાં નિયત પદનું ઉપાદાન ન કરીએ તો ઘટાદિની અવ્યવહિતપૂર્વક્ષણમાં અનિયતપણે રાસભાદિ પણ વૃત્તિ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે; તેના નિવારણ માટે લક્ષણમાં 'नियत' પદનું ઉપાદાન કર્યું છે. રાસભાદિ નિયત પૂર્વવૃત્તિ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ ઘટાદિની પૂર્વક્ષણમાં દંડાદિની જેમ દંડરૂપાદિ પણ નિયતપૂર્વવૃત્તિ હોવાથી દંડરૂપાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે કારણલક્ષણમાં અન્યથાસિદ્ધિશૂન્યત્વરૂપ અનન્યથાસિદ્ધત્વની વિવક્ષા કરવી જોઈએ. તેથી દંડરૂપાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે દંડરૂપાદિ અન્યથાસિદ્ધ છે. अनन्यथासिद्‌धत्व પદના નિવેશથી રાસભાદિમાં પણ અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે રાસભાદિ પણ અન્યથાસિદ્ધ છે. તેથી લક્ષણમાં "अनन्यथासिद्‌धत्व" પદના નિવેશથી નિયત પદનું કાંઈ પ્રયોજન નથી. આથી સ્પષ્ટ છે કે "अन्यथासिद्‌धिशून्यत्वे सति पूर्ववृत्तित्वम् कारणत्वम्" આ કારણનું લક્ષણ છે.

(प०) कार्येति । कार्यान्नियताऽवश्यंभाविनी पूर्ववृत्तिः पूर्वक्षणवृत्तिर्यस्य तत्तथेत्यर्थः । अनियतरासभादिवारणाय नियतेति । कार्यवारणाय पूर्वेति । दण्डत्वादिवारणायानन्यथासिद्‌धत्वविशेषणस्यावश्यकत्वेन तत एव रासभादिवारणसंभवे नियतपदमनर्थमेव । एवं चानन्यथासिद्‌धकार्यपूर्ववृत्ति कारणमिति फलितम् । अनन्यथासिद्‌धत्वमन्यथासिद्‌धिशून्यत्वम् । अन्यथासिद्‌धिश्चावश्यक्लृप्तनियतपूर्ववर्तिनैव कार्यसंभवे तत्सहभूतत्वम् । यथावश्यक्लृप्तनियतपूर्ववर्तिभिर्दण्डादिभिरेव घटरूपकार्यसंभवे तत्सहभूतत्वं

**दण्डत्वादौ तदन्यथासिद्धम् ॥**

## પદકૃત્ય

कार्यवारणाय पूर्वेति–કારણલક્ષણમાં 'पूर्व' પદનું ઉપાદાન ન કરીએ અને કારણનું લક્ષણ "अनन्यथासिद्धत्वविशिष्टवृत्तित्वम्" આટલું જ કરીએ તો કાર્યમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કાર્ય સ્વોત્તરક્ષણમાં વૃત્તિ છે અને અનન્યથાસિદ્ધ પણ છે. પૂર્વ પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે કાર્ય; સ્વપૂર્વક્ષણમાં વૃત્તિ નથી.

अन्यथासिद्धिश्च..... ઈત્યાદિ–અવશ્ય મનાઈ છે નિયત (વ્યાપક) પૂર્વવૃત્તિતા જેની એવા પદાર્થોથી કાર્યનો સંભવ હોય (ઉત્પત્તિ થતી હોય) તો, એ પદાર્થોની સાથે રહેનાર, 'અન્યથાસિદ્ધ' છે. ઘટાદિ-કાર્યની પ્રત્યે અવશ્યક્લૃપ્ત-નિયત-પૂર્વવર્ત્તિ-દંડાદિની સાથે રહેનારા દંડરૂપ, રાસભ, દંડત્વ, આકાશ અને કુલાલનો પિતા આ પાંચ અન્યથાસિદ્ધ છે. અન્યથાસિદ્ધિના લક્ષણમાં અવશ્યક્લૃપ્ત પદ શા માટે આપ્યું છે ? પાંચ અન્યથાસિદ્ધોનું સ્વરૂપ કયું છે ? ઈત્યાદિ જિજ્ઞાસાને દૂર કરવા 'મુક્તાવલી' વગેરે ગ્રંથો જોવા.

## मूलम्

**कार्यं प्रागभावप्रतियोगि ॥**

મૂલ :– પ્રાગભાવના પ્રતિયોગિને કાર્ય કહેવાય છે. 'इह घट उत्पत्स्यते' ઈત્યાદ્યાકારક પ્રતીતિના વિષયભૂત અભાવને પ્રાગભાવ કહેવાય છે. અને તે અભાવના પ્રતિયોગી ઉત્પત્તિમાન ઘટાદિને કાર્ય કહેવાય છે.

**(न्या) कार्यं लक्षयति–कार्यमिति । प्रागभावप्रतियोगित्वं कार्यस्य लक्षणम् । कार्योत्पत्तेः पूर्वम् 'इह घटो भविष्यति' इति प्रतीतिर्जायते एतत्प्रतीतिविषयीभूतो योऽभावः स प्रागभावः, तत्प्रतियोगि घटादिरूपं कार्यम् ॥**

સ્પષ્ટ છે.

**(प०) प्रागभावेति । कालादिवारणाय प्रागिति । असंभववारणाय**

**प्रतियोगीति ।**

## પદકૃત્ય

"प्रागभाव-प्रतियोगित्वम्" આ કાર્યલક્ષણમાં 'प्राग्' પદનો નિવેશ ન કરીએ તો, કાલાદિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે, અત્યન્તાભાવનો અથવા "घटो न कालः" ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત અન્યોન્યાભાવનો પ્રતિયોગી કાલ પણ હોવાથી અભાવ-પ્રતિયોગિત્વ કાલમાં છે જ. લક્ષણમાં 'प्राग्' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે કાલાદિ નિત્ય હોવાથી ઉત્પત્તિ પૂર્વે પ્રાપ્ત થનાર પ્રાગભાવના પ્રતિયોગી કાલાદિ નથી. "प्रागभावः-कार्यम्" આટલું જ લક્ષણ કરીએ તો અસંભવ આવશે. કારણ કે પ્રાગભાવત્વ તો કોઈ પણ કાર્યમાં નથી. પ્રાગભાવત્વ, માત્ર પ્રાગભાવમાં જ છે અને તે કાર્ય નથી. તેનું અસ્તિત્વ અનાદિ છે. તેથી અસંભવના નિવારણ માટે લક્ષણમાં 'प्रतियोगी' પદનો નિવેશ કર્યો છે. કાર્યમાત્રમાં પ્રાગભાવત્વ ન હોવા છતાં પ્રાગભાવપ્રતિયોગિત્વ તો છે જ તેથી અસંભવ નહિ આવે.

## मूलम्

**कारणं त्रिविधं समवाय्यसमवायिनिमित्तभेदात् ॥**

મૂલ :- "असाधारणं कारणं कारणम्" આ કરણલક્ષણઘટક કારણ પદાર્થનું લક્ષણ કહીને હવે કારણનો વિભાગ કરે છે. कारणं त्रिविधम्.. ઈત્યાદિ ગ્રંથથી. મૂલાર્થ સ્પષ્ટ છે.

**(न्या०) कारणं विभजते—कारणमिति । समवायिकारण-मसमवायिकारणं निमित्तकारणं चेति ॥**

## ન્યાયબોધિની

મૂલસ્થ 'कारण' પદનો અન્વય, द्वंद्वान्ते द्वंद्वादौ वा श्रूयमाणं पदं प्रत्येकमभिसम्बध्यते" આ ન્યાયના બલે દ્વંદ્વસમાસઘટક समवायि વગેરે પ્રત્યેક પદની સાથે કરે છે. समवायिकारणम्.....ઈત્યાદિ.

## मूलम्

यत्समवेतं कार्यमुत्पद्यते[1] तत्समवायिकारणम् । यथा तन्तवः पटस्य । पटश्च स्वगतरूपादेः ॥

મૂલ :– જેમાં સમવાયસંબંધથી વર્તમાન કાર્ય ઉત્પન્ન થાય છે. તેને સમવાયિકારણ કહેવાય છે. જેમ પટનું સમવાયિકારણ 'તન્તુ' છે અને પટના રૂપનું સમવાયિકારણ પટ છે.

(न्या०) समवायिकारणं लक्षयति–यत्समवेतमिति । यस्मिन्समवेतं सत्समवायेन संबद्धं सत् कार्यमुत्पद्यते तत्समवायिकारणमित्यर्थः । उदाहरणम्–यथा तन्तव इति । तन्तुषु समवायेन संबद्धं सत्पटात्मकं कार्यमुत्पद्यते तत् तन्तवः समवायिकारणमित्यर्थः । सामान्यलक्षणं तु-समवायसंबन्धावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसंबन्धावच्छिन्नकारणत्वं समवायिकारणत्वमिति । समवायसंबन्धेन घटाद्यधिकरणे कपालादौ कपालादेः तादात्म्यसंबन्धेनैव सत्त्वात्, समवायसंबन्धावच्छिन्नघटत्वा-वच्छिन्न–कार्यतानिरूपिततादात्म्यसंबन्धावच्छिन्नकारणतायाः कपालादौ सत्त्वाल्लक्षणसमन्वयः । जन्यभावत्वावच्छिन्नं प्रति तादात्म्यसंबन्धेन द्रव्यस्यैव कारणत्वाज्जन्यभावेषु द्रव्यगुणकर्मसु त्रिषु द्रव्यमेव समवायिकारणम् । द्रव्ये तु द्रव्यावयवाः समवायिकारणम् । अतो गुणादावपि द्रव्यमेव समवायिकारणमित्याशयेनाह–पटश्च स्वगतरूपादेरिति । समवायिकारणमित्यनुषज्यते ॥

## ન્યાયબોધિની

જેમાં સમવાયસંબંધથી સમ્બદ્ધ થતું કાર્ય ઉત્પન્ન થાય છે, તેને સમવાયિકારણ કહેવાય છે. તન્તુઓમાં સમવાયસંબંધથી સમ્બદ્ધ

---

१ उत्पद्यत इति सत्कार्यवादिसांख्यनिरासाय । स हि सत एव कार्यस्य कारणव्यापारैरभिव्यक्तिं मन्यते ।

(વર્તમાન) પટાત્મક કાર્ય ઉત્પન્ન થાય છે. તેથી તન્તુઓને, પટનું સમવાયિકારણ કહેવાય છે. "समवायसंबन्धावच्छिन्नकार्यतानिरू-पितता-दात्म्यसंबंधावच्छिन्नकारणताश्रयत्वम्" આ સમવાયિકારણનું સામાન્ય લક્ષણ છે. 'કાર્ય' અને 'કારણ' ભિન્નાધિકરણમાં વૃત્તિ હોય તો કાર્ય થતું નથી. તેથી સામાન્યતઃ કાર્ય અને કારણનું એક અધિકરણ હોવું જોઈએ. વિવક્ષિત એક અધિકરણમાં જે સંબંધથી કાર્ય અને કારણ વૃત્તિ હોય છે, તે સંબંધને ક્રમશઃ 'કાર્યતાવચ્છેદક સંબંધ' અને 'કારણતાવચ્છેદક સંબંધ' કહેવાય છે. લક્ષણમાં કાર્યતા અને કારણતા ક્રમશઃ સમવાયસંબંધાવચ્છિન્ન અને તાદાત્મ્યસંબંધાવચ્છિન્ન વિવક્ષિત-છે. એટલે કાર્ય અને કારણનું એક અધિકરણ એવું લેવું જોઈએ કે જેમાં કાર્ય, સમવાયસંબંધથી અને કારણ તાદાત્મ્યસંબંધથી વૃત્તિ હોય. પટાત્મક કાર્ય સમવાયસંબંધથી તન્તુમાં રહે છે અને તન્તુમાં તન્તુ સિવાય, એવું એક પણ પટનું કારણ નથી કે જે તાદાત્મ્યસંબંધથી વૃત્તિ હોય. આથી સ્પષ્ટ છે કે "पटत्वावच्छिन्नसमवाय-संबन्धावच्छिन्न-कार्यतानिरूपिततादात्म्यसंबंधावच्छिन्नकारणता" તન્તુમાં છે. માટે 'તન્તુ' એ પટનું સમવાયિકારણ છે. આવી જ રીતે "पटरूप-त्वावच्छिन्नसमवायसंबन्धावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसंबन्धा-वच्छिन्नकारणता" પટમાં હોવાથી પટરૂપની પ્રત્યે સમવાયિકારણ પટ છે, તેમ જ સાત પદાર્થમાં કાર્યરૂપ દ્રવ્ય, ગુણ અને કર્મ આ ત્રણ જન્યભાવપદાર્થો સમવાયસંબંધથી દ્રવ્યમાં ઉત્પન્ન થતા હોવાથી જન્યભાવની પ્રત્યે સમવાયિકારણ દ્રવ્ય જ છે. કારણ કે જન્યભાવત્વાવચ્છિન્નસમવાયસંબન્ધાવચ્છિન્નકાર્યતાનિરૂપિત-તાદા-ત્મ્યસંબન્ધાવચ્છિન્નકારણતા દ્રવ્યમાં જ છે. દ્રવ્યની પ્રત્યે દ્રવ્યના અવયવો, ગુણની પ્રત્યે ગુણી દ્રવ્ય, અને કર્મની પ્રત્યે કર્મવદ્દ્રવ્ય સમવાયિકારણ છે. કાર્યસ્વરૂપ ધ્વંસાત્મક અભાવ, સમવાયસંબંધથી વૃત્તિ ન હોવાથી ધ્વંસનું સમવાયિકારણ કોઈ જ નથી અને જન્ય દ્રવ્ય-ગુણ-કર્મ તથા ધ્વંસથી ભિન્ન પદાર્થો તો અકાર્યરૂપ છે. તેથી સ્પષ્ટ છે કે કાર્યમાત્રનું 'સમવાયિકારણત્વ' દ્રવ્યમાં જ છે.

(प०) यदिति । यस्मिन्समवायसंबन्धेन वर्तमानं तदित्यर्थः । चक्रादिवारणाय समवेतमिति ॥

## પદકૃત્ય

चक्रादिवारणाय....ઈત્યાદિ–સમવાયિકારણના લક્ષણમાં 'समवेत' પદનો નિવેશ ન કરીએ તો સંયોગાદિસંબંધથી ચક્રાદિમાં પણ ઘટાદિકાર્ય ઉત્પન્ન થતું હોવાથી ચક્રાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે समवेत પદનો નિવેશ કર્યો છે. ચક્રાદિમાં સમવાયસંબંધથી ઘટાદિકાર્ય ઉત્પન્ન થતું નથી. તેથી ચક્રાદિમાં ઘટાદિકાર્યના સમવાયિકારણત્વનો પ્રસંગ નહીં આવે.

## मूलम्

कार्येण कारणेन वा सहैकस्मिन्नर्थे समवेतं सत् कारणमसमवायिकारणम् । यथा तन्तुसंयोगः पटस्य । तन्तुरूपं पटरूपस्य ॥

મૂલ :- કાર્યની સાથે અથવા કારણ (સ્વકાર્યસમવાયિકારણ) ની સાથે એક અધિકરણમાં સમવાયસંબંધથી વર્તમાન કારણને અસમવાયિકારણ કહેવાય છે. પટાત્મક કાર્યની સાથે એક અધિકરણ તંતુમાં, તંતુસંયોગાત્મક કારણ સમવાયસંબંધથી વર્ત્તમાન છે માટે પટની પ્રત્યે 'તંતુસંયોગ' અસમવાયિકારણ છે. પટરૂપાત્મક કાર્યના સમવાયિકારણ પટની સાથે એક અધિકરણ તંતુમાં, તન્તુરૂપાત્મક કારણ સમવાયસંબંધથી રહે છે. તેથી પટરૂપની પ્રત્યે 'તન્તુરૂપ' અસમવાયિકારણ છે.

(न्या०) असमवायिकारणं लक्षयति–कार्येणेति । कार्येण सहैकस्मिन्नर्थे समवेतं सत् यत् कारणं तद् असमवायिकारणमित्यन्वयः । कारणेन सहैकस्मिन्नर्थे समवेतं सत् यत् कारणं तदसमवायिकारणमित्यन्वयः । अत्र 'कारणेने'त्यस्य स्वकार्यसमवायिकारणेनेत्यर्थः । जन्यद्रव्यमात्रे अवयवसंयोगस्यैवासमवायि-

कारणत्वात्पटात्मककार्ये तदवयवतन्तुसंयोगस्यैवासमवायिकारणत्वमिति दर्शयति—यथा तन्तुसंयोगः पटस्येति । पटात्मककार्येण सहैकस्मिन्नर्थे तन्तौ समवेतं सत्समवायसंबन्धेन वर्तमानं सत्पटात्मककार्यं प्रति तन्तुसंयोगात्मकं कारणमसमवायिकारणमित्यर्थः । द्वितीयमसमवायिकारणं कारणेन सहेत्यादिना पूर्वोक्तं तदुदाहरति—तन्तुरूपमिति । कारणेन सह पटरूपसमवायिकारणीभूतपटेन सह एकस्मिन्नर्थे तन्तुस्वरूपेऽर्थे समवेतं सत्समवायसंबन्धेन वर्तमानं सत् तन्तुरूपं पटगतरूपं प्रति कारणं भवति, अतोऽसमवायिकारणं तन्तुरूपं पटगतरूपस्य । सामान्यलक्षणं तु [1]समवायसंबन्धावच्छिन्नकार्यतानिरूपिता या समवायस्वसमवायिसमवेतत्वान्यतरसंबन्धावच्छिन्ना कारणता तदाश्रयत्वमसमवायिकारणत्वमिति । द्रव्यासमवायिकारणीभूतावयवसंयोगादौ तु [1]समवायसंबन्धावच्छिन्नघटत्वावच्छिन्नकार्यतानिरूपिता समवायसंबन्धावच्छिन्ना कपालद्वयसंयोगनिष्ठा कारणता कपालद्वयसंयोगे वर्तते । एवमाद्यपतनक्रियायामाद्यस्यन्दनक्रियायां च गुरुत्वद्रवत्वे असमवायिकारणे भवतः । आद्यपतनक्रियां प्रति आद्यस्यन्दनक्रियां प्रति च समवायसंबन्धेनैव तयोः कारणत्वात् । अवयविगुणादौ त्ववयवगुणादेः स्वसमवायिसमवेतत्वसंबन्धेनैव कारणत्वात्, तत्संबन्धावच्छिन्नकारणताश्रयत्वमवयवगुणादौ वर्तते । अवयवगुणकपालतन्तुरूपादेः स्वशब्दग्राह्यकपालरूपतन्तुरूपसमवायिक-

---

१ कार्यकारणयोः सामानाधिकरण्यमपेक्षितं तच्च एकस्मिन्नधिकरणे वृत्तित्वम् तत्र येन संबन्धेन कार्यस्य येन च कारणस्य वृत्तित्वमपेक्षितं तावुभौ क्रमेण कार्यतायाः कारणतायाश्चावच्छेदकसंबन्धौ भवतः । द्विविधेऽपि असमवायिकारणस्थले एकस्मिन्नधिकरणे कार्यस्य समवायेनैव वृत्तित्वमपेक्षितमिति उभयत्रापि समवाय एव कार्यतावच्छेदकसंबन्धः । कारणतावच्छेदकश्च प्रथमे समवायः, द्वितीये स्वसमवायिसमेतत्वम् । स्वशब्देन असमवायिकारणतयाभिमतस्य तन्तुरूपादेर्ग्रहणं, तत्समवायि नाम समवायेनाश्रयः तन्त्वादिः; तत्र समवेतत्वं समवायेन वृत्तित्वं पटादौ इति पटात्मके एकस्मिन्नधिकरणे पटरूपात्मककार्यस्य समवायेन तन्तुरूपात्मककारणस्य स्वसमवायिसमवेतत्वसंबन्धेन वृत्तित्वात्स्वसमवायिसमवेतत्वसंबन्धावच्छिन्ना कारणता तन्तुरूपेऽस्तीति बोध्यम् ।

**पालतन्तुसमेतत्वसंबन्धेन घटपटादौ सत्त्वात् ॥**

## ન્યાયબોધિની

"समवायसंबंधावच्छिन्नकार्यतानिरूपित–समवाय–स्वसमवायिसमवेतत्वान्यतरसंबन्धावच्छिन्नकारणताश्रयत्वम्" અર્થાત્ સમવાયસંબંધાવચ્છિન્ન કાર્યતા નિરૂપિત જે, સમવાય અથવા સ્વસમવાયિસમવેતત્વ સંબંધાવચ્છિન્ન કારણતા, તેના આશ્રયને 'અસમવાયિકારણ' કહેવાય છે. લક્ષણાર્થનો વિચાર કરતાં સ્પષ્ટપણે સમજાશે કે ઉભયત્ર કાર્યતાવચ્છેદક એક સમવાયસંબંધ વિવક્ષિત છે. અને કારણતાવચ્છેદક સંબંધ 'સમવાય' અથવા 'સ્વસમવાયિસમવેતત્વ' વિવક્ષિત છે. એટલે કાર્યનું અધિકરણ સમવાયસંબંધથી અને કારણનું અધિકરણ સમવાય અથવા સ્વસમવાયિસમવેતત્વ સંબંધથી લેવું જોઈએ. જેથી તે તે સંબંધો કાર્યતા અને કારણતાના અવચ્છેદક બને. મૂલમાં જણાવ્યા મુજબ એ પણ સ્પષ્ટ છે કે જન્યદ્રવ્ય પૃથ્વી, જલ, તેજ અને વાયુની પ્રત્યે તેના અવયવોનો સંયોગ જ અસમવાયિકારણ બને છે. અને અવયવી ઘટાદિના ગુણોની પ્રત્યે સ્વાવયવ કપાલાદિના ગુણો અસમવાયિકારણ બને છે. પટ કાર્યનું સમવાયસંબંધથી અધિકરણ સ્વાવયવ-તન્તુ છે. એમાં તંતુસંયોગ સ્વરૂપ કારણ (स्वावयवसंयोगात्मक कारण) પણ સમવાયસંબંધથી રહે છે. તેથી "समवायसंबन्धावच्छिन्नपटत्वावच्छिन्नकार्यतानिरूपितसमवायसंबन्धावच्छिन्नकारणता" તન્તુસંયોગમાં હોવાથી 'તન્તુસંયોગ' પટની પ્રત્યે અસમવાયિકારણ છે. પટરૂપાત્મક કાર્ય સમવાયસંબંધથી પટમાં રહે છે. ત્યાં (પટમાં) પટરૂપનું કારણ તંતુરૂપ 'સ્વસમવાયિસમવેતત્વ' સંબંધથી રહે છે. स्व પદથી તન્તુરૂપનું ગ્રહણ કરવું. તન્તુરૂપનું સમવાયિ (સમવાયસંબંધથી અધિકરણ) તન્તુ છે. એમાં (તન્તુમાં) સમવેત (સમવાયસંબંધથી રહેલો) પટ છે. તેથી 'स्वसमवायिसमवेतत्व' સંબંધ પટમાં હોવાથી તે સંબંધથી તેનું સંબંધી તન્તુરૂપ (સ્વ) પણ પટમાં છે. આથી સ્પષ્ટ છે કે "पटरूपत्वावच्छिन्नसमवायसंबन्धावच्छिन्नकार्यतानिरूपितस्वसमवायिसमवेतत्वसंबन्धावच्छिन्नका-

रणताश्रयत्व'' તન્તુરૂપમાં હોવાથી પટરૂપાત્મક કાર્ય (અવયવિગુણો)ની પ્રત્યે 'તન્તુરૂપ' (અવયવના ગુણો) અસમવાયિકારણ છે. આવી જ રીતે આદ્યપતન અને આદ્યસ્યન્દન ક્રિયાત્મક કાર્યની સાથે એક અધિકરણ ઘટાદિ અને જલાદિમાં ગુરુત્વ અને દ્રવત્વ સ્વરૂપ કારણ સમવાયસંબંધથી વૃત્તિ હોવાથી આદ્યપતન અને આદ્યસ્યંદન ક્રિયાની પ્રત્યે ગુરુત્વ અને દ્રવત્વ, અનુક્રમે અસમવાયિકારણ છે. (અહીં વિચારણીય છે કે–અવયવના ગુણો અવયવીના ગુણોની પ્રત્યે અસમવાયિકારણ છે. એમાં લક્ષણસમન્વય કરવા મૂલમાં ''कारणेन सहैकस्मिन्नर्थे...'' ઈત્યાદિ ગ્રંથ છે. જેના સ્વરૂપનું વર્ણન મૂલમાં કર્યું પણ છે. અહીં ન્યાયબોધિનીમાં પ્રકૃત સ્થળે લક્ષણસમન્વય કરવા માટે ''समवाय-संबंधावच्छिन्नकार्यतानिरूपितस्वसमवायिसमवेतत्वसंबन्धावच्छिन्न-कारणताश्रयत्वम्'' આ લક્ષણમાં 'स्वसमवायिसमवेतत्व' સંબંધનો નિવેશ છે. અહીં મૂલમાં કાર્ય અને કારણનું એકાધિકરણ 'तन्तु' વિવક્ષિત છે અને ન્યાયબોધિનીમાં કાર્ય અને કારણનું એકાધિકરણ 'પટ' લીધું છે. તેથી ન્યાયબોધિનીકારનું આ લક્ષણ મૂલસ્વારસ્યને અનુકૂળ નથી....મૂલસ્વારસ્યને અનુકૂલ લક્ષણ બનાવવું હોય તો 'तन्तु' આ અધિકરણમાં કારણ તન્તુનું રૂપ સમવાયસંબંધથી રહેતું હોવાથી કારણતાવચ્છેદક સંબંધ સમવાયને માનવો અને તન્તુમાં પટરૂપાત્મક કાર્ય 'સ્વસમવાયિ-સમવાયિત્વ' સંબંધથી રહેતું હોવાથી કાર્યતાવચ્છેદક સંબંધ 'સ્વસમવાયિસમવાયિત્વ'ને માનવો. આથી સ્પષ્ટ છે કે ''समवायस्वसमवायिसमवायित्वान्यतरसंबन्धावच्छिन्नकार्यतानि-रूपितसमवायसंबन्धावच्छिन्नकारणताश्रयत्वम् असमवायिकारणत्वम्' આ અસમવાયિકારણનું લક્ષણ મૂલાભિપ્રાયને અનુસરનારું છે. મૂલમાં બન્ને સ્થાને કારણતાવચ્છેદક સંબંધ 'સમવાય' એક જ છે. ન્યાયબોધિનીકારે કાર્યતાવચ્છેદક સંબંધ તરીકે બન્ને સ્થાને 'સમવાય' એકની જ વિવક્ષા રાખી છે. આટલો ભેદ છે.)

(૫૦) **कार्येणेति । कार्येण कारणेन वा सहैकस्मिन्नर्थे समवेतत्वे सति आत्मविशेषगुणभिन्नत्वे सति यत् कारणं तदसमवायिकारणम् ।**

**तन्तुसंयोगादावव्याप्तिवारणाय कार्येणेति । तन्तुरूपादावव्याप्तिवारणाय कारणेनेति । आत्मविशेषगुणेऽतिव्याप्तिवारणाय आत्मविशेषगुणभिन्नत्वे सतीति । विशेषवारणाय कारणमिति ।**

## પદકૃત્ય

"कारणेन सहैकस्मिन्नर्थे समवेतं सत्कारणमसमवायिकारणम्" આ પ્રમાણે જ અસમવાયિકારણનું લક્ષણ કરીએ તો પટના અસમવાયિકારણ તંતુસંયોગમાં અવ્યાપ્તિ આવશે. કારણ કે પટના સમવાયિકારણ તન્તુની સાથે તન્તુના અવયવમાં, તન્તુનો સંયોગ સમવાયસંબંધથી વૃત્તિ ન હોવાથી તન્તુસંયોગમાં લક્ષણ જતું નથી. તેથી અવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'कार्येण' પદનો નિવેશ કર્યો છે. જેથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે, 'પટ' કાર્યની સાથે એક અધિકરણ તન્તુમાં તન્તુનો સંયોગ, સમવાયસંબંધથી વૃત્તિ હોવાથી, તન્તુના સંયોગમાં લક્ષણસમન્વય થાય છે. આવી જ રીતે લક્ષણમાં 'कारणेन' પદનો નિવેશ ન કરીએ તો પટરૂપના અસમવાયિકારણ તન્તુરૂપમાં અવ્યાપ્તિ આવશે. કારણ કે પટરૂપાત્મક કાર્યની સાથે એકાધિકરણ પટમાં સમવાયસંબંધથી 'તન્તુનું રૂપ' વૃત્તિ ન હોવાથી તન્તુરૂપમાં લક્ષણ જતું નથી. તેથી અવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'कारणेन' પદનો પણ નિવેશ કર્યો છે, જેથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે પટરૂપના સમવાયિકારણ પટની સાથે એકાધિકરણ તન્તુમાં, તન્તુનું રૂપ સમવાયસંબંધથી વૃત્તિ હોવાથી 'તન્તુરૂપમાં' લક્ષણસમન્વય થાય છે. યદ્યપિ 'यो जानाति स इच्छति य इच्छति स करोति" અર્થાત્ "જે જાણે છે તે ઈચ્છે છે, અને જે ઈચ્છે છે તે કરે છે" આ વ્યાપ્તિથી કૃતિની પ્રત્યે ઈચ્છા કારણ છે અને ઈચ્છાની પ્રત્યે જ્ઞાન કારણ છે, એ સ્પષ્ટ સમજી શકાય છે. 'કૃતિ'- કાર્યની સાથે એક અધિકરણ આત્મામાં 'ઈચ્છા'- કારણ સમવાયસંબંધથી વૃત્તિ છે. તેથી કૃતિનું ઈચ્છા અસમવાયિકારણ થશે. તે; "આત્મવિશેષગુણોને અસમવાયિકારણ માનતા નથી" આ સિદ્ધાન્તવિરુદ્ધ છે. તેથી અસમવાયિકારણના

લક્ષણમાં "आत्मविशेषगुणभिन्नत्व" પદનો નિવેશ સમજવો જોઈએ. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઈચ્છાદિ (બુદ્ધ્યાદિ ૮) આત્મવિશેષ ગુણ છે. "कार्येण कारणेन वा सहैकस्मिन्नर्थे समवेतं सत् यत्कारणम्...."ઈત્યાદિ અસમવાયિકારણ-લક્ષણમાં 'कारण' પદનો નિવેશ ન કરીએ અને કાર્ય કે કારણની સાથે એક અધિકરણમાં સમવાયસંબંધથી વર્ત્તમાન જે કોઈ હોય તેને 'અસમવાયિકારણ' કહીએ તો 'દ્વ્યણુક' સ્વરૂપ કાર્યની સાથે એક અધિકરણ 'પરમાણુ'માં સમવાયસંબંધથી રહેનાર 'વિશેષ' માં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'कारण' પદનો નિવેશ કર્યો છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે દ્વ્યણુકની સાથે સમવાયસંબંધથી પરમાણુમાં 'વિશેષ' રહે છે પરંતુ તે દ્વ્યણુકનું કારણ નથી. આથી સ્પષ્ટ છે કે "आत्मविशेषगुणभिन्नत्वविशिष्टसमवायसंबन्धावच्छिन्नकार्यतानिरूपित-समवायस्वसमवायिसमवेतत्वान्यतरसंबन्धावच्छिन्नकारणताश्रयत्वम्" આ અસમવાયિકારણનું લક્ષણ છે.

## मूलम्

**तदुभयभिन्नं कारणं निमित्तकारणम् । यथा तुरीवेमादिकं पटस्य ॥**

મૂલ :– સમવાયિકારણ અને અસમવાયિકારણથી ભિન્ન કારણને નિમિત્તકારણ કહેવાય છે. પટની પ્રત્યે તુરી (જેમાંથી આડા દોરા નંખાય છે તે) અને વેમા (આડા દોરાને સરખા ગોઠવવા માટેનું આડું પાટિયુંવિશેષ) વગેરે નિમિત્તકારણ છે.

**(न्या०) निमित्तकारणं लक्षयति–तदुभयभिन्नमिति । समवायिकारण-भिन्नत्वे सति असमवायिकारणभिन्नत्वे सति कारणत्वं निमित्त-कारणत्वमित्यर्थः ॥**

સ્પષ્ટ છે.

**(प०) तदुभयभिन्नं कारणं निमित्तकारणमिति । समवाय्यसमवायि-कारणवारणाय तदुभयभिन्नमिति । विशेषादावतिव्याप्तिवारणाय कारणमिति ॥**

## पदकृत्य

લક્ષણમાં तदुभयभिन्न પદનું ઉપાદાન ન કરીએ તો સમવાયિકારણ અને અસમવાયિકારણમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'तदुभयभिन्न' પદનું ઉપાદાન કર્યું છે. સમવાયિકારણ અને અસમવાયિકારણ તદુભયથી ભિન્ન નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે, લક્ષણમાં कारण પદનો નિવેશ ન કરીએ તો સમવાયિકારણ અને અસમવાયિકારણથી ભિન્ન વિશેષમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે कारण પદનો નિવેશ કર્યો છે. 'વિશેષ' કારણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## मूलम्

**तदेतत् त्रिविधकारणमध्ये यदसाधारणं कारणं तदेव करणम् ॥**

મૂલ : આ ત્રણ કારણમાં જે અસાધારણ કારણ છે તેને કરણ કહેવાય છે.

**(न्या०) तदेतदिति । यदसाधारणमिति । 'व्यापारवत्त्वे सती'त्यपि पूरणीयम् । अन्यथा तन्तुकपालसंयोगयोरतिव्याप्तिः । तन्तुकपालसंयोगयोरपि कार्यत्वातिरिक्तपटत्वघटत्वावच्छिन्नं प्रति कारणत्वादसाधारणत्वमस्त्येव, इत्यतस्तत्र करणत्ववारणाय 'व्यापारवत्त्वे सती'ति करणलक्षणे विशेषणं देयम् । व्यापारत्वं तु 'तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वम्' । भवति हि दण्डजन्यत्वे सति दण्डजन्यघटजनकत्वाद् भ्रम्यादे-र्दण्डव्यापारत्वम् । एवं कपालसंयोगतन्तुसंयोगादेरपि कपालतन्तुव्यापारत्वम्, कपालतन्तुजन्यत्वे सति कपालतन्तुजन्यघटपटजनकत्वात् । करणलक्षणे 'ऽ-साधारणत्व'-विशेषणानुपादाने ईश्वरादृष्टादेरपि व्यापारवत्कारणत्वस्य सत्त्वात्, तत्रातिव्याप्तिवारणाय असाधारणेति विशेषणम् ॥**

## ન્યાયબોધિની

સ્પષ્ટપ્રાયઃ છે. "व्यापारवदसाधारणकारणं करणम्" આ લક્ષણમાં

असाधारण પદનો નિવેશ ન કરીએ તો સાધારણકારણ ઈશ્વરેચ્છામાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે ઈશ્વરેચ્છા પણ ભ્રમ્યાદિવ્યાપારવત્ કારણ છે જ. પરંતુ असाधारण પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. ઈત્યાદિ પણ લગભગ જણાવેલું છે.

(प०) **तदेतदिति । यस्मात्कारणात्करणत्वघटकं कारणमुपदर्शितं तस्मादेतत् त्रिविधसाधकमध्ये यत्साधकतमं तदेव करणमिति भावः ॥ इति करणप्रपञ्चः ॥**

## પદકૃત્ય ।

"असाधारणं कारणं करणमि...त्यादि ગ્રંથથી યદ્યપિ કરણનું નિરૂપણ કર્યું છે. પરંતુ ત્યારે કરણલક્ષણઘટક કારણ પદાર્થનું નિરૂપણ કર્યું ન હતું. હવે કારણપદાર્થના નિર્વચન બાદ 'तदेत...'' ઈત્યાદિ ગ્રંથથી ફરીથી 'કરણ'નું નિરૂપણ કરવાથી કોઈ દોષ નથી.'' આ આશયથી કહે છે. "यस्मात्कारणात्...." ઈત્યાદિ.

## मूलम्

**तत्र प्रत्यक्षज्ञानकरणं प्रत्यक्षम् ॥**

મૂલ :- પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ આ ચાર પ્રમાણમાં પ્રત્યક્ષજ્ઞાનના કરણને (વ્યાપારવદસાધારણકારણને) પ્રત્યક્ષ પ્રમાણ કહેવાય છે. "चक्षुषा मे प्रत्यक्षं जातम्", "प्रत्यक्षं प्रमाणम्" અને 'घटो मे प्रत्यक्षः' આ ત્રણ પ્રયોગથી સ્પષ્ટ છે કે પ્રત્યક્ષાત્મકજ્ઞાન, પ્રત્યક્ષ-પ્રમાણ અને પ્રત્યક્ષજ્ઞાનના વિષયમાં પ્રત્યક્ષ શબ્દનો પ્રયોગ થાય છે.

(न्या०) **षड्विधेन्द्रियभूतप्रमाणस्य लक्षणमाह–तत्रेति । प्रमाभूतेषु प्रत्यक्षात्मकं यज्ज्ञानं चाक्षुषादिप्रत्यक्षं तत्प्रति व्यापारवदसाधारणं कारण-मिन्द्रियं भवति । अतः 'प्रत्यक्षज्ञानकरणत्वं' प्रत्यक्षस्य लक्षणम् । आद्यसंनिकर्षातिरिक्तचतुर्विधसंनिकर्षाणां समवायरूपत्वेनेन्द्रियजन्यत्वाभा-वाद् व्यापारत्वं न संभवतीति इन्द्रियमनःसंयोगस्यैव बाह्यप्रत्यक्षे जननीये**

**इन्द्रियव्यापारता बोध्या । मानसप्रत्यक्षे त्वात्ममनःसंयोगस्यैव सा बोध्या ।**

## ન્યાયબોધિની

પ્રમાસ્વરૂપ યથાર્થાનુભવમાં પ્રત્યક્ષાત્મક જ્ઞાનની પ્રત્યે, વ્યાપારવદસાધારણકારણ ઈન્દ્રિય છે. તેથી "प्रत्यक्षज्ञानकरणत्वम्" આ પ્રત્યક્ષપ્રમાણભૂત ઈન્દ્રિયનું લક્ષણ છે. પ્રત્યક્ષાત્મકજ્ઞાનની પ્રત્યે ચક્ષુ વગેરે ઈન્દ્રિયો કરણ છે અને ઈન્દ્રિયમનઃસંયોગ વ્યાપાર છે. વક્ષ્યમાણ સંયોગાદિ સન્નિકર્ષમાંથી, સંયોગસન્નિકર્ષાતિરિક્ત ચાર સન્નિકર્ષો સમવાય સ્વરૂપ હોવાથી (નિત્ય હોવાથી) તેમાં ઈન્દ્રિયજન્યત્વ નથી. તેથી તેમાં 'વ્યાપારત્વ' માની શકાશે નહીં. માનસપ્રત્યક્ષમાં તો આત્મમનઃસંયોગ વ્યાપાર છે.

**(૫૦) तत्रेति प्रमाणचतुष्टयमध्ये । दण्डादिवारणाय ज्ञानेति । अनुमानादिवारणाय प्रत्यक्षेति ॥**

### પદકૃત્ય

"करणं प्रत्यक्षम्" આ પ્રમાણે પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ કરીએ તો ઘટાદિના કરણ દંડાદિમાં અતિવ્યાપ્તિ આવશે. દંડાદિ જ્ઞાનના કરણ ન હોવાથી લક્ષણમાં ज्ञान પદોપાદાનથી અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં प्रत्यक्ष પદનો નિવેશ ન કરીએ તો જ્ઞાનના કરણ અનુમાનાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે प्रत्यक्ष પદનો નિવેશ કર્યો છે. અનુમાનાદિ પ્રત્યક્ષજ્ઞાનના કરણ નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

### मूलम् ।

**(ज्ञानाकरणकं ज्ञानं प्रत्यक्षम्) इन्द्रियार्थसंनिकर्षजन्यं ज्ञानं प्रत्यक्षम् । तद् द्विविधम्–निर्विकल्पकं सविकल्पकं चेति ।**

મૂલ :– ઈન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષથી જન્ય જે જ્ઞાન; તેને 'પ્રત્યક્ષ' કહેવાય છે 'નિર્વિકલ્પક' અને 'સવિકલ્પક' આ બે ભેદથી પ્રત્યક્ષ બે પ્રકારનું છે.

(न्या०) प्रत्यक्षप्रमाणलक्षणमुक्त्वा प्रत्यक्षप्रमालक्षणमाह– (ज्ञानाकरणकमिति । क्षेपकं लक्षणमिदम् । ज्ञानं-व्याप्तिज्ञानं सादृश्यज्ञानं पदज्ञानं च करणं येषां ते ज्ञानकरणका अनुमित्युपमितिशाब्दाः । ज्ञानकरणकं न भवतीति ज्ञानाकरणकम् । तत्त्वं प्रत्यक्षलक्षणम् । इदं लक्षणमीश्वरप्रत्यक्षसाधारणम् । ईश्वरप्रत्यक्षस्याजन्यत्वात्, जन्यप्रत्यक्षे इन्द्रियाणामेव करणत्वं न तु ज्ञानस्येति तयोरुभयोः संग्रहः ।) इन्द्रियार्थसंनिकर्षेति । जन्यप्रत्यक्षस्यैव लक्ष्यत्वमित्यभिप्रायेणेदं लक्षणम् । प्रत्यक्षं विभजते–निर्विकल्पकमिति ॥

## ન્યાયબોધિની

"ज्ञानाऽकरणकं ज्ञानं प्रत्यक्षम्" અર્થાત્ 'જ્ઞાન' જેનું કરણ નથી એવા જ્ઞાનને પ્રત્યક્ષ કહેવાય છે. વ્યાપ્તિજ્ઞાન, સાદૃશ્યજ્ઞાન અને પદજ્ઞાન અનુક્રમે અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દબોધના કરણ હોવાથી અનુમિત્યાદિ જ્ઞાનકરણક છે. જ્યારે પ્રત્યક્ષાત્મક જ્ઞાનનું કરણ ઈન્દ્રિયો છે. તે જ્ઞાન નથી માટે પ્રત્યક્ષાત્મકજ્ઞાન જ્ઞાનાકરણક છે. ઈશ્વરીય પ્રત્યક્ષ નિત્ય હોવાથી એનું કોઈ પણ કરણ નથી. તેથી તે પણ જ્ઞાનાકરણક છે. આ રીતે લક્ષણ કરવાથી પરમાત્મા અને જીવાત્મા ઉભયના પ્રત્યક્ષનો સંગ્રહ થાય છે. પરંતુ આ લક્ષણ પ્રક્ષિપ્ત છે. ઈન્દ્રિય-પદાર્થસન્નિકર્ષજન્યત્વ યદ્યપિ પરમાત્માના નિત્ય પ્રત્યક્ષમાં ન હોવાથી મૂલોક્ત લક્ષણ અવ્યાપ્તિ દોષથી યુક્ત છે. પરંતુ અહીં જન્યપ્રત્યક્ષ જ લક્ષ્ય હોવાથી અલક્ષ્ય નિત્ય-પ્રત્યક્ષમાં લક્ષણનો સમન્વય ન થાય એ ઈષ્ટ જ છે.

(प०) इन्द्रियार्थेति । इन्द्रियं चक्षुरादिकमर्थो घटादिस्तयोः संनिकर्षः संयोगादिस्तज्जन्यं ज्ञानं प्रत्यक्षमित्यर्थः । संनिकर्षध्वंसवारणाय ज्ञानमिति । अनुमित्यादिवारणाय इन्द्रियार्थसंनिकर्षेति । ननु सोपनेत्रचक्षुषा कथं पदार्थग्रहणं, चक्षुष उपनेत्रनिरुद्धत्वेन पदार्थेन सह संनिकर्षाभावाद् । कथं वा स्वच्छजाह्नवीसलिलावृतमत्स्यादेश्चक्षुषा ग्रहणमिति चेन्न । स्वच्छद्रव्यस्य

**तेजोनिरोधकत्वाभावेन तदन्तश्चक्षुःप्रवेशसंभवात् । न चेश्वरप्रत्यक्षेऽव्याप्तिरिति वाच्यम् । अत्र जन्यप्रयक्षस्यैव लक्षितत्वात् ॥**

## પદકૃત્ય

પ્રત્યક્ષલક્ષણમાં જ્ઞાન પદનું ઉપાદાન ન કરીએ તો ઈન્દ્રિય-પદાર્થના સન્નિકર્ષથી જન્ય ઈન્દ્રિયપદાર્થસન્નિકર્ષના ધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે ધ્વસંની પ્રત્યે પ્રતિયોગી કારણ હોવાથી ઈન્દ્રિયાર્થ-સન્નિકર્ષનો ધ્વંસ પણ ઈન્દ્રિયપદાર્થસન્નિકર્ષથી જન્ય છે. લક્ષણમાં જ્ઞાન પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે 'ઈન્દ્રિયાર્થસન્નિકર્ષ-ધ્વંસ' જ્ઞાન નથી. માત્ર 'ज्ञानं प्रत्यक्षम्' આટલું જ લક્ષણ કરીએ તો અનુમિત્યાદિ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'इन्द्रियार्थसन्निकर्षजन्यत्व' પદનો નિવેશ કર્યો છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે અનુમિત્યાદિજ્ઞાન ઈન્દ્રિય-પદાર્થસન્નિકર્ષથી જન્ય નથી. યદ્યપિ ચશ્માથી યુક્ત ચક્ષુથી ઘટાદિનું પ્રત્યક્ષ અને ગંગાના સ્વચ્છ જલમાં રહેલા મત્સ્યાદિનું ચક્ષુથી પ્રત્યક્ષ થવું ન જોઈએ. કારણ કે ત્યાં ચશ્મા અને જલથી ચક્ષુ નિરુદ્ધ હોવાથી ચક્ષુનો ઘટ કે મત્સ્યની સાથે સન્નિકર્ષ થતો નથી. પરંતુ સ્વચ્છ દ્રવ્યો તેજના નિરોધક ન હોવાથી એવા દ્રવ્યનું વ્યવધાન હોવા છતાં ચક્ષુનો (તૈજસેન્દ્રિયનો) પદાર્થની સાથે સન્નિકર્ષ થવામાં કોઈ અનુપપત્તિ નથી.

## मूलम्

**तत्र निष्प्रकारकं ज्ञानं निर्विकल्पकम् ॥**

મૂલ :– જે પ્રકારથી રહિત છે એ 'જ્ઞાન' ને નિર્વિકલ્પક જ્ઞાન કહેવાય છે.

**(न्या०) तल्लक्षयति–तत्र निष्प्रकारकमिति । प्रकारताशून्यज्ञानत्वमेव निर्विकल्पकत्वमित्यर्थः । निर्विकल्पके चतुर्थी विषयता स्वीक्रियते । न तु त्रिविधविषयतामध्ये कापि तत्रास्ति । अतो विशेष्यताशून्यज्ञानत्वं संसर्गताशून्यज्ञानत्वमित्यपि लक्षणं संभवति ॥**

## ન્યાયબોધિની

'પ્રકારતાશૂન્યજ્ઞાનત્વ' નિર્વિકલ્પકજ્ઞાનનું લક્ષણ છે. અર્થાત્ જે જ્ઞાન પ્રકારતાનું નિરૂપક નથી તે જ્ઞાનને નિર્વિકલ્પક જ્ઞાન કહેવાય છે. જ્ઞાનમાત્ર વિષયતાનું નિરૂપક હોય છે. પ્રકારતા, વિશેષ્યતા અને સંસર્ગતાખ્ય વિષયતામાંથી કોઈ પણ એક વિષયતાનો નિરૂપકતા સંબંધથી જ્ઞાનમાં સ્વીકાર કરીએ તો એની સાથે અન્ય બે વિષયતાનું નિરૂપકત્વ પણ જ્ઞાનમાં માનવું જોઈએ. કારણ કે તે વિષયતા પરસ્પર સાપેક્ષ છે. નિર્વિકલ્પક જ્ઞાન પ્રકારતાખ્યવિષયતાથી શૂન્ય છે. એનો અર્થ એ નથી કે એ જ્ઞાન વિશેષ્યતાખ્ય કે સંસર્ગતાખ્ય વિષયતાનું નિરૂપક છે. કારણ કે તાદૃશ વિષયતાનિરૂપકત્વના સ્વીકારથી પ્રકારતાખ્યવિષયતાકત્વ પણ નિર્વિકલ્પક જ્ઞાનમાં માનવાનો પ્રસંગ આવશે. તેથી નિર્વિકલ્પકજ્ઞાન તાદૃશ ત્રિવિધ વિષયતાનું નિરૂપક ન હોવાથી તે જ્ઞાનનાં ''विशेष्यताशून्यज्ञानत्वम्'' કે ''संसर्गताशून्यज्ञानत्वम्'' આ પણ લક્ષણો નિર્દુષ્ટ છે. નિર્વિકલ્પક જ્ઞાન એ જ્ઞાન હોવાથી એમાં ત્રિવિધ વિષયતાથી અતિરિક્ત ચોથી વિષયતાનું નિરૂપકત્વ મનાય છે. જે વિષયતા નિર્વિકલ્પકજ્ઞાનીય વિષયતા તરીકે ઓળખાય છે.

**(૫૦) तत्र निष्प्रकारकमिति । सविकल्पकेऽतिव्याप्तिवारणाय निष्प्रकारकमिति । प्रकारवारणाय ज्ञानमिति ।**

## પદકૃત્ય

''ज्ञानं निर्विकल्पकम्'' આ પ્રમાણે નિર્વિકલ્પકનું લક્ષણ કરીએ તો સવિકલ્પક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'निष्प्रकारक' પદનું ઉપાદાન કર્યું છે. સવિકલ્પક જ્ઞાન પ્રકારતાશૂન્ય ન હોવાથી એમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'ज्ञान' પદનું ઉપાદાન ન કરીએ તો પ્રકાર (ધર્મ)માં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે પ્રકાર પણ પ્રકારથી રહિત હોય છે. તેથી પ્રકારમાં

આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'ज्ञान' પદનું ઉપાદાન કર્યું છે. પ્રકાર 'જ્ઞાન' ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## मूलम्

**सप्रकारकं ज्ञानं सविकल्पकम् । यथा डित्थोऽयं, ब्राह्मणोऽयं, श्यामोऽयमिति ॥**

મૂલ :- પ્રકારતાનિરૂપક જ્ઞાનને 'સવિકલ્પકજ્ઞાન' કહેવાય છે. દા. ત. डित्थोऽयं, श्यामोऽयं, ब्राह्मणोऽयम्, ઈત્યાદ્યાકારક જ્ઞાન 'સવિકલ્પક' છે.

**(न्या०) सविकल्पकं लक्षयति—सप्रकारकमिति । विषयताया ज्ञाननिरूपितत्वाज्ज्ञानस्य विषयतानिरूपकत्वेन प्रकारतानिरूपकज्ञानत्वं सविकल्पकस्य लक्षणम् । एवं विशेष्यतानिरूपकज्ञानत्वं संसर्गतानिरूपकज्ञानत्वमित्यपि लक्षणं संभवति । उदाहरणम्—यथेति । इदन्त्वावच्छिन्नविशेष्यतानिरूपितडित्थत्वप्रकारताशालिज्ञानं ब्राह्मणत्वप्रकारताशालिज्ञानं च सविकल्पकमित्यर्थः ।**

## ન્યાયબોધિની

-જ્ઞાન, સવિષયક હોવાથી, વિષયતા જ્ઞાનનિરૂપિત હોય છે. અને જ્ઞાન વિષયતાનું નિરૂપક હોય છે એ પૂર્વે પણ જણાવ્યું છે જ. પ્રકારતાખ્યવિષયતાનું નિરૂપક જે જ્ઞાન છે, તેને સવિકલ્પક જ્ઞાન કહેવાય છે. એક પ્રકારતાખ્યવિષયતાના સ્વીકારથી, પૂર્વે જણાવ્યા મુજબ અન્ય બે વિષયતાને પણ સ્વીકારવી પડશે. તેથી 'विशेष्यतानिरूपकज्ञानत्वम्" અને "संसर्गतानिरूपकज्ञानत्वम्" આ લક્ષણો પણ સવિકલ્પક જ્ઞાનનાં થઈ શકે છે. डित्थोऽयम्, ब्राह्मणोऽयम् અને श्यामोऽयम्, ઈત્યાકારક જ્ઞાન ક્રમશઃ ડિત્થત્વ, બ્રાહ્મણત્વ અને શ્યામત્વ (શ્યામરૂપ) નિષ્ઠ પ્રકારતાનિરૂપક છે. અને ઈદમ્ પદાર્થનિષ્ઠ વિશેષ્યતા નિરૂપક છે. એ વિશેષ્યતાનો અવચ્છેદક 'इदंत्व' છે તેથી

સ્પષ્ટ છે કે, "इदंत्वावच्छिन्नविशेष्यतानिरूपितडित्थत्वादिनिष्ठप्रकारता-शालिज्ञान" "डित्थोऽयम्" ઈત્યાકારક છે, જેને સવિકલ્પક જ્ઞાન કહેવાય છે.

(प०) **सप्रकारकमिति । घटादिवारणाय ज्ञानमिति । निर्वि-कल्पकवारणाय सप्रकारकमिति ॥**

## પદકૃત્ય

સવિકલ્પક જ્ઞાનના લક્ષણમાં 'ज्ञान' પદનું ઉપાદાન ન કરીએ તો, પ્રકારથી યુક્ત (ધર્મથી યુક્ત ધર્મી) ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિવારણ માટે 'ज्ञान' પદનું ઉપાદાન કર્યું છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઘટાદિ ધર્મી જ્ઞાનસ્વરૂપ નથી. માત્ર "ज्ञानं सविकल्पकम्" આટલું જ લક્ષણ કરીએ તો 'નિર્વિકલ્પક' જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. 'सप्रकारक' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે નિર્વિકલ્પક જ્ઞાન સપ્રકારક નથી હોતું.

**प्रत्यक्षज्ञानहेतुरिन्द्रियार्थसंनिकर्षः षड्विधः—संयोगः, संयुक्त-समवायः, संयुक्तसमवेतसमवायः, समवायः, समवेतसमवायो, विशेषणविशेष्यभावश्चेति ॥**

મૂલ :- પ્રત્યક્ષાત્મક જ્ઞાનના કારણભૂત ઈન્દ્રિયપદાર્થસન્નિકર્ષ 'છ' પ્રકારના છે. સંયોગ, સંયુક્તસમવાય, સંયુક્તસમવેતસમવાય, સમવાય, સમવેતસમવાય અને વિશેષણ–વિશેષ્યભાવ.

(न्या०) **चाक्षुषादिषड्विधप्रत्यक्षकारणीभूतान् षड्विधसंनिकर्षान्वि-भजते—संयोग इत्यादिना । द्रव्यवृत्तिलौकिकविषयतासंबन्धेन चाक्षुष-त्वावच्छिन्नं प्रति चक्षुःसंयोगः कारणम् । द्रव्यसमवेतवृत्तिलौकिकविषयता-संबन्धेन चाक्षुषत्वावच्छिन्नं प्रति चक्षुसंयुक्तसमवायस्य हेतुत्वम् । द्रव्यसमवेतसमवेतवृत्तिलौकिकविषयतासंबन्धेन चाक्षुषत्वावच्छिन्नं प्रति चक्षुःसंयुक्तसमवेतसमवायस्य हेतुत्वम् । द्रव्यग्राहकाणीन्द्रियाणि चक्षुस्त्वङ्-**

मनांसि त्रीण्येव । अन्यानि घ्राणरसनश्रवणानि गुणग्राहकाणि । अतस्त्वगिन्द्रियस्थले द्रव्यवृत्तिलौकिकविषयतासंबन्धेन त्वाचप्रत्यक्षत्वावच्छिन्नं प्रति त्वक्संयोगस्य हेतुता । एवं द्रव्यसमवेतत्वाचप्रत्यक्षत्वावच्छिन्नं प्रति त्वक्संयुक्तसमवायस्य हेतुता । द्रव्यसमवेतसमवेतोष्णत्वशीतत्वादिजातिस्पार्शनप्रत्यक्षे त्वक्संयुक्तसमवेतसमवायस्य हेतुता । एवमात्ममानसप्रत्यक्षे मनःसंयोगस्य हेतुता । आत्मसमवेतसुखादिमानसप्रत्यक्षे मनःसंयुक्तसमवायस्य हेतुता । आत्मसमवेतसमवेतसुखत्वादिमानसप्रत्यक्षे मनःसंयुक्तसमवेतसमवायस्य हेतुता । रसनघ्राणयोस्तु रसगन्धतद्गतजातिग्राहकत्वेन द्वितीयतृतीययोः संनिकर्षयोरेव तत्र हेतुता वाच्या ॥ श्रवणेन्द्रियस्याकाशरूपत्वेन शब्दस्याकाशगुणत्वेन श्रवणेन्द्रियेण च समं शब्दस्य समवायः संनिकर्षः । शब्दवृत्तिशब्दत्वकत्वखत्वादिजातिविषयकश्रावणप्रत्यक्षे समवेतसमवायस्य हेतुता । अभावप्रत्यक्षे विशेषणविशेष्यभावो नाम विशेषणतासंनिकर्षः । पञ्चविधसंनिकर्षोपरि विशेषणता योजनीया । तथाहि—द्रव्याधिकरणकाभावप्रत्यक्षे इन्द्रियसंयुक्तविशेषणता । एवं संयोगस्थाने संयुक्तपदं घटयित्वा समवायस्थाने च समवेतपदं घटयित्वा अभावप्रत्यक्षस्थले निर्वाह्यम्, तथा घटद्रव्यसमवेतं घटत्वं पृथ्वीत्वादिकं रूपादिकं च । तत्र नीलादौ पीतत्वाभावः घटत्वादिजातौ पटत्वाभावश्च वर्तते, स चाभावः संयुक्तसमवेतविशेषणतासंनिकर्षेण गृह्यते। एवं नीलत्वादिजातौ पीतत्वाभावोऽपीन्द्रियसंयुक्तसमवेतसमवेतविशेषणतासंनिकर्षेण गृह्यते, घटसमवेतं नीलं, तत्समवेतं नीलत्वं, तद्विशेषणता पीतत्वाभावे वर्तत इति संक्षेपः ॥ इति प्रत्यक्षपरिच्छेदः ।

## ન્યાયબોધિની

ચાક્ષુષ ત્વાચ માનસ રાસન ઘ્રાણજ અને શ્રાવણ, આ છ પ્રકારના પ્રત્યક્ષમાં કારણભૂત સન્નિકર્ષોનો વિભાગ કરે છે. 'संयोग.... ઈત્યાદિ ગ્રંથથી. ઘટાદિ દ્રવ્ય અને આત્મદ્રવ્યના પ્રત્યક્ષની પ્રત્યે ચક્ષુ, ત્વક્ અને મન ઈન્દ્રિય કરણ છે. ઘટાદિ દ્રવ્યની સાથે જ્યારે 'ચક્ષુ'

અને 'ત્વક્' ઈન્દ્રિયનો સંયોગ તથા આત્માની સાથે 'મન' ઈન્દ્રિયનો સંયોગ થાય ત્યારે જ ઘટાદિ દ્રવ્યનું અને આત્મદ્રવ્યનું અનુક્રમે ચાક્ષુષ અથવા ત્વાચ અને માનસ પ્રત્યક્ષ થાય છે. ચક્ષુ વગેરે ઈન્દ્રિયોના સન્નિકર્ષથી થતું જે પ્રત્યક્ષ છે, તે લૌકિક પ્રત્યક્ષ કહેવાય છે. તેથી એતાદૃશ પ્રયક્ષના વિષય ઘટાદિમાં લૌકિકવિષયતા મનાય છે. અલૌકિકપ્રત્યક્ષનું સ્વરૂપ 'મુક્તાવલી'માં વર્ણવેલું છે. ઉપર જણાવ્યા મુજબ દ્રવ્યપ્રત્યક્ષમાં ચક્ષુ, ત્વક્ અને મન આ ત્રણ ઈન્દ્રિયો જ કારણ છે. બાકીની ત્રણ ઈન્દ્રિયો દ્રવ્યગ્રાહક નથી. દ્રવ્યપ્રત્યક્ષમાં, ચક્ષુસંયોગ, ત્વક્સંયોગ અને મનઃસંયોગ આ ત્રણ જ સન્નિકર્ષો કારણ છે. પૂર્વે જણાવ્યા મુજબ કાર્ય અને કારણનું એકાધિકરણત્વ આવશ્યક છે. આમ તો પ્રત્યક્ષ સમવાયસંબંધથી આત્મામાં રહે છે અને ઈન્દ્રિયોનો સંયોગ (સન્નિકર્ષ) ઈન્દ્રિય અને પદાર્થમાં રહે છે. તેથી પ્રત્યક્ષાત્મક કાર્ય અને ઈન્દ્રિયસંયોગાદિ સન્નિકર્ષાત્મક કારણનું એકાધિકરણત્વ જણાવતાં કાર્યકારણભાવ જણાવે છે. 'દ્રવ્યવૃત્તિ'....ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, સામાન્યતઃ વિષયતાસંબંધથી 'જ્ઞાન' સ્વવિષયમાં રહે છે. ઘટાદિનું પ્રત્યક્ષ વિષયતાસંબંધથી સ્વવિષય ઘટાદિમાં રહે છે. તે વિષયતા ઉપર જણાવ્યા મુજબ લૌકિક છે. દ્રવ્યવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી ચાક્ષુષાદિ પ્રત્યક્ષ, દ્રવ્યમાં વૃત્તિ છે, ત્યાં સમવાયસંબંધથી ચક્ષુ વગેરે ઈન્દ્રિયોનો સંયોગ વૃત્તિ છે. આ રીતે કાર્ય અને કારણના એક અધિકરણમાં દ્રવ્યપ્રત્યક્ષાત્મક કાર્ય દ્રવ્યવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી અને ઈન્દ્રિય સંયોગાત્મક કારણ સમવાયસંબંધથી વૃત્તિ હોવાથી અનુક્રમે તે સંબંધ કાર્યતા અને કારણતાના અવચ્છેદક બને છે. આથી સ્પષ્ટ છે કે, द्रव्यवृत्तिलौकिकविषयत्वसम्बन्धावच्छिन्नचाक्षुषत्वावच्छिन्नकार्यतानिरूपित-समवायसंबन्धावच्छिन्नकारणताश्रयश्चक्षुःसंयोगसन्निकर्षः । द्रव्यवृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्नत्वाचप्रत्यक्षत्वावच्छिन्नकार्यता-निरूपितसमवायसंबंधावच्छिन्नकारणताश्रयस्त्वक्संयोगसन्निकर्षः । અને द्रव्यवृत्तिलौकिकविषयत्वसंबंधावच्छिन्नमानसत्वावच्छिन्न(आत्मप्रत्यक्षनिष्ठ) कार्यता-निरूपितसमवायसंबंधावच्छिन्न-कारणताश्रयो मनःसंयोगसन्निकर्षः ।

આ દ્રવ્યપ્રત્યક્ષ અને તેના કારણભૂત ઈન્દ્રિયસંયોગના કાર્યકારણ ભાવ છે.

સામાન્યતઃ દ્રવ્યસમવેત દ્રવ્યત્વાદિ-જાતિ, રૂપાદિગુણો તથા ક્રિયાનું પ્રત્યક્ષ પાંચ ઈન્દ્રિયથી જન્ય છે. એમાં ઈન્દ્રિયસંયુક્ત (દ્રવ્ય) સમવાયસન્નિકર્ષ કારણ બને છે. ઘટાદિદ્રવ્યસમવેત ઘટત્વાદિ જાતિ, રૂપાદિગુણો અથવા ગમનાદિક્રિયાનું પ્રત્યક્ષ ઘટાદિસમવેત વૃત્તિલૌકિક વિષયતાસંબંધથી ઘટત્વાદિ જાતિ, રૂપાદિગુણો અથવા ક્રિયામાં રહે છે. ત્યાં ચક્ષુ વગેરે ઈન્દ્રિયસંયુક્ત ઘટાદિમાં વૃત્તિ ઘટત્વાદિ જાતિ, રૂપાદિગુણો અથવા ક્રિયાનો સમવાયસન્નિકર્ષ, સ્વરૂપસંબંધથી વૃત્તિ છે. તેથી સ્પષ્ટ છે કે द्रव्यसमवेत (गुण-कर्म-जाति) वृत्तिलौकिकविषयत्व संबंधावच्छिन्नचाक्षुषत्वावच्छिन्न (त्वाच–मानस–रासन-घ्राणजत्वावच्छिन्न) कार्यतानिरूपितस्वरूपसंबंधावच्छिन्नकारणताश्रयश्चक्षुः (त्वक्–मनः–रसन–घ्राण) संयुक्तसमवायसन्निकर्षः । આ રીતે દ્રવ્યસમવેત ગુણાદિપ્રત્યક્ષ અને તેના કારણ ઈન્દ્રિયસંયુક્તસમવાયના કાર્યકારણભાવ પાંચ છે. દ્રવ્યસમવેત શબ્દપ્રત્યક્ષ માટે આ સન્નિકર્ષ કારણ નથી. કારણ કે શ્રવણેન્દ્રિય આકાશસ્વરૂપ હોવાથી શ્રવણેન્દ્રિય સંયુક્ત ઘટાદિમાં શબ્દનો સમવાય નથી.

આવી જ રીતે દ્રવ્યસમવેત (ગુણ–કર્મ) સમવેત (ગુણત્વ–કર્મત્વાદિ) જાતિનું પ્રત્યક્ષ પણ શ્રવણેન્દ્રિયને છોડીને અન્ય પાંચ ઈન્દ્રિયોથી જન્ય છે. એમાં ચક્ષુ વગેરે ઈન્દ્રિયસંયુક્તસમવેતસમવાય સન્નિકર્ષ કારણ બને છે. ઘટાદિ દ્રવ્યસમવેતરૂપાદિસમવેતરૂપત્વાદિ જાતિનું પ્રત્યક્ષ, દ્રવ્યસમવેતસમવેતવૃત્તિલૌકિકવિષયત્વસંબંધથી રૂપત્વાદિ જાતિમાં રહે છે. ત્યાં, ચક્ષુ વગેરે ઈન્દ્રિય સંયુક્ત (ઘટાદિ) સમવેત (રૂપાદિ) વૃત્તિ રૂપત્વાદિનો સમવાય, સ્વરૂપ સંબંધથી વૃત્તિ છે. તેથી સ્પષ્ટ છે કે "द्रव्यसमवेतसमवेत(रूपत्वादि) वृत्तिलैकिकविषयत्वसंबंधावच्छिन्न(रूपत्वादिप्रत्यक्षनिष्ठ)चाक्षुषत्वावच्छिन्न(त्वाच-मानस–रासन–घ्राणजत्वावच्छिन्न)कार्यतानिरूपितस्वरूपसम्बन्धावच्छिन्न-कारणताश्रयश्चक्षुः (त्वक्–मनः–रसन–घ्राण) संयुक्तसमवेतसमवायसन्निकर्षः ।

આ રીતે દ્રવ્યસમવેતસમવેતરૂપત્વાદિપ્રત્યક્ષ અને તેના કારણ ઈન્દ્રિય સંયુક્તસમવેતસમવાયસન્નિકર્ષના પણ પાંચ કાર્યકારણ ભાવ છે. શબ્દત્વ જાતિના પ્રત્યક્ષમાં આ સન્નિકર્ષ અનુપયોગી છે એ પૂર્વે જણાવ્યા મુજબ સ્પષ્ટ છે.

શબ્દનું પ્રત્યક્ષ શ્રવણેન્દ્રિયથી જ થાય છે. શ્રવણેન્દ્રિય આકાશ સ્વરૂપ હોવાથી શબ્દની સાથે શ્રવણેન્દ્રિયનો સમવાયસંબંધ છે. શબ્દવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી શબ્દનું શ્રાવણપ્રત્યક્ષ શબ્દમાં વૃત્તિ છે. ત્યાં શ્રવણેન્દ્રિયવૃત્તિ શબ્દનો સમવાયસંબંધ (સન્નિકર્ષ) સ્વરૂપ સંબંધથી વૃત્તિ છે. તેથી સ્પષ્ટ છે કે "शब्दवृत्तिलौकिकविषयत्व-सम्बन्धावच्छिन्नश्रावणप्रत्यक्षत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबंधावच्छिन्नकारण-ताश्रयः समवायसन्निकर्षः આ શબ્દના શ્રાવણપ્રત્યક્ષ અને તેના કારણ સમવાયસન્નિકર્ષનો કાર્યકારણભાવ છે.

આવી જ રીતે શબ્દવૃત્તિ શબ્દત્વ, કત્વ, ખત્વાદિ જાતિનું પ્રત્યક્ષ પણ શ્રવણેન્દ્રિયથી જ થાય છે. એમાં સમવેતસમવાયસન્નિકર્ષ કારણ બને છે. શબ્દસમવેત(શબ્દત્વાદિ)વૃત્તિ-લૌકિકવિષયત્વસંબંધથી શ્રાવણપ્રત્યક્ષ શબ્દત્વાદિ જાતિમાં રહે છે. ત્યાં શ્રવણેન્દ્રિયસમવેત શબ્દવૃત્તિ શબ્દત્વનો સમવાય સ્વરૂપસંબંધથી વૃત્તિ છે. આથી સ્પષ્ટ છે કે शब्दसमवेतवृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्नश्रावणप्रत्यक्षत्वावच्छिन्न-कार्यतानिरूपितस्वरूपसंबंधावच्छिन्नकारणताश्रयः समवेतसमवायसन्निकर्षः આ, શબ્દત્વાદિના (શબ્દસમવેતના) શ્રાવણપ્રત્યક્ષનો તથા તેના કારણભૂત સમવેતસમવાયસન્નિકર્ષનો કાર્યકારણભાવ છે.

અભાવપ્રત્યક્ષના કારણભૂત સન્નિકર્ષનો વિચાર કરતાં પૂર્વે અભાવનું અધિકરણ પ્રત્યક્ષ માટે યોગ્ય છે કે નહિ ? અભાવનો પ્રતિયોગી કોઈ પણ સ્થાને પ્રત્યક્ષનો વિષય બને છે કે નહિ ? જે ઈન્દ્રિયથી અભાવનું પ્રત્યક્ષ કરવાનું છે તે ઈન્દ્રિય માટે તે યોગ્ય છે કે નહિ ? ઈત્યાદિનો વિચાર કરીને પછી જ, અભાવ પ્રત્યક્ષની યોગ્યાયોગ્યતાનો વિચાર કરવો જોઈએ. પરમાણુમાં રૂપાભાવનું પ્રત્યક્ષ

ચક્ષુ ઈન્દ્રિયથી થતું નથી. કારણ કે રૂપાભાવનું અધિકરણ પરમાણુ યોગ્ય નથી. પરમાણુમાં પ્રત્યક્ષની પ્રત્યે કારણભૂત મહત્પરિમાણ નથી. તેથી અધિકરણની અયોગ્યતાને લઈને અહીં રૂપાભાવનું પ્રત્યક્ષ થતું નથી. જલાદિમાં ગંધાભાવનું પ્રત્યક્ષ ચક્ષુ ઈન્દ્રિયથી થતું નથી. કારણ કે ગંધાભાવના પ્રત્યક્ષની પ્રત્યે ચક્ષુ ઈન્દ્રિય અયોગ્ય છે. તેજમાં ગુરુત્વાભાવ હોવા છતાં તેનું પ્રત્યક્ષ થતું નથી. કારણ કે ગુરુત્વાભાવનો પ્રતિયોગી ગુરુત્વ અતીન્દ્રિય છે. એટલે કહેવાનો આશય એ છે કે "यद्यत्र स्यात् तर्हि उपलभ्येत" આ આરોપનો વિષય જે અભાવ બને છે એનું પ્રત્યક્ષ થાય છે. સામાન્યતઃ આ આરોપની સંભાવના ન હોય ત્યાં અભાવનું પ્રત્યક્ષ થતું નથી. અભાવનું પ્રત્યક્ષ, અભાવવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી અભાવમાં રહે છે અને ત્યાં અભાવ પ્રત્યક્ષના કારણભૂત ઈન્દ્રિયસંયુક્તવિશેષણતા વગેરે સન્નિકર્ષો સ્વરૂપ સંબંધથી રહે છે. દ્રવ્યાધિકરણક અભાવના પ્રત્યક્ષમાં ઈન્દ્રિય સંયુક્ત વિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. ચક્ષુ અને ત્વક્ ઈન્દ્રિયથી ભૂતલમાં ઘટાભાવનું પ્રત્યક્ષ થાય છે. આમ્રાદિમાં ઘ્રાણેન્દ્રિયથી સુરભિગંધાભાવનું પ્રત્યક્ષ થાય છે. જલાદિદ્રવ્યમાં રસનેન્દ્રિયથી આમ્લાદિરસાભાવનું પ્રત્યક્ષ થાય છે અને મનથી આત્મામાં દુઃખાભાવનું પ્રત્યક્ષ થાય છે. તેથી घटाभाववद् भूतलम्, सुरभिगन्धाभाव- वदाम्रफलम्, आम्लरसाभाववज्जलम् અને दुःखाभाववानात्मा, ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત દ્રવ્યાધિકરણકઅભાવ પ્રત્યક્ષમાં અનુક્રમે ચક્ષુઃ- સંયુક્ત(भूतल વિશેષણતા તથા ત્વક્સંયુક્ત(भूतल) વિશેષણતા, ઘ્રાણસંયુક્ત (आम्र) વિશેષણતા, રસનસંયુક્ત(जल) વિશેષણતા અને મનઃસંયુક્ત (आत्मा) વિશેષણતા સન્નિકર્ષ કારણ બને છે. અભાવના અધિકરણ ભૂતલાદિ દ્રવ્યો ઈન્દ્રિયસંયુક્ત છે અને એમાં અભાવ વિશેષણ છે. અર્થાત્ તાદૃશ વિશેષણતાસન્નિકર્ષ અભાવમાં છે, જ્યાં અભાવનું પ્રત્યક્ષ પણ ઉક્ત વિષયતાસંબંધથી વિદ્યમાન છે. આથી સ્પષ્ટ છે કે "द्रव्याधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबंधावच्छिन्नचाक्षुषत्वाद्य-वच्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबन्धावच्छिन्नकारणताश्रयश्चक्षुरादीन्द्रिय-

संयुक्तविशेषणतासन्निकर्षः" આ પ્રમાણે દ્રવ્યાધિકરણકાભાવપ્રત્યક્ષ અને તેના કારણભૂત ઈન્દ્રિયસંયુક્તવિશેષણતા સન્નિકર્ષનો કાર્યકારણભાવ છે. જેના શ્રવણેન્દ્રિયને છોડીને અન્ય ઈન્દ્રિયના ભેદથી પાંચ ભેદ 'आदि' શબ્દથી જણાવ્યા છે. શ્રવણેન્દ્રિયથી શ્રોત્રાવચ્છિન્નવિવરરૂપ આકાશમાં શબ્દાભાવનું પ્રત્યક્ષ થાય છે. પરંતુ તેમાં શ્રવણેન્દ્રિયસંયુક્તવિશેષણતાસન્નિકર્ષ કારણ નથી. કારણ કે શ્રવણેન્દ્રિય આકાશસ્વરૂપ હોવાથી તત્સંયુક્ત અન્ય આકાશ નથી. જેથી માત્ર શ્રવણેન્દ્રિયવિશેષણતાસન્નિકર્ષથી શબ્દાભાવનું પ્રત્યક્ષ આકાશમાં થાય છે. અન્ય (આકાશથી અન્ય) અધિકરણમાં શબ્દા-ભાવના પ્રત્યક્ષનો પ્રસંગ જ નથી. કારણ કે અન્ય અધિકરણસ્થ શબ્દનું પ્રત્યક્ષ થતું ન હોવાથી પ્રતિયોગીની અયોગ્યતાને કારણે શ્રવણેન્દ્રિયથી શબ્દાભાવનું પ્રત્યક્ષ આકાશથી અતિરિક્ત સ્થળે નથી માનતા. આથી "गगनाधिकरणकशब्दाभाववृत्तिलौकिकविषयत्वसंबंधावच्छिन्नश्रावणत्वाव-च्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबंधावच्छिन्नकारणताश्रयः श्रवणेन्द्रिय-विशेषणतासन्निकर्षः ।" આ પ્રમાણે શબ્દાભાવપ્રત્યક્ષ અને તેના કારણભૂત ઇન્દ્રિયવિશેષણતાસન્નિકર્ષનો કાર્યકારણભાવ છે. આવી જ રીતે અન્યદ્રવ્યાધિકરણક તત્તદભાવપ્રત્યક્ષની પ્રત્યે તત્તદિન્દ્રિયસંયુક્ત-વિશેષણતાસન્નિકર્ષ, જે રીતે કારણ બને છે તે રીતે સ્વયં વિચારવું.

દ્રવ્યસમવેતગુણાદિવૃત્તિ અભાવના પ્રત્યક્ષમાં ઈન્દ્રિયસંયુક્ત-સમવેતવિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. पीतत्वाभाववन्नीलम्, शीतत्वाभाववदुष्णस्पर्शः, सुरभित्वाभाववान् दुरभिगन्धः, आम्लत्वाभाववान् मधुररसः અને दुःखत्वाभाववत्सुखम् ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત પીતત્વાદ્યભાવનું પ્રત્યક્ષ અનુક્રમે ચક્ષુ, ત્વક્, ઘ્રાણ, રસન અને મન ઈન્દ્રિયથી થાય છે. પીતત્વાદ્યભાવ અહીં દ્રવ્યસમવેતનીલાદિવૃત્તિ છે. દ્રવ્યસમવેતનીલાદિમાં પીતત્વાદ્યભાવ વિશેષણ છે અર્થાત્ ચક્ષુ વગેરે ઈન્દ્રિયસંયુક્ત(ઘટાદિ)સમવેત(નીલાદિ)નિરૂપિતવિશેષણતાત્મકસન્નિકર્ષ પીતત્વાદ્યભાવમાં છે અને ત્યાં દ્રવ્યસમવેતવૃત્તિ અભાવવૃત્તિ લૌકિક વિષયતાસંબંધથી પીતત્વાદ્યભાવનું ચાક્ષુષાદિ પ્રત્યક્ષાત્મક કાર્ય પણ છે.

આથી સ્પષ્ટ છે કે "द्रव्यसमवेताधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्नचाक्षुषत्वाद्यवच्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबंधावच्छिन्नकारणताश्रयश्चक्षुरादीन्द्रियसंयुक्तसमवेतविशेषणतासन्निकर्षः" । આ પ્રમાણે દ્રવ્યસમવેતાધિકરણક અભાવપ્રત્યક્ષ અને તેના કારણભૂત ઈન્દ્રિય સંયુક્તસમવેતવિશેષણતાસન્નિકર્ષનો કાર્યકારણભાવ છે. જેના પૂર્વે જણાવ્યા મુજબ શ્રવણેન્દ્રિયને છોડીને અન્ય ઈન્દ્રિયના ભેદથી પાંચ ભેદો અહીં પણ 'आदि' પદથી સમજી લેવા. આવી જ રીતે દ્રવ્ય-સમવેતાધિકરણક અન્ય અભાવના પ્રત્યક્ષની પ્રત્યે યથાયોગ્ય ઈન્દ્રિય-સંયુક્તસમવેતવિશેષણતાસન્નિકર્ષની કારણતાનો વિચાર કરવો.

દ્રવ્યસમવેતગુણાદિસમવેતનીલત્વાદિજાતિવૃત્તિ પીતત્વાદ્યભાવના પ્રત્યક્ષમાં 'ઈન્દ્રિય સંયુક્ત સમવેત સમવેત વિશેષણતા' સન્નિકર્ષ કારણ બને છે. पीतत्वाभाववन्नीलत्वम्, शीतत्वाभाववदुष्णत्वम्, सुरभित्वाभाववद् दुरभित्वम्, आम्लत्वाभाववन्मधुरत्वम् અને सुखत्वाभाववद् दुःखत्वम् ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત પીતત્વાદ્યભાવ ઈન્દ્રિયસંયુક્ત (ઘટાદિ)સમવેત(નીલાદિ)સમવેત નીલત્વાદિમાં વૃત્તિ છે અને એતાદૃશ પીતત્વાદ્યભાવ-પ્રત્યક્ષ અનુક્રમે ચક્ષુ, ત્વક્, ઘ્રાણ, રસન અને મન ઈન્દ્રિયથી જન્ય છે. એમાં ઈન્દ્રિયસંયુક્તસમવેતસમવેત વિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. દ્રવ્યસમવેતસમવેતાધિકરણક પીતત્વાદ્યભાવવૃત્તિ લૌકિકવિષયત્વસંબંધથી પીતત્વાદ્યભાવનું પ્રત્યક્ષ તાદૃશ પીતત્વાદ્યભાવમાં રહે છે અને ત્યાં ચક્ષુ વગેરે ઈન્દ્રિયસંયુક્ત (ઘટાદિ)સમવેત(નીલાદિ)સમવેત (નીલત્વાદિ) નિરૂપિતવિશેષણતા સન્નિકર્ષ પણ વૃત્તિ છે. આથી સ્પષ્ટ છે કે "द्रव्यसमवेतसमवेताधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्नचाक्षुषत्वाद्यवच्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबन्धावच्छिन्नकारणताश्रयश्चक्षुरादीन्द्रियसंयुक्तसमवेतसमवेतविशेषणतासन्निकर्षः" । આ પ્રમાણે દ્રવ્યસમવેતસમવેતાધિકરણકાભાવ પ્રત્યક્ષ અને ઈન્દ્રિયસંયુક્તસમવેતસમવેતવિશેષણતાસન્નિકર્ષનો કાર્યકારણભાવ છે. જેના ઈન્દ્રિય ભેદથી પાંચ ભેદો ઉપર 'आदि' પદથી જણાવ્યા છે. આવી જ રીતે દ્રવ્યસમવેતસમવેતાધિકરણક અન્ય

અભાવના પ્રત્યક્ષની પ્રત્યે, યથાયોગ્ય ઈન્દ્રિયસમવેતસમવેતવિશેષણતા સન્નિકર્ષની કારણતા સ્વયં વિચારવી.

આકાશાત્મકદ્રવ્યસમવેત 'ક' 'ખ' વગેરે શબ્દવૃત્તિ ગત્વાદ્યભાવનું પ્રત્યક્ષ શ્રવણેન્દ્રિયથી થાય છે. એમાં શ્રવણેન્દ્રિયસમવેત શબ્દ નિરૂપિતવિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. શબ્દાધિકરણકાભાવવૃત્તિ લૌકિકવિષયત્વસંબંધથી ગત્વાદ્યભાવપ્રત્યક્ષ તાદૃશ શબ્દાધિરણકાભાવમાં છે અને ત્યાં શ્રવણેન્દ્રિયસમવેતનિરૂપિતવિશેષણતાસન્નિકર્ષ કારણ પણ છે. તેથી સ્પષ્ટ છે કે "शब्दाधिकरणकाभाववृत्तिलौकिक विषयत्वसंबंधावच्छिन्नश्रावणत्वावच्छिन्न-कार्यता-निरूपित-स्वरूपसंबन्धावच्छिन्नकारणताश्रयः श्रवणेन्द्रियसमवेत (श्रोत्रावच्छिन्नाकाशसमवेत) विशेषणतासन्निकर्षः" । આ પ્રમાણે શબ્દાધિકરણકાભાવપ્રત્યક્ષ અને તેના કારણભૂત ઈન્દ્રિયસમવેત વિશેષણતાસન્નિકર્ષનો કાર્યકારણભાવ છે.

શબ્દસમવેત શબ્દત્વાદિવૃત્તિ કત્વાદ્યભાવનું પ્રત્યક્ષ, શ્રવણેન્દ્રિયથી જન્ય છે, તેની પ્રત્યે શ્રવણેન્દ્રિયસમવેતશબ્દસમવેતનિરૂપિતવિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. શબ્દસમવેતાધિકરણકાભાવનું પ્રત્યક્ષ, શબ્દસમવેતાધિકરણકાભાવવૃત્તિલૌકિકવિષયત્વસંબંધથી શબ્દસમવેતાધિકરણકાભાવમાં છે અને ત્યાં શ્રવણેન્દ્રિયસમવેતસમવેત(શબ્દત્વાદિ)નિરૂપિતવિશેષણતાસન્નિકર્ષ છે અને તેથી સ્પષ્ટ છે કે "शब्दसमवेताधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबंधावच्छिन्नश्रावणत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबंधावच्छिन्नकारणताश्रयः श्रवणेन्द्रियसमवेतसमवेतविशेषणतासन्निकर्षः" આ પ્રમાણે શબ્દસમવેતાધિકરણકાભાવ પ્રત્યક્ષ અને શ્રવણેન્દ્રિયસમવેતસમવેતવિશેષણતાસન્નિકર્ષનો કાર્યકારણભાવ છે.

•

આ વિશેષણતાત્મક સન્નિકર્ષો, ઘટાભાવવદ્ ભૂતલમ્' ઈત્યાદિ સ્થળે અર્થાત્ જ્યાં અભાવનું વિશેષણવિધયા ભાન છે ત્યાં જ ઉપયોગી છે. પરન્તુ 'भूतले घटो नास्ति' અથવા 'भूतले घटाभावः' ઈત્યાદિ સ્થળે

અભાવનું વિશેષ્યતયા ભાન હોવાથી ઉપર્યુક્ત વિશેષણતાના સ્થાને વિશેષ્યતાસન્નિકર્ષનો પાઠ સમજીને અભાવપ્રત્યક્ષની પ્રત્યે વિશેષ્યતા-સન્નિકર્ષની કારણતા સ્વયં સમજવી જોઈએ.

(૫૦) प्रत्यक्षेति । तच्च प्रत्यक्षं षड्विधं घ्राणज-रासन–चाक्षुष–श्रौत्र-त्वाच-मानसभेदात् । ननु प्रत्यक्षकारणीभूतेन्द्रियनिष्ठप्रत्यक्षसामानाधिकरण्यघटकः संनिकर्षः क इत्यपेक्षायां तं विभज्य दर्शयति-प्रत्यक्षेति । लौकिकप्रत्यक्षेत्यर्थः ॥

## પદકૃત્ય

ઘ્રાણજાદિ છ પ્રકારના પ્રત્યક્ષની પ્રત્યે ઘ્રાણેન્દ્રિયાદિ કારણ છે. લૌકિકવિષયતાસંબંધથી પ્રત્યક્ષાત્મકકાર્યના અધિકરણ દ્રવ્યાદિ વિષયમાં ઈન્દ્રિયો કયા સંબંધથી વૃત્તિ છે ? અર્થાત્ કાર્ય અને કારણના સામાનાધિકરણ્યમાં કારણનિષ્ઠ (ઈન્દ્રિયનિષ્ઠ) આધેયતાવચ્છેદક સંબંધ કયા છે ? આ શંકાના સમાધાન માટે મૂલમાં प्रत्यक्षज्ञानहेतु... ઈત્યાદિ ગ્રંથ છે. આશય એ છે કે લૌકિકવિષયતાસંબંધથી ચાક્ષુષાદિ પ્રત્યક્ષ દ્રવ્યાદિ પદાર્થોમાં રહે છે અને ત્યાં 'ચક્ષુ' આદિ ઈન્દ્રિયો સંયોગાદિ સંબંધથી વૃત્તિ હોવાથી 'ચક્ષુ' આદિ ઈન્દ્રિયનિષ્ઠ કારણતાવચ્છેદક સંબંધ સંયોગાદિસન્નિકર્ષો છે. તેથી "द्रव्यवृत्तिलौकिकविषयत्व-संबंधावच्छिन्न-चाक्षुषत्वाद्यवच्छिन्नकार्यतानिरूपितसंयोगसंबंधावच्छिन्न-कारणतावच्चक्षुरादीन्द्रियाणि ।", "द्रव्यसमवेतवृत्तिलौकिकविषयत्वसम्बंधा-वच्छिन्नचाक्षुषत्वाद्यवच्छिन्नकार्यतानिरूपितसंयुक्तसमवायसंबंधावच्छिन्नकारणता-वच्चक्षुरादीन्द्रियाणि ।" "द्रव्यसमवेतसमवेतवृत्तिलौकिकविषयत्वसम्बन्धा-वच्छिन्नचाक्षुषत्वाद्यवच्छिन्नकार्यतानिरूपितसंयुक्तसमवेतसमवायसंबन्धावच्छिन्न-कारणतावच्चक्षुरादीन्द्रियाणि"; "शब्दवृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्न-श्रावणत्वावच्छिन्नकार्यतानिरूपितसमवायसंबन्धा (समवेतत्वसंबन्धा) वच्छिन्नकारणतावत्श्रवणेन्द्रियम् ।", "शब्दसमवेतवृत्तिलौकिकविषयत्व-सम्बन्धावच्छिन्नश्रावणत्वावच्छिन्नकार्यतानिरूपितसमवेतसमवायसम्बन्धा-

वच्छिन्नकारणतावत्श्रवणेन्द्रियम् ।" "द्रव्याधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबंधावच्छिन्नचाक्षुषत्वाद्यवच्छिन्नकार्यतानिरूपितसंयुक्तविशेषणतासंबन्धावच्छिन्नकारणतावच्चक्षुरादीन्द्रियाणि ।" "द्रव्यसमवेताधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्नचाक्षुषत्वाद्यवच्छिन्नकार्यतानिरूपितसंयुक्तसमवेतविशेषणतासम्बन्धावच्छिन्नकारणतावच्चक्षुरादीन्द्रियाणि ।"; "द्रव्यसमवेतसमवेताधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्नचाक्षुषत्वाद्यवच्छिन्नकार्यतानिरूपितसंयुक्तसमवेतसमवेतविशेषणतासंबन्धावच्छिन्नकारणतावच्च्क्षुरादीन्द्रियाणि ।"; "गगनाधिकरणकशब्दाभाववृत्तिलौकिकविषयत्वसम्बन्धावच्छिन्नश्रावणत्वावच्छिन्नकार्यतानिरूपितविशेषणतासम्बन्धावच्छिन्नकारणतावत्श्रवणेन्द्रियम् ।"; "शब्दाधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्नश्रावणत्वावच्छिन्नकार्यतानिरूपितसमवेतविशेषणतासंबन्धावच्छिन्नकारणतावत्श्रवणेन्द्रियम्"; "शब्दसमवेताधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसंबन्धावच्छिन्नश्रावणत्वावच्छिन्नकार्यतानिरूपितसमवेतसमवेतविशेषणतासंबन्धावच्छिन्नकारणतावत्श्रवणेन्द्रियम् ॥" ઈત્યાદિ પ્રત્યક્ષ અને ઈન્દ્રિયોનો કાર્યકારણભાવ સ્પષ્ટ છે. અહીં પણ વિશેષણતાના સ્થાને 'વિશેષ્યતા'નો નિવેશ કરીને વિશેષ્યતાસન્નિકર્ષનું સ્વરૂપ સ્વયં સમજી લેવું. ન્યાયબોધિનીકારે સંયોગાદિ સન્નિકર્ષોનું પ્રત્યક્ષકારણતયા વર્ણન કર્યું છે અને પદકૃત્યકારે કારણતાવચ્છેદક સંબંધરૂપે વર્ણન કર્યું છે. એ યદ્યપિ "प्रत्यक्षज्ञानहेतुरि...." ઈત્યાદિ મૂલગ્રંથાનુસારી નથી. પરંતુ ત્યાં હેતુ પદનો અર્થ હેતુતાવચ્છેદક કરવાથી કોઈ દોષ નહિ આવે.

## मूलम्

**चक्षुषा घटप्रत्यक्षजनने संयोगः संनिकर्षः ॥**

**(प०) संयोगमुदाहरति—चक्षुषेति । तथा च द्रव्यचाक्षुषत्वाचमानसेषु संयोग एव संनिकर्ष इति भावः ॥**

## मूलम्

**घटरूपप्रत्यक्षजनने संयुक्तसमवायः संनिकर्षः । चक्षुःसंयुक्ते घटे**

रूपस्य समवायात् ॥

(प०) घटरूपेति । 'चक्षुषा' इत्यनुषज्यते । तथा च द्रव्यसमवेतचाक्षुषत्वाचमानसरासनघ्राणजेषु संयुक्तसमवाय एव संनिकर्ष इत्यर्थः ॥

मूलम्

रूपत्वसामान्यप्रत्यक्षे संयुक्तसमवेतसमवायः संनिकर्षः । चक्षुःसंयुक्ते घटे रूपं समवेतं, तत्र रूपत्वस्य समवायात् ॥

(प०) रूपत्वेति । रूपत्वात्मकं यत्सामान्यं तत्प्रत्यक्ष इत्यर्थः । अत्रापि 'चक्षुषा' इत्यनुषज्यते । तथा च द्रव्यसमवेतसमवेतचाक्षुषरासनघ्राणजस्पार्शनमानसेषु संयुक्तसमवेतसमवाय एव संनिकर्ष इति भावः । अथ द्रव्यतत्समवेतप्रत्यक्षेऽपि संयुक्तसमवेतसमवाय एव संनिकर्षोऽस्त्विति-चेन्नैतत् । ईश्वरात्मादे–(आत्मसुखादे ?) रनध्यक्षत्वप्रसङ्गात् ॥

मूलम्

श्रोत्रेण शब्दसाक्षात्कारे समवायः संनिकर्षः । कर्णविवरवर्त्याकाशस्य श्रोत्रत्वाच्छब्दस्याकाशगुणत्वात् गुणगुणिनोश्च समवायात् ॥ शब्दत्वसाक्षात्कारे समवेतसमवायः संनिकर्षः । श्रोत्रसमवेते शब्दे शब्दत्वस्य समवायात् ॥

(प०) समवायसंनिकर्षमुदाहरति-श्रोत्रेणेति । जननीय इति शेषः । ननु श्रोत्रशब्दयोः कथं समवाय इत्यपेक्षमाणं प्रति तमुपपाद्य दर्शयति-कर्णेति । अथ समवायस्य नित्यत्वेन शब्दप्रत्यक्षे को व्यापार इति चेत्–शब्दः, श्रोत्रमनःसंयोगो वेति गृहाण । शब्दत्वेति । 'श्रोत्रेणजननीये' इत्यनुकर्षशेषौ ॥

मूलम्

अभावप्रत्यक्षे विशेषणविशेष्यभावः संनिकर्षः । घटाभाववद्

भूतलमित्यत्र चक्षुःसंयुक्ते भूतले घटाभावस्य विशेषणत्वात् ।

(प०) विशेषणेति । विशेषणभावो विशेष्यभावश्चेति बोध्यम् । इन्द्रियसंबद्धविशेषणत्वमिन्द्रियसंबद्धविशेष्यत्वमिति यावत् । विशेषण-भाव-संनिकर्षमुपपाद्य दर्शयति–घटाभाववदिति । 'इह भूतले घटो नास्ती' त्यादौ विशेष्यतासंनिकर्षोऽवसेयः । सप्तम्यन्तस्य विशेषणत्वात् ॥

## मूलम्

एवं संनिकर्षषट्कजन्यं ज्ञानं प्रत्यक्षं तत्करणमिन्द्रियं, तस्मादिन्द्रियं प्रत्यक्षप्रमाणमिति सिद्धम् ॥

(प०) प्रत्यक्षप्रमाणमुपसंहरति–एवमिति । उपदर्शितक्रमेणेत्यर्थः । ननु सिद्धान्ते प्रत्यक्षज्ञानकरणमिन्द्रियार्थसंनिकर्षः किं न स्यादिति चेन्नेत्याह–तत्करणमिति । प्रत्यक्षप्रमाणं निगमयति–तस्मादिति । प्रत्यक्ष-प्रमाकरणत्वादित्यर्थः । सिद्धमिति । न्यायसिद्धान्ते सिद्धमित्यर्थः

॥ इति पदकृत्यके प्रत्यक्षपरिच्छेदः ॥

મૂલ : चक्षुषा घटप्रत्यक्ष.... ઈત્યાદિ પ્રત્યક્ષખંડના અંત સુધીનું મૂલ વર્ણિતપ્રાયઃ છે.

## પદકૃત્ય

अथ द्रव्यतत्समवेतप्रत्यक्षेऽपि....ઈત્યાદિ–આશય એ છે કે, દ્રવ્યપ્રત્યક્ષ અને દ્રવ્યસમવેત ગુણાદિપ્રત્યક્ષની પ્રત્યે અનુક્રમે સંયોગ અને સંયુક્તસમવાયસન્નિકર્ષ કારણ મનાય છે. પરંતુ એ બંન્ને સન્નિકર્ષોને ન માનીએ અને સંયુક્તસમવેતસમવાયસન્નિકર્ષને જ એ ઉભયપ્રત્યક્ષની પ્રત્યે કારણ માનીએ તોપણ હરકત નથી. કારણ કે એ સન્નિકર્ષથી જ ઘટાદિદ્રવ્યનું અને તદ્ગત રૂપાદિનું પણ પ્રત્યક્ષ થઈ શકશે. ચક્ષુસંયુક્ત(કપાલિકા)સમવેત(કપાલ)સમવાય સન્નિકર્ષ ઘટમાં છે જ. આવી રીતે ચક્ષુસંયુક્ત(કપાલ)સમવેત(ઘટ) સમવાય સન્નિકર્ષ

ઘટાદિના રૂપાદિમાં છે જ. તેથી યદ્યપિ પ્રથમ બે સન્નિકર્ષ માનવાની આવશ્યકતા જણાતી નથી.પરંતુ આત્મા અને આત્મસમવેત સુખાદિના માનસપ્રત્યક્ષ માટે સંયોગ અને સંયુક્ત સમવાયસન્નિકર્ષો માનવા આવશ્યક છે. કારણ કે આત્માના ઘટાદિની જેમ કોઈ અવયવ નથી કે જેને લઈને સંયુક્તસમવેતસમવાય સન્નિકર્ષ દ્વારા આત્માદિનું પ્રત્યક્ષ થાય. તેથી સંયોગ અને સંયુક્ત સમવાયસન્નિકર્ષ પણ માનવા આવશ્યક છે.

अथ समवायस्य....ઈત્યાદિ–આશય એ છે કે, શ્રાવણપ્રત્યક્ષની પ્રત્યે વ્યાપારવદ્ અસાધારણ કારણ શ્રવણેન્દ્રિય છે. તેનો વ્યાપાર સમવાયસન્નિકર્ષ નહિ માની શકાય, કારણ કે તે નિત્ય છે. તેથી શ્રવણેન્દ્રિયનો વ્યાપાર શબ્દ મનાય છે. શબ્દનું શ્રવણેન્દ્રિયરૂપ આકાશ, સમવાયિકારણ છે અને શબ્દપ્રત્યક્ષની પ્રત્યે, શબ્દ વિષય-વિધયા કારણ પણ છે. અર્થાત્ શબ્દમાં શ્રવણેન્દ્રિયજન્યત્વ અને શ્રવણેન્દ્રિયજન્યશબ્દપ્રત્યક્ષનું જનકત્વ હોવાથી શ્રવણેન્દ્રિયનો વ્યાપાર 'શબ્દ' છે. અથવા પૂર્વે જણાવ્યા મુજબ બાહ્યપ્રત્યક્ષની પ્રત્યે ઈન્દ્રિયમનઃસંયોગ જ ઈન્દ્રિયોનો વ્યાપાર હોવાથી શ્રવણેન્દ્રિયનો શ્રવણેન્દ્રિયમનઃસંયોગ શ્રાવણપ્રત્યક્ષની પ્રત્યે વ્યાપાર છે. શેષ પદકૃત્યાર્થ ઉક્તપ્રાયઃ છે. અનુક્ત સુગમ છે.

॥ इति प्रत्यक्षपरिच्छेदः ॥

## ॥ अनुमानपरिच्छेदः ॥

### मूलम्

अनुमितिकरणमनुमानम् ।

મૂળ :– અનુમિતિના કરણને અનુમાન કહેવાય છે.

(न्या०) अनुमानं लक्षयति–अनुमितीति । अनुमितौ व्याप्तिज्ञानं करणं, परामर्शो व्यापारः, अनुमितिः फलं, कार्यमित्यर्थः । परामर्शस्य व्याप्तिज्ञानजन्यत्वाद् व्याप्तिज्ञानजन्यानुमितिजनकत्वात्तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वरूपव्यापारत्वमुपपन्नम् । अनुमितिकरणत्वमनुमानस्य लक्षणम् । अनुमानं व्याप्तिज्ञानम् । एतस्य परामर्शरूपव्यापारद्वारा अनुमितिं प्रत्यसाधारणकारणतयानुमितिकरणत्वमुपपन्नम् ॥

### -: ન્યાયબોધિની :-

અનુમિતિની પ્રત્યે 'વ્યાપ્તિજ્ઞાન' કરણ છે અને 'પરામર્શ' 'વ્યાપાર' છે. પરામર્શ, વ્યાપ્તિજ્ઞાનથી જન્ય છે અને વ્યાપ્તિજ્ઞાનથી જન્ય એવી અનુમિતિનો જનક છે. તેથી તજ્જન્યત્વે સતિ તજ્જન્યજનકત્વરૂપ વ્યાપારત્વ પરામર્શમાં સંગત છે. અનુમાન અને વ્યાપ્તિજ્ઞાન બંન્ને એક જ છે. વ્યાપ્તિજ્ઞાન પરામર્શ દ્વારા અનુમિતિની પ્રત્યે અસાધારણકારણ હોવાથી તેને અનુમાન કહેવાય છે, કારણ કે તે અનુમિતિનું કરણ છે.

(प०) प्रत्यक्षानुमानयोः कार्यकारणभावसङ्गतिमभिप्रेत्य प्रत्यक्षानन्तरमनुमानं निरूपयति–अनुमितीति । अनुमितेः करणमनुमानमित्यर्थः । तच्च लिङ्गपरामर्श एवेति निवेदयिष्यते । कुठारादावतिव्याप्तिवारणाय अनुमितीति। प्रत्यक्षादावतिव्याप्तिवारणाय अन्विति ।

### પદકૃત્ય

"પ્રત્યક્ષ અને અનુમાનને કાર્યકારણભાવરૂપ સંગતિ છે" એમ વિચારીને પ્રત્યક્ષનિરૂપણ પછી અનુમાનનું નિરૂપણ કરે છે, अनुमिति-

करणमनु...ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ આ ચાર પ્રમાણમાંથી પ્રત્યક્ષપ્રમાણનું નિરૂપણ પ્રથમ કર્યું એ તો યોગ્ય છે. કારણ કે પ્રત્યક્ષપ્રમાણવાદી બધા છે. પરંતુ પ્રત્યક્ષ પછી અનુમાનપ્રમાણનું જ નિરૂપણ કેમ ? ઉપમાન પ્રમાણનું કેમ નહિ ? આ શંકાના સમાધાન માટે પ્રત્યક્ષ અને અનુમાનને સંગતિ બતાવી છે. પર્વતાદિમાં વહ્નિ વગેરેનું અનુમાન, ધૂમાદિ લિઙ્ગના પ્રત્યક્ષ બાદ થાય છે. તેથી સ્પષ્ટ છે કે અનુમાનનું કારણ પ્રત્યક્ષ પણ છે. તેથી કારણભૂત પ્રત્યક્ષનું નિરૂપણ કરીને હવે તેના કાર્યભૂત અનુમાન પ્રમાણનું નિરૂપણ કરે છે. 'અનુમિતિનું અસાધારણ કારણ અનુમાન લિંગપરામર્શસ્વરૂપ છે.' એ આગળ કહેવાશે. અનુમાનલક્ષણમાં 'अनुमिति' પદનું ઉપાદાન ન કરીએ તો કુઠાર અને કાષ્ઠના સંયોગરૂપ વ્યાપારથી યુક્ત, છેદનક્રિયાના કરણભૂત કુઠારાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'अनुमिति' પદનો નિવેશ છે. કુઠારાદિ છેદનક્રિયાના કરણ છે. અનુમિતિના નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'मितिकरण-मनुमानम्'' આટલું જ લક્ષણ કરીએ તો મિતિ અર્થાત્ બુદ્ધિનું કરણ તો પ્રત્યક્ષ પણ છે . કારણ કે પ્રત્યક્ષાત્મક બુદ્ધિનું કરણ પ્રત્યક્ષ (ઈન્દ્રિયો) છે. તેથી તેમાં આવતી અતિવ્યાપ્તિના ઉદ્ધાર માટે લક્ષણમાં 'अनु' પદનો નિવેશ છે. પ્રત્યક્ષ, અનુમિતિનું કરણ નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## मूलम्

**परामर्शजन्यं ज्ञानमनुमितिः ।**

મૂળ :– પરામર્શથી જન્ય જ્ઞાનને અનુમિતિ કહેવાય છે.

**(न्या०) परामर्शजन्यमिति । परामर्शजन्यत्वविशिष्टज्ञानत्वमनुमितेर्लक्षणम् । अत्र ज्ञानत्वमात्रोपादाने प्रत्यक्षादावतिव्याप्तिः, अतस्तद्वारणाय 'परामर्शजन्यत्वे सती'ति विशेषणोपादानम् । परामर्शजन्यत्वमात्रोक्तौ परामर्शध्वंसेऽतिव्याप्तिरतस्तद्वारणाय 'ज्ञानत्वो'पादानम् ।**

## ન્યાયબોધિની

'परामर्शजन्यत्वविशिष्ट ज्ञानत्व' અનુમિતિનું લક્ષણ છે. માત્ર 'ज्ञानत्व' અનુમિતિનું લક્ષણ કરીએ તો પ્રત્યક્ષાત્મક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'परामर्शजन्यत्व' પદનું ઉપાદાન કર્યું છે. પ્રત્યક્ષ, પરામર્શથી જન્ય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં જ્ઞાનત્વ પદનું ઉપાદાન ન કરીએ તો પરામર્શથી જન્ય એવા પરામર્શધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'ज्ञानत्व'પદનું ઉપાદાન કર્યું છે. પરામર્શધ્વંસમાં જ્ઞાનત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. "वह्निव्याप्यधूमवानयं पर्वतः ।" ઈત્યાદ્યાકારક જ્ઞાન પરામર્શ છે. જેનું લક્ષણ આગળ કહેવાશે.

(૫૦) **नन्वनुमितेरेव दुर्निरूपत्वात्तद्घटितानुमानमपि दुर्निरूपमित्यत-आह–परामर्शेति । प्रत्यक्षादावतिव्याप्तिवारणाय परामर्शजन्यमिति । परामर्शध्वंसवारणाय ज्ञानमिति । परामर्शप्रत्यक्षवारणाय हेत्वविषयक-मित्यपि बोध्यम् ॥**

## પદકૃત્ય

અનુમાનનું લક્ષણ કરીને અનુમાનનો વિભાગ ન કરતાં અનુ-મિતિનું લક્ષણ કેમ કર્યું ? આ પ્રશ્નના સમાધાન માટે કહે છે, नन्वनुमितेरेव....ઈત્યાદિ. આશય એ છે કે અનુમાનલક્ષણઘટક અનુમિતિ- પદાર્થનું જ્યાં સુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી અનુમાન પદાર્થ પણ અજ્ઞાત જ છે. તેથી અનુમાનનો વિભાગ ન કરતાં અનુમાનના જ્ઞાન માટે જ અનુમાનલક્ષણઘટક અનુમિતિ પદાર્થનું નિરૂપણ કરે છે, परामर्शजन्यं.....ઈત્યાદિ ગ્રંથથી. 'परामर्शजन्यं ज्ञानमनुमितिः" આ અનુમિતિના લક્ષણમાં 'हेत्वविषयकत्व' પદનો નિવેશ પણ કરી લેવો જોઈએ. અન્યથા પરામર્શના જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે પરામર્શનું જ્ઞાન પરામર્શથી જન્ય છે અને જ્ઞાન પણ છે. हेत्वविषयकत्व પદનો નિવેશ કરવાથી અતિવ્યાપ્તિ

નહીં આવે. કારણ કે "वह्निव्याप्यधूमवानयं पर्वतः" ઈત્યાદ્યાકારક પરામર્શનું જ્ઞાન; "वह्निव्याप्यधूमवन्तं पर्वतमहं जानामि" ઈત્યાદ્યાકારક છે. એમાં 'ધૂમ' હેતુ વિષય છે. તેથી પરામર્શના અનુવ્યવસાયમાં (પરામર્શાત્મક-જ્ઞાનના જ્ઞાનમાં) હેત્વવિષયકત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. "पर्वतो वह्निमान्" ઈત્યાદ્યાકારક અનુમિતિ હેત્વવિષયક હોવાથી અનુમિતિમાં લક્ષણસમન્વય થશે. જ્ઞાનના જ્ઞાનને અનુવ્યવસાય કહેવાય છે. અનુવ્યવસાયમાં પૂર્વજ્ઞાન વિષયવિધયા કારણ હોય છે. કારણભૂત એ જ્ઞાનના બધા જ વિષયો ઉત્તરજ્ઞાનમાં અર્થાત્ અનુવ્યવસાયમાં ભાસિત થાય છે. તદુપરાંત પૂર્વજ્ઞાન પણ પ્રકારવિધયા અનુવ્યવસાયમાં ભાસિત થાય છે. अयं घटः ઈત્યાકારક જ્ઞાનથી "घटज्ञानवानहम्," અથવા "घटमहं जानामि," ઈત્યાદ્યાકારક અનુવ્યવસાય થાય છે. તે અનુવ્યવસાયમાં પૂર્વનું ઘટવિષયકજ્ઞાન કારણ હોય છે. અનુવ્યવસાય માનસપ્રત્યક્ષસ્વરૂપ છે. તેથી "परामर्श-प्रत्यक्षवारणाय" અહીં પ્રત્યક્ષ પદનો અર્થ 'માનસપ્રત્યક્ષ' સમજવો.

## मूलम्

**व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानं परामर्शः । यथा 'वह्निव्याप्यधूमवानयं पर्वत' इति ज्ञानं परामर्शः । तज्जन्यं 'पर्वतो वह्निमानि'ति ज्ञानमनुमितिः ॥**

મૂળ :– વ્યાપ્તિવિશિષ્ટ પક્ષધર્મતાના જ્ઞાનને પરામર્શ કહેવાય છે. "वह्निव्याप्यधूमवानयं पर्वतः" ઈત્યાદ્યાકારક જ્ઞાન પરામર્શ છે. આ જ્ઞાન વહ્નિનિરૂપિતધૂમમાં રહેલી વ્યાપ્તિનું અને ધૂમ (વ્યાપ્ય)નું, જે પર્વતમાં વૃત્તિત્વ છે, તેનું અવગાહન કરે છે. તેથી વિષયિતા-સંબંધથી તાદૃશ જ્ઞાન વ્યાપ્તિવિશિષ્ટ પક્ષધર્મતાવિષયક છે. જેથી તેને પરામર્શ કહેવાય છે અને તાદૃશ પરામર્શથી જન્ય "पर्वतो वह्निमान्" ઈત્યાદ્યાકારક જ્ઞાનને અનુમિતિ કહેવાય છે.

**(न्या०) अनुमितिलक्षणघटकीभूतपरामर्शलक्षणमाचष्टे—व्याप्ति—**

विशिष्टेति । [1]'व्याप्तिविशिष्टं च तत्पक्षधर्मताज्ञानं चेति कर्मधारये विशिष्टपदस्य प्रकारतानिरूपकार्थकत्वात्, पक्षधर्मताज्ञानमित्यत्र [2]षष्ठ्या विषयत्वबोधनात्, धर्मतापदस्य संबन्धार्थकत्वाच्च, कर्मधारयसमासे समस्यमानपदार्थयोरभेदसंसर्गलाभेन च व्याप्तिप्रकारकाभिन्नं यत्पक्ष-संबन्धविषयकं ज्ञानं तत्परामर्श इति लभ्यते । एवं सति 'धूमो वह्नि-व्याप्यः, आलोकवान् पर्वतः' इत्याकारकसमूहालम्बने परामर्शलक्षण-मस्तीत्यतिव्याप्तिस्तद्वारणाय पक्षनिष्ठविशेष्यतानिरूपिता या हेतुनिष्ठा प्रकारता, [3]तन्निरूपिता या व्याप्तिनिष्ठा प्रकारता, तच्छालिज्ञानं परामर्श इति निष्कर्षः । एतादृशपरामर्शजन्यत्वे सति ज्ञानत्वमनुमितेर्लक्षणम् । अनुमितिपरामर्शयोर्विशिष्यकार्यकारणभावश्चेत्थम्—पर्वतत्वा—वच्छिन्नो—द्देश्यतानिरूपित—संयोगसंबन्धावच्छिन्नवह्नित्वावच्छिन्नविधेयताकानुमिति-त्वावच्छिन्नं प्रति वह्निव्याप्तिप्रकारतानिरूपिता या धूमत्वावच्छिन्नप्रकारता तन्निरूपिता पर्वतत्वावच्छिन्ना विशेष्यता तच्छालिनिर्णयः कारणम् । स च निर्णयः 'वह्निव्याप्यधूमवान् पर्वत' इत्याकारको बोध्यः ॥

## ન્યાયબોધિની

'व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानम्' અહીં पक्षधर्मताया ज्ञानमिति

---

१. व्याप्तिविशिष्टे यत्पक्षधर्मताज्ञानमिति सप्तमीसमासे परामर्शत्वस्य व्याप्त्यनवगाहि- 'धूमवान् पर्वतः' इत्यादिज्ञानसाधारण्यापत्तेराह—व्याप्तिविशिष्टमिति ।

२. पक्षधर्मताया ज्ञानमिति विग्रहवाक्यस्थषष्ठ्येत्यर्थः ।

३. प्रकारत्वविशेष्यत्वयोः परस्परं निरूप्यनिरूपकभावोऽस्ति, न तु प्रकारतानिरूपिता प्रकारता भवति विशेष्यतानिरूपिता वा विशेष्यता, तथापि समानाधिकरणविषयतयोरेकत्वाभिमानेन हेतुनिष्ठप्रकारतानिरूपिता या व्याप्तिनिष्ठप्रकारतेत्युक्तम् । परामर्शे, हेतौ व्याप्तिनिष्ठप्रकारतानिरूपितविशेष्यतायाः पक्षनिष्ठविशेष्यतानिरूपितप्रकारतायाश्च सत्त्वात्तयोः सामानाधिकरण्यनिमित्तका-भेदाध्यवसाये हेतुनिष्ठपक्षनिरूपितप्रकारतायामपि व्याप्तिनिरूपितविशेष्यतात्वाभिमानात् तस्यां च व्याप्तिनिष्ठप्रकारतानिरूपकत्वस्य सत्त्वात् हेतुनिष्ठप्रकारतानिरूपिता व्याप्तिनिष्ठप्रकारतेत्युक्तमिति भावः ।

पक्षधर्मताज्ञानम् અને व्याप्तिविशिष्टञ्च तत् पक्षधर्मताज्ञानमिति व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानम्, આ પ્રમાણે ષષ્ઠીતત્પુરુષ અને કર્મધારયસમાસ છે. 'व्याप्तिविशिष्ट' અહીં विशिष्ट પદ, પ્રકારતાનિરૂપકાર્થક છે. पक्षधर्मतायाः અહીં ષષ્ઠ્યર્થ 'વિષયતા' છે. 'धर्मता' પદ સંબન્ધાર્થક છે. કર્મધારયસમાસઘટક પૂર્વ અને ઉત્તર પદાર્થને અભેદ હોય છે. તેથી "व्याप्तिनिष्ठप्रकारतानिरूपकाभिन्नं यत्पक्षधर्मता(संबन्ध)विषयकं ज्ञानम् तत्परामर्शः" અર્થાત્ "વ્યાપ્તિમાં રહેલી પ્રકારતાનું નિરૂપક જે પક્ષસંબંધવિષયક જ્ઞાન તેને પરામર્શ કહેવાય છે." આ મૂલાર્થ છે. "वह्निव्याप्यधूमवानयं पर्वतः" ઈત્યાકારક જ્ઞાન વહ્નિનિરૂપિત વ્યાપ્તિનિષ્ઠ પ્રકારતાનું નિરૂપક છે અને ધૂમાત્મક હેતુની સાથે પક્ષ પર્વતનો જે સંયોગસંબંધ છે તે પક્ષસંબન્ધવિષયક પણ છે. તેથી તે જ્ઞાન પરામર્શસ્વરૂપ છે. વિષયિતાસંબંધથી વ્યાપ્તિ પરામર્શાત્મક જ્ઞાનમાં છે. તેથી પરામર્શ, વ્યાપ્તિવિશિષ્ટ છે અથવા વિષયિતા સંબંધથી વ્યાપ્તિ અને પક્ષધર્મતા ઉભયનું અધિકરણ પરામર્શાત્મક જ્ઞાન એક છે. તેથી સામાનાધિકરણ્યસંબંધથી વ્યાપ્તિવિશિષ્ટ પક્ષધર્મતા છે, એ સમજી શકાય છે. બંન્ને સ્થળે તાત્પર્યાર્થ એક જ છે કે જે જ્ઞાન વ્યાપ્તિપ્રકારક છે એ જ જ્ઞાન પક્ષસંબંધવિષયક હોવું જોઈએ. યદ્યપિ ઉક્ત મૂલાર્થની વિવક્ષાથી "वह्निव्याप्यो धूमः, आलोकवांश्च पर्वतः" ઈત્યાકારક સમૂહાલંબનાત્મક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે તાદૃશસમૂહાલંબન જ્ઞાન વ્યાપ્તિપ્રકારક અને આલોકની સાથે જે પક્ષ પર્વતનો સંબંધ (સંયોગ) છે, તદ્વિષયક પણ છે જ. પરંતુ ઉક્તમૂલનું તાત્પર્ય, "पक्षनिष्ठविशेष्यतानिरूपितहेतुनिष्ठप्रकारतानिरूपित-व्याप्तिनिष्ठप्रकारतानिरूपकं ज्ञानं परामर्शः" આ અર્થમાં હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઉક્ત સમૂહાલંબનજ્ઞાન, વ્યાપ્તિનિષ્ઠ પ્રકારતાનિરૂપિત ધૂમનિષ્ઠવિશેષ્યતાનિરૂપક છે અને પક્ષનિષ્ઠ (પર્વતનિષ્ઠ) વિશેષ્યતા-નિરૂપિત આલોકનિષ્ઠપ્રકારતાનિરૂપક છે. વિવક્ષિત પક્ષનિષ્ઠ વિશેષ્યતાનિરૂપિત હેતુનિષ્ઠ પ્રકારતાનિરૂપિત વ્યાપ્તિનિષ્ઠ પ્રકારતાશાલી તાદૃશ સમૂહાલંબન જ્ઞાન નથી.

"वह्निव्याप्यधूमवानयं पर्वतः" ઈત્યાકારક જ્ઞાન; પર્વત(પક્ષ) निष्ठविशेष्यतानिरूपितहेतु (धूम) निष्ठ-प्रकारतानिरूपितव्याप्तिनिष्ठ-प्रकार-तानिरूपक છે. તેથી આ જ્ઞાનને જ પરામર્શ કહેવાય છે. યદ્યપિ અહીં "हेतुनिष्ठप्रकारतानिरूपितव्याप्ति-निष्ठप्रकारता" આ પ્રમાણે પ્રકારતા નિરૂપિત પ્રકારતાનું કથન બરાબર નથી. કારણ કે પ્રકારતાનિરૂપિત વિશેષ્યતા હોય છે, પ્રકારતા નહિ. પરંતુ પૂર્વે જણાવ્યા મુજબ એક જ અધિકરણમાં પ્રકારતા અને વિશેષ્યતા હોય છે ત્યારે તાદૃશ પ્રકારતાનિરૂપિતવિશેષ્યતાસમાનાધિકરણ પ્રકારતાના બદલે તાદૃશ પ્રકારતાનિરૂપિત પ્રકારતા પણ કહેવાય છે. પરામર્શાત્મકજ્ઞાનીય કેવલ વિશેષ્યતા પક્ષમાં (પર્વતાદિમાં) છે. તન્નિરૂપિત પ્રકારતા ધૂમમાં છે (હેતુમાં છે.) તેમ જ વ્યાપ્તિનિષ્ઠ પ્રકારતાનિરૂપિત વિશેષ્યતા પણ હેતુ (ધૂમાદિ)માં છે. અર્થાત્ ધૂમાદિહેતુનિષ્ઠ પ્રકારતા; વિશેષ્યતા સમાનાધિકરણ હોવાથી "व्याप्तिनिष्ठप्रकारतानिरूपितहेतुनिष्ठप्रकारता" આ પ્રમાણે પ્રકારતાનિરૂપિત પ્રકારતા કહ્યું છે. આથી સ્પષ્ટ છે કે "पक्षनिष्ठविशेष्यता-निरूपितहेतुनिष्ठप्रकारतानिरूपितव्याप्तिनिष्ठप्रकारता–शालिज्ञानं परामर्शः" આ પ્રમાણે પરામર્શનું લક્ષણ છે. એતાદૃશ પરામર્શજન્યત્વ-વિશિષ્ટજ્ઞાનત્વ (હેત્વવિષયક) અનુમિતિનું લક્ષણ છે. અનુમિતિ સામાન્યની પ્રત્યે પરામર્શસામાન્ય કારણ છે. અને 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક અનુમિતિવિશેષની પ્રત્યે "वह्निव्याप्यधूमवानयं पर्वतः" ઈત્યાકારક પરામર્શવિશેષ કારણ છે. पर्वतो वह्निमान् ઈત્યાકારક અનુમિતિમાં પર્વત ઉદ્દેશ્ય છે. ઉદ્દેશ્યતા પર્વતત્વાવચ્છિન્ન છે. વિધેય વહ્નિ છે. એમાં રહેલી વિધેયતા વહ્નિત્વાવચ્છિન્ન છે. વિધેયતાવચ્છેદક(સાધ્યતાવચ્છેદક)સંબન્ધ, સંયોગ છે. તેથી વહ્નિત્વાવચ્છિન્નવિધેયતા, સાધ્યતાવચ્છેદક સંયોગ સંબન્ધાવચ્છિન્ન પણ છે. તેથી "पर्वतत्वावच्छिन्नोद्देश्यतानिरूपित–संयोगसम्बन्धावच्छिन्नवह्नित्वावच्छिन्नविधेयताकानुमितित्वावच्छिन्नकार्यता–(पर्वतो वह्निमान् ઈત્યાકારક અનુમિતિનિષ્ઠ કાર્યતા) निरूपित–कारणताश्रयो वह्निव्याप्यधूमवानयं पर्वत इत्याकारकपरामर्शः આ પ્રમાણે

અનુમિતિ અને પરામર્શ વિશેષનો કાર્યકારણભાવ છે. પરામર્શાત્મક તાદૃશ જ્ઞાનીય પર્વતનિષ્ઠ વિશેષ્યતા પર્વતત્વથી અવચ્છિન્ન છે અને ધૂમનિષ્ઠ પ્રકારતા ધૂમત્વાવચ્છિન્ન છે. તેથી ઉક્ત કાર્યકારણભાવમાં ન્યાયબોધિનીકારે પરામર્શનું સ્વરૂપ વહ્નિવ્યાપ્તિ (वह्निनिरूपित व्याप्ति) નિષ્ઠપ્રકારતાનિરૂપિત જે ધૂમત્વાવચ્છિન્નપ્રકારતા (ધૂમનિષ્ઠ પ્રકારતા), તન્નિરૂપિત જે પર્વતત્વાવચ્છિન્નવિશેષ્યતા તચ્છાલિ નિર્ણય, આ પ્રમાણે વર્ણવ્યું છે, જે સ્પષ્ટપણે સમજી શકાય છે. "साध्यवान् पक्षः" આ સામાન્યતઃ અનુમિતિનો આકાર છે. અને "साध्यव्याप्यहेतुमान् पक्षः" આ સામાન્યતઃ પરામર્શનો આકાર છે.

(૫૦) **व्याप्तिविशिष्टेति । विषयितासंबन्धेन व्याप्तिविशिष्टं पक्षधर्मताज्ञानं परामर्श इत्यर्थः । घटादिज्ञानवारणाय पक्षधर्मतेति । धूमवान् पर्वत इत्यादिज्ञानवारणाय व्याप्तिविशिष्टेति । तदिति । परामर्शजन्यमित्यर्थः ।**

## પદકૃત્ય

व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानम् અહીં વ્યાપ્તિનું વૈશિષ્ટ્ય જ્ઞાનમાં વિષયિતાસંબંધથી લેવું. બે સંબંધીની વચ્ચે વિશિષ્ટ શબ્દનો પ્રયોગ કરાય છે. સંબંધના આશ્રયને સંબંધી કહેવાય છે. પ્રકૃતસ્થળે વ્યાપ્તિ અને પક્ષધર્મતાજ્ઞાન આ બે સંબંધીના સંબંધિત્વને સમજાવવા 'વિશિષ્ટ' પદનો પ્રયોગ છે. ત્યાં વૈશિષ્ટ્ય વિષયિતાસંબંધથી લેવું. પરામર્શના લક્ષણમાં 'पक्षधर्मता' પદનું ઉપાદાન ન કરીએ તો "वह्निव्याप्यो धूमः, घटश्च" ઈત્યાકારક સમૂહાલંબનાત્મક ઘટાદિજ્ઞાનમાં અથવા "व्याप्यो घटः" ઘત્યાદ્યાકારક ઘટાદિજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે એ જ્ઞાન પણ વ્યાપ્તિવિશિષ્ટ (વિષયક) તો છે જ. 'पक्षधर्मता' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઉક્ત ઘટાદિવિષયકજ્ઞાન પક્ષસંબંધવિષયક નથી. માત્ર "पक्षधर्मताविषयक' જ્ઞાનને જ, પરામર્શ કહીએ તો "धूमवान् पर्वतः" ઈત્યાદ્યાકારક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે આ જ્ઞાન પણ પર્વત (પક્ષ)ના ધૂમની (હેતુ-

વ્યાપ્યની) સાથેના સંબંધવિષયક છે. પરંતુ તે જ્ઞાન વ્યાપ્તિવિશિષ્ટ ન હોવાથી व्याप्तिविशिष्ट પદના નિવેશ પછી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## मूलम्

यत्र यत्र धूमस्तत्राग्निरिति साहचर्यनियमो व्याप्तिः ॥

મૂળ : "જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં વહ્નિ છે." આ પ્રમાણેના સાહચર્યનિયમને વ્યાપ્તિ કહેવાય છે.

(न्या०) यत्र यत्रेति । 'यत्र' पदवीप्सावशाद् धूमाधिकरणे यावति वह्निमत्त्वलाभाद् यावत्पदमहिम्ना वह्नेर्धूमव्यापकत्वं लब्धम् ॥ तदेव स्पष्टयति साहचर्यनियम इति । एतदर्थस्तु 'नियतसाहचर्यं व्याप्ति'रिति । नियतत्वं व्यापकत्वम् । साहचर्यं नाम सामानाधिकरण्यम् । तथा च धूमनियतवह्निसामानाधिकरण्यं व्याप्तिरित्यर्थः । अत्र वह्नेर्धूमव्यापकत्वं नाम धूमसमानाधिकरणात्यन्ताभावप्रतियोगितानवच्छेदकधर्मवत्त्वम् ॥ तथा हि–धूमाधिकरणे पर्वत–चत्वरमहानसादौ वर्तमानो योऽभावः घटत्वाद्यवच्छिन्नप्रतियोगिताकाभावः, न तु वह्नित्वावच्छिन्नप्रतियोगिताकाभावः । कुतः ? पर्वतादौ वह्नेः सत्त्वात् । एवं सति धूमाधिकरणे पर्वतचत्वरादौ वर्तमानस्य घटाद्यभावस्य प्रतियोगितावच्छेदकं घटत्वादिकमनवच्छेदकं वह्नित्वं वह्नौ वर्ततेऽतो धूमव्यापकत्वं वह्नौ वर्तते। इयमन्वयव्याप्तिः सिद्धान्तानुसारेण ॥ पूर्वपक्षव्याप्तिस्तु –साध्याभाववद्[1]–[2]वृत्तित्वम् । 'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्नसाध्यतावच्छेद– कावच्छिन्नप्रतियोगिताक–प्रतियोगितावच्छेदकसंबन्धावच्छिन्न-प्रतियोगितावच्छेदकाव[3]च्छिन्नवैयधिकरण्यावच्छिन्ना-भाववन्निरूपित-हेतुतावच्छेदक-संबन्धा-

---

१ 'वह्निमान् धूमादि'त्यादौ समवायेन वह्न्यभावमादायाव्याप्तिवारणार्थं प्रतियोगितायां प्रथममवच्छिन्नान्तं विशेषणम् । २ तत्रैव महानसीयवह्न्याद्यभावमादायाव्याप्तिवारणाय द्वितीयमवच्छिन्नान्तम् । ३ कपिसंयोगी एतद्वृक्षत्वादित्यादावव्याप्तिवारणायाभावे वैयधिकरण्यावच्छिन्नान्तं विशेषणम्, प्रतियोगितावच्छेदकसंबंधेन प्रतियोगितावच्छेदकविशिष्टप्रतियोगिनो यदनधिकरणं तद्वृत्तिरिति तस्यार्थः ।

वच्छिन्न[४]वृत्तितात्वावच्छिन्न[५]प्रतियोगिताकाभाव' इति निष्कर्षः । तच्च केवलान्वयि[६]न्यव्याप्तमिति सिद्धान्तानुसरणम् ॥

## ન્યાયબોધિની

મૂલમાં 'यत्र' પદને વીપ્સામાં દ્વિત્વ થવાથી જેટલા ધૂમાધિકરણ છે, તે બધામાં વહ્નિમત્ત્વનો લાભ થાય છે. તેથી ધૂમનું વ્યાપકત્વ વહ્નિમાં સ્પષ્ટ કરે છે. साहचर्य......ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે "साहचर्यनियमो व्याप्तिः" આ મૂલગ્રંથ, "नियतसाहचर्यं व्याप्तिः" આ અર્થને સમજાવે છે. 'નિયતત્વ' વ્યાપકત્વ સ્વરૂપ છે અને 'સાહચર્ય' એટલે સામાનાધિકરણ્ય અર્થાત્ એકાધિકરણવૃત્તિત્વ છે. તેથી ધૂમનિયત (વ્યાપક) વહ્નિસામાનાધિકરણ્યને વ્યાપ્તિ કહેવાય છે, એ તાત્પર્યાર્થ છે. અહીં ધૂમનું વ્યાપકત્વ વહ્નિમાં "धूमसमानाधिकरणात्यन्ताभावप्रतियोगितानवच्छेदकधर्मवत्त्व" સ્વરૂપ છે. ધૂમના અધિકરણ પર્વતાદિમાં, ઘટત્વાદ્યવચ્છિન્ન પ્રતિયોગિતાક ઘટાદ્યભાવ છે.(वह्नित्वावच्छिन्नप्रतियोगिताकवह्न्यभाव નથી.) તાદૃશ ધૂમસમાનાધિકરણ-ઘટાદ્યભાવીય–પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાદિ છે. તાદૃશાભાવીયપ્રતિયોગિતાનવચ્છેદક વહ્નિત્વ છે. અને તાદૃશપ્રતિયોગિતાનવચ્છેદકધર્મ-વહ્નિત્વવત્ત્વ વહ્નિમાં છે. જેથી તાદૃશાભાવીય પ્રતિયોગિતાનવચ્છેદક-ધર્મવત્ત્વ સ્વરૂપ ધૂમવ્યાપકત્વ વહ્નિમાં છે. આવી જ રીતે "स्वसमानाधिकरणात्यन्ताभावप्रतियोगितानवच्छेदकधर्मवत्त्व" સ્વરૂપ વ્યાપકત્વ અન્યત્ર પણ સમજી લેવું. હેતુ(ધૂમ)વ્યાપક-સાધ્ય(વહ્નિ) સામાનાધિકરણ્યરૂપ અન્વયવ્યાપ્તિ સિદ્ધાન્તાનુસારે છે. જે સ્વરૂપ સંબંધથી ધૂમાદિ હેતુમાં છે. તેથી ધૂમાદિ વ્યાપ્તિવિશિષ્ટ અર્થાત્

---

૪ 'वह्निमान् धूमादि'त्यादौ तादृशसाध्याभावाधिकरणे स्वावयवे धूमस्य समवायेन वृत्तित्वादव्याप्तिरतस्तद्वारणाय वृत्तित्वे हेतुतावच्छेदकसंबन्धावच्छिन्नत्वविशेषणम् ।

५ 'धूमवान् वह्ने'रित्यादौ ह्रदादिरूपयत्किंचित्साध्याभावाधिकरणवृत्तित्वाभावस्य वह्नौ सत्त्वादतिव्याप्तिरतस्तद्वारणाय वृत्तित्वसामान्याभावो विवक्षित इति बोध्यम् ।

६ इदं वाच्यं ज्ञेयत्वादित्यादौ ।

'વ્યાપ્ય' કહેવાય છે. વ્યાપ્તિનો આશ્રય 'વ્યાપ્ય' છે. સ્વાભાવવદવૃત્તિત્વ સ્વરૂપ વ્યાપ્યત્વ છે. વહ્ન્યભાવવદ્ જલાદિનિરૂપિત વૃત્તિત્વ (મત્સ્યાદિનિષ્ઠ વૃત્તિત્ત્વ)નો અભાવ ધૂમમાં છે. તેથી વહ્નિવ્યાપ્યત્વ ધૂમમાં છે અને ઉક્ત રીતે ધૂમનું વ્યાપકત્વ વહ્નિમાં છે. તથા વ્યાપકસામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ ધૂમમાં છે. પૂર્વપક્ષવ્યાપ્તિ "साध्याभाववदवृत्तित्व" સ્વરૂપ છે, જેનું નિષ્કૃષ્ટ સ્વરૂપ નીચે જણાવ્યા મુજબ છે.

"साध्याभाववदवृत्तित्वम्" અહીં साध्यस्याभावः साध्याभावः, साध्याभावो यत्रास्ति स साध्याभाववान्, वृत्तं वृत्तिः; वृत्तस्याभावोऽवृत्तम्, साध्याभाववतोऽवृत्तं यत्रास्ति स साध्याभाववदवृत्ती, (मत्वर्थीय इन् प्रत्यय), साध्याभाववदवृत्तिनो भावः साध्याभाववदवृत्तित्वम्, આ પ્રમાણે સમાસાદિ કાર્ય થયું છે. साध्यस्य અને 'वृत्तस्य' અહીં ષષ્ઠ્યર્થ પ્રતિયોગિતા છે. તેનો અન્વય નિરૂપકતાસંબંધથી અભાવમાં છે. મતુપ્પ્રત્યયાર્થ અધિકરણત્વ છે. તેથી "साध्यनिष्ठप्रतियोगितानिरूपका–भावनिष्ठाधेयतानिरूपिताधिकरणतावन्निरूपितवृत्तित्वनिष्ठप्रतियोगिता–निरूपकाभावो व्याप्तिः" આ પ્રમાણે, ઉક્તવાક્યથી (साध्याभाववद–वृत्तित्त्वम् व्याप्तिः આ વાક્યથી) અર્થ પ્રતીત થાય છે. "पर्वतो वह्निमान् धूमात्" અહીં સાધ્યવહ્નિનિષ્ઠ પ્રતિયોગિતાનિરૂપક-વહ્ન્યભાવનિષ્ઠાધેયતાનિરૂપિતાધિકરણતાવદ્ જલાદિનિરૂપિતમત્સ્યાદિ નિષ્ઠવૃત્તિતાનિષ્ઠપ્રતિયોગિતાક વૃત્તિત્વાભાવ સ્વરૂપ વ્યાપ્તિ ધૂમહેતુમાં છે. તેથી લક્ષણસમન્વય થાય છે.

વ્યાપ્તિના લક્ષણમાં 'સાધ્યનિષ્ઠ પ્રતિયોગિતા' સાધ્યતાવચ્છેદક સંબન્ધાવચ્છિન્ન લેવી જોઈએ. અન્યથા 'समवायेन वह्निर्नास्ति' ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત સમવાયસંબંધાવચ્છિન્ન-વહ્નિનિષ્ઠ પ્રતિયોગિતાનિરૂપકવહ્ન્યભાવનિષ્ઠાધેયતાનિરૂપિતાધિકરણતાવત્ પર્વતાદિનિરૂપિત વૃત્તિતા જ ધૂમમાં છે. તાદૃશવૃત્તિત્વાભાવ ધૂમમાં નથી. તેથી અવ્યાપ્તિ આવશે. સાધ્યનિષ્ઠ પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક સંબન્ધાવચ્છિન્ન લઈએ તો અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે પ્રકૃતસ્થળે

સાધ્યતાવચ્છેદકસંબંધ સંયોગ છે, તત્સંબન્ધાવચ્છિન્ન-સાધ્યનિષ્ઠ પ્રતિયોગિતાનિરૂપક સાધ્યાભાવ, 'संयोगेन वह्निर्नास्ति' ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત છે. તાદૃશ સાધ્યાભાવનિષ્ઠાધેયતાનિરૂપિતાધિકરણતાવદ્જલાદિ(પર્વતાદિ નહિ)નિરૂપિત મત્સ્યાદિનિષ્ઠવૃત્તિતાનો અભાવ ધૂમમાં છે. તેથી ધૂમમાં લક્ષણસમન્વય થાય છે.

"साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न–साध्यनिष्ठप्रतियोगितानिरूपकाभावनिष्ठाधेयतानिरूपिताधिकरणतावन्निरूपितवृत्तित्वनिष्ठप्रतियोगितानिरूपकाभावो व्याप्तिः" આ પ્રમાણે લક્ષણનું તાત્પર્ય સમજી લઈએ તોપણ "पर्वतो वह्निमान् धूमात्' અહીં અવ્યાપ્તિ આવશે. કારણ કે 'संयोगेन वह्निर्नास्ति' ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત વહ્ન્યભાવ પર્વતમાં ન હોવા છતાં "संयोगेन महानसीयवह्निर्नास्ति" ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત તત્તદ્વહ્ન્યભાવ તો પર્વતમાં છે. તાદૃશવહ્ન્યભાવ साध्यतावच्छेदकसंयोगसम्बन्धावच्छिन्नसाध्यनिष्ठप्रतियोगिताक પણ છે. [કારણ કે વિશિષ્ટ શુદ્ધથી અતિરિક્ત નથી. તેથી વિશિષ્ટ વહ્નિમાં રહેલી પ્રતિયોગિતા શુદ્ધ (સામાન્ય) વહ્નિમાં (સાધ્યમાં) પણ મનાય છે] તેથી તાદૃશસંયોગસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક-મહાનસીય વહ્ન્યભાવાધિકરણ-પર્વતાદિનિરૂપિત વૃત્તિતા જ ધૂમમાં હોવાથી અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન સાધ્યનિષ્ઠપ્રતિયોગિતા' લેવી જોઈએ. "महानसीयवह्निर्नास्ति" ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત महानसीयवह्न्यभावीयप्रतियोगिता મહાનસીયવહ્નિત્વાવચ્છિન્ન (महानसीयवह्निगततद्व्यक्तित्वावच्छिन्न) છે, પરંતુ સાધ્યતાવચ્છેદક-વહ્નિત્વાવચ્છિન્ન નથી. કારણ કે સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ, મહાનસીયવહ્નિનિષ્ઠ-પ્રતિયોગિતાનો અતિપ્રસક્ત ધર્મ છે. તેથી "साध्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकाभाव'ના નિવેશથી 'संयोगेन महानसीयवह्न्यभाव' ને લઈને અવ્યાપ્તિ નહીં આવે-એ સ્પષ્ટ છે. અનુમાનકર્તાને પક્ષમાં સાધ્યસિદ્ધિ જે સંબંધથી ઈષ્ટ હોય તે સંબંધને, સાધ્યતાવચ્છેદકસંબંધ કહેવાય છે. વિવક્ષિત સાધ્યની સિદ્ધિ માટે પક્ષમાં જે સંબંધથી હેતુનું અસ્તિત્વ જણાવ્યું હોય છે, તે સંબંધને

હેતુતાવચ્છેદકસંબંધ કહેવાય છે. અભાવના અધિકરણમાં પ્રતિયોગીનું અસત્ત્વ જે સંબંધથી બતાવ્યું હોય છે, તે સંબંધને પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ કહેવાય છે. સાધ્યતા, હેતુતા અથવા પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મ તો પૂર્વે જણાવ્યા મુજબ સાધ્યતા, હેતુતા અથવા પ્રતિયોગિતાનો અન્યૂનાનતિપ્રસક્ત (સમનિયત) જ હોય છે.

साध्यतावच्छेदकसंबन्धावच्छिन्न–साध्यतावच्छेदकावच्छिन्न(साध्यनिष्ठ) प्रतियोगितानिरूपकाभाव(साध्याभाव)निष्ठाधेयतानिरूपिताधिकरणतावन्निरूपितवृत्तित्वनिष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः; આ પ્રમાણે લક્ષણનું તાત્પર્ય સમજી લઈએ તોપણ 'पर्वतो वह्निमान् धूमात्' અહીં અવ્યાપ્તિ આવે છે. કારણ કે પર્વતના શિખરમાં સંયોગસંબંધથી વહ્નિ હોવા છતાં પર્વતના મૂલમાં "संयोगेन वह्निर्नास्ति' ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત સાધ્યતાવચ્છેદકસંયોગસંબન્ધાવચ્છિન્ન- સાધ્યતાવચ્છેદક વહ્નિત્વાવચ્છિન્ન -પ્રતિયોગિતાનિરૂપક વહ્ન્યભાવ છે. તેથી તાદૃશ વહ્ન્યભાવનિષ્ઠાધેયતા-નિરૂપિતાધિકરણતાવત્પર્વત-નિરૂપિતવૃત્તિતા જ ધૂમમાં હોવાથી અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન- સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન-પ્રતિયોગિતાક અભાવ (साध्याभाव); પ્રતિયોગિવ્યધિકરણ અર્થાત્ પ્રતિયોગી (સાધ્ય)ના અધિકરણથી ભિન્નાધિકરણમાં વૃત્તિ, લેવો જોઈએ. જેથી પર્વતવૃત્તિ તાદૃશવહ્ન્યભાવને લઈને અવ્યાપ્તિ નહીં આવે, કારણ કે પર્વતવૃત્તિ તાદૃશવહ્ન્યભાવ, પ્રતિયોગી વહ્નિના અધિકરણમાં વૃત્તિ હોવાથી પ્રતિયોગિસમાનાધિકરણ છે, પ્રતિયોગિવ્યધિકરણ નથી. પ્રતિયોગીના અધિકરણ પર્વતાદિથી ભિન્ન જલાદિસ્વરૂપ અધિકરણમાં જ વૃત્તિ વહ્ન્યભાવ, પ્રતિયોગિવ્યધિકરણ છે અને તાદૃશજલાદિવૃત્તિ-વહ્ન્યભાવાધિકરણનિરૂપિત-મત્સ્યાદિનિષ્ઠ વૃત્તિતાનો અભાવ ધૂમમાં હોવાથી લક્ષણસમન્વય થાય છે. યદ્યપિ 'संयोगेन वह्नि र्नास्ति' ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત વિવક્ષિત વહ્ન્યભાવ પર્વતવૃત્તિ હોય તોપણ તે પ્રતિયોગિવ્યધિકરણ છે જ. કારણ કે પર્વત, સમવાય

સંબંધથી પ્રતિયોગી વહ્નિસામાન્યનું અથવા સંયોગસંબંધથી પ્રતિયોગિ-વિશેષનું (મહાનસીય વહ્ન્યાદિનું) અધિકરણ ન હોવાથી તાદૃશ પ્રતિયોગીના અધિકરણ વહ્ન્યવયવ અથવા મહાનસાદિથી ભિન્ન અધિકરણ પર્વત છે અને એમાં રહેનાર તાદૃશ વહ્ન્યભાવ (संयोगेन वह्निर्नास्ति ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત વહ્ન્યભાવ) પ્રતિયોગિ-વ્યધિકરણ બને છે. જેથી એને લઈને અવ્યાપ્તિ આવે છે. પરંતુ એ અવ્યાપ્તિના નિવારણ માટે "प्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नप्रति-योगितावच्छेदकावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावद्भिन्नाधिकरणवृत्ति" અભાવસ્વરૂપ; પ્રતિયોગિવ્યધિકરણાભાવની વિવક્ષા સમજવી જોઈએ. અર્થાત્ પ્રતિયોગિવ્યધિકરણત્વ-ઘટક પ્રતિયોગિનિષ્ઠાધેયતા, પ્રતિયોગિ-તાવચ્છેદકસંબન્ધાવચ્છિન્ન અને પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન લેવી જોઈએ. "पर्वतो वह्निमान् धूमात्" અહીં વિવક્ષિત સાધ્યાભાવીય-પ્રતિયોગિતાવચ્છેદકસંબંધ 'સંયોગ' છે. અને પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ વહ્નિત્વ છે. સંયોગસંબંધાવચ્છિન્ન -વહ્નિત્વાવચ્છિન્નાધેયતા નિરૂપિતાધિકરણતા પર્વતમાં છે. તાદૃશાધિકરણતાવદ્ભિન્ન અધિકરણ જલાદિ છે. અને તેથી જલાદિવૃત્તિ જ તાદૃશ વિવક્ષિત વહ્ન્યભાવ પ્રતિયોગિવ્યધિકરણ છે. પર્વતવૃત્તિ તાદૃશવહ્ન્યભાવ પ્રતિયોગિ-વ્યધિકરણ નથી. કારણ કે સમવાયસંબંધથી વહ્નિનું અધિકરણ અથવા સંયોગસંબંધથી મહાનસીય વહ્નિનું અધિકરણ પર્વત ન હોવા છતાં તે વિવક્ષિત પ્રતિયોગિતાવચ્છેદક-સંયોગસંબંધથી પ્રતિયોગિતાવચ્છેદક વહ્નિત્વાવચ્છિન્નનું અધિકરણ છે. તેથી ઉક્ત વિવક્ષાના કારણે પર્વતવૃત્તિ વહ્ન્યભાવ પ્રતિયોગિસમાનાધિકરણ હોવાથી તાદૃશ (પર્વતવૃત્તિ) વહ્ન્યભાવને લઈને અવ્યાપ્તિ નહીં આવે. આથી સ્પષ્ટ છે કે પ્રતિયોગિવ્યધિકરણ સાધ્યાભાવની વિવક્ષાથી લક્ષણઘટક સાધ્યા-ભાવનિષ્ઠાધેયતા "प्रतियोगिवैयधिकरण्यावच्छिन्न" છે. કારણ કે આધેયાંશનું વિશેષણ આધેયતાવચ્છેદક થાય છે. તેથી જ લક્ષણમાં ન્યાયબોધિનીકારે "प्रतियोगिवैयधिकरण्यावच्छिन्नाभाववन्निरूपित..." ઈત્યાદિ શબ્દોનો પ્રયોગ કર્યો છે, જેનું તાત્પર્ય ઉપર જ સ્પષ્ટ કર્યું છે.

"साध्यतावच्छेदकसंबन्धावच्छिन्न[१]–साध्यतावच्छेदकावच्छिन्न[१]–प्रति-योगिता[१](साध्यनिष्ठ)निरूपक[२](साध्याभाव)प्रतियोगितावच्छेदकसम्बन्धा-वच्छिन्न[३]–प्रतियोगितावच्छेदकावच्छिन्नाधेयता[३] [प्रतियोगि(साध्य)निष्ठ][३] निरू-पिताधिकरणतावद्भिन्नाधिकरणवृत्त्यभाव[२] (प्रतियोगिव्यधिकरणसाध्याभाव)[२]-निष्ठाधेयतानिरूपिताधिकरणतावन्निरूपितवृत्तित्व[४]निष्ठप्रतियोगिता[४]–निरूपका-भावो व्याप्तिः ।" આ પ્રમાણે લક્ષણના તાત્પર્યની વિવક્ષાથી પણ पर्वतो वह्निमान् धूमात् અહીં અવ્યાપ્તિ આવે છે જ. કારણ કે ઉક્તનિવેશથી એટલું જ નિશ્ચિત છે કે પ્રકૃત સ્થળે 'संयोगेन वह्निर्नास्ति' ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત સાધ્યાભાવ વહ્ન્યભાવ, સંયોગસંબંધથી વહ્નિસામાન્યના અધિકરણ પર્વતાદિથી ભિન્ન જલાદિ-અધિકરણમાં વૃત્તિ લેવો. પરંતુ તાદૃશ વિવક્ષિતસાધ્યાભાવાધિકરણ જલાદિમાં ધૂમ હેતુ કાલિકસંબંધથી વૃત્તિ છે. (કાલિકસંબંધથી કોઈ પણ વસ્તુ કાલમાં તથા અનિત્યપદાર્થમાં વૃત્તિ મનાય છે.) તેથી તાદૃશ સાધ્યાભાવા-ધિકરણ નિરૂપિત વૃત્તિતા જ ધૂમમાં હોવાથી અર્થાત્ તાદૃશવૃત્તિત્વનિષ્ઠ પ્રતિયોગિતાક અભાવ ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે તાદૃશ સાધ્યાભાવાધિકરણનિરૂપિત વૃત્તિતા હેતુતાવચ્છેદક-સંબંધાવચ્છિન્ન લેવી જોઈએ, જેથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે, પ્રકૃત સ્થળે હેતુતાવચ્છેદકસંબંધ સંયોગ હોવાથી, વિવક્ષિત સાધ્યાભાવાધિકરણ–જલાદિનિરૂપિત વૃત્તિતા, હેતુતાવચ્છેદકસંયોગ-સંબંધાવચ્છિન્ન જ લેવી જોઈએ. જલાદિનિરૂપિત સંયોગ સંબંધાવચ્છિન્ન વૃત્તિતા મત્સ્યાદિમાં જ છે, ધૂમમાં નથી. જલાદિમાં, ધૂમ કાલિકસંબંધથી વૃત્તિ હોવાથી જલાદિનિરૂપિત ધૂમમાં રહેનારી વૃત્તિતા, કાલિકસંબંધાવચ્છિન્ન છે. હેતુતાવચ્છેદક-સંયોગસંબંધાવચ્છિન્ન નથી. તેથી સ્પષ્ટ છે કે તાદૃશસાધ્યાભાવાધિકરણનિરૂપિત હેતુતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન વૃત્તિતા ધૂમમાં ન હોવાથી અર્થાત્ તાદૃશ વૃત્તિત્વાભાવ ધૂમમાં હોવાથી

લક્ષણસમન્વય થાય છે, જેથી અવ્યાપ્તિ નથી આવતી.

"साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न[१]–साध्यतावच्छेदकावच्छिन्न[१]-प्रति-योगिताक[१ २](साध्याभाव)प्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्न[३]–प्रतियोगिता-वच्छेदकावच्छिन्नाधेयता[३]-निरूपिता[३]धिकरणतावद्भिन्नाधिकरणवृत्त्यभाव[२]-(प्रतियोगिव्यधिकरणसाध्याभाव)निष्ठाधेयतानिरूपिताधिकरणतावन्निरू-पित[४]हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्न[४]-वृत्तिता[४]निष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः ।" આ પ્રમાણે લક્ષણના તાત્પર્યની વિવક્ષા કરવા છતાં, 'पर्वतो धूमवान् वह्नेः' આ અસદ્‌હેતુ સ્થળે અતિવ્યાપ્તિ આવે છે. અહીં 'ધૂમ' સાધ્ય છે. 'વહ્નિ' હેતુ છે. 'સંયોગ' સાધ્યતાવચ્છેદક અને હેતુતાવચ્છેદક સંબંધ છે. તાદૃશપ્રતિયોગિવ્યધિકરણ સાધ્યાભાવ–ધૂમાભાવાધિકરણ જલાદિનિરૂપિત-હેતુતાવચ્છેદક-સંયોગસંબંધાવચ્છિન્ન વૃત્તિતા મત્સ્યાદિમાં છે અને તાદૃશ-વૃત્તિત્વાભાવ વહ્નિમાં છે. તેથી "धूमवान् वह्नेः" અહીં વ્યભિચારી સ્થળે અતિવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે તાદૃશ-વૃત્તિત્વાભાવ, વૃત્તિત્વસામાન્યાભાવસ્વરૂપ લેવો. અર્થાત્ વૃત્તિત્વાભાવીય વૃત્તિત્વનિષ્ઠપ્રતિયોગિતા વૃત્તિતાત્વાવચ્છિન્ન લેવી જોઈએ. 'धूमवान् वह्नेः' અહીં તાદૃશ સાધ્યાભાવ–ધૂમાભાવાધિકરણ જલહ્રદાદિનિરૂપિત-વૃત્તિત્વાભાવીયપ્રતિયોગિતા, જલહ્રદાદિનિરૂપિત-વૃત્તિતાત્વવિશેષથી અવચ્છિન્ન છે, વૃત્તિતાત્વસામાન્યથી અવચ્છિન્ન નથી. કારણ કે 'વૃત્તિતાત્વ'તો તાદૃશસાધ્યાભાવાધિકરણનિરૂપિત વૃત્તિત્વસામાન્યાન્તઃપાતી (વૃત્તિતાના સમુદાયમાં) સાધ્યાભાવાધિકરણ 'અયોગોલક' (તપ્ત લોઢાનો ગોળો)નિરૂપિત સંયોગસંબંધા-(હેતુતા-વચ્છેદકસંબંધા)વચ્છિન્ન વહ્નિનિષ્ઠવૃત્તિતામાં પણ છે અને ત્યાં (અયોગોલકનિરૂપિત વહ્નિનિષ્ઠ તાદૃશવૃત્તિતામાં) સાધ્યાભાવા-ધિકરણ-જલાદિનિરૂપિત-વૃત્તિત્વાભાવીય પ્રતિયોગિતા નથી. તેથી તાદૃશ વૃત્તિત્વાભાવીય-પ્રતિયોગિતાવચ્છેદક, વૃત્તિતાત્વસામાન્ય (કેવલવૃત્તિતાત્વ) નથી. આથી સ્પષ્ટ છે કે સાધ્યાભાવાધિકરણ-

જલાદિ-નિરૂપિત-તાદૃશવૃત્તિત્વાભાવને લઈને અતિવ્યાપ્તિનું પ્રદર્શન શક્ય નથી. આશય એ છે કે 'धूमवान् वह्नेः' અહીં તાદૃશ-સાધ્યાભાવાધિ-કરણજલાદિ નિરૂપિત જ વૃત્તિત્વાભાવ વહ્નિમાં છે. સાધ્યાભાવા-ધિકરણ-અયોગોલકનિરૂપિત-વૃત્તિત્વાભાવ વહ્નિમાં નથી. એ સ્પષ્ટ છે. લક્ષણમાં સાધ્યાભાવાધિકરણનિરૂપિત વૃત્તિત્વવિશેષના અભાવની વિવક્ષા કરીએ તો ઉપર જણાવ્યા મુજબ જલાદિનિરૂપિત વૃત્તિત્વ વિશેષનો અભાવ વહ્નિરૂપ હેતુમાં હોવાથી અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે સાધ્યાભાવાધિકરણનિરૂપિત વૃત્તિત્વ-સામાન્યનો અભાવ લક્ષણમાં નિવિષ્ટ કરીએ તો અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે વહ્નિમાં, સાધ્યાભાવાધિકરણ-જલાદિનિરૂપિત વૃત્તિત્વવિશેષનો અભાવ હોવા છતાં, સાધ્યાભાવાધિકરણ-નિરૂપિત વૃત્તિત્વસામાન્યનો અભાવ નથી. વહ્નિમાં તો તાદૃશસાધ્યાભાવા-ધિકરણનિરૂપિત વૃત્તિત્વસામાન્યાન્તઃપાતી તાદૃશ-સાધ્યાભાવાધિકરણ અયોગોલકનિરૂપિત વૃત્તિતા જ છે. તેથી તાદૃશ વૃત્તિત્વવિશેષના આશ્રયભૂત વહ્નિમાં વૃત્તિત્વસામાન્યનો અભાવ નથી. 'વૃત્તિત્વ-સામાન્યાભાવ' અને 'વૃત્તિત્વવિશેષાભાવ' એ બેમાં જે ભેદ છે તે ઉપર જણાવ્યો છે. આથી સ્પષ્ટ છે કે, વ્યાપ્તિનું લક્ષણ નીચે મુજબ છે.

१ १
''साध्यतावच्छेदकसंबंधावच्छिन्न--साध्यतावच्छेदकावच्छिन्नप्रतियो-
१ २ ३ ३
गिताक-प्रतियोगितावच्छेदकसंबंधावच्छिन्न-प्रतियोगितावच्छेदकावच्छिन्ना-
३ २ २ ४
धेयतानिरूपिताधिकरणतावद्भिन्नाधिकरणवृत्त्यभाववन्निरूपित (वृत्त्यभाव-निष्ठाधेयतानिरूपिताधिकरणतावन्निरूपित) हेतुतावच्छेदकसंबंधावच्छिन्न-
४ ० ५ ५
वृत्तितात्वावच्छिन्नप्रतियोगिताकाभावो व्याप्तिः ।'' આ પૂર્વપક્ષવ્યાપ્તિનું લક્ષણ, इदं वाच्यं ज्ञेयत्वाद् ઈત્યાદિ કેવલાન્વયિસાધ્યક સ્થળે જતું નથી. કારણ કે સાધ્ય-વાચ્યત્વ કેવલાન્વયી અર્થાત્ સકલપદાર્થમાં વૃત્તિ હોવાથી વાચ્યત્વાભાવાધિકરણ (સાધ્યાભાવાધિકરણ) જ અહીં અપ્રસિદ્ધ

હોવાથી તન્નિરૂપિત-વૃત્તિત્વાભાવ પણ અપ્રસિદ્ધ છે. તેથી इदं वाच्यं ज्ञेयत्वाद् ઈત્યાદિ કેવલાન્વયિસાધ્યક સ્થળે પૂર્વપક્ષનું વ્યાપ્તિનું લક્ષણ ત્યાં ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે "हेतुव्यापकसाध्यसामानाधिकरण्यं व्याप्तिः" આ પ્રમાણે સિદ્ધાંતલક્ષણનું અનુસરણ કર્યું છે. "इदं वाच्यं ज्ञेयत्वाद्" ઈત્યાદિ કેવલાન્વયિસાધ્યક સ્થળે જ્ઞેયત્વાદિ હેતુવ્યાપકસાધ્યવાચ્યત્વાદિસામાનાધિકરણ્ય જ્ઞેયત્વાદિ હેતુમાં હોવાથી લક્ષણસમન્વય થાય છે.

**(૫૦) यत्र यत्रेति । यत्र यत्र धूमस्तत्र तत्राग्निरिति व्याप्तेरभिनयः । तत्र साहचर्यनियम इति लक्षणम् । सह चरतीति सहचरस्तस्य भावः साहचर्यं, सामानाधिकरण्यमिति यावत् । तस्य नियमो व्याप्तिरित्यर्थः । स चाव्यभिचरितत्वम् । तच्च व्यभिचाराभावः । व्यभिचारश्च साध्याभाववद्वृत्तित्वम् । तथा च साध्याभाववदवृत्तित्वं व्याप्तिरिति पर्यवसन्नम् । 'महानसं वह्निमत्, धूमादि'त्यादौ साध्यो वह्निस्तदभाववान् जलह्रदादिस्तद्वृत्तित्वं नौकादाववृत्तित्वं प्रकृते हेतुभूते धूमे इति कृत्वा लक्षणसमन्वयः । 'धूमवान् वह्ने'रित्यादौ साध्यो धूमः, तदभाववदयोगोलकं, तद्वृत्तित्वमेव वह्न्यादाविति नातिव्याप्तिः ॥**

## પદકૃત્ય

મૂલમાં 'यत्र यत्र धूमस्तत्र तत्राग्निः' આ વ્યાપ્તિનો આકાર વિશેષ છે અને 'साहचर्यनियमः' આ વ્યાપ્તિલક્ષણપ્રતિપાદક વાક્ય છે. સાહચર્ય એટલે સામાનાધિકરણ્ય, તેના નિયમને વ્યાપ્તિ કહેવાય છે. સાહચર્યનિયમ 'અવ્યભિચરિતત્વ' સ્વરૂપ છે, જે 'વ્યભિચારાભાવ' રૂપ છે. "साध्याभाववद्वृत्तित्व" સ્વરૂપ વ્યભિચાર છે અને તેના અભાવરૂપ અર્થાત્ 'साध्याभाववदवृत्तित्व' રૂપ વ્યાપ્તિ છે, જેનું સ્વરૂપ, ઉપર ન્યાયબોધિનીમાં પૂર્વપક્ષવ્યાપ્તિરૂપે વિસ્તારથી જણાવ્યું છે. "धूमवान् वह्नेः" અહીં साध्याभाववद् (धूमाभाववद्) અયોગોલક-નિરૂપિતવૃત્તિતા વહ્નિમાં હોવાથી ધૂમાભાવવદ્વૃત્તિત્વરૂપ વ્યભિચાર

વહ્નિમાં છે, જેથી ધૂમનો વ્યભિચારી વહ્નિ કહેવાય છે. વહ્નિ ધૂમાભાવવદવૃત્તિત્વ ન હોવાથી "साध्याभाववदवृत्तित्वम्" આ વ્યાપ્તિ લક્ષણમાં અતિવ્યાપ્તિ નથી આવતી.

## मूलम्

**व्याप्यस्य पर्वतादिवृत्तित्वं पक्षधर्मता ॥**

મૂળ : વ્યાપ્ય (વ્યાપ્તિવિશિષ્ટ–ધૂમાદિ)નું પર્વતાદિમાં, જે વૃત્તિત્વ છે, તેને પક્ષધર્મતા કહેવાય છે.

**(૫૦) ननु ज्ञातेयं व्याप्तिः, 'पक्षधर्मताज्ञान'मित्यत्र का नाम पक्षधर्मता इत्यपेक्षमाणं प्रति तत्स्वरूपं निरूपयति–व्याप्यस्येति । व्याप्यो नाम व्याप्त्याश्रयः । स च धूमादिरेव, तस्य पर्वतादिवृत्तित्वं पक्षधर्मतेत्यर्थः ॥**

## પદકૃત્ય

"व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानं परामर्शः" આ પરામર્શલક્ષણઘટક વ્યાપ્તિ-પદાર્થનું જ્ઞાન થયું. પરન્તુ તદ્ઘટક 'પક્ષધર્મતા' કોને કહેવાય છે ? આ પ્રમાણેની જિજ્ઞાસાની વિદ્યમાનતામાં હવે પક્ષધર્મતાનું નિરૂપણ કરે છે. "व्याप्यस्य...." ઈત્યાદિ ગ્રંથથી. વ્યાપ્તિના આશ્રયને વ્યાપ્ય કહેવાય છે. વહ્ન્યાદિનિરૂપિતવ્યાપ્તિના આશ્રય ધૂમાદિ હેતુ વ્યાપ્ય છે. તેના પક્ષ-પર્વતાદિમાં વૃત્તિત્વને પક્ષધર્મતા કહેવાય છે. "धूमवान् पर्वतः" ઈત્યાદ્યાકારક જ્ઞાન પક્ષધર્મતાવિષયક છે. યદ્યપિ પરામર્શનિરૂપણના અવસરે ન્યાયબોધિનીમાં पक्षधर्मता પદનો અર્થ પક્ષસંબન્ધ કર્યો છે. તે અર્થ व्याप्यस्य...ઈત્યાદિ મૂલગ્રન્થને અનુરૂપ નથી. પરન્તુ ધૂમાદિહેતુમાં પર્વતાદિપક્ષવૃત્તિત્વ છે, અને ધૂમાદિમાં પક્ષાનુયોગિક તથા ધૂમાદિહેતુપ્રતિયોગિક સંયોગાદિસંબન્ધ પણ છે. તેથી પર્વતાદિવૃત્તિત્વ પણ કથંચિત્ તાદૃશ પક્ષસંબન્ધસ્વરૂપ હોવાથી ન્યાયબોધિનીમાં ઉક્ત અર્થ મૂલગ્રન્થને અનુરૂપ જ છે. આધેય, સંબન્ધનો પ્રતિયોગી હોય છે અને અધિકરણ, સંબન્ધનો અનુયોગી

હોય છે.

## मूलम्

**अनुमानं द्विविधं–स्वार्थं परार्थं च ॥**

મૂળ : અનુમાન, 'સ્વાર્થ' તથા 'પરાર્થ' ભેદથી બે પ્રકારનું છે.

**(न्या०) अनुमानं विभजते–स्वार्थमिति ।**

(न्या०): સ્પષ્ટ છે.

**(प०) अथ कथमनुमानमनुमितिकरणं कथं वा तस्मादनुमितेर्जनिरिति जिज्ञासमानं प्रति लाघवादनुमानविभागमुखेनैव बुबोधयिषुरनुमानं विभजते–अनुमानमिति । द्वैविध्यं दर्शयति–स्वार्थं परार्थं चेति ।**

## પદકૃત્ય

અનુમાનનિરૂપણના સંદર્ભમાં 'अनुमितिकरणमनुमानम्' ઈત્યાદિ ગ્રંથથી 'व्याप्यस्य पर्वतादिवृत्तित्वं पक्षधर्मता' અહીં સુધીનો મૂલગ્રન્થ સઙ્ગત છે. કારણ કે અનુમિતિ, પરામર્શ, વ્યાપ્તિ વગેરે પદાર્થનું જ્ઞાન ન થાય તો અનુમાનનું પણ જ્ઞાન નહિ થાય. પરંતુ અનુમાનનું જ્ઞાન થયા પછી શિષ્યને સ્વાભાવિક જ એ જિજ્ઞાસા થાય છે કે અનુમાન અનુમિતિકરણ કેવી રીતે થાય છે ? અથવા અનુમાનથી અનુમિતિની ઉત્પત્તિ કેવી રીતે થાય છે ? આ જિજ્ઞાસાની નિવૃત્તિ માટે ગ્રંથકારે અનુમિતિની ઉત્પત્તિમાં અનુમાન જે રીતે કારણ બને છે તેનું નિરૂપણ કરવું જોઈએ. જ્યારે મૂલકારે તો એ કર્યા વિના જ "अनुमानं द्विविधम्" આ ગ્રંથથી અનુમાનનો વિભાગ કર્યો છે. એ યોગ્ય નથી–આવું કોઈ ન કહે એ આશયથી ગ્રંથકારના અનુમાન-વિભાગગ્રંથનું બીજ જણાવવા "अथ कथमनुमान–....ઈત્યાદિ ગ્રંથ પદકૃત્યમાં છે. આશય એ છે કે ઉક્ત શિષ્યજિજ્ઞાસાની નિવૃત્તિ માટે, અનુમાનથી જે જે રીતે અનુમિતિની ઉત્પત્તિ થાય છે તે બધી જ રીતિઓનું પ્રદર્શન કરવું આવશ્યક તો છે જ અને એ કરતી વખતે

સ્વાભાવિક જ અનુમાનનો વિભાગ પણ થાત. કારણ કે અનુમાનના ભેદથી અનુમિતિ પણ ભિન્ન ભિન્ન છે. એટલે અનુમિતિની ભિન્નતાના નિરૂપણના અવસરે અનુમાનના ભેદો પણ જણાવવા પડત અને ત્યાર બાદ સ્વતંત્રપણે અનુમાનનો વિભાગ કરવો પડત, તેથી આ રીતે અનુમાનના બે વારના વિભાગમાં ગૌરવ જોઈને લાઘવથી અનુમાનના વિભાગ દ્વારા જ ઉક્ત શિષ્યજિજ્ઞાસાની નિવૃત્તિ માટે અનુમાનનો વિભાગ કરે છે. ''अनुमानं द्विविधम्...'' ઈત્યાદિ ગ્રંથથી.

## मूलम्

**स्वार्थं स्वानुमितिहेतुः । तथा हि—स्वयमेव भूयोदर्शनेन यत्र यत्र धूमस्तत्र तत्राग्निरिति महानसादौ व्याप्तिं गृहीत्वा पर्वतसमीपं गतस्तद्गते चाग्नौ संदिहानः पर्वते धूमं पश्यन् व्याप्तिं स्मरति—'यत्र यत्र धूमस्तत्राग्नि'रिति । तदनन्तरं 'वह्निव्याप्यधूमवानयं पर्वत' इति ज्ञानमुत्पद्यते । अयमेव लिङ्गपरामर्श इत्युच्यते । तस्मात् 'पर्वतो वह्निमानि'ति ज्ञानमनुमितिरुत्पद्यते । तदेतत्स्वार्थानुमानम् ॥**

મૂળ : સ્વાનુમિતિ (સ્વસમવેતાનુમિતિ)ના કારણભૂત અનુમાનને 'સ્વાર્થાનુમાન' કહેવાય છે. પોતે જ (અન્ય ઉપદેશાદિ વિના) વારંવાર ધૂમ અને વહ્નિને મહાનસાદિમાં જોવાથી ''જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં વહ્નિ છે'' આ પ્રમાણે વ્યાપ્તિનું ગ્રહણ કરીને પર્વત સમીપે ગયો. ત્યાં પર્વતને વિશે અગ્નિના સંદેહવાળો ધૂમને જોતો ગૃહીત-વ્યાપ્તિનું સ્મરણ કરે છે કે ''જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં અગ્નિ છે.'' ત્યાર બાદ તેને ''वह्निव्याप्यधूमवानयं पर्वतः'' ઈત્યાકારક જ્ઞાન થાય છે. જેને લિઙ્ગપરામર્શ કહેવાય છે. તે લિંગપરામર્શથી તેને ''पर्वतो वह्निमान्'' ઈત્યાકારક અનુમિત્યાત્મક જ્ઞાન ઉત્પન્ન થાય છે. જે કારણથી અહીં અનુમાન સ્વાનુમિતિનું કારણ બને છે. તે કારણે તે અનુમાનને 'સ્વાર્થાનુમાન' કહેવાય છે.

**(न्या०) स्वार्थानुमानं नाम न्यायाप्रयोज्यानुमानम् ।**

## ન્યાયબોધિની

વક્ષ્યમાણ પંચાવયવરૂપ ન્યાયથી અપ્રયોજ્ય અનુમાનને સ્વાર્થાનુમાન કહેવાય છે.

**(५०) स्वस्यार्थः=प्रयोजनं यस्मात् तत्स्वार्थमिति समासः । स्वप्रयोजनं च स्वस्यानुमेयप्रतिपत्तिः । एवं परार्थमित्यस्यापि ॥ अयमिति । व्याप्तिबलेन लीनमर्थं गमयतीति लिङ्गम् । तच्च धूमादि । तस्य परामर्शो ज्ञानविशेष इत्यर्थः ॥ तस्मादिति । लिङ्गपरामर्शादित्यर्थः । स्वार्थानुमानमुपसंहरति—तदेतदिति । यस्मादिदं स्वप्रतिपत्तिहेतुस्तस्मादेतत्स्वार्थानुमानमित्यर्थः ।**

## પદકૃત્ય

જેનાથી પોતાને અર્થ (પ્રયોજન–ફળ) છે, તે અનુમાનને 'સ્વાર્થાનુમાન' કહેવાય છે. અહીં સ્વપ્રયોજન, 'પોતાને અનુમેય વહ્ન્યાદિની પ્રતિપત્તિ (જ્ઞાન) થાય,' તે છે. આવી જ રીતે પરાર્થાનુમાનસ્થળે પણ 'परार्थ' પદનો વિગ્રહ વગેરે જાણવો. વ્યાપ્તિના બલથી, લીન (અપ્રકટ) વહ્ન્યાદિ અર્થને જે જણાવે છે, તેને લિઙ્ગ કહેવાય છે, જે ધૂમાદિહેતુસ્વરૂપ છે. શેષ ઉક્તપ્રાયઃ છે.

**यत्तु स्वयं धूमादग्निमनुमाय परं प्रति बोधयितुं पञ्चावयववाक्यं प्रयुज्यते तत्परार्थानुमानम् । यथा पर्वतो वह्निमान् । धूमवत्त्वात् । यो यो धूमवान् स स वह्निमान् यथा महानसम् । तथा चायम् । तस्मात्तथेति । अनेन प्रतिपादिताल्लिङ्गात्परोऽप्यग्निं प्रतिपद्यते ।**

મૂલ : સ્વયં ધૂમથી અગ્નિનું અનુમાન કરીને બીજાને તેનું જ્ઞાન કરાવવા માટે જે પંચાવયવ વાક્યનો પ્રયોગ કરાય છે તે પરાર્થાનુમાન

કહેવાય છે. જેમ पर्वतो[1] वह्निमान्; धूमवत्त्वात्[2]; यो यो धूमवान् स स[3] वह्निमान् यथा महानसम्; तथा चायम्[4]; અને तस्मात्तथा[5] આ પંચાવયવ વાક્યથી પ્રતિપાદિત લિઙ્ગ દ્વારા બીજો પણ અગ્નિને સ્વીકારે છે (જાણે છે).

**(न्या०) न्यायप्रयोज्यानुमानं परार्थानुमानम् । न्यायत्वं च प्रतिज्ञाद्यवयवपञ्चकसमुदायत्वम् । अवयवत्वं च [1]प्रतिज्ञाद्यन्यतमत्वम् ॥**

## ન્યાયબોધિની

ન્યાયથી પ્રયોજ્ય અનુમાનને પરાર્થાનુમાન કહેવાય છે. પ્રતિજ્ઞા, હેતુ, વગેરે પાંચ અવયવના સમુદાયને 'ન્યાય' કહેવાય છે. પ્રતિજ્ઞાદિપઞ્ચાન્યતમને અવયવ કહેવાય છે. "प्रतिज्ञादिप्रतियोगिकपञ्चभेदकूटावच्छिन्नप्रतियोगिताकभेदवत्त्व" સ્વરૂપ, પ્રતિજ્ઞાદ્યન્યતમત્વ છે. જેનો અર્થ, દ્રવ્યાદ્યન્યતમત્વની જેમ જ સમજી લેવો.

**(प०) क्रमप्राप्तं परार्थानुमानमाह—यत्त्विति । यत्पञ्चावयववाक्यं प्रयुज्यते तत्परार्थानुमानमिति संबन्धः । पञ्चावयवेति । अथावयवत्वं नाम द्रव्यसमवायिकारणत्वम्, प्रतिज्ञादिषु तदसंभवात्कथमेतेऽवयवाः स्युरिति चेत्, अनुमानवाक्यैकदेशत्वात्तु अवयवा इत्युपचर्यत इति गृहाण । नन्वेवमपि पञ्चावयववाक्यस्यानुमानत्वमेव न विचारसहं, तस्य लिङ्गपरामर्शत्वाभावादिति चेन्मैवम् । लिङ्गपरामर्शप्रयोजकलिङ्गप्रतिपाद-**

---

१ प्रतिज्ञाद्यन्यतमत्वं नाम प्रतिज्ञादिप्रतियोगिकभेदपञ्चकावच्छिन्नप्रतियोगिताकभेदवत्त्वम् । प्रतिज्ञादिषु पञ्चसु प्रत्येकस्मिन् स्वस्वप्रतियोगिकभेदाभावात् भेदचतुष्टयसत्त्वेऽपि भेदपञ्चकस्याभावेन 'प्रतिज्ञाभेदादिभेदपञ्चकवान्न' इत्याकारकप्रतीतिसाक्षिकभेदस्य प्रत्येकं प्रतिज्ञादिषु सत्त्वेन लक्षणसमन्वयः । 'प्रतिज्ञाभेदादिभेदपञ्चकवान्न' इत्याकारकभेदस्य प्रतियोगिता तादृशभेदपञ्चकवति तदवच्छेदकं तादृशभेदपञ्चकमिति 'प्रतिज्ञाभेदादिभेदपञ्चकवान्न' इत्ययं भेदः प्रतिज्ञादिप्रतियोगिकभेदपञ्चकावच्छिन्नप्रतियोगिताको बोध्यः ॥

कत्वेनानुमानमित्युपचारमात्रत्वात् । तदुदाहरति—यथेति । तथा चायमिति। अयं च पर्वतस्तथा वह्निव्याप्यधूमवानित्यर्थः । तस्मात्तथेति । वह्निव्याप्य-धूमवत्त्वाद्वह्निमानित्यर्थः । अनेनेति । अनेन पञ्चावयववाक्येनेत्यर्थः ॥

## પદકૃત્ય

સ્વાર્થાનુમાનના નિરૂપણ પછી ક્રમપ્રાપ્ત પરાર્થાનુમાનનું નિરૂપણ કરે છે. यत्तु...ઈત્યાદિ ગ્રંથથી. ત્યાં 'यत्' પદાર્થનો અન્વય પઞ્ચાવયવવાક્યની સાથે છે, 'स्वयम्'ની સાથે નથી. યદ્યપિ દ્રવ્યસમવાયિ-કારણને જ અવયવ કહેવાય છે. પ્રતિજ્ઞાદિ પાંચ, દ્રવ્યના સમવાયિકારણ ન હોવાથી પ્રતિજ્ઞાદિમાં અવયવત્વનું કથન યોગ્ય નથી, પરંતુ પંચાવયવવાક્યરૂપ પરાર્થાનુમાનના એકદેશસ્વરૂપ પ્રતિજ્ઞાદિને ઉપચારથી જ અવયવ કહેવાય છે. યદ્યપિ પ્રતિજ્ઞાદિ પાંચને ઉપચારથી અવયવ કહીએ તોપણ 'પંચાવયવ-વાક્યને' પરાર્થાનુમાન કહેવું વિચારસઙ્ગત નથી. કારણ કે પંચાવયવ-વાક્ય, લિઙ્ગપરામર્શાત્મક જ્ઞાનસ્વરૂપ નથી. પરંતુ પંચાવયવવાક્ય, લિંગપરામર્શના પ્રયોજક લિઙ્ગનું પ્રતિપાદક હોવાથી તેને (પંચાવયવ વાક્યને) ઉપચારથી જ અનુમાન કહેવાય છે. तथा चायम्– "મહાનસની જેમ જ વહ્નિવ્યાપ્ય ધૂમવાન પર્વત છે." तस्मात्तथा–"વહ્નિવ્યાપ્ય- ધૂમવાન પર્વત છે, તેથી તે વહ્નિમાન છે." આ પ્રમાણે ચોથા, પાંચમા અવયવ-વાક્યનો અર્થ જાણવો.

## मूलम्

प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनानि पञ्चावयवाः ॥ पर्वतो वह्निमानिति प्रतिज्ञा । धूमवत्त्वादिति हेतुः । यो यो धूमवान् स स वह्निमान् यथा महानसमित्युदाहरणम् । तथा चायमित्युपनयः । तस्मात्तथेति निगमनम् ॥

મૂળ : પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન, આ પંચાવયવ છે. 'पर्वतो वह्निमान्' આ પ્રતિજ્ઞાવાક્ય છે. 'धूमवत्त्वात्' આ હેતુવાક્ય છે, 'यो यो धूमवान् स स वह्निमान् यथा महानसम्'

આ ઉદાહરણ વાક્ય છે. 'तथा चायम्' આ ઉપનયવાક્ય છે. અને 'तस्मात्तथा' આ નિગમનવાક્ય છે.

**(૫૦) ननु 'पञ्चावयववाक्य'मित्यत्र के ते पञ्चावयवा अतस्तान्दर्शयति–प्रतिज्ञेति । प्रतिज्ञाद्यन्यतमत्वमवयवत्वम् । साध्यविशिष्टपक्षबोधकवचनं प्रतिज्ञा । पञ्चम्यन्तं तृतीयान्तं वा लिङ्गवचनं हेतुः । व्याप्तिप्रतिपादकदृष्टान्तवचनमुदाहरणम् । उदाहृतव्याप्तिविशिष्टत्वेन हेतोः पक्षधर्मताप्रतिपादकवचनमुपनयः । पक्षे साध्यस्याबाधितत्वप्रतिपादकवचनं निगमनम् । इदमेव लक्षणं हृदि निधाय प्रतिज्ञादीन्विशिष्य दर्शयति पर्वतो वह्निमानित्यादिना ॥**

## પદકૃત્ય

સાધ્યવિશિષ્ટ પક્ષને જણાવનારા વચનને પ્રતિજ્ઞા કહેવાય છે. પઞ્ચમી અથવા તૃતીયા વિભક્ત્યન્ત લિંગ (હેતુ)ને જણાવનારા વચનને હેતુ (હેતુવાક્ય) કહેવાય છે. વ્યાપ્તિને જણાવનારા દૃષ્ટાન્તવચનને ઉદાહરણ કહેવાય છે. જેનું દૃષ્ટાન્ત અપાઈ ગયું છે એવી વ્યાપ્તિથી વિશિષ્ટ હેતુના પક્ષસંબંધને, જણાવનારા વચનને ઉપનય કહેવાય છે અને પક્ષમાં સાધ્યના અબાધિતત્વને જણાવનારા વચનને નિગમન કહેવાય છે. આ પંચાવયવવાક્યના લક્ષણોને વિચારી ગ્રંથકારે પ્રતિજ્ઞાદિનું વિશેષ સ્વરૂપ બતાવ્યું છે. પ્રતિજ્ઞાવાક્યથી પક્ષમાં સાધ્યવત્ત્વ જણાવાય છે. પરંતુ પક્ષમાં સાધ્ય છે કે નહિ ? એ સંશયના કારણે પક્ષમાં સાધ્યવત્ત્વના અબાધિતત્વનો નિર્ણય પ્રતિજ્ઞાવાક્યથી થતો નથી. નિગમનવાક્યથી પક્ષમાં સાધ્યવત્ત્વ જે કારણે મનાય છે, તેનો પણ ઉલ્લેખ હોવાથી પક્ષમાં સાધ્યવત્ત્વના અબાધિતત્વનું પણ જ્ઞાન થાય છે.

## मूलम्

**स्वार्थानुमितिपरार्थानुमित्योर्लिङ्गपरामर्श एव करणम् । तस्माल्लिङ्गपरामर्शोऽनुमानम् ॥**

મૂળ : સ્વાર્થાનુમિતિ અને પરાર્થાનુમિતિમાં લિંગપરામર્શ જ

કરણ છે. તેથી લિંગપરામર્શને અનુમાન કહેવાય છે.

**(૫૦) लिङ्गेति । 'ज्ञायमानं लिङ्गमनुमितिकरण'मिति वृद्धोक्तं न युक्तम्, 'इयं यज्ञशाला वह्निमती, अतीतधूमाद्'इत्यादौ लिङ्गाभावेऽप्यनुमितिदर्शनादित्यभिप्रायवाँल्लिङ्गपरामर्श एव करणमित्याचष्टे—लिङ्गपरामर्श एवेति । अनुमानमुपसंहरति—तस्मादिति । अनुमितिकरणत्वादित्यर्थः । अयमेव तृतीयज्ञानमित्युच्यते । तथा हि—महानसादौ धूमाग्न्योर्व्याप्तौ गृह्यमाणायां यद् धूमज्ञानं तदादिमम् । पक्षे यद् धूमज्ञानं तद् द्वितीयम् । अत्रैव वह्निव्याप्यत्वेन यद् धूमज्ञानं तत्तृतीयम् । इदमेव 'लिङ्गपरामर्श' इत्युच्यते । अनुमानमिति । 'व्यापारवत्कारणं करण'मितिमते व्याप्तिज्ञानमेवानुमानं, लिङ्गपरामर्शो व्यापार इत्यवसेयम् ।**

## પદકૃત્ય

જ્ઞાયમાન લિંગને, અનુમિતિનું કરણ, કેટલાક વૃદ્ધ પુરુષો કહે છે-તે યુક્ત નથી. કારણ કે "इयं यज्ञशाला वह्निमती अतीतधूमात्" અહીં ધૂમાત્મક લિંગનો અભાવ હોવા છતાં અતીત ધૂમાત્મક લિઙ્ગના જ્ઞાનથી અનુમિતિ થાય છે. જો જ્ઞાયમાનલિંગને અનુમિતિનું કરણ માનીએ તો અહીં લિંગનો અભાવ હોવાથી અનુમિતિ નહિ થાય. તેથી જ્ઞાયમાન લિંગને, કરણ ન માનતાં લિંગપરામર્શને જ અનુમિતિની પ્રત્યે કરણ મનાય છે. આ લિંગપરામર્શાત્મક લિંગજ્ઞાન લિંગનું તૃતીય જ્ઞાન કહેવાય છે. મહાનસાદિમાં ધૂમ અને વહ્નિની વ્યાપ્તિના ગ્રહણ અવસરે થતું ધૂમજ્ઞાન પ્રથમલિંગજ્ઞાન છે. ત્યાર બાદ પર્વતમાં થતું ધૂમજ્ઞાન, દ્વિતીય લિંગજ્ઞાન છે અને ત્યાં જ ધૂમનું વહ્નિવ્યાપ્યત્વેન "वह्निव्याप्यधूमवानयं पर्वतः" ઈત્યાકારક જે જ્ઞાન થાય છે તે ધૂમજ્ઞાન તૃતીયલિંગજ્ઞાન છે. તેને જ લિંગપરામર્શ કહેવાય છે. "व्यापारवदसाधारणकारणम् करणम्" આ પ્રમાણે કરણલક્ષણને માનનારના મતે તો 'व्याप्तिज्ञान' જ અનુમિતિનું કરણ છે એ સમજવું જોઈએ. અર્થાત્ એમના મતે વ્યાપ્તિજ્ઞાન જ અનુમાન છે. એ તાત્પર્ય છે.

## मूलम्

लिङ्गं त्रिविधम्—अन्वयव्यतिरेकि केवलान्वयि केवलव्यतिरेकि चेति। अन्वयेन व्यतिरेकेण च व्याप्तिमदन्वयव्यतिरेकि, यथा वह्नौ साध्ये धूमवत्त्वम्। यत्र धूमस्तत्राग्निर्यथा महानसमित्यन्वयव्याप्तिः। यत्र वह्निर्नास्ति तत्र धूमोऽपि नास्ति, यथा ह्रद इति व्यतिरेकव्याप्तिः॥

મૂલ : અન્વયવ્યતિરેકી, કેવલાન્વયી, અને કેવલવ્યતિરેકી આ ત્રણ ભેદથી લિંગ ત્રણ પ્રકારના છે. અન્વય અને વ્યતિરેકથી વ્યાપ્તિમદ્ લિંગને અન્વયવ્યતિરેકી કહેવાય છે. વહ્નિ સાધ્ય હોય ત્યારે 'ધૂમવત્ત્વ' હેતુ અન્વયવ્યતિરેકી કહેવાય છે. કારણ કે અહીં "यत्र यत्र धूमस्तत्र तत्राग्नि र्यथा महानसम्" ઈત્યાકારક અન્વયવ્યાપ્તિ અને "यत्र वह्निर्नास्ति तत्र धूमोऽपि नास्ति यथा ह्रदः" ઈત્યાકારક વ્યતિરેકવ્યાપ્તિથી વિશિષ્ટ ધૂમવત્ત્વ છે.

(न्या०) अन्वयेनेति। व्यापकसामानाधिकरण्यरूपव्याप्तिमानित्यर्थः। व्यतिरेकेणेति। व्यतिरेको नामाभावः। तथा च साध्याभावहेत्वभावयोर्व्याप्तिर्व्यतिरेकव्याप्तिः। इयं च व्याप्तिः—'यत्र यत्र वह्न्यभावस्तत्र तत्र धूमाभाव' इति। यत्र पदवीप्सया[1] वह्न्यभाववति यावति धूमाभावग्रहणे यावत्पदस्य व्यापकत्वपरतया धूमाभावे वह्न्यभावव्यापकत्वं लभ्यते।[2] एवं च वह्न्यभावनिष्ठव्याप्तेः स्वाश्रयीभूतवह्न्यभावव्यापकीभूताभावप्रतियोगित्वसंबन्धेन धूमनिष्ठतया व्यतिरेकव्याप्तिमत्त्वेन (धूमवत्त्वं) व्यतिरेकित्वेन, धूमव्यापकवह्निसामानाधिकरण्यरूपान्वयव्याप्तिमत्त्वेनान्वयित्वेन च गीयते। व्यतिरेकपरामर्शस्तु 'वह्न्यभावव्यापकीभूताभावप्रतियोगिधूमवान्पर्वत' इत्याकारकः॥

---

१ वीप्सा द्विरुच्चारणम्। २ धूमाभावे वह्न्यभावव्यापकत्वग्रहे वह्न्यभावे धूमाभावव्याप्यत्वस्य तुल्यवित्तिवेद्यतया ग्रहादिति भावः।

## ન્યાયબોધિની

મૂલમાં 'अन्वयेन व्याप्तिमद्' આ પદનો અર્થ "हेतुव्यापकसाध्य-सामानाधिकरण्य" રૂપ અન્વયવ્યાપ્તિમદ્ છે. व्यतिरेक પદનો અર્થ સામાન્યતઃ અભાવ થાય છે. સાધ્યાભાવ અને હેત્વભાવની વ્યાપ્તિને વ્યતિરેકવ્યાપ્તિ કહેવાય છે. "यत्र यत्र वह्न्यभावस्तत्र तत्र धूमाभावः" આ વ્યતિરેકવ્યાપ્તિવિશેષનો આકાર છે. અહીં પણ પૂર્વે જણાવ્યા મુજબ વીપ્સામાં 'यत्र' પદને દ્વિત્વ થવાના કારણે સકલવહ્ન્યભાવના અધિકરણમાં ધૂમાભાવનું જ્ઞાન થાય છે. તેથી यावत् પદના મહિમાના કારણે વહ્ન્યભાવ(સાધ્યાભાવ)નિરૂપિત વ્યાપકતા ધૂમાભાવ (હેત્વભાવ)માં જણાય છે. આ રીતે વહ્ન્યભાવમાં રહેલી વ્યાપ્તિ (વ્યાપ્યતા) સ્વાશ્રયીભૂત વહ્ન્યભાવ (સાધ્યાભાવ)વ્યાપકીભૂતાભાવ-પ્રતિયોગિત્વસંબંધથી ધૂમમાં રહે છે. સ્વ-વ્યાપ્તિ, તદાશ્રયીભૂત વહ્ન્યભાવનો વ્યાપકીભૂતાભાવ-ધૂમાભાવ, તેનો પ્રતિયોગી ધૂમ તાદૃશ પ્રતિયોગિત્વ ધૂમમાં છે. તેથી સ્વાશ્રયીભૂત વહ્ન્યભાવવ્યાપકીભૂતા-ભાવપ્રતિયોગિત્વસંબંધથી સ્વ-વ્યાપ્તિ પણ ધૂમમાં રહે છે. આ રીતે અન્વય અને વ્યતિરેક વ્યાપ્તિથી યુક્ત ધૂમ હેતુ, અન્વયવ્યતિરેકી કહેવાય છે. વ્યતિરેકવ્યાપ્તિજન્ય પરામર્શ "वह्न्यभावव्यापकीभूताभाव–प्रतियोगिधूमवान् पर्वतः" અર્થાત્ "साध्याभावव्यापकीभूताभाव-प्रतियोगिहेतुमान्पक्षः" ઈત્યાકારક છે.

(૫૦) **अन्वयव्यतिरेकिणो लक्षणमाह–अन्वयेति । तृतीयायाः प्रयोज्यत्वमर्थः । साध्यसाधनयोः साहचर्यमन्वयः । तदभावयोः साहचर्यं व्यतिरेकः । तथा चान्वयप्रयोज्यव्याप्तिमद्व्यतिरेकप्रयोज्यव्याप्ति-मदन्वयव्यतिरेकीत्यर्थः । केवलव्यतिरेकिण्यतिव्याप्तिवारणाय अन्वयेनेति । केवलान्वयिनि व्यभिचारवारणाय व्यतिरेकेणेति । तथा चान्वयव्याप्ति-रुपदर्शितैव । व्यतिरेकव्याप्तिश्च साध्याभावव्यापकीभूताभावप्रतियोगि-त्वमित्यर्थः । तदुक्तं–"व्याप्यव्यापकभावो हि भावयोर्यादृगिष्यते । तयोर-भावयोस्तस्माद्विपरीतः प्रतीयते ॥ अन्वये साधनं व्याप्यं साध्यं व्यापक-**

मिष्यते । साध्याभावोऽन्यथा व्याप्यो व्यापकः साधनात्ययः ॥'' इति ॥

## પદકૃત્ય

મૂલમાં 'अन्वयेन' તથા 'व्यतिरेकेण' અહીં તૃતીયાર્થ પ્રયોજ્યત્વ છે. સાધ્યસાધનના સાહચર્યને અન્વય કહેવાય છે. સાધ્યાભાવ અને સાધનાભાવના સામાનાધિકરણ્યને વ્યતિરેક કહેવાય છે. તાદૃશ અન્વય અને વ્યતિરેક પ્રયોજ્ય વ્યાપ્તિથી વિશિષ્ટ હેતુને 'અન્વયવ્યતિરેકી' કહેવાય છે. લક્ષણમાં अन्वयेन પદનો નિવેશ ન કરીએ તો ''पृथ्वी, इतरभेदवती गन्धवत्त्वात्'' અહીં કેવલવ્યતિરેકી ગન્ધવત્ત્વહેતુ પણ વ્યતિરેક વ્યાપ્તિમદ્ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'अन्वयेन' પદનો નિવેશ કર્યો છે. કેવલવ્યતિરેકી હેતુ અન્વયવ્યાપ્તિથી રહિત હોવાથી 'अन्वयेन' પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'व्यतिरेकि' પદનો નિવેશ ન હોય તો ''घटोऽभिधेयः प्रमेयत्वात्'' અહીં માત્ર અન્વયવ્યાપ્તિથી વિશિષ્ટ પ્રમેયત્વ હેતુમાં (કેવલાન્વયીમાં) અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'व्यतिरेकि' પદનું લક્ષણમાં ઉપાદાન કર્યું છે. 'प्रमेयत्व' વગેરે હેતુ વ્યતિરેકવ્યાપ્તિથી વિશિષ્ટ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'हेतुव्यापकसाध्यसामानाधिकरण्य'રૂપ અન્વયવ્યાપ્તિ તથા 'साध्याऽभाव-व्यापकीभूताभावप्रतियोगित्व' રૂપ વ્યતિરેકવ્યાપ્તિનું સ્વરૂપ ઉપર ન્યાયબોધિનીમાં દર્શાવ્યું છે. બે ભાવ પદાર્થનો વ્યાપ્યવ્યાપકભાવ જેવો મનાય છે તેનાથી વિપરીત રીતે વ્યાપ્યવ્યાપકભાવ તે બે પદાર્થના અભાવનો મનાય છે. અન્વયવ્યાપ્તિસ્થળે સાધ્ય અને સાધન અનુક્રમે વ્યાપક અને વ્યાપ્ય હોય છે, જ્યારે વ્યતિરેકવ્યાપ્તિસ્થળે સાધ્યાભાવ અને સાધનાભાવ અનુક્રમે વ્યાપ્ય અને વ્યાપક હોય છે.

## मूलम्

**अन्वयमात्रव्याप्तिकं केवलान्वयि । यथा घटोऽभिधेयः प्रमेयत्वात्पटवत् । अत्र प्रमेयत्वाभिधेयत्वयोर्व्यतिरेकव्याप्तिर्नास्ति सर्वस्यापि प्रमेयत्वादभिधेयत्वाच्च ॥**

મૂળ : માત્ર અન્વયવ્યાપ્તિથી વિશિષ્ટ હેતુને 'કેવલાન્વયી' કહેવાય છે. "घटोऽभिधेयः प्रमेयत्वात् पटवत्" અહીં 'यत्र यत्र प्रमेयत्वं तत्र तत्राभिधेयत्वम्" આ પ્રમાણેની અન્વયવ્યાપ્તિથી જ વિશિષ્ટ 'પ્રમેયત્વ' હેતુ છે. સર્વપદાર્થો પ્રમેય અને અભિધેય હોવાથી પ્રમેયત્વ અને અભિધેયત્વનો વ્યતિરેક (અભાવ) અપ્રસિદ્ધ હોવાથી સાધ્યાભાવ અને સાધનાભાવના સામાનાધિકરણ્યરૂપ વ્યતિરેકવ્યાપ્તિનો પણ અહીં અભાવ છે. તેથી માત્ર અન્વયવ્યાપ્તિવિશિષ્ટ હેતુ 'પ્રમેયત્વ' કેવલાન્વયી છે.

**(न्या०) केवलान्वयिनो लक्षणमाह–अन्वयेति । केवलान्वयिसाध्यकत्वं हेतोः केवलान्वयित्वम् । साध्ये केवलान्वयित्वं चात्यन्ताभावाप्रतियोगित्वम् । तथा च अभावाप्रतियोगिसाध्यकत्वं केवलान्वयिहेतोर्लक्षणम् । एतच्च लक्षणं [1]हेतोर्व्यतिरेकित्वेऽपि संगच्छते । साध्यस्य केवलान्वयित्वादेव व्यतिरेकव्याप्तेरभावात् 'अन्वयमात्रव्याप्तिकं केवलान्वयी'ति मूलकारोक्तं लक्षणमुपपन्नम् । न चात्यन्ताभावा - प्रतियोगित्वरूपकेवलान्वयित्वमाकाशाभावे संयोगाभावे चाव्याप्तमिति वाच्यम् । [2]स्वविरोधि–वृत्तिमदत्यन्ताभावाप्रतियोगित्वस्यैव तदर्थत्वात्, एकजातीयसंबन्धेन सर्वत्र विद्यमानत्वं केवलान्वयित्वमिति नव्याः ॥**

---

१ अत्यन्ताभावप्रतियोगित्वेऽपीत्यर्थः । २ स्वविरोधीति । अत्र 'स्वविरोधिवृत्तिमत्' इति विशेषणद्वयमत्यन्ताभावस्य । स्वविरोधी वृत्तिमांश्च योऽत्यन्ताभावस्तत्प्रतियोगिभिन्नत्वमित्यर्थः । स्वविरोधीत्यस्य स्वाधिकरणावृत्तिरर्थः । स्वपदेन लक्षणघटकीभूतात्यन्ताभावप्रतियोगित्वेनाभिमतस्य ग्रहणम् । तेन-स्वाधिकरणावृत्तिः वृत्तिमांश्च योऽत्यन्ताभावस्तत्प्रतियोगिभूतं यद्यत्स्वं तद्भिन्नत्वमित्यर्थः संपन्नः । इत्थं च केवलान्वयित्वेनाभिमतं यदि स्वपदेन धर्तुं शक्येत तदाऽव्याप्तिः । संयोगाभावः आकाशाभावश्च न स्वपदेन धर्तुं शक्यौ, तयोः स्वपदेन ग्रहणे अग्रे अत्यन्ताभावपदेन क्रमेण संयोगाकाशावेव ग्राह्यौ । तच्च न संभवति संयोगस्य संयोगाभावात्मकस्वविरोधित्वाभावात्, आकाशस्य च आकाशाभावात्मकविरोधित्वेऽपि वृत्तिमत्त्वाभावात् । तस्मात् स्वपदेन घटादेर्ग्रहणं तद्विरोधी वृत्तिमांश्च अत्यन्ताभावः घटाद्यभावः तत्प्रतियोगिभूतं यद्यत्स्वं घटादिकं तद्भिन्नत्वस्य अभिधेयत्वादौ संयोगाभावादौ च सत्त्वान्न क्वाप्यव्याप्तिः । न चात्र अभिधेयत्व–संयोगाभाव– आकाशाभावादिलक्ष्यव्यक्तिभेदेन लक्षणे स्वपदग्राह्यं भिद्येतेति भ्रमितव्यम्, यत्र लक्ष्यस्यैवस्वपदग्राह्यत्वंयथा स्वव्यापकसाध्य–सामानाधिकरण्यं सद्धेतुत्वमित्यादौ–तत्रैव लक्ष्यभेदेन स्वपदग्राह्यस्य भेदात्, प्रकृते तु स्वभिन्नत्वस्यैव लक्षणत्वेन लक्ष्यभिन्नस्यैव स्वपदग्राह्यत्वादिति ध्येयम् ।

## ન્યાયબોધિની

કેવલાન્વયી છે સાધ્ય જેનું એવા હેતુને 'કેવલાન્વયી' કહેવાય છે. સાધ્યમાં અત્યન્તાભાવનું અપ્રતિયોગિત્વરૂપ કેવલાન્વયિત્વ છે. અર્થાત્ અત્યન્તાભાવના અપ્રતિયોગીને કેવલાન્વયી કહેવાય છે. તેથી સ્પષ્ટ છે કે અત્યન્તાભાવનો અપ્રતિયોગી એવું સાધ્ય છે જેનું એવા હેતુને 'કેવલાન્વયી' કહેવાય છે. આ પ્રમાણેનું કેવલાન્વયીનું લક્ષણ, "घटोऽभिधेयो द्रव्यत्वात् पटवत्" ઈત્યાદિ સ્થળે દ્રવ્યત્વાદિ હેતુ વ્યતિરેકી હોવા છતાં તેમાં સઙ્ગત થશે. કારણ કે દ્રવ્યત્વાદિ હેતુનું સાધ્ય 'અભિધેયત્વ' તો કેવલાન્વયી જ છે. અહીં દ્રવ્યત્વસાધનનો અભાવ (વ્યતિરેક) પ્રસિદ્ધ હોવા છતાં 'અભિધેયત્વ' સાધ્યનો અભાવ ઉપર જણાવ્યા મુજબ અપ્રસિદ્ધ જ છે. તેથી સાધ્યાભાવની અપ્રસિદ્ધિના કારણે જ વ્યતિરેકવ્યાપ્તિનો અભાવ છે. તેથી "यत्र यत्र द्रव्यत्वम् तत्र तत्राभिधेयत्वम्" આ પ્રમાણેની માત્ર અન્વયવ્યાપ્તિથી વિશિષ્ટ દ્રવ્યત્વ હેતુ કેવલાન્વયી છે. આથી સમજી શકાશે કે "अन्वयमात्रव्याप्तिकं केवलान्वयि" આ મૂલમાં કહેલું લક્ષણ પણ અહીં સંગત છે. યદ્યપિ "अत्यन्ताभावाऽप्रतियोगित्व" આ કેવલાન્વયિલક્ષણ સંયોગાભાવ અને આકાશાભાવમાં જતું નથી. કારણ કે સંયોગાભાવનો અભાવ (સંયોગાભાવાભાવ–સંયોગ) તથા આકાશાભાવનો અભાવ (આકાશાભાવાભાવ-આકાશ) પ્રસિદ્ધ છે, તાદૃશ સંયોગાભાવાભાવીય અને આકાશાભાવાભાવીય પ્રતિયોગિતા જ સંયોગાભાવમાં અને આકાશાભાવમાં છે. તેથી કેવલાન્વયી સંયોગાભાવમાં અને આકાશાભાવમાં અવ્યાપ્તિ આવે છે. પરંતુ એ અવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણઘટક અત્યન્તાભાવ 'स्वविरोधि' અને 'वृत्तिमान् લેવાથી અર્થાત્ "स्वविरोधि-वृत्तिमदत्यन्ताभावाऽप्रतियोगित्वम्" આ પ્રમાણે કેવલાન્વયીનું લક્ષણ સમજી લેવાથી અવ્યાપ્તિ નહીં આવે. સંયોગાભાવાભાવ (संयोग) સ્વ-વિરોધી નથી. કારણ કે તે, સંયોગાભાવાભાવ (સંયોગ), સ્વપ્રતિયોગિ– સંયોગાભાવના અધિકરણમાં યત્કિંચિદ્ દેશાવચ્છેદેન વૃત્તિ છે. જે અભાવ

પ્રતિયોગ્યધિકરણમાં અવૃત્તિ છે તેવા ઘટાદ્યભાવો જ સ્વવિરોધી છે. આકાશાભાવાભાવ (આકાશ) વૃત્તિમાન નથી. આકાશ નામનું દ્રવ્ય હોવા છતાં તે ક્યાંય પણ વૃત્તિ નથી. તેનો અભાવ (આકાશાભાવ) જ સર્વત્ર વૃત્તિ છે. તેથી સ્પષ્ટ છે કે સ્વવિરોધી અને વૃત્તિમાન અત્યન્તાભાવ ઘટાદ્યભાવ જ છે. સંયોગાભાવાભાવ અને આકાશાભાવાભાવ, સ્વવિરોધિ–વૃત્તિમાન ન હોવાથી તાદૃશ સ્વવિરોધિવૃત્તિમદભાવનું (ઘટાદ્યભાવનું) અપ્રતિયોગિત્વ સંયોગાભાવમાં તથા આકાશાભાવમાં હોવાથી લક્ષણસમન્વય થાય છે. એકજાતીય (સમાનજાતીય) સંબંધથી સર્વત્ર વિદ્યમાનતાને નવીનો કેવલાન્વયિત્વ કહે છે. આશય એ છે કે પ્રમેયત્વાદિ ધર્મો કેવલાન્વયી છે. પ્રમેયત્વ 'યથાર્થજ્ઞાનીયવિષયતા' સ્વરૂપ છે. તાદૃશ વિષયતા યદ્યપિ સ્વરૂપસંબંધથી તત્તદ્જ્ઞાનના વિષય ઘટાદિમાં જ વૃત્તિ છે, સર્વત્ર વિદ્યમાન નથી. પરંતુ તાદૃશવિષયતા જ્યાં ક્યાં પણ વૃત્તિ છે, તે સ્વરૂપસંબંધથી જ વૃત્તિ છે. તેથી એકજાતીય સ્વરૂપસંબંધથી યથાર્થજ્ઞાનીયવિષયતા સર્વત્ર વિદ્યમાન હોવાથી પ્રમેયત્વાદિધર્મો કેવલાન્વયી છે.

(૫૦) **केवलान्वयिनो लक्षणमाह–अन्वयेति । अन्वयेनैव व्याप्तिर्यस्मिन् स तथा । प्रमेयत्वाभिधेयत्वयोर्व्यतिरेकव्याप्तिं निराकरोति अत्रेति । अभिधेयत्वसाध्यकानुमान इत्यर्थः । ननु कुतस्तन्निषेधोऽतस्तत्र हेतुमाह–सर्वस्येति । पदार्थमात्रस्येत्यर्थः । तथा च सकलपदाभिधेयत्वस्येश्वरप्रमाविषयत्वस्य चात्यन्ताभावाप्रतियोगित्वरूपकेवलान्वयित्वेन तदभावाप्रसिद्ध्या तद्घटितव्यतिरेकव्याप्ति र्न संभवत्येवेति भावः ॥**

## પદકૃત્ય

અન્વયમાત્રપ્રયોજ્ય વ્યાપ્તિથી યુક્ત હેતુને કેવલાન્વયી કહેવાય છે. सकलपदाभिधेयत्व....ઈત્યાદિ–સકલ પદાર્થમાં પદાભિધેયત્વ (પદ દ્વારા વાચ્યત્વ) તથા ઈશ્વરીયજ્ઞાનવિષયત્વરૂપ પ્રમેયત્વનો અભાવ અપ્રસિદ્ધ હોવાથી તાદૃશ સાધ્યાભાવ તથા હેત્વભાવ ઘટિત વ્યતિરેક

વ્યાપ્તિનો, 'घटोऽभिधेयः प्रमेयत्वात्' અહીં અભાવ છે. અહીં અભિધેયત્વ અને પ્રમેયત્વની વ્યાખ્યા સ્થૂલરૂપે જણાવી છે. તેનું સૂક્ષ્મ સ્વરૂપ અન્યગ્રંથોથી અથવા અધ્યાપક પાસેથી જિજ્ઞાસુઓએ જાણી લેવું

**मूलम्**

**व्यतिरेकमात्रव्याप्तिकं केवलव्यतिरेकि । यथा पृथिवीतरेभ्यो भिद्यते गन्धवत्त्वात् । यदितरेभ्यो न भिद्यते न तद् गन्धवत् । यथा जलम् । न चेयं तथा । तस्मान्न तथेति । अत्र यद् गन्धवत् तदितरभिन्नमित्यन्वयदृष्टान्तो नास्ति । पृथिवीमात्रस्य पक्षत्वात् ।**

મૂળ : માત્ર વ્યતિરેકપ્રયોજ્ય વ્યાપ્તિથી યુક્ત હેતુને કેવલવ્યતિરેકી કહેવાય છે. पृथ्वी, इतरेभ्यो भिद्यते, गन्धवत्त्वात् । અહીં यदितरेभ्यो न भिद्यते न तद्गन्धवत् અર્થાત્ "यत्र यत्र पृथ्वीतरभेदाभावः तत्र तत्र गन्धाभावः" यथा जलम्, આ પ્રમાણે માત્ર વ્યતિરેકવ્યાપ્તિગ્રહ જ કરાય છે. "यत्र यत्र गन्धस्तत्र तत्र पृथ्वीतरभेदः" આ પ્રમાણે અન્વય વ્યાપ્તિનો ગ્રહ થતો નથી. કારણ કે સકલ પૃથ્વી 'પક્ષ' હોવાથી પક્ષ ભિન્ન અન્વયદૃષ્ટાંત જ અહીં નથી. તેથી ઉક્ત વ્યતિરેકવ્યાપ્તિના પ્રતિપાદક દૃષ્ટાંત વાક્યના પ્રયોગ પછી "न चेयं तथा" અર્થાત્ "પૃથ્વી સ્વેતરભેદાભાવના વ્યાપક ગન્ધાભાવવાળી નથી." આ પ્રમાણે ઉપનયવાક્યનો પ્રયોગ થાય છે અને ત્યારબાદ "तस्मान्न तथा' અર્થાત્ પૃથ્વી સ્વેતરભેદાભાવના વ્યાપકીભૂત ગન્ધાભાવના અભાવવાળી હોવાથી (અર્થાત્ ગન્ધવતી હોવાથી) સ્વેતરભેદાભાવના અભાવવાળી છે. (અર્થાત્ સ્વેતરભેદવતી છે.) આ પ્રમાણેના નિગમનવાક્યનો પ્રયોગ થાય છે, જેના કારણે બીજા પણ પૃથ્વીમાં સ્વેતરભેદનું જ્ઞાન કરે છે.

**(न्या०) केवलव्यतिरेकिणो लक्षणमाह—व्यतिरेकेति । अन्वयव्याप्तिशून्यत्वे सति व्यतिरेकव्याप्तिमत्त्वं केवलव्यतिरेकित्वम् । यथा पृथिवीति । अत्र पृथिवीत्वावच्छिन्नं पक्षः । पृथिवीतरजलाद्यष्टभेदः साध्यः । गन्धवत्त्वं हेतुः । अत्र यद् गन्धवत्तदितरभेदवदित्यन्वयदृष्टान्ताभावाद् गन्धव्यापकेतरभेदसामानाधिकरण्यरूपान्वयव्याप्तिग्रहासंभवात्, किंतु 'यत्र यत्र पृथिवीतर-**

भेदाभावस्तत्र तत्र गन्धाभावो यथा जलादिक'मिति व्यतिरेकदृष्टान्ते जलादावितरभेदाभावरूपसाध्याभावव्यापकता गन्धाभावे गृह्यते । इममेवार्थं मनसि निधाय 'यदितरेभ्यो न भिद्यते न तद् गन्धवत्, यथा जल'मिति ग्रन्थेन मूलकारो व्यतिरेकव्याप्तिमेव प्रदर्शितवान् । एवंप्रकारेण व्यतिरेकव्याप्तिग्रहानन्तरम्—इतरभेदाभावव्यापकीभूताभावप्रतियोगिगन्धवती पृथिवीत्याकारकव्यतिरेकिपरामर्शात्पृथिवीत्वावच्छिन्नोद्देश्यतानिरूपिते-तरभेदत्वावच्छिन्नविधेयताका 'पृथिवी इतरभेदवती'त्याकारकानुमितिर्जायत इति तत्त्वम् । यथाश्रुतमूलार्थस्तु-यथा जलमिति । जलम् इतरभेदाभाववद् इतरभेदाभावव्यापकगन्धाभाववच्च । इत्येवंप्रकारेण गन्धाभावनिरूपिता व्याप्यता इतरभेदाभावे गृह्यत इत्यर्थः । न चेयं तथा । इयं=पृथिवी, तथा=इतरभेदाभावव्यापकगन्धाभाववती, न, किन्तु तदभावात्मकगन्धवती । तस्मान्न तथेति । तच्छब्देन गन्धाभावाभावरूपस्य गन्धस्य परामर्शेन 'तस्मादि'ति पञ्चम्यन्ताद् गन्धाभावाभाववत्त्वादित्यर्थोपलब्धिः । तथा=इतरभेदाभाववती, न इत्यस्याभावः । तथा च इतरभेदाभावाभाववती इतरभेदवतीत्यर्थः ॥

## ન્યાયબોધિની

જે, અન્વયવ્યાપ્તિથી શૂન્ય હોય અને વ્યતિરેકવ્યાપ્તિથી યુક્ત હોય, એ હેતુને 'કેવલવ્યતિરેકી' કહેવાય છે. અર્થાત્ ''અન્વય-વ્યાપ્તિશૂન્યત્વવિશિષ્ટવ્યતિરેકવ્યાપ્તિમત્ત્વ'' કેવલવ્યતિરેકિલિંગનું લક્ષણ છે, 'पृथिवी इतरेभ्यो भिद्यते, गन्धवत्त्वात् અહીં પૃથ્વીત્વાવચ્છિન્ન (સમસ્ત પૃથ્વી) 'પૃથ્વી' આ પક્ષ છે. પૃથ્વીતર જલાદિ અષ્ટ (અને ગુણાદિ છ પદાર્થ) ભેદ 'સાધ્ય' છે. 'ગન્ધવત્ત્વ' હેતુ છે. અહીં ઉપર જણાવ્યા મુજબ 'यद् गन्धवत् तदितरभेदवत्' આ પ્રમાણે અન્વયવ્યાપ્તિના ગ્રહ માટે પૃથ્વીથી ઈતર અન્વયદૃષ્ટાન્તનો અભાવ હોવાથી गन्धव्यापकस्वेतरभेदसामानाधिकरण्य રૂપ અન્વયવ્યાપ્તિનો ગ્રહ થતો નથી. પરંતુ ''यत्र यत्र पृथ्वीतरभेदाभावस्तत्र तत्र गन्धाभावो, यथा

जलादिकम्'' આ પ્રમાણે જલાદિવ્યતિરેકદૃષ્ટાન્તમાં ઈતરભેદાભાવાત્મકસાધ્યાભાવની વ્યાપકતાનું ગંધાભાવમાં જ્ઞાન થાય છે. આ આશયથી ગ્રન્થકારે પણ 'यदितरेभ्यो न भिद्यते...'' ઈત્યાદિ ગ્રંથથી માત્ર વ્યતિરેકવ્યાપ્તિનું પ્રદર્શન કર્યું છે. આ પ્રમાણે વ્યતિરેકવ્યાપ્તિના ગ્રહ પછી ''पृथ्वीतरभेदाभावव्यापकीभूतगन्धाभावप्रतियोगिगन्धवती पृथिवी'' ઈત્યાકારક વ્યતિરેક પરામર્શ થાય છે અને તાદૃશપરામર્શાત્મક જ્ઞાનથી पृथिवीत्वावच्छिन्नोद्देश्यतानिरूपितेतरभेदत्वावच्छिन्नविधेयताक ''पृथिवीतरभेदवती'' ઈત્યાકારક અનુમિતિ થાય છે. यथाश्रुतमूलार्थस्तु...ઈત્યાદિ ગ્રંથ સુગમ છે અને ઉપર મૂલમાં ઉક્તપ્રાયઃ છે.

(૫૦) **केवलव्यतिरेकिणो लक्षणमाह–व्यतिरेकेति । व्यतिरेकेणैव व्याप्तिर्यस्मिंस्तत्तथा । अन्वयव्यतिरेकिण्यतिव्याप्तिवारणाय मात्रेति । न चेयं तथेति । इयं=पृथिवी, न तथा=न गन्धाभाववतीत्यर्थः । तस्मान्न तथेति । गन्धाभाववत्त्वाभावादितरभेदाभाववती नेत्यर्थः । नन्वत्र किमिति नान्वयव्याप्तिरित्याशङ्क्य परिहरति अत्रेति । इतरभेदसाधकानुमान इत्यर्थः । इदमुपलक्षणम् । जीवच्छरीरं सात्मकं, प्राणादिमत्त्वात् । यन्नैवं तन्नैवम् । यथा घटः । प्रत्यक्षादिकं प्रमाणमिति व्यवहर्तव्यं, प्रमाकरणत्वात् । यन्नैवं तन्नैवम् । यथा प्रत्यक्षाभासः । विवादास्पदम् आकाशमिति व्यवहर्तव्यं शब्दवत्त्वादित्यादिकमपि केवलव्यतिरेकीति द्रष्टव्यम् ।**

## પદકૃત્ય

કેવલ વ્યતિરેકિલિંગના લક્ષણમાં 'मात्र' પદનું ઉપાદાન ન કરીએ તો વ્યતિરેકવ્યાપ્તિથી વિશિષ્ટ અન્વયવ્યતિરેકિલિંગમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં मात्र પદનું ઉપાદાન કર્યું છે. અન્વયવ્યતિરેકી હેતુ અન્વયવ્યાપ્તિથી પણ વિશિષ્ટ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. इदमुपलक्षणम्....ઈત્યાદિ–આશય એ છે કે ''पृथिवीतरेभ्यो भिद्यते गन्धवत्त्वात्'' આ કેવલવ્યતિરેકિલિંગના ઉદાહરણથી અન્ય પણ કેવલવ્યતિરેકિલિંગનાં ઉદાહરણો ઉપલક્ષણથી

સમજવા. જેમ કે–जीवच्छरीरं सात्मकं प्राणादिमत्त्वात् यन्न सात्मकं न तत्प्राणादिमद् यथा घटादिकम्; અહીં 'यत्र यत्र प्राणादिमत्त्वं तत्र तत्र सात्मकत्वम्' આ પ્રમાણે અન્વયવ્યાપ્તિનું જીવચ્છરીરથી (પક્ષથી) અતિરિક્ત અન્વયદૃષ્ટાન્ત નથી. આ જ રીતે प्रत्यक्षादिकं (પ્રત્યક્ષાદિ ચાર) प्रमाणमिति व्यवहर्तव्यं, प्रमाकरणत्वात्, यन्न प्रमाणमिति व्यवहर्तव्यं, न तत्प्रमाकरणम्, यथा प्रत्यक्षाभासः તેમ જ विवादास्पदम्, आकाशमिति व्यवहर्त्तव्यं शब्दवत्त्वात् यन्नाकाशमिति व्यवहर्तव्यं (व्यवहारविषयं) न तच्छब्दवद् यथा घटादिकम्; અહીં પણ 'यत्र यत्र प्रमाकरणत्वं तत्र तत्र प्रमाणमिति व्यवहर्त्तव्यत्वम्' અને 'यत्र यत्र शब्दवत्त्वं तत्र तत्राकाशमिति व्यवहर्त्तव्यत्वम्' આ પ્રમાણે અન્વયવ્યાપ્તિનું પ્રત્યક્ષાદિ પ્રમાણ અને આકાશથી (પક્ષથી) અતિરિક્ત અન્વયદૃષ્ટાન્ત નથી. તેથી આ સ્થળોમાં પણ અન્વયવ્યાપ્તિનું શૂન્યત્વ અને વ્યતિરેકવ્યાપ્તિમત્ત્વ હોવાથી प्राणादिमत्त्व, प्रमाकरणत्व અને शब्दवत्त्व લિંગ પણ કેવલવ્યતિરેકી છે.

## मूलम्

**संदिग्धसाध्यवान् पक्षः । यथा धूमवत्त्वे हेतौ पर्वतः ॥**

મૂળ : સંદિગ્ધ–સંદેહના વિષયભૂત સાધ્યવત્ (સાધ્યાધિકરણ)ને 'પક્ષ' કહેવાય છે. પર્વતમાં લિંગ-ધૂમને જોઈને पर्वतो वह्निमान् न वा ઈત્યાકારક સંદેહ થાય છે. તાદૃશ સંશયાત્મક જ્ઞાનનો, પ્રકારભૂત વહ્નિ, સંદિગ્ધ સાધ્ય છે અને તદ્વાન 'પર્વત' પક્ષ છે.

**(न्या०) पक्षलक्षणमाह–संदिग्धेति । साध्यप्रकारकसंदेहविशेष्यत्वं पक्षत्वम् । इदं च लक्षणमनुमितेः पूर्वं साध्यसंदेहो नियमेन जायत इत्यभिप्रायेण प्राचीनैः कृतम् । गगनविशेष्यकमेघप्रकारकसंदेहाभावदशायामपि गृहमध्यस्थपुरुषस्य घनगर्जितश्रवणेन 'गगनं मेघवदि'त्याकारिकाया गगनत्वावच्छिन्नोद्देश्यतानिरूपितमेघत्वावच्छिन्नविधेयताकाया अनुमितेर्दर्शनात्प्राचीनलक्षणं विहाय नवीनैरनुमित्युद्देश्यत्वं पक्षत्वमिति स्थिरीकृतम् ।**

## ન્યાયબોધિની

'સાધ્યપ્રકારકસંદેહવિશેષ્યત્વ' આ પક્ષનું લક્ષણ છે. અર્થાત્ સાધ્યપ્રકારકસંશયીયવિશેષ્યતાના આશ્રયને 'પક્ષ' કહેવાય છે. 'पर्वतो वह्निमान् न वा' ઈત્યાકારક સાધ્યપ્રકારકસંદેહની વિશેષ્યતા પર્વતમાં હોવાથી 'પર્વત' પક્ષ છે. અનુમિતિની પૂર્વે નિયમતઃ સાધ્યનો સંદેહ હોય છે. એમ સમજીને "साध्यप्रकारकसंदेहविशेष्यत्वं पक्षत्वम्" આ પ્રમાણે પક્ષનું લક્ષણ પ્રાચીનોએ કર્યું છે. પરંતુ ઘરમાં રહેલા પુરુષને આકાશમાં થયેલ મેઘના ગર્જારવને સાંભળવાથી "गगनं मेघवद्" આ પ્રમાણે 'गगनत्वावच्छिन्नोद्देश्यतानिरूपितमेघत्वावच्छिन्नविधेयताक' અનુમિતિ થાય છે. આ અનુમિતિની પૂર્વે મેઘપ્રકારક ગગનવિશેષ્યક "गगनं मेघवन्न वा" ઈત્યાકારક સંશય નથી. તેથી સાધ્યપ્રકારકસંશયીયવિશેષ્યતાશ્રયત્વ ગગનરૂપ પક્ષમાં ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. એમ સમજીને અવ્યાપ્તિના નિવારણ માટે પ્રાચીનોએ કરેલા પક્ષલક્ષણનો ત્યાગ કરીને; "अनुमित्युद्देश्यत्वं पक्षत्वम्" આ પ્રમાણે પક્ષનું લક્ષણ નવીનોએ કર્યું છે. 'ગગન' મેઘનિષ્ઠવિધેયતાક અનુમિતિનું ઉદ્દેશ્ય હોવાથી ગગનમાં પક્ષલક્ષણસમન્વય થાય છે.

**(૫૦) अथ पृथिवीमात्रस्य पक्षत्वादित्यत्र किं नाम पक्षतेत्यपेक्षायां तां निर्वक्ति–संदिग्धेति । सपक्षवारणाय संदिग्धेति ।**

## પદકૃત્ય

કેવલવ્યતિરેકિલિંગના નિરૂપણપ્રસંગે "पृथिवीमात्रस्य पक्षत्वाद्" આ ગ્રંથ છે, ત્યાં किं नाम पक्षत्वम् ? આ જિજ્ઞાસા હોવાથી હવે પક્ષતાનું નિરૂપણ કરે છે, संदिग्धसाध्य...ઈત્યાદિ. "साध्यवान् पक्षः' આટલું જ લક્ષણ કરીએ તો મહાનસાદિ સપક્ષ (દૃષ્ટાંત) પણ નિશ્ચિત સાધ્યવદ્ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે પક્ષલક્ષણમાં 'संदिग्ध' પદનું ઉપાદાન છે. સપક્ષમાં સાધ્ય સંદિગ્ધ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે.

## મૂલમ્

**निश्चितसाध्यवान् सपक्षः । यथा तत्रैव महानसम् ।**

મૂળ : નિશ્ચિત–નિશ્ચયાત્મક જ્ઞાનના વિષયભૂત સાધ્યના આશ્રયને સપક્ષ કહેવાય છે. વહ્નિ સાધ્ય હોય અને ધૂમ હેતુ હોય ત્યારે 'મહાનસ' સપક્ષ છે. કારણ કે તે નિશ્ચિત સાધ્ય–વહ્નિનું અધિકરણ છે.

**(न्या०) सपक्षलक्षणमाह–निश्चितेति । साध्यप्रकारकनिश्चयविशेष्यत्वं सपक्षत्वम् । निश्चयश्च 'महानसं वह्निमदि'त्याकारकः ।**

## ન્યાયબોધિની

"साध्यप्रकारकनिश्चयविशेष्यत्वम् सपक्षत्वम्" આ સપક્ષનું લક્ષણ છે. અર્થાત્ સાધ્યપ્રકારકનિશ્ચયાત્મક યથાર્થજ્ઞાનીયવિશેષ્યતાશ્રયને 'સપક્ષ' કહેવાય છે. 'महानसं वह्निमद्' ઈત્યાકારક સાધ્યપ્રકારક નિશ્ચયીયવિશેષ્યતા, મહાનસમાં હોવાથી મહાનસ સપક્ષ છે.

**(प०) निश्चितेति । पक्षेऽतिव्याप्तिवारणाय निश्चितेति । तत्रैवेति । धूमवत्त्वे हेतावेवेत्यर्थः ॥**

## પદકૃત્ય

'साध्यवान् सपक्षः' આટલું જ લક્ષણ કરીએ તો સંદિગ્ધ સાધ્યવાન્ પક્ષ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે સપક્ષલક્ષણમાં 'निश्चित' પદનું ઉપાદાન કર્યું છે. પક્ષમાં સાધ્ય સન્દિગ્ધ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## મૂલમ્

**निश्चितसाध्याभाववान् विपक्षः । यथा तत्रैव ह्रदः ॥**

મૂળ : નિશ્ચયાત્મક જ્ઞાનના વિષયભૂત સાધ્યાભાવના અધિકરણને 'વિપક્ષ' કહેવાય છે. વહ્નિ સાધ્ય હોય અને ધૂમ હેતુ હોય ત્યારે નિશ્ચિતસાધ્યાભાવ(વહ્ન્યભાવ)વાન્ 'હ્રદ' વિપક્ષ છે.

(न्या०) विपक्षलक्षणमाह–निश्चितसाध्याभावेति । साध्याभावप्रकारकनिश्चयविशेष्यत्वं विपक्षत्वम् । निश्चयश्च 'ह्रदो वह्न्यभाववानि'त्याकारकः ।

## ન્યાયબોધિની

'साध्याभावप्रकारकनिश्चयविशेष्यत्वं विपक्षत्वम्' આ વિપક્ષનું લક્ષણ છે. અર્થાત્ સાધ્યાભાવપ્રકારકનિશ્ચયીયવિશેષ્યતાના આશ્રયને 'વિપક્ષ' કહેવાય છે. 'ह्रदो वह्न्यभाववान्' ઈત્યાકારક નિશ્ચયાત્મક, સાધ્યાભાવપ્રકારક જ્ઞાનીયવિશેષ્યતા હ્રદમાં હોવાથી 'હ્રદ' વિપક્ષ છે.

(प०) निश्चितेति । सपक्षेऽतिव्याप्तिवारणाय साध्येति । पक्षेऽतिव्याप्तिवारणाय निश्चितेति । तत्रैव धूमवत्त्व एव ॥

## પદકૃત્ય

વિપક્ષલક્ષણમાં 'साध्य' પદનું ઉપાદાન ન કરીએ તો નિશ્ચિત અભાવવાન સપક્ષ પણ હોવાથી (કારણ કે પર્વતત્વાદિનો અભાવ મહાનસાદિ સપક્ષમાં નિશ્ચિત છે.) તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'साध्य' પદનું ઉપાદાન કર્યું છે. સપક્ષ, નિશ્ચિત સાધ્યાભાવવાન ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'साध्याभाववान् विपक्षः' આટલું જ લક્ષણ કરીએ તો 'पर्वतो वह्निमान् न वा' ઈત્યાકારક સાધ્ય અને સાધ્યાભાવ ઉભયપ્રકારક સંદેહ પર્વતાદિ પક્ષમાં થતો હોવાથી સંદિગ્ધ સાધ્યાભાવવાન પર્વતાદિપક્ષમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'निश्चित' પદનું ઉપાદાન કર્યું છે. પક્ષ, નિશ્ચિતસાધ્યાભાવવાન ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## मूलम्

सव्यभिचार–विरुद्ध–सत्प्रतिपक्षाऽसिद्ध–बाधिताः पञ्च हेत्वाभासाः ॥

મૂળ : સવ્યભિચાર, વિરુદ્ધ, સત્પ્રતિપક્ષ, અસિદ્ધ અને બાધિત આ પાંચ હેત્વાભાસો છે.

(न्या०) एवं सद्धेतून्निरूप्य हेत्वाभासान्निरूपयति–सव्यभिचारेति ।

हेतुवदाभासन्त इति हेत्वाभासाः । दुष्टहेतव इत्यर्थः । दोषाश्च व्यभिचारविरोधसत्प्रतिपक्षासिद्धिबाधाः । एतद्विशिष्टा हेतवो दुष्टहेतव इत्यर्थः । यद्विषयकत्वेन[1] ज्ञानस्यानुमितितत्करणान्यतरप्रतिबन्धकत्वं तत्त्वं दोषसामान्यस्य लक्षणम् । हेतौ दोषज्ञाने सत्यनुमितिप्रतिबन्धो जायते व्याप्तिज्ञानप्रतिबन्धो वा । अतो वादिनिग्रहाय वादिनोद्भाविते हेतौ दोषोद्भावनार्थं दुष्टहेतुनिरूपणमित्यर्थः । पर्वतो वह्निमान्, प्रमेयत्वादित्यत्र प्रमेयत्वहेतौ वह्न्यभाववद्वृत्तित्वरूपव्यभिचारे ज्ञाते वह्न्यभाववदवृत्तित्वरूपव्याप्तिज्ञानप्रतिबन्धः फलम् ॥

## ન્યાયબોધિની

આ પ્રમાણે સદ્હેતુઓનું નિરૂપણ કરીને હેત્વાભાસનું નિરૂપણ કરે છે. સવ્યભિચાર....ઈત્યાદિ ગ્રન્થથી. હેતુ જેવા જે જણાય છે, તે હેત્વાભાસ છે. જેને દુષ્ટ અર્થાદ્ દોષવિશિષ્ટ હેતુ કહેવાય છે. વ્યભિચાર, વિરોધ, સત્પ્રતિપક્ષ, અસિદ્ધિ અને બાધ, આ પાંચ દોષો છે અને એ દોષવિશિષ્ટ હેતુઓને દુષ્ટ હેતુઓ એટલે હેત્વાભાસો કહેવાય છે. "यद्विषयकत्वेन ज्ञानस्यानुमितितत्करणान्यतरप्रतिबन्धकत्वं तत्त्वम् दोषसामान्यलक्षणम्", જે વિષયકત્વ(વિષય)ના કારણે, જ્ઞાન, અનુમિતિ અથવા તત્કરણ વ્યાપ્તિજ્ઞાનાદિનું પ્રતિબંધક બને છે, તત્ત્વ (તાદૃશવિષયકત્વ) દોષસામાન્યનું (વ્યભિચારાદિદોષનું) લક્ષણ છે. "अनुमितितत्करणान्यतरनिष्ठप्रतिबध्यतानिरूपितप्रतिबन्धकता यद्विषयकत्वाच्छिन्ना तत्त्वं हेत्वाभासत्वम्" આ પરમાર્થ છે. આશય એ છે કે तद्वत्ताबुद्धिं प्रति तदभाववत्तातदभावव्याप्यबत्ताबुद्धिः प्रतिबन्धिका, અર્થાત્ તદ્વત્તા બુદ્ધિની પ્રત્યે તદભાવવત્તા અને તદભાવવ્યાપ્યવત્તા-

---

1 अत्र तृतीयार्थः–अवच्छिन्नत्वं तस्य प्रतिबन्धकत्वेऽन्वयः । ज्ञानस्येत्यत्र ज्ञानपदमनाहार्याप्रामाण्यज्ञानानास्कन्दितनिश्चयपरं, षष्ठ्यर्थः वृत्तित्वं, तस्य यद्विषयकत्वेऽन्वयः । तथा च अनाहार्याप्रामाण्यज्ञानानास्कन्दितनिश्चयवृत्तियद्विषयकत्वावच्छिन्नं प्रकृतानुमितितत्करणान्यतरप्रतिबन्धकत्वं तत्त्वं हेत्वाभासत्वमित्यर्थः । दोषविषयकज्ञानस्य प्रतिबन्धकत्वाद् दोषविषयकत्वं प्रतिबन्धकतावच्छेदकं भवति प्रतिबन्धकता च दोषविषयकत्वावच्छिन्ना । यत्पदेन दोषस्य ग्रहणात्तत्त्वं दोषे ।

બુદ્ધિ પ્રતિબંધક છે. 'घटवद् भूतलम्' ઈત્યાકારક બુદ્ધિની પ્રત્યે 'घटाभाववद् भूतलम्' અથવા 'पृथ्व्यभाववद् भूतलम्' ઈત્યાકારક બુદ્ધિ પ્રતિબન્ધક છે, એ સ્પષ્ટ છે. 'पर्वतो वह्निमान् प्रमेयत्वाद्' અહીં સામાન્યતઃ 'पर्वतो वह्निमान्' આ અનુમિતિનો આકાર છે અને 'वह्न्यभाववदवृत्तिप्रमेयत्वम्' ઈત્યાકારક વ્યાપ્તિજ્ઞાન છે. પરંતુ અહીં 'वह्न्यभाववद्-(जलादि)वृत्तिप्रमेयत्वम्' ઈત્યાકારક જ્ઞાન થવાથી 'वह्न्यभाववदवृत्तिप्रमेयत्वम्' ઈત્યાકારક વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબન્ધ થાય છે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે, 'साध्याभावदवृत्तित्वम्' ઈત્યાકારક વ્યાપ્તિજ્ઞાનનું, 'साध्याभाववद्वृत्तित्वम्' ઈત્યાકારક જ્ઞાન પ્રતિબન્ધક થાય છે. અર્થાત્ 'व्याप्तिज्ञाननिष्ठप्रतिबध्यतानिरूपितप्रतिबन्धकता, साध्याभाववद्-वृत्तित्वविषयकज्ञान'માં છે. પ્રતિબંધકતા, સાધ્યાભાવવદ્‌વૃત્તિત્વવિષયકત્વાવચ્છિન્ન છે. તેથી 'સાધ્યાભાવવદ્‌વૃત્તિત્વ' દોષ છે, જેને વ્યભિચાર કહેવાય છે. આવી જ રીતે અન્ય વિરોધાદિ હેત્વાભાસમાં લક્ષણ-સમન્વય સમજી લેવો. દોષવિષયકજ્ઞાનથી અનુમિતિ અથવા તત્કરણ-વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબન્ધ થતો હોવાથી વાદીના પરાજય માટે વાદી દ્વારા ઉદ્‌ભાવિત હેતુમાં દોષને પ્રગટ કરવા દુષ્ટ હેતુનું નિરૂપણ કર્યું છે.

**(૫૦) हेतून्निरूप्य प्रसङ्गाद्धेत्वाभासानाह—सव्यभिचारेति । अत्रेदं बोध्यम् अन्वयव्यतिरेकि तु पञ्चरूपोपपन्नं स्वसाध्यं साधयितुं क्षमते । तानि कानीति चेच्छ्रूयताम् । १ पक्षधर्मत्वं २ सपक्षसत्त्वं ३ विपक्षाद् व्यावृत्तिः ४ अबाधितविषयत्वम् । ५ असत्प्रतिपक्षत्वं चेति । अबाधितः साध्यरूपो विषयो यस्य तत्तथोक्तम् तस्य भावस्तत्त्वम् । एवं साध्याभावसाधकं हेत्वन्तरं यस्य स सत्प्रतिपक्ष इत्युच्यते । स नास्ति यस्य सोऽसत्प्रतिपक्षस्तस्य भावस्तत्त्वमिति बोध्यम् । केवलान्वयि तु चतूरूपोपपन्नमेव स्वसाध्यं साधयितुं क्षमते, तस्य विपक्षविपर्ययेण तद्व्यावृत्तिविपर्ययात् । केवलव्यतिरेक्यपि तथा, तस्य सपक्षविपर्ययेण तत्सत्त्वविपर्ययादिति । उपदर्शितरूपाणां मध्ये कतिपयरूपोपपन्नत्वाद् हेतुवदाभासन्ते इति हेत्वाभासाः । तत्त्वं चानुमितितत्करणान्यतरप्रतिबन्धकयथार्थज्ञानविषयत्वम् । बाधस्थले**

'वह्निरनुष्ण' इत्यनुमितिप्रतिबन्धकं यज्ज्ञानमुष्णत्ववद्वह्नावनुष्णत्वसाधकं द्रव्यत्वमित्याकारकं तद्विषयत्वस्य विषयतासंबन्धेन द्रव्यत्वरूपहेत्वाभासे सत्त्वाल्लक्षणसमन्वयः । सद्धेतुवारणाय यथार्थेति । घटादिवारणाय अनुमितितत्करणेति । व्यभिचारिणि अव्याप्तिवारणाय तत्करणान्यतरेति ॥

## પદકૃત્ય

હેતુઓનું નિરૂપણ કરીને પ્રસંગથી હેત્વાભાસનું નિરૂપણ કરે છે. "सव्यभिचार...." ઈત્યાદિગ્રંથથી. "अवश्यनिरूपणीयत्वे सति स्मृतस्योपेक्षानर्हत्वं सप्रसङ्गत्वम्" અર્થાત્ જે અવશ્ય નિરૂપણીય, અને સ્મૃતિપથમાં આવેલ છે. (સ્મૃતિનો વિષય બન્યો છે)તેની ઉપેક્ષા યોગ્ય નથી. તેથી તાદૃશ પદાર્થનું નિરૂપણ, પ્રસંગસંગતિથી થાય છે. અન્વયવ્યતિરેકી વગેરે લિંગનિરૂપણના અવસરે; તૃતીયાન્ત અથવા પંચમ્યન્ત લિંગબોધકવાક્યની જેમ જ દુષ્ટ હેતુબોધકવાક્ય પણ તૃતીયાન્ત અથવા પઞ્ચમ્યન્ત હોવાથી દુષ્ટ હેતુનું સ્મરણ થયું હતું. તેમ જ નીચે મુજબ પાંચ અથવા ચાર રૂપવિશિષ્ટ સદ્હેતુઓની જેમ દુષ્ટ હેતુઓ પણ કેટલાક ત્રણ ચાર રૂપોથી વિશિષ્ટ હોવાથી પણ દુષ્ટ હેતુઓ સ્મૃતિના વિષય થયા છે અને ઉપર જણાવ્યા મુજબ વાદીના નિગ્રહ માટે તેના દ્વારા બતાવેલા હેતુઓમાં દોષનું ઉદ્ભાવન કરવા દુષ્ટ હેતુઓનું નિરૂપણ અવશ્ય કરવાનું છે જ. એટલે આ રીતે પ્રસંગસંગતિને જાણીને, હેતુના નિરૂપણ પછી હેત્વાભાસનું નિરૂપણ કરે છે.

अत्रेदं बोध्यम्.....ઈત્યાદિ–અન્વયવ્યતિરેકિહેતુ, [૧]પક્ષધર્મતા, [૨]સપક્ષસત્ત્વ, [૩]વિપક્ષાદ્ વ્યાવૃત્તિ, [૪]અબાધિતવિષયત્વ અને [૫]અસત્પ્રતિપક્ષત્વ, આ પાંચ રૂપથી યુક્ત હોય, તો જ સ્વસાધ્યને સિદ્ધ કરવા સમર્થ બને છે. જેનો (જે હેતુનો) સાધ્યરૂપ વિષય અબાધિત છે એ હેતુને અબાધિતવિષય કહેવાય છે. જેના સાધ્યાભાવનો સાધક બીજો હેતુ નથી, તે હેતુને અસત્પ્રતિપક્ષ કહેવાય છે. 'पर्वतो वह्निमान् धूमात्' અહીં 'ધૂમ' હેતુ અન્વયવ્યતિરેકી છે. ધૂમ, પક્ષ–પર્વતમાં વૃત્તિ છે. સપક્ષ–મહાનસાદિમાં

ધૂમ વૃત્તિ છે. વિપક્ષ જલાદિમાં ધૂમ નથી. પર્વતમાં ધૂમનું સાધ્ય વહ્નિ બાધિત નથી. તેમ જ પર્વતમાં ધૂમના સાધ્ય વહ્નિના અભાવને સિદ્ધ કરનારો બીજો કોઈ હેતુ નથી. તેથી પક્ષધર્મત્વ (પક્ષવૃત્તિત્વ) વગેરે પાંચ રૂપથી યુક્ત ધૂમ હેતુ અન્વયવ્યતિરેકી છે. "घटोऽभिधेयः प्रमेयत्वाद्" ઈત્યાદિ કેવલાન્વયિસ્થળે પૂર્વે જણાવ્યા મુજબ અન્વયદૃષ્ટાંત જ હોય છે, વિપક્ષાત્મક વ્યતિરેકદૃષ્ટાંત હોતું નથી. તેથી 'વિપક્ષાદ્ વ્યાવૃત્તિ' આ એક રૂપથી યુક્ત, કેવલાન્વયી હેતુ ન હોવાથી શેષ ચાર જ રૂપથી વિશિષ્ટ કેવલાન્વયી હેતુ સાધ્યને સિદ્ધ કરવા સમર્થ બને છે. જ્યારે 'पृथिवीतरेभ्यो भिद्यते गन्धवत्त्वाद्" ઈત્યાદિ કેવલવ્યતિરેકિસ્થળે પૂર્વે જણાવ્યા મુજબ અન્વયદૃષ્ટાંતનો અભાવ હોવાથી 'સપક્ષસત્ત્વ' આ એક રૂપથી યુક્ત કેવલવ્યતિરેકી હેતુ ન હોવાથી માત્ર શેષ ચાર જ રૂપથી વિશિષ્ટ કેવલવ્યતિરેકી હેતુ પોતાના સાધ્યને સિદ્ધ કરવા સમર્થ હોય છે. ઉક્ત પાંચ રૂપોમાંથી કેટલાંક રૂપોથી યુક્ત દુષ્ટ હેતુઓ પણ હોય છે, અને તેથી સ્મૃતિના વિષયભૂત અવશ્ય નિરૂપણીય સવ્યભિચારાદિ દુષ્ટ હેતુઓનું પ્રસંગથી અહીં નિરૂપણ કર્યું છે. અનુમિતિ અથવા તત્કરણવ્યાપ્તિજ્ઞાનાદિ, એતદન્યતર પ્રતિબંધક જે યથાર્થજ્ઞાન, તેના વિષયને હેત્વાભાસ કહેવાય છે. "वह्निरनुष्णः" ઈત્યાકારક અનુમિતિની પ્રત્યે "उष्णत्ववद्वह्नावनुष्णत्वसाधकं द्रव्यत्वम्" ઈત્યાકારક જ્ઞાન પ્રતિબંધક છે. તાદૃશજ્ઞાનીય વિષયતા, વિષયતાસંબંધથી (વિષયતાત્મક સ્વરૂપસંબંધથી) 'દ્રવ્યત્વ' સ્વરૂપ દુષ્ટ હેતુમાં (બાધિત હેતુમાં)છે. તેથી લક્ષણસમન્વય થાય છે. આવી જ રીતે ન્યાયબોધિનીમાં જણાવ્યા મુજબ વ્યાપ્તિજ્ઞાનપ્રતિબંધકીભૂત વ્યભિચારવિષયકજ્ઞાનીયવિષયતા વ્યભિચારી હેતુમાં હોવાથી ત્યાં પણ લક્ષણસમન્વય થાય છે. હેત્વાભાસના લક્ષણમાં 'યથાર્થ' પદનો નિવેશ ન કરીએ અને માત્ર 'अनुमितितत्करणान्यतरप्रतिबंधकज्ञानविषयत्व' આટલું લક્ષણ કરીએ તો "वह्न्यभाववदवृत्तिधूमः" ઈત્યાકારક વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક "वह्न्यभाववद्वृत्तिधूमः" ઈત્યાકારક અયથાર્થજ્ઞાનીયવિષયતા ધૂમાત્મક સદ્હેતુમાં પણ હોવાથી સદ્હેતુમાં

અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'यथार्थ' પદનો નિવેશ કર્યો છે. તાદૃશ વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક "वह्न्यभाववद्वृत्ति-धूमः", ઈત્યાકારક જ્ઞાન, યથાર્થ નથી. જેથી તદ્વિષયભૂત ધૂમમાં અતિવ્યાપ્તિ નહીં આવે. હેત્વાભાસના ઉક્ત લક્ષણમાં 'अनुमिति–तत्करणान्यतर' પદનો નિવેશ ન કરીએ તો 'घटाभाववद् भूतलम्' ઈત્યાકારક જ્ઞાનના પ્રતિબંધકીભૂત "घटवद् भूतलम्" ઈત્યાકારક જ્ઞાનના વિષયભૂત ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'अनुमितितत्करणान्यतर' પદનો નિવેશ કર્યો છે. "घटवद् भूतलम्" ઈત્યાકારક જ્ઞાન 'અનુમિતિતત્કરણાન્યતર'નું પ્રતિબંધક નથી, તેથી તદ્વિષયભૂત ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'तत्करणान्यतर' પદનો નિવેશ ન કરીએ અને માત્ર "अनुमिति-प्रतिबंधकयथार्थज्ञानविषयत्व" આટલું લક્ષણ કરીએ તો પૂર્વે જણાવ્યા મુજબ વ્યાપ્તિજ્ઞાનપ્રતિબંધક વ્યભિચારાદિવિષયકજ્ઞાનના વિષયભૂત વ્યભિચારી હેતુમાં લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'तत्करणान्यतर' પદનો નિવેશ કરીએ તો અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે વ્યભિચારાદિ–વિષયકજ્ઞાન, અનુમિતિનું પ્રતિબંધક ન હોવા છતાં અનુમિતિના કરણભૂત વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક છે જ. તેથી તદ્વિષયભૂત વ્યભિચારીહેતુમાં લક્ષણ–સમન્વય થાય છે. આથી એ પણ સ્પષ્ટ છે કે, માત્ર "व्याप्तिज्ञानप्रतिबन्धकयथार्थज्ञानविषयत्व" આટલું લક્ષણ કરીએ તો ઉપર જણાવ્યા મુજબ અનુમિતિપ્રતિબંધકબાધવિષયકજ્ઞાનના વિષયભૂત બાધિત હેતુમાં અવ્યાપ્તિ આવશે. પરંતુ યથાશ્રુત લક્ષણમાં 'अनुमिति'પદના નિવેશથી એ અવ્યાપ્તિ નહીં આવે, એ સમજી શકાય છે.

## मूलम्

**सव्यभिचारोऽनैकान्तिकः । स त्रिविधः साधारणाऽसाधारणाऽनुपसंहारिभेदात् । तत्र साध्याभाववद्वृत्तिः साधारणोऽनैकान्तिकः । यथा पर्वतो वह्निमान् प्रमेयत्वादिति । प्रमेयत्वस्य वह्न्यभाववति ह्रदे विद्यमानत्वात् ।**

મૂળ : સવ્યભિચાર હેતુને 'અનૈકાન્તિક' પણ કહેવાય છે. સવ્યભિચાર હેતુ ત્રણ પ્રકારનો છે. સાધારણ, અસાધારણ અને અનુપસંહારી. આ ત્રણ પ્રકારના અનૈકાન્તિક હેતુમાં, જે હેતુ સાધ્યાભાવવદ્‌માં વૃત્તિ હોય છે તેને સાધારણઅનૈકાન્તિક કહેવાય છે. "पर्वतो वह्निमान् प्रमेयत्वात्" અહીં પ્રમેયત્વ હેતુ; સાધ્યાભાવ વહ્ન્યભાવવદ્ હ્રદાદિમાં વૃત્તિ હોવાથી સાધારણઅનૈકાન્તિક છે. પ્રમેયત્વ હેતુમાં સાધ્યાભાવવદ્‌વૃત્તિત્વરૂપ વ્યભિચાર દોષ છે અને તદ્‌વિશિષ્ટ પ્રમેયત્વ સાધારણવ્યભિચારી કહેવાય છે.

**(प०) तत्रेति । साधारणादित्रितयमध्य इत्यर्थः । अथ विरुद्धेऽतिप्रसक्तिरिति मा स्म दृप्यः, सपक्षवृत्तित्वस्यापि निवेशात् । अथैवमपि स्वरूपासिद्धेर्दूषणं जागर्तीति मा वह गर्वं, पक्षवृत्तित्वस्यापि तथात्वात् ।**

## પદકૃત્ય

યદ્યપિ "शब्दो नित्यः कृतकत्वात् (कार्यत्वात्)" અહીં વિરુદ્ધ કૃતકત્વ હેતુ પણ સાધ્યાભાવ–નિત્યત્વાભાવવદ્ અનિત્યમાં વૃત્તિ હોવાથી વિરુદ્ધ હેતુમાં અતિપ્રસક્તિ-અતિવ્યાપ્તિ આવે છે -એવું દર્પથી કહી શકાય છે. પરંતુ સાધારણવ્યભિચારના લક્ષણમાં 'सपक्षवृत्तित्व' પદનો પણ નિવેશ કરવાથી વિરુદ્ધ સ્થળે અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે વિરુદ્ધહેતુ સપક્ષનિત્યપદાર્થમાં વૃત્તિ નથી. યદ્યપિ "सपक्षवृत्तित्वे सति साध्याभाववद्वृत्तित्वम्" આ, સાધારણવ્યભિચારનું લક્ષણ; "शब्दो गुणश्चाक्षुषत्वाद् रूपवद्" અહીં ચાક્ષુષત્વાત્મક સ્વરૂપાસિદ્ધ હેતુમાં પણ જાય છે. કારણ કે, તે 'ચાક્ષુષત્વ' સપક્ષરૂપમાં વૃત્તિ છે, અને સાધ્યાભાવ–ગુણત્વાભાવવદ્ ઘટાદિમાં પણ વૃત્તિ છે. પરંતુ સ્વરૂપાસિદ્ધમાં અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'पक्षवृत्तित्व' પદનો પણ નિવેશ હોવાથી, ઉક્ત રીતે અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સ્વરૂપાસિદ્ધ ચાક્ષુષત્વ હેતુ પક્ષ 'શબ્દ'માં વૃત્તિ નથી. આથી સ્પષ્ટ છે કે "पक्षवृत्तित्वे सति सपक्षवृत्तित्वे सति साध्याभाववद्वृत्तित्वम्" આ સાધારણવ્યભિચારનું લક્ષણ છે.

## मूलम्

**सर्वसपक्षविपक्षव्यावृत्तः पक्षमात्रवृत्तिरसाधारणः । यथा शब्दो नित्यः शब्दत्वादिति । शब्दत्वं सर्वेभ्यो नित्येभ्योऽनित्येभ्यश्च व्यावृत्तं शब्दमात्रवृत्तिः ॥**

મૂળ : સર્વ સપક્ષ અને વિપક્ષથી વ્યાવૃત્ત અને પક્ષમાત્રમાં જે હેતુ વૃત્તિ છે તેને અસાધારણ અનૈકાંતિક કહેવાય છે. "शब्दो नित्यः शब्दत्वात्" અહીં સર્વ સપક્ષ નિત્યપદાર્થમાં અને વિપક્ષ અનિત્ય પદાર્થમાં 'શબ્દત્વ' હેતુ અવૃત્તિ છે અને માત્ર પક્ષ–શબ્દમાં જ વૃત્તિ છે. તેથી 'શબ્દત્વ' હેતુ અસાધારણવ્યભિચારી કહેવાય છે.

**(न्या०) असाधारण इति । सर्वसपक्षव्यावृत्तत्वं निश्चितसाध्यवदवृत्तित्वम् । साध्यवदवृत्तित्वं च साध्यासामानाधिकरण्यम् । हेतौ साध्याऽसामानाधिकरण्ये निश्चिते साध्यसामानाधिकरण्यरूपव्याप्तिज्ञानप्रतिबन्धः फलम् ॥**

## ન્યાયબોધિની

"सर्वसपक्षविपक्षव्यावृत्तत्वे सति पक्षमात्रवृत्तित्वम्" આ, અસાધારણ વ્યભિચારના લક્ષણમાં સર્વસપક્ષવ્યાવૃત્તત્વ "નિશ્ચિતસાધ્યવદવૃત્તિત્વ" સ્વરૂપ છે. સાધ્યવદવૃત્તિત્વ, "સાધ્યાસામાનાધિકરણ્ય" સ્વરૂપ છે. હેતુમાં, સાધ્યના અસામાનાધિકરણ્યના જ્ઞાનથી, હેતુવ્યાપકસાધ્યસામાનાધિકરણ્યરૂપ અન્વયવ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થાય છે. તેથી તાદૃશ અસાધારણવ્યભિચારવિશિષ્ટ શબ્દત્વાદિ હેતુ અસાધારણ અનૈકાન્તિક કહેવાય છે.

**(प०) पक्षमात्रेति । सर्वे ये सपक्षास्तेभ्यो व्यावर्तत इति सपक्षविपक्षव्यावृत्तः । केवलव्यतिरेकिवारणाय 'तद्भिन्न' इत्यपि देयम् ।**

## પદકૃત્ય

યદ્યપિ "पृथिवीतरेभ्यो भिद्यते गन्धवत्त्वाद्" ઈત્યાદિ સ્થળે કેવલવ્યતિરેકી હેતુ પણ પક્ષમાત્રવૃત્તિ હોવાથી ગંધવત્ત્વાદિ હેતુમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે "केवलव्यतिरेकिभिन्नत्वे सति सर्वसपक्षविपक्षव्यावृत्तत्वे सति पक्षमात्रवृत्तित्वम्" આ પ્રમાણે 'केवलव्य-

તિરેકિભિન્નત્વ' પદનો નિવેશ કરીને અસાધારણ અનૈકાન્તિકનું લક્ષણ સમજવું જોઈએ. કેવલવ્યતિરેકિહેતુ, કેવલવ્યતિરેકીથી ભિન્ન ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## मूलम्

**अन्वयव्यतिरेकदृष्टान्तरहितोऽनुपसंहारी । यथा सर्वमनित्यं प्रमेयत्वादिति । अत्र सर्वस्यापि पक्षत्वाद् दृष्टान्तो नास्ति ॥**

મૂળ : અન્વયવ્યતિરેકદૃષ્ટાન્તથી રહિત હેતુને ‘અનુપસંહારી’ અનૈકાન્તિક કહેવાય છે. “सर्वमनित्यं प्रमेयत्वाद्” અહીં બધા જ પક્ષ હોવાથી દૃષ્ટાન્ત નથી. તેથી ‘પ્રમેયત્વ’ હેતુ અનુપસંહારી છે.

**(न्या०) अनुपसंहारिणं लक्षयति–अन्वयेति । उभयत्र दृष्टान्ताभावादन्वयव्याप्तिज्ञानव्यतिरेकव्याप्तिज्ञानोभयसामग्री नास्तीत्यर्थः । सर्वस्यैव पक्षत्वात्पक्षातिरिक्ताप्रसिद्धेरिति भावः ॥**

## ન્યાયબોધિની

અન્વય અને વ્યતિરેક વ્યાપ્તિસ્થળે દૃષ્ટાન્તનો અભાવ હોવાથી “सर्वमनित्यं प्रमेयत्वाद्” અહીં અન્વય અને વ્યતિરેક ઉભય વ્યાપ્તિ જ્ઞાનની સામગ્રીનો જ અભાવ થવાથી વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબન્ધ થાય છે. અન્વય કે, વ્યતિરેક દૃષ્ટાન્ત પક્ષથી ભિન્ન હોય છે અને અહીં તો સર્વને પક્ષ કર્યા છે તેથી તદતિરિક્ત કોઈ જ દૃષ્ટાન્ત નથી.

**(प०) अन्वयेति । केवलान्वयिन्यतिव्याप्तिवारणाय अन्वयेति । केवलव्यतिरेकिण्यतिव्याप्तिवारणाय व्यतिरेकेति । अत्रेति । उपदर्शितानुमान इत्यर्थः ॥**

## પદકૃત્યં

માત્ર અન્વયદૃષ્ટાન્તથી રહિત અથવા માત્ર વ્યતિરેકદૃષ્ટાન્તથી

---

१ हेतुसाध्ययोर्यत्र निश्चयस्तस्य दृष्टान्तत्वात् यत्र साध्यसंशयस्तस्य पक्षत्वात् साध्यसंदेहवत्त्वस्य साध्यनिश्चयवत्त्वस्य च विरोधात् पक्षभिन्नस्यैव दृष्टान्तत्वादिति भावः ।

રહિત હેતુને અનુપસંહારી વ્યભિચારી કહીએ તો ક્રમશઃ કેવલવ્યતિરેકી અથવા કેવલાન્વયી હેતુમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કેવલવ્યતિરેકી હેતુ અન્વયદૃષ્ટાન્તથી અને કેવલાન્વયી હેતુ વ્યતિરેક દૃષ્ટાન્તથી રહિત હોય છે. તેથી લક્ષણમાં ઉભયદૃષ્ટાન્તરહિતત્વનો નિવેશ કર્યો છે. કેવલવ્યતિરેકી અથવા કેવલાન્વયી હેતુ ઉભયદૃષ્ટાન્તથી રહિત નથી હોતા તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે- એ સ્પષ્ટ છે.

## मूलम्

**साध्याभावव्याप्तो हेतुर्विरुद्धः । यथा शब्दो नित्यः कृतकत्वादिति । कृतकत्वं हि नित्यत्वाभावेनानित्यत्वेन व्याप्तम् ।**

મૂળ : સાધ્યાભાવના વ્યાપ્ત હેતુને 'વિરુદ્ધ' કહેવાય છે. "शब्दो नित्यः कृतकत्वाद्" અહીં 'કૃતકત્વ' હેતુ વિરુદ્ધ છે. કારણ કે જ્યાં જ્યાં કૃતકત્વ છે ત્યાં ત્યાં અનિત્યત્વ છે. આ વ્યાપ્તિવિશિષ્ટ કૃતકત્વ હેતુ, નિત્યત્વાભાવનો (અનિત્યત્વનો) વ્યાપ્ત છે.

(न्या०) **विरुद्धं लक्षयति—साध्याभावव्याप्त इति ॥ साध्याभावव्याप्तिः साध्याभावनिरूपितव्यतिरेकव्याप्तिः साध्यव्यापकीभूताभावप्रतियोगित्वम् । तथा च पक्षविशेष्यकसाध्याभावव्याप्यहेतुप्रकारकज्ञानात् पक्षविशेष्यकसाध्यप्रकारकानुमितिप्रतिबन्धः फलम् । एवं सत्प्रतिपक्षेऽपि । विरुद्ध—सत्प्रतिपक्षयोर्विशेषस्तु विरुद्धहेतोरेकत्वेन सत्प्रतिपक्षहेतोर्द्वित्वेन च ज्ञातव्यः । सत्प्रतिपक्षे द्वौ हेतू, विरुद्धे एको हेतुरितियावत् । साध्याभावसाधकहेतुः साध्यसाधकत्वेनोपन्यस्त इत्यसामर्थ्यसूचनमपि ॥**

## ન્યાયબોધિની

મૂલમાં સાધ્યાભાવવ્યાપ્ત—પદાર્થઘટક સાધ્યાભાવનિરૂપિત-વ્યાપ્તિ, સાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વસ્વરૂપ છે. આશય એ છે કે વહ્નિ-નિરૂપિત-વ્યતિરેકવ્યાપ્તિ જેવી રીતે વહ્ન્યભાવ અને ધૂમાભાવઘટિત હોય છે અને તે સ્વાભાવ(વહ્ન્યભાવ)વ્યાપકીભૂતાભાવ(ધૂમાભાવ)પ્રતિયોગિત્વસ્વરૂપ હોય છે. તેવી રીતે પ્રકૃતસ્થળે પણ

સાધ્યાભાવ(નિત્યત્વાભાવ)નિરૂપિતવ્યતિરેકવ્યાપ્તિ સ્વાભાવ (નિત્યત્વાભાવાભાવ=નિત્યત્વ) અને કૃતકત્વાભાવઘટિત છે, જે સ્વાભાવ(નિત્યત્વ)સ્વરૂપ સાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વસ્વરૂપ છે એ સમજી શકાય છે. "शब्दो नित्यः कृतकत्वाद्" અહીં સાધ્ય નિત્યત્વનો વ્યાપકીભૂત અભાવ 'કૃતકત્વાભાવ' છે. તત્પ્રતિયોગિત્વ કૃતકત્વમાં છે. તેથી તાદૃશસાધ્યાભાવનિરૂપિત વ્યાપ્તિ કૃતકત્વમાં હોવાથી હેતુ વિરુદ્ધ છે, અહીં "नित्यत्वाभावव्याप्यकृतकत्ववान् शब्दः" ઈત્યાકારક પક્ષવિશેષ્યક સાધ્યાભાવવ્યાપ્યહેતુપ્રકારક જ્ઞાન થવાના કારણે; પક્ષવિશેષ્યક સાધ્યપ્રકારક "नित्यः शब्दः" ઈત્યાકારક અનુમિતિનો પ્રતિબન્ધ થાય છે. આ રીતે સત્પ્રતિપક્ષસ્થળે પણ અનુમિતિનો પ્રતિબન્ધ થાય છે. વિરુદ્ધસ્થળે સાધ્યસાધક હેતુ જ સાધ્યાભાવનો વ્યાપ્ય હોય છે અને સત્પ્રતિપક્ષસ્થળે સાધ્યસાધકહેતુથી અતિરિક્ત-બીજો હેતુ સાધ્યાભાવનો સાધક હોય છે (વ્યાપ્ય હોય છે.) આટલો ફરક છે. સત્પ્રતિપક્ષિતહેતુના પ્રયોક્તાની અપેક્ષાએ વિરુદ્ધ હેતુના પ્રયોક્તામાં અસામર્થ્ય (અજ્ઞાન) સૂચિત થાય છે, કારણ કે તેણે વસ્તુતઃ જે હેતુ સાધ્યાભાવનો સાધક હતો, તેને સાધ્યસાધક તરીકે જણાવ્યો.

**(५०) विरुद्धं लक्षयति–साध्येति । सद्धेतुवारणाय साध्याभावव्याप्त इति । सत्प्रतिपक्षवारणाय 'सत्प्रतिपक्षभिन्न' इत्यपि बोध्यम् । कृतेति । कार्यत्वादित्यर्थः । कृतकत्वमिति । अनित्यत्वेन व्याप्तमिति । यद्यत्कृतकं तत्तदनित्यमिति व्याप्तिर्भवत्येव तथेति भावः ॥**

## પદકૃત્ય

'વિરુદ્ધ'ના લક્ષણમાં 'साध्याभावव्याप्त' પદનો નિવેશ ન કરીએ તો સદ્હેતુ પણ હેતુ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'साध्याभावव्याप्त' પદનો નિવેશ કર્યો છે. સદ્હેતુ સાધ્યાભાવનો વ્યાપ્ત ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ "शब्दो नित्यः श्रावणत्वाद्" "शब्दोऽनित्यः कृतकत्वाद्" અહીં

સત્પ્રતિપક્ષ સ્થળના બે હેતુમાંથી એક 'કૃતકત્વ' હેતુ પણ સાધ્યાભાવનો વ્યાપ્ત હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ લક્ષણમાં સત્પ્રતિપક્ષભિન્નત્વ પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. અહીં એ યાદ રાખવું જોઈએ કે, તર્કસંગ્રહમાં હેત્વાભાસનું વર્ણન ખૂબ જ સ્થૂલ દૃષ્ટિએ કર્યું છે. તદ્દન નવા વિદ્યાર્થીઓને દાર્શનિક શૈલીનો પરિચય કરાવવા સાથે સામાન્યતઃ પદાર્થનિરૂપણનો અહીં ઉદ્દેશ છે. એટલે સૂક્ષ્મપર્યાલોચનમાં કેટલીક અનુપપત્તિ દૃષ્ટિગોચર થવાનો પૂરતો સંભવ છે. વિવરણ પણ યથાસ્થિત ગ્રન્થને અનુલક્ષીને કરવાના કારણે; જણાયેલી અનુપપત્તિઓનું નિરાકરણ પણ; અહીં ઉપેક્ષાનો વિષય બન્યું છે. છતાં કેટલાક સ્થાને તે અનુપપત્તિઓના નિરાકરણના ઉપાયો સૂચવ્યા પણ છે. જેના પ્રત્યેક ભેદનું વર્ણન કરવા માટે સ્વતંત્ર ગ્રન્થનું નિર્માણ થયું છે, તે હેત્વાભાસનું યથાસ્થિત વર્ણન કરવાનું ખરેખર જ અહીં શક્ય નથી.

## मूलम्

**साध्याभावसाधकं हेत्वन्तरं यस्य स सत्प्रतिपक्षः । यथा शब्दो नित्यः श्रावणत्वाच्छब्दत्ववत् । शब्दोऽनित्यः कार्यत्वाद् घटवत् ॥**

મૂલ : જેના સાધ્યના અભાવનો, સાધક બીજો હેતુ છે તે હેતુને 'સત્પ્રતિપક્ષ' કહેવાય છે. "शब्दो नित्यः श्रावणत्वात्, शब्दत्ववद्" અહીં 'શ્રાવણત્વ' હેતુના સાધ્ય 'નિત્યત્વ'ના અભાવનો સાધક, "शब्दोऽनित्यः कृतकत्वाद्, घटवत्"; આ પ્રમાણે 'કૃતકત્વ' હેતુ છે, તેથી 'શ્રાવણત્વ' હેતુ 'સત્પ્રતિપક્ષ' છે. આ સત્પ્રતિપક્ષને જ પ્રાચીન ગ્રન્થોમાં 'प्रकरणसम' પણ વર્ણવ્યો છે.

**(૫૦) सत्प्रतिपक्षं लक्षयति–साध्येति । यस्य=हेतोः साध्याभावसाधकं=साध्याभावस्यानुमापकं हेत्वन्तरं=प्रतिपक्षो हेतुः विद्यते स हेतुः 'सत्प्रतिपक्ष' इत्यर्थः । अयमेव प्रकरणसम इत्युच्यते । विरुद्धवारणाय हेत्वन्तरं यस्येति । वह्न्यादिवारणाय साध्याभावेति ॥**

## પદકૃત્ય

માત્ર "साध्याभावसाधकं सत्प्रतिपक्षः" આટલું લક્ષણ કરીએ તો "शब्दो नित्यः कृतकत्वाद्" અહીં કૃતકત્વ હેતુ પણ સાધ્યાભાવ-નિત્યત્વાભાવનો સાધક હોવાથી 'विरुद्ध'માં અતિવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે 'हेत्वन्तरं यस्य' પદનો નિવેશ કર્યો છે. વિરુદ્ધ હેતુ પોતે જ સાધ્યાભાવનો સાધક હોય છે. ત્યાં સ્વાતિરિક્તહેતુ સાધ્યાભાવસાધક ન હોવાથી 'विरुद्ध'માં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'साध्याभाव' પદનો નિવેશ ન કરીએ અને 'यस्य साधकं हेत्वन्तरं स सत्प्रतिपक्षः' આટલું જ લક્ષણ કરીએ તો 'पर्वतो वह्निमान् धूमात्' અહીં વહ્નિનો સાધક હેત્વન્તર આલોક પણ હોવાથી વહ્નિસાધ્યમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'साध्याभाव' પદનો નિવેશ કરવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે વહ્ન્યાદિસાધ્ય, સાધ્યાભાવ–વહ્ન્યાદ્યભાવના સાધક હેત્વન્તર નથી. આશય એ છે કે લક્ષણમાં साध्याभाव પદનો નિવેશ ન હોય તો 'यस्य' પદથી 'साध्यस्य' નો બોધ થાય છે. જેથી 'यत्साध्यस्य साधकं हेत्वन्तरं स सत्प्रतिपक्षः' આ પ્રમાણે લક્ષણાર્થ થાય છે. પરંતુ 'साध्याभाव' પદનો નિવેશ હોય ત્યારે यत् પદ 'हेतु'ને જણાવે છે, તેથી "यद्हेतोः साध्याभावसाधकं हेत्वन्तरं स हेतुः सत्प्रतिपक्षः' આ પ્રમાણે લક્ષણાર્થ થાય છે. તેથી साध्याभाव પદના નિવેશના અભાવ, અને ભાવમાં ક્રમશઃ અતિવ્યાપ્તિ અને અતિવ્યાપ્ત્યભાવ ઉપર જણાવ્યા મુજબ થાય છે.

### मूलम्

**असिद्धस्त्रिविधः–आश्रयासिद्धः स्वरूपासिद्धो व्याप्यत्वासिद्धश्चेति ॥**

**(५०) असिद्धं विभजते-असिद्ध इति । आश्रयासिद्धाद्यन्यतमत्वमसिद्धत्वम् ॥**

**आश्रयासिद्धो यथा गगनारविन्दं सुरभि, अरविन्दत्वात् सरोजारविन्दवत् । अत्र गगनारविन्दमाश्रयः स च नास्त्येव ॥**

મૂલ : આશ્રયાસિદ્ધ, સ્વરૂપાસિદ્ધ અને વ્યાપ્યત્વાસિદ્ધ, આ ત્રણ ભેદથી અસિદ્ધહેતુ ત્રણ પ્રકારનો છે. આશ્રયાસિદ્ધાદ્યન્યતમત્વના આશ્રયને અસિદ્ધ કહેવાય છે. "गगनारविन्दं सुरभि अरविन्दत्वात् सरोजारविन्दवत्" અહીં 'गगनारविन्द' સ્વરૂપ, અરવિન્દત્વહેતુનો આશ્રય–પક્ષ નથી. તેથી અરવિન્દત્વહેતુ 'આશ્રયાસિદ્ધ' કહેવાય છે.'

**(न्या०) 'आश्रयासिद्ध इति । आश्रयासिद्धिर्नाम पक्षतावच्छेदकविशिष्टपक्षाप्रसिद्धिः । यथेति । अत्रारविन्दे गगनीयत्वाभावे निश्चिते गगनीयत्वविशिष्टारविन्दे सौरभ्यानुमितिप्रतिबन्धः फलम् ॥**

## ન્યાયબોધિની

પક્ષતાવચ્છેદકવિશિષ્ટ પક્ષની અપ્રસિદ્ધિને 'આશ્રયાસિદ્ધિ' કહેવાય છે. 'गगनारविन्दं सुरभि अरविन्दत्वात्" અહીં અરવિંદમાં ગગનીયત્વના અભાવનો નિશ્ચય થવાથી અર્થાત્ "गगनीयत्वाभाववदरविन्दम्" ઈત્યાકારક નિશ્ચય થવાથી "गगनारविन्दं सुरभि" ઈત્યાકારક અનુમિતિનો પ્રતિબંધ થાય છે.

**(प०) आश्रयासिद्धत्वं च पक्षतावच्छेदकाभाववत्पक्षकत्वम् । भवति हि अरविन्दत्वे गगनीयत्वरूपपक्षतावच्छेदकाभाववत्पक्षकत्वम्, अरविन्द–रूपपक्षे गगनीयत्वविरहात् । ननु किमरविन्दे गगनीयत्वविरहोऽत आह–अत्रेति । उपदर्शितानुमान इत्यर्थः ॥**

## પદકૃત્ય

'पक्षतावच्छेदकाभाववत्पक्षकत्वम्' આ 'આશ્રયાસિદ્ધિ' દોષનું લક્ષણ છે. અર્થાત્ પક્ષતાવચ્છેદકના અભાવથી યુક્ત પક્ષ છે જેનો એવા હેતુને આશ્રયાસિદ્ધ કહેવાય છે.

## मूलम्

**स्वरूपासिद्धो यथा शब्दो गुणश्चाक्षुषत्वात्, रूपवत् । अत्र**

---

१ यस्य हेतोः पक्षोऽप्रसिद्धः स आश्रयासिद्धः ।

**चाक्षुषत्वं शब्दे नास्ति, शब्दस्य श्रावणत्वात् ।**

મૂલ : "शब्दो गुणश्चाक्षुषत्वाद्" रूपवद्, અહીં શબ્દમાં શ્રાવણત્વ છે પરંતુ ચાક્ષુષત્વ નથી. તેથી પક્ષમાં ચાક્ષુષત્વ હેતુનો અભાવ હોવાથી 'ચાક્ષુષત્વ' હેતુ સ્વરૂપાસિદ્ધ છે.

**(न्या०) स्वरूपासिद्‌ध इति । [1]स्वरूपासिद्‌धिर्नाम पक्षे हेत्वभावः । तथा च हेत्वभावविशिष्टपक्षज्ञानात्पक्षविशेष्यकहेतुप्रकारकपरामर्शानुपपत्त्या परामर्शप्रतिबन्धः फलम् ॥**

## ન્યાયબોધિની

પક્ષમાં હેતુના અભાવને સ્વરૂપાસિદ્ધિ કહેવાય છે. 'पक्षे हेत्वभावः' અર્થાત્ "हेत्वभाववान् पक्षः" ઈત્યાકારક જ્ઞાન થવાથી "पक्षविशेष्यक हेतुप्रकारक (गुणत्वव्याप्यचाक्षुषत्ववान् शब्दः)परामर्श"નો પ્રતિબંધ થાય છે.

**(प०) पक्षे हेत्वभावः स्वरूपासिद्‌धिः । सद्‌धेत्वभावेऽतिव्याप्तिवारणाय पक्षे इति । घटाद्यभाववारणाय हेत्विति । सोऽयं स्वरूपासिद्‌धः शुद्‌धासिद्‌ध–भागासिद्‌ध–विशेषणासिद्‌ध-विशेष्यासिद्‌ध–भेदेन–चतुर्विधः । तत्राद्यस्तूपदर्शित एव । द्वितीयो तथा-'उद्‌भूतरूपादि-चतुष्टयं गुणः, रूपत्वादि'त्यत्र रूपत्वहेतोः पक्षैकदेशावृत्तित्वेन तस्य भागे स्वरूपासिद्‌धत्वम् । तृतीयो यथा-'वायुः प्रत्यक्षः, रूपवत्त्वे सति स्पर्शवत्त्वादि' त्यत्र रूपवत्त्वविशेषणस्य वायाववृत्तेस्तद्विशिष्टस्पर्शवत्त्वस्यापि तथात्वेन तस्य स्वरूपासिद्‌धत्वं निर्वहति, विशेषणाभावे विशिष्टस्याप्य–भावात् । तुरीयो यथा–अत्रैव विशेषणविशेष्यवैपरीत्येन हेतुः तस्य स्वरूपासिद्‌धत्वं तु विशेष्याभावप्रयुक्तविशिष्टाभावादिति बोध्यम् ॥**

---

१ यो हेतुः पक्षे न वर्तते स स्वरूपासिद्‌धः । यथा 'तप्तायःपिण्डो वह्निमान्, धूमात्' इत्यादौ धूमो हेतुः ।

## પદકૃત્ય

જે હેતુનો પક્ષમાં અભાવ છે તે હેતુને સ્વરૂપાસિદ્ધ કહેવાય છે. 'पक्षे हेत्वभावः' આ સ્વરૂપાસિદ્ધિનું લક્ષણ છે. લક્ષણમાં 'पक्षे' પદનું ઉપાદાન ન કરીએ તો વિપક્ષજલાદિમાં ધૂમાદિ સદ્હેતુનો પણ અભાવ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. સદ્હેતુનો પક્ષમાં અભાવ ન હોવાથી 'पक्षे' પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'पक्षेऽभावः' આટલું લક્ષણ કરીએ તો પક્ષમાં ઘટાદિનો પણ અભાવ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિવારણ માટે લક્ષણમાં 'हेतु' પદનો નિવેશ કર્યો છે. ઘટાદ્યભાવ, હેતુના અભાવસ્વરૂપ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. આ સ્વરૂપાસિદ્ધ ચાર પ્રકારનો છે. જે સમગ્ર હેતુનો પક્ષમાત્રમાં અભાવ હોય તે હેતુને, 'શુદ્ધાસિદ્ધ' કહેવાય છે. જે સમગ્ર હેતુનો પક્ષના એક દેશમાં જ અભાવ હોય તે હેતુને, 'ભાગાસિદ્ધ' કહેવાય છે. જે હેતુના વિશેષણાંશનો જ પક્ષમાત્રમાં અભાવ હોય તે હેતુને, 'વિશેષણાસિદ્ધ' કહેવાય છે અને જે હેતુના વિશેષ્યાંશનો જ પક્ષમાત્રમાં અભાવ હોય તે હેતુને, 'વિશેષ્યાસિદ્ધ' કહેવાય છે. "शब्दो गुणश्चाक्षुषत्वात्"અહીં ચાક્ષુષત્વનો શબ્દમાત્રમાં અભાવ હોવાથી 'ચાક્ષુષત્વ' શુદ્ધાસિદ્ધ છે. "उद्भूत-रूपादिचतुष्टयं गुणो रूपत्वाद्" અહીં રૂપત્વ હેતુનો પક્ષના એક દેશ,રસ, ગન્ધ અને સ્પર્શમાં અભાવ હોવાથી રૂપત્વ હેતુ 'ભાગાસિદ્ધ' છે

वायुः प्रत्यक्षो रूपवत्त्वे सति स्पर्शवत्त्वात्" અહીં હેતુના વિશેષણાંશરૂપવત્ત્વનો વાયુમાત્રમાં અભાવ હોવાથી રૂપવત્ત્વવિશિષ્ટ સ્પર્શવત્ત્વ હેતુ વિશેષણાસિદ્ધ છે અને 'वायुः प्रत्यक्षः स्पर्शवत्त्वे सति रूपवत्त्वात्" અહીં હેતુના વિશેષ્યાંશરૂપવત્ત્વનો વાયુમાત્રમાં અભાવ હોવાથી સ્પર્શવત્ત્વવિશિષ્ટરૂપવત્ત્વ હેતુ 'વિશેષ્યાસિદ્ધ' કહેવાય છે. વિશેષણાસિદ્ધ અને વિશેષ્યાસિદ્ધ હેતુસ્થળે પક્ષમાં હેતુનો અભાવ ક્રમશઃ વિશેષણાભાવ અને વિશેષ્યાભાવ પ્રયુક્ત વિશિષ્ટાભાવસ્વરૂપ હોય છે. ઉભયાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ, જ્યારે હેત્વભાવ પક્ષમાં હશે (वायुः प्रत्यक्षो रूपवत्त्वे सति गन्धवत्त्वाद्)ત્યારે, તે હેતુનો શુદ્ધા-

સિદ્ધમાં સમાવેશ થશે. તેથી ઉભયાસિદ્ધ માનવાની આવશ્યકતા નથી.

## मूलम्

**सोपाधिको हेतुर्व्याप्यत्वासिद्धः । साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वमुपाधिः । साध्यसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगित्वं साध्यव्यापकत्वम् । साधनवन्निष्ठात्यन्ताभावप्रतियोगित्वं साधनाव्यापकत्वम् । पर्वतो धूमवान् वह्निमत्त्वादित्यत्रार्द्रेन्धनसंयोग उपाधिः । यत्र धूमस्तत्रार्द्रेन्धनसंयोग इति साध्यव्यापकता । यत्र वह्निस्तत्रार्द्रेन्धनसंयोगो नास्ति, अयोगोलके आर्द्रेन्धनसंयोगाभावादिति साधनाव्यापकता । एवं साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वादार्द्रेन्धनसंयोग उपाधिः । सोपाधिकत्वाद्वह्निमत्त्वं व्याप्यत्वासिद्धम् ।**

મૂલઃ ઉપાધિથી સહિત હેતુને "व्याप्यत्वासिद्ध" કહેવાય છે. જેમાં સાધ્યનું વ્યાપકત્વ અને સાધનનું અવ્યાપકત્વ છે તેને ઉપાધિ કહેવાય છે. સાધ્યાધિકરણવૃત્તિ અત્યન્તાભાવીયપ્રતિયોગિતાનો અભાવ જેમાં છે તે 'સાધ્યવ્યાપક' છે અને સાધનાધિકરણવૃત્તિ અત્યન્તાભાવીય પ્રતિયોગિતા જેમાં છે તે સાધનનો અવ્યાપક છે."पर्वतो धूमवान् वह्नेः" અહીં આર્દ્રેન્ધનસંયોગ ઉપાધિ છે. સાધ્ય ધૂમાધિકરણમાત્રમાં આર્દ્રેન્ધનસંયોગનો અભાવ નથી. પરંતુ ઘટાદિનો અભાવ છે. તાદૃશ ઘટાદ્યભાવીયઘટનિષ્ઠપ્રતિયોગિત્વનો અભાવ આર્દ્રેન્ધનસંયોગમાં હોવાથી સાધ્યધૂમનું વ્યાપકત્વ આર્દ્રેન્ધનસંયોગમાં છે. જે, "यत्र यत्र धूमस्तत्र तत्रार्द्रेन्धनसंयोगः" ઈત્યાકારક વ્યાપ્તિથી સ્પષ્ટ સમજી શકાય છે. સાધનવહ્ન્યધિકરણ અયોગોલકમાં આર્દ્રેન્ધનસંયોગનો અભાવ છે. તેથી તાદૃશાભાવીય (साधनवन्निष्ठात्यन्ताभावीय) પ્રતિયોગિતા આર્દ્રેન્ધનસંયોગમાં હોવાથી સાધનનું (वह्नि નું) અવ્યાપકત્વ આર્દ્રેન્ધનસંયોગમાં છે. જે, " यत्र यत्र वह्निस्तत्र तत्र नार्द्रेन्धनसंयोगः" यथा अयोगोलके; આ પ્રમાણેના પ્રયોગથી સ્પષ્ટ સમજી શકાય છે. આ રીતે 'સાધ્યવ્યાપકત્વ' અને 'સાધનાવ્યાપકત્વ' આર્દ્રેન્ધનસંયોગમાં

હોવાથી તે ઉપાધિ છે અને તાદૃશઉપાધિવિશિષ્ટ 'વહ્નિ' હેતુ વ્યાપ્યત્વાસિદ્ધ છે. મૂલમાં "साध्य-व्यापकत्वे सति साधनाव्यापकत्वमुपाधिः" અહીં જે ઉપાધિ શબ્દ છે તે ઉપાધિત્વપરક છે. અન્યથા ઉપાધિને સાધ્યવ્યાપકત્વવિશિષ્ટ સાધના-વ્યાપકત્વ સ્વરૂપ માનીએ તો સ્વયં આર્દ્રેન્ધનસંયોગ ઉપાધિવિશિષ્ટ થશે.

**(न्या०) व्याप्यत्वासिद्ध इति । प्रकृते धूमव्यापकत्वमार्द्रेन्धनसंयोगे गृहीतं चेद् धूमे आर्द्रेन्धनसंयोगव्याप्यत्वं गृहीतम् । एवं वह्नेरव्यापकत्वमार्द्रे-न्धनसंयोगे गृहीतं चेद्वह्नौ तदव्याप्यत्वं गृहीतम् । तदेव व्यभिचरितत्वम् । तथा चोपाधिव्यभिचरितत्वं साधने गृहीतं चेदुपाधिभूतार्द्रेन्धनसंयोगव्याप्य-धूमव्यभिचारित्वं गृहीतमेव । अनुमानप्रकारश्च पूर्वानुमानहेतुं पक्षीकृत्य 'वह्निर्धूमव्यभिचारी, धूमव्यापकार्द्रेन्धनसंयोगव्यभिचारित्वात्, घटत्वादिवत् । यो यो यत्साध्यव्यापकव्यभिचारी स सर्वोऽपि तत्साध्यव्यभिचारी'ति । एवं प्रकारेण प्रकृतानुमानहेतुभूते पक्षे साध्यव्यभिचारोत्थापकतया दूषकत्व-मुपाधेः फलम् । तथा च धूमाभाववद्वृत्तित्वरूपधूमव्यभिचारे गृहीते वह्नौ धूमाभाववदवृत्तित्वरूपव्याप्तिज्ञानप्रतिबन्धः फलम् ॥**

## ન્યાયબોધિની

"पर्वतो धूमवान् वह्नेः" અહીં ઉપર જણાવ્યા મુજબ આર્દ્રેન્ધન-સંયોગ ઉપાધિ છે. ધૂમનું વ્યાપકત્વ આર્દ્રેન્ધનસંયોગમાં હોવાથી આર્દ્રેન્ધનસંયોગનું વ્યાપ્યત્વ 'ધૂમ' સાધ્યમાં જણાય છે. આવી જ રીતે સાધનવહ્નિનું અવ્યાપકત્વ આર્દ્રેન્ધનસંયોગમાં હોવાથી આર્દ્રેન્ધનસંયો-ગનું 'અવ્યાપ્યત્વ' પણ વહ્નિમાં જણાય છે. અવ્યાપ્યત્વ એટલે વ્યાપ્તિનો અભાવ, જે સ્વાભાવવદ્વૃત્તિત્વરૂપ વ્યભિચારસ્વરૂપ છે. આથી સ્પષ્ટ છે કે, ઉપાધિભૂતાર્દ્રેન્ધનસંયોગનો વ્યભિચારી સાધનવહ્નિ છે અર્થાત્ આર્દ્રેન્ધનસંયોગસ્વરૂપ ઉપાધિના અભાવવદ્(અયોગોલ-કાદિમાં) વૃત્તિ છે. આ રીતે ઉપાધિવ્યભિચરિતત્વ(વ્યભિચાર)નું જ્ઞાન,

१ व्यापकव्यभिचारिणो व्याप्यव्यभिचारावश्यकत्वात् ।

વહ્નિમાં થવાથી ઉપાધિભૂત આર્દ્રેન્ધનસંયોગના વ્યાપ્યભૂત ધૂમવ્યભિચરિતત્વનું જ્ઞાન વહ્નિમાં નીચે જણાવેલા અનુમાનથી થાય છે. "वह्निर्धूमव्यभिचारी, धूमव्यापकार्द्रेन्धनसंयोगव्यभिचारित्वाद्; यो यत्साध्यव्यापकव्यभिचारी स सर्वोऽपि तत्साध्यव्यभिचारी घटत्वादिवत्", જેમ ઘટત્વ, ધૂમવ્યાપક આર્દ્રેન્ધનસંયોગનું વ્યભિચારી છે માટે સાધ્ય-ધૂમનું પણ વ્યભિચારી છે. તેમ, ધૂમવ્યાપક આર્દ્રેન્ધનસંયોગનો વ્યભિચારી વહ્નિ, ધૂમનો પણ વ્યભિચારી છે. 'વ્યાપકનો વ્યભિચારી, વ્યાપ્યનો પણ વ્યભિચારી હોય જ' એ સમજી શકાય છે. કારણ કે જે 'વહ્ન્યભાવવદ્દમાં વૃત્તિ છે,' એ 'ધૂમાભાવવદ્દમાં વૃત્તિ ન હોય' એ બનવાનું જ નથી. આ રીતે "पर्वतो धूमवान् वह्नेः" આ પ્રકૃત અનુમાનના હેતુભૂત વહ્નિસ્વરૂપ પક્ષમાં સાધ્યધૂમના વ્યભિચારનું ઉત્થાપકત્વ (જ્ઞાપકત્વ) ઉપાધિમાં હોવાથી ઉપાધિ દોષ છે. એના કારણે 'धूमाभाववद्वृत्तित्व' સ્વરૂપ વ્યભિચારનું જ્ઞાન થાય છે અને તેથી 'धूमाभाववदवृत्तित्व' રૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થાય છે.

**(૫૦) व्याप्यत्वासिद्धं निरूपयति–सोपाधिक इति । ननु कोऽयमुपाधिरत आह–साध्येति । साधनाव्यापक उपाधिरित्युक्ते शब्दोऽनित्यः कृतकत्वादित्यत्र सामान्यवत्त्वे सत्यस्मदादिबाह्येन्द्रियग्रहणार्हत्वमप्युपाधिः स्यात्तदर्थं साध्यव्यापकत्वमुक्तम् । तावत्युक्ते सामान्यवत्त्वादिनाऽनित्यत्वसाधने कृतकत्वमुपाधिः स्यात्तदर्थं साधनाव्यापकत्वमुक्तम् । उपाधिभेदमादायासंभववारणाय व्यापकत्वशरीरेऽपि 'अत्यन्त'पदमादेयम् । साधनभेदमादाय साधनस्योपाधित्ववारणायाव्यापकशरीरेऽ'प्यत्यन्त'-पदमावश्यकं देयम् । सोऽयमुपाधिस्त्रिविधः–केवलसाध्यव्यापकः पक्षधर्मावच्छिन्नसाध्यव्यापकः साधनावच्छिन्नसाध्यव्यापकश्चेति । तत्राद्य उपदर्शितः । एवं क्रत्वन्तर्वर्तिनी हिंसा अधर्मजनिका हिंसात्वात्, क्रतुबाह्यहिंसावदित्यत्र निषिद्धत्वमुपाधिः । तस्य यत्राधर्मजनकत्वं तत्र निषिद्धत्वमिति साध्यव्यापकता । यत्र हिंसात्वं तत्र न निषिद्धत्वमिति निषिद्धत्वमुपाधिः साधनाव्यापकः । क्रतुहिंसायां निषिद्धत्वस्याभावात् । 'न हिंस्यात् सर्वा**

भूतानि' इति सामान्यवाक्यतः 'पशुना यजेत्' इत्यादिविशेषवाक्यस्य बलीयस्त्वात् । अतो हिंसात्वं नाधर्मजनकत्वे प्रयोजकमपि तु निषिद्धत्व-मेवेत्यादिकमपि द्रष्टव्यम् । द्वितीयो यथा—वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रय-त्वादित्यत्रोद्भूतरूपवत्त्वमुपाधिः । तस्य यत्र प्रत्यक्षत्वं तत्रोद्-भूतरूपवत्त्वमिति न केवलसाध्यव्यापकत्वं, रूपे व्यभिचारात् । किंतु द्रव्यत्वलक्षणो यः पक्षधर्मस्तदवच्छिन्नबहिःप्रत्यक्षत्वं यत्र तत्रोद्भूत-रूपवत्त्वमिति पक्षधर्मावच्छिन्नसाध्यव्यापकत्वमेव । आत्मनि व्यभिचार-वारणाय 'बहिः' पदम् । यत्र प्रत्यक्षस्पर्शाश्रयत्वं तत्र नोद्भूतरूपवत्त्वमिति साधनाव्यापकत्वं च वायावुद्भूतरूपविरहात् । तृतीयो यथा-ध्वंसो विनाशी जन्यत्वादित्यत्र भावत्वमुपाधिः, तस्य यत्र विनाशित्वं तत्र भावत्वमिति न केवलसाध्यव्यापकत्वं प्रागभावे भावत्वविरहात् । किंतु जन्यत्वरूपसाधनावच्छिन्नविनाशित्वं यत्र तत्र भावत्वमिति साधनावच्छिन्न-साध्यव्यापकत्वमेव । यत्र जन्यत्वं तत्र न भावत्वमिति साधनाव्यापकत्वं च ध्वंसे भावत्वविरहात् । एवं स श्यामो मित्रातनयत्वादित्यत्र शाकपाकजन्यत्वमुपाधिः श्यामत्वस्य नीलघटेऽपि सत्त्वान्न केवल-साध्यव्यापकत्वं किंतु साधनावच्छिन्नसाध्यव्यापकत्वमेव । अष्टमे पुत्रे शाकपाकजन्यत्वविरहेण साधनाव्यापकत्वं चेत्यादिकमपि द्रष्टव्यम् ॥

## પદકૃત્ય

"साधनाऽव्यापक उपाधिः" આ પ્રમાણે ઉપાધિનું લક્ષણ કરીએ અર્થાત્ ઉપાધિના લક્ષણમાં "साध्यव्यापकत्व" પદનો નિવેશ ન કરીએ તો "शब्दोऽनित्यः कृतकत्वाद्" અહીં "सामान्यवत्त्वे सति अस्मदादिबा-ह्येन्द्रियग्रहणार्हत्व' ઉપાધિ થશે. કારણ કે "જ્યાં જ્યાં કૃતકત્વ છે ત્યાં ત્યાં સામાન્યવત્ત્વે સતિ અસ્મદાદિબાહ્યેન્દ્રિયગ્રહણાર્હત્વ નથી." દા. ત. ધ્વંસમાં. આ પ્રમાણે સ્પષ્ટ છે કે સાધન કૃતકત્વનું અવ્યાપક 'સામાન્યવત્ત્વે સતિ અસ્મદાદિબાહ્યેન્દ્રિયગ્રહણાર્હત્વ' છે. તેથી તેમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'साध्यव्यापकत्व' પદનો

નિવેશ કર્યો છે. સાધ્ય અનિત્યત્વ તો ધ્વંસાદિમાં પણ છે અને ત્યાં "सामान्यवत्त्वे सति अस्मदादिबाह्येन्द्रियग्रहणार्हत्व' નથી. તેથી સાધનના અવ્યાપકત્વની જેમ સાધ્યનું પણ અવ્યાપકત્વ, સામાન્યવત્ત્વે સતિ અસ્મદાદિબાહ્યેન્દ્રિયગ્રહણાર્હત્વમાં છે. તેમાં સાધ્યવ્યાપકત્વ નથી તેથી અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર "साध्यव्यापकत्वमुपाधिः" આટલું લક્ષણ કરીએ અર્થાદ્ લક્ષણમાં "साधनाव्यापकत्व' પદનો નિવેશ ન કરીએ તો "शब्दोऽनित्यः सामान्यवत्त्वे सति अस्मदादिबाह्येन्द्रियग्रहणार्हत्वात्" અહીં 'કૃતકત્વ' ઉપાધિ બનશે. કારણ કે 'જ્યાં જ્યાં ભાવત્વ-વિશિષ્ટ અનિત્યત્વ છે, ત્યાં ત્યાં કૃતકત્વ છે', આ વ્યાપ્તિથી સ્પષ્ટ છે કે સાધ્ય અનિત્યત્વનું વ્યાપકત્વ કૃતકત્વમાં છે. તેથી તેમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'साधनाऽव्यापकत्व' પદનો નિવેશ કર્યો છે. સાધ્યવ્યાપકત્વની જેમ જ કૃતકત્વમાં 'सामान्यवत्त्वे सति अस्मदादिबाह्येन्द्रियग्रहणार्हत्व' નું પણ વ્યાપકત્વ છે. કારણ કે જ્યાં જ્યાં સામાન્યવત્ત્વે સતિ અસ્મદાદિબાહ્યેન્દ્રિયગ્રહણાર્હત્વ છે ત્યાં ત્યાં કૃતકત્વ છે જ. તેથી કૃતકત્વમાં સાધ્યવ્યાપકત્વ હોવા છતાં સાધન–સામાન્યવત્ત્વે સતિ અસ્મદાદિબાહ્યેન્દ્રિયગ્રહણાર્હત્વનું અવ્યાપકત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. "साध्यसमानाधि-करणात्यन्ताभावाप्रतियोगित्वम् साध्यव्यापकत्वम्" આ સાધ્યવ્યાપકના લક્ષણમાં 'अत्यन्त' પદનું ઉપાદાન ન કરીએ તો ઉપાધિનું લક્ષણ કોઈ પણ ઉપાધિમાં નહિ જવાથી અસંભવ આવશે. કારણ કે "पर्वतो धूमवान् वह्नेः" અહીં ઉપાધિભૂત આર્દ્રેન્ધન સંયોગમાં ઉપર જણાવ્યા મુજબ સાધન–વહ્નિનું અવ્યાપકત્વ હોવા છતાં 'अत्यंत' પદથી અઘટિત તાદૃશ સાધ્યવ્યાપકત્વ (साध्याधिकरणवृत्त्यभावाप्रतियोगित्व') આર્દ્રેન્ધનસંયોગમાં નથી. સાધ્ય–ધૂમાધિકરણ પર્વતાદિમાં આર્દ્રેન્ધન–સંયોગનો અત્યંતાભાવ ન હોવા છતાં "पर्वत आर्द्रेन्धनसंयोगो न" ઇત્યાકારક પ્રતીતિનો વિષયભૂત અન્યોન્યાભાવ (ભેદાત્મક અભાવ) છે. તેથી સાધ્યાધિકરણ પર્વતાદિવૃત્તિ તાદૃશાભાવીય પ્રતિયોગિતા આર્દ્રેન્ધનસંયોગમાં હોવાથી આર્દ્રેન્ધનસંયોગ સાધ્યનો વ્યાપક નહીં

બને. આ રીતે સર્વત્ર ઉપાધિનો ભેદ સાધ્યાધિકરણમાં પ્રાપ્ત હોવાથી વ્યાપ્યત્વાસિદ્ધસ્થળે ઉપાધિમાં સાધ્યવ્યાપકત્વના અભાવથી અસંભવ આવશે. તેના નિવારણ માટે 'साध्यव्यापक' ના લક્ષણમાં 'अत्यंत' પદનું ઉપાદાન કર્યું છે. તેથી અસંભવ નહીં આવે. કારણ કે મૂલમાં જણાવ્યા પ્રમાણે લક્ષણસમન્વય થશે. આવી જ રીતે "साधनवन्निष्ठात्यन्ताभावप्रतियोगित्वं साधनाऽव्यापकत्वम्" આ સાધનાવ્યાપકના લક્ષણમાં પણ 'अत्यंत' પદનું ઉપાદાન ન કરીએ તો, "पर्वतो धूमवान् वह्नेः" અહીં સાધન–વહ્નિ પોતે જ ઉપાધિ થશે. કારણ કે વહ્નિમાં સાધ્યધૂમનું વ્યાપકત્વ તો છે જ, સાથે તાદૃશ अत्यन्त પદથી અઘટિત 'સાધનવન્નિષ્ઠાऽભાવપ્રતિયોગિત્વરૂપ સાધનાવ્યાપકત્વ (સ્વાવ્યાપકત્વ) પણ છે, કારણ કે સાધન–વહ્નિનાં અધિકરણ અયોગોલક વગેરેમાં, સાધન–વહ્નિનો અત્યન્તાભાવ ન હોવા છતાં 'अयोगोलको वह्निर्न" ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત સાધન વહ્નિનો ભેદ તો છે જ. તેથી તાદૃશ ભેદાત્મક અભાવીય પ્રતિયોગિતા સાધનભૂત વહ્નિમાં હોવાથી સાધનમાં સ્વનું અવ્યાપકત્વ પણ છે. તેથી સાધનના ભેદને લઈને સર્વત્ર વ્યાપ્યત્વાસિદ્ધિસ્થળે સાધનમાં આવતી ઉપાધિલક્ષણની અતિવ્યાપ્તિના નિવારણ માટે "साधनाव्यापक'ના લક્ષણમાં अत्यन्त પદનું ઉપાદાન કર્યું છે. તેથી સાધનમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સાધ્યવ્યાપકત્વ સાધનમાં હોવા છતાં સાધનવદ્ અયોગોલકાદિમાં સાધનનો અત્યન્તાભાવ ન હોવાથી "साधनवन्निष्ठात्यन्ताभावप्रति-योगित्व" રૂપ સાધનાવ્યાપકત્વ નથી. ઉપાધિના ત્રણ પ્રકાર છે કેવલસાધ્યવ્યાપક, પક્ષધર્માવચ્છિન્નસાધ્યવ્યાપક, અને સાધના-વચ્છિન્નસાધ્યવ્યાપક. ઉપાધિના આ ત્રણ પ્રકારોમાંના પ્રથમ કેવલસાધ્યવ્યાપક ઉપાધિનું ઉદાહરણ મૂલમાં બતાવ્યું છે. તદુપરાંત "क्रत्वन्तर्वर्तिनी हिंसा अधर्मजनिका हिंसात्वात् क्रतुबाह्यहिंसावत्" અહીં 'निषिद्धत्व' ઉપાધિ કેવલસાધ્યવ્યાપક છે. જ્યાં જ્યાં અધર્મજનકત્વ છે ત્યાં ત્યાં નિષિદ્ધત્વ છે અને જ્યાં જ્યાં હિંસાત્વ છે ત્યાં ત્યાં નિષિદ્ધત્વ નથી. દા. ત. ક્રત્વન્તર્વર્ત્તી હિંસા. આ પ્રમાણેના પ્રયોગથી

નિષિદ્ધત્વમાં અનુક્રમે સાધ્યવ્યાપકત્વ અને સાધનાઽવ્યાપકત્વ સ્પષ્ટપણે પ્રતીત થાય છે. યદ્યપિ "न हिंस्यात् सर्वा भूतानि" આ વેદવાક્યથી ક્રત્વન્તર્વર્તિહિંસામાં પણ નિષિદ્ધત્વ હોવાથી નિષિદ્ધત્વમાં ઉપર જણાવ્યા મુજબનું સાધનનું અવ્યાપકત્વ નથી. પણ સાધનનું વ્યાપકત્વ જ છે. પરંતુ "न हिंस्यात् सर्वा भूतानि" આ સામાન્યવાક્યની અપેક્ષાએ "पशुना यजेत्" ઈત્યાદિ વિશેષવાક્ય બલવદ્ હોવાથી ક્રત્વન્તર્વર્ત્તી હિંસામાં વિહિતત્વ મનાય છે. નિષિદ્ધત્વ મનાતું નથી. તેથી નિષિદ્ધત્વમાં ઉક્ત રીતે સાધનનું અવ્યાપકત્વ સ્પષ્ટ છે. અહીં નિષિદ્ધત્વમાં કેવલ (શુદ્ધ) અધર્મજનકત્વ સ્વરૂપ સાધ્યનું વ્યાપકત્વ હોવાથી તે (નિષિદ્ધત્વ), કેવલસાધ્યવ્યાપક ઉપાધિ છે અને તાદૃશ ઉપાધિવિશિષ્ટ હિંસાત્વ હેતુ, વ્યાપ્યત્વાસિદ્ધ છે. આથી સ્પષ્ટ છે કે હિંસાત્વ, અધર્મજનકત્વમાં પ્રયોજક નથી. પરન્તુ 'નિષિદ્ધત્વ' જ અધર્મજનકત્વમાં પ્રયોજક છે. पक्षधर्मावच्छिन्न-साध्यव्यापक उपाधिः-"वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वात्" અહીં 'उद्भूतरूपवत्त्व' ઉપાધિ છે. યદ્યપિ "यत्र यत्र प्रत्यक्षत्वं तत्र तत्रोद्भू-तरूपवत्त्वम्" આ પ્રમાણે વ્યાપ્તિ નથી. કારણ કે રૂપાદિમાં વ્યભિચાર છે. રૂપાદિમાં પ્રત્યક્ષત્વ છે પરન્તુ ઉદ્ભૂતરૂપવત્ત્વ નથી. તેથી 'उद्-भूतरूपवत्त्व' માં કેવલસાધ્યવ્યાપકત્વ નથી. પરંતુ પક્ષ–વાયુનો જે દ્રવ્યત્વધર્મ છે તદવચ્છિન્ન અર્થાત્ 'દ્રવ્યત્વાવચ્છિન્નપ્રત્યક્ષત્વ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં ઉદ્ભૂતરૂપવત્ત્વ છે.' આ વ્યાપ્તિથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે દ્રવ્યત્વાવચ્છિન્નપ્રત્યક્ષત્વનું (પક્ષધર્માવચ્છિન્નસાધ્યનું) વ્યાપકત્વ ઉદ્ભૂતરૂપવત્ત્વમાં છે. તેમ જ 'જ્યાં જ્યાં પ્રત્યક્ષસ્પર્શાશ્રયત્વ છે ત્યાં ત્યાં ઉદ્ભૂતરૂપવત્ત્વ નથી. દા. ત. 'વાયુ.' આ પ્રમાણેના પ્રયોગથી સાધનનું અવ્યાપકત્વ પણ ઉદ્ભૂતરૂપવત્ત્વમાં સ્પષ્ટપણે જણાય છે. યદ્યપિ દ્રવ્યત્વાવચ્છિન્નપ્રત્યક્ષત્વ આત્મામાં છે અને ત્યાં ઉદ્ભૂતરૂપવત્ત્વ નથી. તેથી પક્ષધર્માવચ્છિન્નસાધ્યવ્યાપકતા ઉદ્ભૂત-રૂપવત્ત્વમાં નથી. પરંતુ 'દ્રવ્યત્વાવચ્છિન્નપ્રત્યક્ષત્વ' અહીં 'प्रत्यक्ष' પદથી બહિઃપ્રત્યક્ષનું ગ્રહણ કરવાથી, જ્યાં જ્યાં દ્રવ્યત્વાવચ્છિન્ન

બહિ:પ્રત્યક્ષત્વ છે ત્યાં ત્યાં ઉદ્ભૂતરૂપવત્ત્વ છે જ, એતાદૃશ વ્યાપ્તિથી પક્ષધર્માવચ્છિન્નસાધ્યવ્યાપકતા ઉદ્ભૂતરૂપવત્ત્વમાં છે જ. આત્મામાં દ્રવ્યત્વાવચ્છિન્નબહિ:પ્રત્યક્ષત્વ ન હોવાથી ઉદ્ભૂતરૂપવત્ત્વ ન હોવા છતાં હવે વ્યભિચાર નહીં આવે. આથી સ્પષ્ટ છે કે ઉદ્ભૂતરૂપવત્ત્વમાં પક્ષધર્માવચ્છિન્નસાધ્યવ્યાપકત્વ અને સાધનાવ્યાપકત્વ હોવાથી उद्भूत-रूपवत्त्व, પક્ષધર્માવચ્છિન્નસાધ્યવ્યાપક ઉપાધિ છે. તદ્વિશિષ્ટ "प्रत्यक्ष-स्पर्शाश्रयत्व" હેતુ व्याप्यत्वासिद्ध છે. साधनावच्छिन्नसाध्यव्यापक उपाधिः- "ध्वंसो विनाशी जन्यत्वाद्" અહીં 'ભાવત્વ' ઉપાધિ છે. જ્યાં જ્યાં વિનાશિત્વ છે ત્યાં ત્યાં યદ્યપિ ભાવત્વ નથી. કારણ કે પ્રાગભાવમાં વિનાશિત્વ હોવા છતાં ત્યાં ભાવત્વ નથી. તેથી ભાવત્વમાં કેવલસાધ્યવ્યાપકતા નથી, પરંતુ સાધનભૂત જન્યત્વાવચ્છિ-ન્નવિનાશિત્વ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં ભાવત્વ છે, આ પ્રમાણેની વ્યાપ્તિથી સાધનાવચ્છિન્નસાધ્યવ્યાપકત્વ ભાવત્વમાં સ્પષ્ટપણે જણાય છે અને 'જ્યાં જ્યાં જન્યત્વ છે, ત્યાં ત્યાં ભાવત્વ નથી. દા. ત. ધ્વંસમાં'. આ પ્રમાણેના પ્રયોગથી સાધનનું અવ્યાપકત્વ પણ ભાવત્વમાં જણાય છે. આથી ભાવત્વમાં સાધનાવ્યાપકત્વ વિશિષ્ટ સાધનાવચ્છિન્નસાધ્યવ્યાપકત્વ હોવાથી 'ભાવત્વ' ઉપાધિ છે, અને તદ્વિશિષ્ટ જન્યત્વ હેતુ 'વ્યાપ્યત્વાસિદ્ધ' છે- એ સ્પષ્ટ છે. આવી જ રીતે "स श्यामो मित्रातनयत्वाद्" અહીં પણ 'शाकपाकजन्यत्व' સાધનાવચ્છિન્નસાધ્યવ્યાપક ઉપાધિ છે. સંતાનવૃત્તિશ્યામરૂપજનક વિજાતીય તેજ:સંયોગને "શાકપાક" કહેવાય છે. જ્યાં જ્યાં શ્યામત્વ (શ્યામરૂપ) છે ત્યાં ત્યાં યદ્યપિ શાકપાકજન્યત્વ નથી. કારણ કે શ્યામરૂપ ઘટાદિમાં છે. ત્યાં શાકપાકજન્યત્વ નથી. તેથી 'શાકપાક-જન્યત્વ', કેવલસાધ્યવ્યાપક નથી. પરંતુ સાધનભૂત મિત્રાતનયત્વાવચ્છિન્ન શ્યામત્વ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં શાકપાકજન્યત્વ છે. આ વ્યાપ્તિથી 'શાકપાકજન્યત્વ'માં સાધનાવચ્છિન્નસાધ્યવ્યાપકત્વ સ્પષ્ટપણે પ્રતીત છે. તેમ જ જ્યાં જ્યાં મિત્રાતનયત્વ છે, ત્યાં ત્યાં શાકપાકજન્યત્વ નથી. દા.ત. મિત્રાનો આઠમો ગૌર પુત્ર." આ

પ્રમાણે સાધનનું અવ્યાપકત્વ પણ શાકપાકજન્યત્વમાં સ્પષ્ટપણે પ્રતીત થાય છે. તેથી 'શાકપાકજન્યત્વ' સાધનાવચ્છિન્નસાધ્યવ્યાપક ઉપાધિ છે અને તદ્‌વિશિષ્ટ 'મિત્રાતનયત્વ' હેતુ 'વ્યાપ્યત્વાસિદ્ધ' છે. આ રીતે નિર્દિષ્ટ દિશાએ અન્ય પણ ઉપાધિનાં દૃષ્ટાંતો સ્વયં સમજી લેવાં.

**मूलम्**

**यस्य साध्याभावः प्रमाणान्तरेण निश्चितः स बाधितः । यथा वह्निरनुष्णो द्रव्यत्वादिति । अत्रानुष्णत्वं साध्यं तदभाव उष्णत्वं स्पर्शन-प्रत्यक्षेण गृह्यत इति बाधितत्वम् ॥**

મૂલ : જે હેતુના સાધ્યનો અભાવ પ્રમાણાન્તરથી નિશ્ચિત છે; (પક્ષમાં નિશ્ચિત છે) તે હેતુને બાધિત કહેવાય છે. "वह्निरनुष्णो द्रव्यत्वाद्" અહીં દ્રવ્યત્વહેતુના સાધ્ય–અનુષ્ણત્વનો અભાવ (ઉષ્ણત્વ) સ્પર્શનપ્રત્યક્ષ (ત્વગિન્દ્રિય) પ્રમાણથી, વહ્‌નિમાં નિશ્ચિત છે. તેથી દ્રવ્યત્વ હેતુ બાધિત છે.

(न्या०) **यस्येति । यस्य हेतोः साध्यस्याभावः साध्याभावः । स च प्रमाणान्तरेण प्रत्यक्षादिप्रमाणेन निश्चितः स बाधित इत्यर्थः । तथा च प्रात्यक्षिकसाध्यबाधनिश्चये जाते साध्यानुमितिप्रतिबन्धः फलम् । बाधितसाध्यकत्वाद् बाधितहेतुरित्युच्यते ॥**

**इति न्यायबोधिन्यामनुमानपरिच्छेदः ॥**

## ન્યાયબોધિની

પ્રત્યક્ષપ્રમાણજન્ય સાધ્યબાધનો નિશ્ચય થયે છતે પક્ષમાં સાધ્યાનુમિતિનો પ્રતિબંધ થાય છે. કારણ કે 'वह्निरनुष्णः' ઈત્યાકારક અનુમિતિની પ્રત્યે "अनुष्णत्वाभाववद्वह्नावनुष्णत्वसाधकं द्रव्यत्वम्" ઈત્યાકારક જ્ઞાન પ્રતિબંધક છે. યદ્યપિ બાધસ્થળે પક્ષમાં સાધ્ય બાધિત હોય છે હેતુ નહીં. પરંતુ જેનું સાધ્ય બાધિત છે એવા હેતુને પણ બાધિત કહેવાય છે.

(प०) **यस्येति । सद्धेतुवारणाय प्रमाणान्तरेणेति । घटादिवारणाय साध्येति ।**

इति पदकृत्यकेऽनुमानपरिच्छेदः ॥

## પદકૃત્ય

બાધિત હેતુના લક્ષણમાં 'प्रमाणान्तरेण' પદનો નિવેશ ન કરીએ તો સદ્‌હેતુમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે 'पर्वतो वह्निमान् धूमाद्' ઈત્યાદિ સદ્‌હેતુસ્થળે "वह्न्यभाववान् पर्वतः' ઈત્યાકારક ભ્રમાત્મક નિશ્ચય થઈ શકે છે. તેથી સદ્‌હેતુના સાધ્યાભાવનો ભ્રમાત્મક નિશ્ચય થવાથી સદ્‌હેતુ પણ બાધિત થશે. તેના નિવારણ માટે 'प्रमाणान्तरेण' પદનો નિવેશ કર્યો છે. જેથી સદ્‌હેતુમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે 'वह्निमान् धूमाद्' ઈત્યાદિ સદ્‌હેતુસ્થળે પક્ષ–પર્વતાદિમાં સાધ્યાભાવનો નિશ્ચય ભ્રમાત્મક હોવાથી પ્રમાણાન્તરથી જન્ય નથી. "यस्याभावः प्रमाणान्तरेण निश्चितः' આ પ્રમાણે 'साध्य' પદોપાદાન વિના જ બાધિત હેતુનું લક્ષણ કરીએ તો ઘટાદિના પણ અભાવનો પ્રમાણાન્તરથી પક્ષમાં નિશ્ચય હોવાથી ઘટાદિને પણ બાધિત હેતુ માનવાનો પ્રસંગ આવશે. તેના નિવારણ માટે 'साध्य' પદનું ઉપાદાન કર્યું છે. તેથી साध्य પદના ઉપાદાનના કારણે साध्य પદમાં નિત્ય સાકાંક્ષ હેતુનો જ यत् પદથી સંગ્રહ થવાથી ઉપર જણાવ્યા મુજબ ઘટાદિનું 'यत्' પદથી ગ્રહણ નહિ થાય. જ્યારે ઘટાદિ હેતુ સ્વરૂપ હશે ત્યારે તેનો સાધ્યાભાવનો પ્રમાણાન્તરથી નિશ્ચય થાય તો ઘટાદિ હેતુ લક્ષ્ય છે જ. એટલે તેમાં અતિવ્યાપ્તિનો પ્રસંગ જ નથી.

॥ इति तर्कसंग्रहेऽनुमानपरिच्छेदः ॥

### उपमानपरिच्छेदः ।

#### मूलम्

**उपमितिकरणमुपमानम् । संज्ञासंज्ञिसंबन्धज्ञानमुपमितिः, तत्करणं सादृश्यज्ञानम् । तथा हि–कश्चिद् गवयपदार्थमजानन्कुतश्चिदारण्यकपुरुषाद् गोसदृशो गवय इति श्रुत्वा वनं गतो वाक्यार्थं स्मरन्गोसदृशं पिण्डं पश्यति, तदनन्तरमसौ गवयपदवाच्य इत्युपमितिरुत्पद्यते ॥**

મૂલ : ઉપમિતિના કરણને ઉપમાન કહેવાય છે. સંજ્ઞા અને સંજ્ઞીના સંબંધવિષયકજ્ઞાનને ઉપમિતિ કહેવાય છે. તેના કરણ સાદૃશ્યજ્ઞાનને ઉપમાન કહેવાય છે. કોઈ એક માણસ અરણ્યસ્થ 'ગવય' નામના પશુને નહિ જાણતો, કોઈ એક અરણ્યવાસી પુરુષ પાસેથી ''ગાયના જેવો ગવય હોય છે'' આ પ્રમાણેના વાક્યને સાંભળીને વનમાં ગયો. ત્યાં ''ગાયના જેવો ગવય હોય છે'' આ પ્રમાણેના સાંભળેલા વાક્યના અર્થનું સ્મરણ કરતો ગાયના જેવા પિણ્ડને જુએ છે. ત્યાર બાદ તેને ''આ ગવયપદનો વાચ્ય છે'' આ પ્રમાણે ઉપમિતિસ્વરૂપ જ્ઞાન થાય છે. તે પૂર્વે થયેલું ગોસાદૃશ્યજ્ઞાન ઉપમિતિનું કરણ હોવાથી 'ઉપમાન' કહેવાય છે.

**(न्या०) उपमानं लक्षयति–उपमितिकरणमिति । उपमितिं लक्षयति–संज्ञासंज्ञीति । संज्ञा नाम पदम् । संज्ञी=अर्थः । तयोः संबन्धः= शक्तिः । तथा च पदपदार्थसंबन्धज्ञानमुपमितिरित्यर्थः । उपमानं नामातिदेशवाक्यार्थज्ञानम्[1] । अतिदेशवाक्यार्थस्मरणं व्यापारः । उपमितिः फलम् । 'गोसदृशो गवयपदवाच्य' इत्याकारकवाक्याद् गोसादृश्यावच्छिन्न-विशेष्यकं गवयपदवाच्यत्वप्रकारकं यज्ज्ञानं जायते तदेव करणम् ।**

**॥ इति न्यायबोधिन्यामुपमानपरिच्छेदः ॥**

## ન્યાયબોધિની

સંજ્ઞાસંજ્ઞિસંબંધવિષયક જ્ઞાન એટલે પદપદાર્થની શક્તિના જ્ઞાનરૂપ વાચ્યવાચકભાવનું જ્ઞાન. 'ઉપમાન' અતિદેશવાક્યાર્થના જ્ઞાન સ્વરૂપ છે. એકત્ર સાંભળેલાના અન્યત્ર સંબંધને અતિદેશ કહેવાય છે. 'गो सदृशो गवयो भवति' ઈત્યાકારક વાક્યને નગરમાં સાંભળીને, અરણ્યમાં તદર્થસ્મરણ પ્રસંગે તેનો સંબંધ થાય છે. તેથી તે વાક્યને અતિદેશવાક્ય કહેવાય છે. 'गोसदृशो गवयपदवाच्यो भवति' ઈત્યાકારક વાક્યશ્રવણથી ''गोसादृश्यावच्छिन्नविशेष्यतानिरूपितगवयपदवाच्यत्व-

---

१ अतिदेशः=एकत्र श्रुतस्य अन्यत्र संबन्धः ।

प्रकारताक" જે જ્ઞાન થાય છે તે જ્ઞાનને ઉપમાન કહેવાય છે. તાદૃશ જ્ઞાનજન્ય "गोसदृशो गवयपदवाच्यः" ઈત્યાકારક સ્મરણ ઉપમિતિની પ્રત્યે વ્યાપાર છે અને "असौ गवयपदवाच्यः" ઈત્યાકારક 'ઉપમિતિ' ફલ છે. અર્થાત્ ઉપમાનનું કાર્ય છે.

(૫૦) अवसरसंगतिमभिप्रेत्यानुमानानन्तरमुपमानं निरूपयति-उपमितीति । उपमितेः करणमुपमानमित्यर्थः । कुठारादिवारणाय मितीति । प्रत्यक्षादिवारणाय उपेति । संज्ञासंज्ञीति । अनुमित्यादिवारणाय संबन्धेति । संयोगादिवारणाय संज्ञासंज्ञीति । असौ गवयपदवाच्य इति । अभिप्रेतो गवयो गवयपदवाच्य इत्यर्थः । तेन गवयान्तरे शक्तिग्रहाभावप्रसंग इति दूषणमपास्तम् । तथा च गोसादृश्यविशिष्टपिण्डज्ञानं करणम् । अतिदेशवाक्यार्थस्मरणमवान्तरव्यापारः । उपमितिः फलमितिसारम् । तच्चोपमानं त्रिविधं सादृश्यविशिष्टपिण्डज्ञानमसाधारणधर्मविशिष्टपिण्डज्ञानं वैधर्म्यविशिष्टपिण्डज्ञानं च । तत्राद्यमुक्तमेव । द्वितीयं यथा–'खड्गमृगः कीदृगि'ति पृष्टे-'नासिकालसदेकशृङ्गोऽनतिक्रान्तगजाकृतिश्चे'ति तज्ज्ञातृभ्यः श्रुत्वा कालान्तरे तादृशपिण्डं पश्यन्नतिदेशवाक्यार्थं स्मरति । तदनन्तरं 'खड्गमृगः खड्गमृगपदवाच्य' इत्युपमितिरुत्पद्यते । अत्र 'नासिकालसदेकशृङ्ग' एवासाधारणधर्मः । तृतीयं यथा–'उष्ट्रः कीदृगि'ति पृष्टे-'अश्वादिवन्न समानपृष्ठो, न ह्रस्वग्रीवशरीरश्चे'ति आप्तोक्ते कालान्तरे तत्पिण्डदर्शनाद्वैधर्म्यविशिष्टपिण्डज्ञानं, ततोऽतिदेशवाक्यार्थस्मरणं तत 'उष्ट्र उष्ट्रपदवाच्य' इत्युपमितिरुत्पद्यते ॥-

इति पदकृत्यके उपमानपरिच्छेदः ॥

## પદકૃત્ય

અવસર સંગતિને જોઈને હવે અનુમાનપ્રમાણના નિરૂપણ બાદ ઉપમાનપ્રમાણનું નિરૂપણ કરે છે. उपमितिकरण....ઈત્યાદિ ગ્રન્થથી. "प्रतिबन्धकीभूतशिष्यजिज्ञासानिवृत्त्यनन्तरमवश्यवक्तव्यमवसरः ॥" અનુમાનનિરૂપણ અને પ્રત્યક્ષનિરૂપણને જેમ કાર્યકારણભાવસઙ્ગતિ

હતી તેમ ઉપમાનનિરૂપણ અને પ્રત્યક્ષનિરૂપણને પણ કાર્યકારણભાવ સંગતિ છે જ. કારણ કે ઉપમાન પણ પ્રત્યક્ષપૂર્વક જ હોય છે. પરંતુ પ્રત્યક્ષનિરૂપણ બાદ બહુજનસમ્મત અનુમાનપ્રમાણ હોવાથી 'अनुमानप्रमाणं किम् ?' આ પ્રમાણે શિષ્યને જિજ્ઞાસા થઈ, અને તે ઉપમાનપ્રમાણના નિરૂપણમાં પ્રતિબન્ધક થવાથી, પ્રત્યક્ષપ્રમાણના નિરૂપણ બાદ અનુમાનપ્રમાણનું નિરૂપણ કર્યું તેની સમાપ્તિ બાદ તાદૃશપ્રતિબન્ધકીભૂતશિષ્યજિજ્ઞાસાની નિવૃત્તિ થવાથી અવશ્ય વક્તવ્યત્વ ઉપમાનપ્રમાણમાં છે. તેથી તેમાં અવસરસંગતિ મનાય છે. 'करणमुपमानम्' આટલું જ લક્ષણ કરીએ તો છેદનક્રિયાના કરણભૂત કુઠારાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'मिति' પદનું ઉપાદાન કર્યું છે. કુઠારાદિ, મિતિના (બુદ્ધિ-જ્ઞાનના) કરણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. मितिकरणमुपमानम् આટલું જ લક્ષણ કરીએ તો પ્રત્યક્ષાદિ જ્ઞાનના કરણભૂત પ્રત્યક્ષાદિપ્રમાણમાં અતિ-વ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'उप' પદનો નિવેશ કર્યો છે. પ્રત્યક્ષાદિ પ્રમાણ ઉપમિતિના કરણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'ज्ञानमुपमितिः'' આટલું જ લક્ષણ કરીએ તો અનુમિત્યાદિ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'संबंध' પદનું ઉપાદાન કર્યું છે. અનુમિત્યાદિ જ્ઞાન સંબંધવિશેષ્યક કે સંબંધપ્રકારક ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'घटे संयोगः' ઈત્યાદિ સંબંધ વિષયક જ્ઞાનમાં સંયોગાદિ સંબંધને લઈને અતિવ્યાપ્તિ ન આવે માટે લક્ષણમાં 'संज्ञासंज्ञि' પદનું ઉપાદાન કર્યું છે. તાદૃશજ્ઞાન વિવક્ષિત સંબંધવિષયક ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

"असौ गवयपदवाच्यः" અહીં 'असौ' પદથી માત્ર સન્મુખવર્તી ગવયનું જ ગ્રહણ થવાથી સકલ ઈષ્ટ ગવયમાં ગવય પદની શક્તિનો ગ્રહ થશે નહિ. તેથી 'असौ' પદથી અભિપ્રેત ગવયમાત્રનું ગ્રહણ કરવું, ઈત્યાદિ કહે છે—अभिप्रेतो गवयो...ઈત્યાદિગ્રંથથી. સાદૃશ્યવિશિષ્ટ પિંડજ્ઞાન. વૈધર્મ્યવિશિષ્ટપિંડજ્ઞાન, અને અસાધારણધર્મવિશિષ્ટ પિણ્ડજ્ઞાન. આ ત્રણ પ્રકારથી ઉપમાન ત્રણ પ્રકારનું છે. "गोसदृशो

गवयपदवाच्यो भवति'' આ વાક્યથી જન્ય ઉપમાન સાદૃશ્યવિશિષ્ટ પિંડજ્ઞાન સ્વરૂપ છે. 'खड्गमृगः कीदृग् ?'' આ પ્રમાણે પૂછવાથી ખડ્ગમૃગના જ્ઞાતાએ કહેલા ''નાકની સાથે સંબદ્ધ એકશૃંગવાલો અને હાથીથી મોટો નહિ એવો ખડ્ગમૃગ હોય છે.'' આ વાક્યને સાંભળીને ખડ્ગમૃગના અસાધારણધર્મવિશિષ્ટ જે પિંડનું જ્ઞાન છે; તે અસાધારણ ધર્મવિશિષ્ટ પિંડજ્ઞાન સ્વરૂપ ઉપમાન છે. તાદૃશોપમાનવાક્યાર્થના સ્મરણથી કાલાન્તરે તાદૃશાસાધારણધર્મવિશિષ્ટ પિંડના દર્શને ''આ ખડ્ગમૃગપદવાચ્ય છે'' આ પ્રમાણે જે જ્ઞાન થાય છે તે, ઉપમિતિ છે. 'उष्ट्रः कीदृग् ?' આ પ્રશ્નના ઉત્તરમાં ઉષ્ટ્રજ્ઞાતા પાસેથી ''ઘોડા વગેરેની જેમ સમાન પીઠવાલો, અને ટૂંકી ડોક તથા ટૂંકા શરીરવાલો જે નથી તેને ઊંટ કહેવાય છે'' આ પ્રમાણે સાંભળીને કાલાન્તરે તદર્થના સ્મરણથી તાદૃશ પિંડના દર્શને ''આ ઊંટપદનો વાચ્ય છે.'' આ પ્રમાણે જે ઉપમિતિ થાય છે તેના કરણભૂત ઉપમાનને વૈધર્મ્યવિશિષ્ટ પિંડજ્ઞાન કહેવાય છે. કારણ કે અહીં અશ્વાદિવત્સમાનપૃષ્ઠત્વ અને હ્રસ્વગ્રીવશરીરત્વ ધર્મ, ઉષ્ટ્રનો વિરુદ્ધધર્મ (વૈધર્મ્ય) છે.

॥ इति तर्कसंग्रहे उपमानपरिच्छेदः ॥

## शब्दपरिच्छेदः ॥

### मूलम्

**आप्तवाक्यं शब्दः । आप्तस्तु यथार्थवक्ता । वाक्यं पदसमूहः । यथा गामानयेति । शक्तं पदम् । अस्मात्पदादयमर्थो बोद्धव्य इतीश्वरसंकेतः शक्तिः ॥**

મૂલ :– 'આપ્ત' પુરુષોચ્ચરિતવાક્યને 'શબ્દ' કહેવાય છે. યથાર્થવક્તાને આપ્ત કહેવાય છે. પદના સમૂહને 'વાક્ય' કહેવાય છે. 'गामानय' આ વાક્ય છે. શક્તિવિશિષ્ટને 'પદ' કહેવાય છે. ''આ પદથી, આ અર્થ જાણવો'' ઈત્યાકારક અનાદિકાલીન ઈશ્વરેચ્છા શક્તિ છે. જે નિરૂપકતાસંબન્ધથી પદમાં રહેલી છે.

(न्या०) ([१]शब्दं लक्षयति–आप्तेति । आप्तोच्चरितत्वे सति वाक्यत्वं शब्दस्य लक्षणम् । [२]प्रमाणशब्दत्वं लक्ष्यतावच्छेदकम् । वाक्यत्वमात्रोक्ताव-नाप्तोच्चरितवाक्येऽतिव्याप्तिरत आप्तोच्चरितत्वनिवेशः । तावन्मात्रोक्तौ जबगडदशादावतिव्याप्तिरतो वाक्यत्वम् । आप्तत्वं च [३]प्रयोगहेतुभूतय-थार्थज्ञानवत्त्वम् । तथा च प्रयोगहेतुभूतयथार्थज्ञानजन्यशब्दत्वमिति पर्यवसन्नोऽर्थः।) पदज्ञानं करणम् । वृत्तिज्ञानसहकृतपदज्ञानजन्यपदार्थोप-स्थितिर्व्यापारः । वाक्यार्थज्ञानं शाब्दबोधः फलम् । वृत्तिर्नाम शक्तिलक्षणा-न्यतररूपा । शक्तिर्नाम घटादिविशेष्यकघटादिपदजन्यबोधविषयत्वप्रकार-केश्वरसंकेतः । ईश्वरसंकेतो नाम ईश्वरेच्छा । सैव शक्तिरित्यर्थः । शक्ति-निरूपकत्वमेव पदे शक्तत्वम् । विषयतासंबन्धेन शक्त्याश्रयत्वं शक्यत्वम् । शक्यसंबंधो लक्षणा । सा द्विविधा–गौणी शुद्धा चेति । गौणी नाम सादृश्यविशिष्टे लक्षणा यथा 'सिंहो माणवक' इत्यादौ सिंहपदस्य सिंहसादृश्यविशिष्टे लक्षणा । शुद्धा द्विविधा-जहल्लक्षणा अजहल्लक्षणा चेति । लक्ष्यतावच्छेदकरूपेण लक्ष्यमात्रबोधप्रयोजिका लक्षणा जहल्लक्षणा । यथा 'गङ्गायां घोष' इत्यत्र गङ्गापदवाच्यप्रवाहसंबन्धस्य तीरे सत्त्वात्तादृश-शक्यसंबन्धरूपलक्षणाज्ञानाद् गङ्गापदात्तीरोपस्थितिः । लक्ष्यतावच्छेदकरूपेण लक्ष्यशक्योभयबोधप्रयोजिका लक्षणा अजहल्लक्षणा । यथा 'काकेभ्यो दधि रक्ष्यता'मित्यत्र काकपदस्य दध्युपघातके लक्षणा । लक्ष्यतावच्छेदकं दध्युपघातकत्वम्, तेन रूपेण दध्युपघातकानां सर्वेषां काकबिडालकुक्कुट-सारमेयादीनां शक्यलक्ष्याणां सर्वेषां बोधात् । जहदजहल्लक्षणा वेदान्तिनां मते । (सा च शक्यतावच्छेदकपरित्यागेन व्यक्तिमात्रबोधप्रयोजिका । यथा 'तत्त्वमसी'त्यत्र सर्वज्ञत्वकिंचिज्ज्ञत्वपरित्यागेन व्यक्तिमात्रबोधनात्)

---

१ कुण्डलितः पाठः प्रक्षिप्तः, प्राचीनलिखितपुस्तकेष्वभावात् । २ एतच्च प्रमाणनिरूपणप्रस्तावाल्लब्धम् । पूर्ववाक्ये शब्दस्य लक्षणमित्यस्य प्रमाणशब्दस्य लक्षण-मित्यर्थ इति भावः । ३ प्रयोगेति । 'अर्थं बुद्ध्वा वाक्यं प्रयुङ्क्ते' इति नियमाद् वाक्यप्रयोगात्पूर्वं प्रयोक्तुस्तदर्थज्ञानस्य आवश्यकत्वात् तस्य वाक्यप्रयोगहेतुत्वं बोध्यम् ।

# ન્યાયબોધિની

'आप्तोच्चरितत्वविशिष्ट-वाक्यत्व' આ શબ્દનું અર્થાત્ પ્રમાણ શબ્દનું લક્ષણ છે. લક્ષ્યતાવચ્છેદક 'પ્રમાણશબ્દત્વ' છે. વાક્યત્વ તો અનાપ્તોચ્ચરિતવાક્યમાં પણ હોવાથી માત્ર 'वाक्यत्वम्' આટલું શબ્દનું લક્ષણ ન કરતાં લક્ષણમાં 'आप्तोच्चरितत्व' પદનો પણ નિવેશ કર્યો છે. અનાપ્તોચ્ચરિત વાક્યમાં આપ્તોચ્ચરિતત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. आप्तोच्चरितत्व માત્ર લક્ષણ કરીએ તો આપ્તોચ્ચરિત જ, બ, ગ, ડ, દ, શ, વગેરે વર્ણમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'वाक्यत्व' પદનો નિવેશ કર્યો છે. જ, બ, ગ, વગેરે વર્ણમાં વાક્યત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. શબ્દના પ્રયોગમાં કારણભૂત યથાર્થજ્ઞાનના આશ્રયને આપ્ત કહેવાય છે. શબ્દપ્રયોગમાં કારણભૂત જે યથાર્થજ્ઞાન, તેનાથી જન્ય શબ્દને પ્રમાણશબ્દ કહેવાય છે. (અહીં સુધીનો પાઠ પ્રાચીન પુસ્તકોમાં જણાતો નથી) શાબ્દબોધની પ્રત્યે, 'પદજ્ઞાન' કરણ છે. વૃત્તિજ્ઞાન છે સહકારી કારણ જેમાં એવી પદજ્ઞાનજન્ય પદાર્થની 'ઉપસ્થિતિ' (સ્મૃતિ) વ્યાપાર છે અને તેનાથી જન્ય વાક્યાર્થજ્ઞાન સ્વરૂપ શાબ્દબોધ ફલ છે. શક્તિ અને લક્ષણા એતદન્યતરને 'વૃત્તિ' કહેવાય છે. "घटादिपदाद् घटाद्यर्थो बोधव्यः" ઈત્યાકારક ઈશ્વરેચ્છા 'શક્તિ' છે, તાદૃશેચ્છા, 'ઘટાદ્યર્થ, ઘટાદિપદજન્યબોધનો વિષય બને' આવી હોવાથી તાદૃશેચ્છાનો વિશેષ્ય ઘટાદિ છે અને પ્રકાર તાદૃશબોધ-વિષયત્વ છે. તેથી घटादिविशेष्यकघटादिपदजन्यबोधविषयत्वप्रकारकेश्वरेच्छा" શક્તિ છે એ સમજી શકાશે. તાદૃશશક્તિનું નિરૂપકત્વ પદમાં હોવાથી શક્તિવિશિષ્ટ (શક્ત) 'પદ' કહેવાય છે. તાદૃશેચ્છા સ્વરૂપ શક્તિ વિષયતાસંબંધથી ઘટાદિ પદાર્થોમાં હોવાથી ઘટાદિ-પદાર્થ, ઘટાદિપદોનો શક્યાર્થ કહેવાય છે. અર્થાત્ શક્તિ જ્યાં વિષયતાસંબંધથી રહે છે તેને 'શક્ય' કહેવાય છે અને આ શક્યના સંબન્ધને લક્ષણા કહેવાય છે. વક્તાના તાત્પર્યની અનુપપત્તિના કારણે 'લક્ષણા' કરાય છે.લક્ષણાજન્ય ઉપસ્થિતિના વિશેષ્યભૂત અર્થને લક્ષ્યાર્થ કહેવાય છે. 'ગૌણી' અને 'શુદ્ધા' આ બે

ભેદથી લક્ષણા બે પ્રકારની છે, સાદૃશ્યવિશિષ્ટમાં કરાતી લક્ષણા ગૌણીલક્ષણા કહેવાય છે. "सिंहो माणवकः" અહીં વક્તાનું તાત્પર્ય, સિંહના જેવો પરાક્રમી માણવક છે, એવું જણાવવાનું છે, તેથી સિંહસાદૃશ્યાત્મકસંબન્ધ ગૌણી લક્ષણા છે અને તેનાથી ઉપસ્થિત સિંહસદૃશપદાર્થ (માણવક) सिंह પદનો લક્ષ્યાર્થ છે. "एकसम्बन्धिज्ञान-मपरसम्बन्धिनं स्मारयति" આ ન્યાયથી સાદૃશ્યાત્મકસમ્બન્ધના અપરસંબંધિ માણવકનું સ્મરણ થાય છે. તેથી 'सिंहो माणवकः' આ વાક્યથી 'सिंहसदृशो माणवकः' ઈત્યાકારક લક્ષણાજન્ય શાબ્દબોધ થાય છે. લક્ષણા કર્યા વિના માત્ર શક્તિને અનુસરીને ઉક્ત વાક્યથી 'सिंहाभिन्नो माणवकः' આવો બોધ થશે, જે બાધિત પણ છે અને વક્તાના તાત્પર્યને અનનુરૂપ પણ છે. આ રીતે સર્વત્ર લક્ષણાસ્થળે શક્યાર્થનો બાધ, તાત્પર્યની અનુપપત્તિ અને લક્ષ્યાર્થનું સ્વરૂપ વગેરેનો યથાસંભવ સ્વયં વિચાર કરવો. શુદ્ધાલક્ષણા જહત્ અને અજહદ્ ભેદથી બે પ્રકારની છે. લક્ષ્યતાવચ્છેદકરૂપથી માત્ર, લક્ષ્યાર્થબોધની પ્રયોજિકા લક્ષણા, જહલ્લક્ષણા કહેવાય છે. 'गङ्गायां घोषः" અહીં गंगा પદનો શક્યાર્થ 'ગંગાપ્રવાહ' છે. ત્યાં ઝૂંપડું નથી. તેથી અહીં ગંગાપ્રવાહના સામીપ્ય સંબંધસ્વરૂપ લક્ષણાના જ્ઞાનથી गंगा પદથી ગંગાતીરની ઉપસ્થિતિ થાય છે. ત્યારબાદ 'गङ्गायां घोषः' આ વાક્યથી 'गंगातीरे घोषः' આ પ્રમાણે શાબ્દબોધ થાય છે. અહીં गंगा પદનો લક્ષ્યાર્થ ગંગાતીર છે. લક્ષ્યતાવચ્છેદકગંગાતીરત્વેન માત્ર ગંગાતીરનો જ બોધ થાય છે. શક્યાર્થ ગંગાપ્રવાહનો બોધ થતો નથી. તેથી અહીં ઉપર જણાવ્યા મુજબ જહલ્લક્ષણા મનાય છે. લક્ષ્યતાવચ્છેદકરૂપથી લક્ષ્ય અને શક્ય, ઉભયબોધની પ્રયોજિકા લક્ષણાને અજહલ્લક્ષણા કહેવાય છે. "काकेभ्यो दधि रक्ष्यताम्" આ પ્રમાણે પ્રયોગ કરનારનું તાત્પર્ય, જે જે દધિના વિનાશક છે, તે બધાથી દહીંનું રક્ષણ કરવા કહેવાનું છે. 'काक' પદનો શક્યાર્થ માત્ર કાગડો છે. શક્યાર્થમાત્રને અનુસરવાથી વક્તાના તાત્પર્યની અનુપપત્તિ સ્પષ્ટ છે. તેથી કાકના 'દધ્યુપઘાતકત્વ' સ્વરૂપ સંબંધાત્મકલક્ષણાની વિવક્ષા કરાય છે. તાદૃશ

લક્ષણાના જ્ઞાનથી દધિના વિનાશક કાગડા, બિલાડા, કૂકડા અને કૂતરા વગેરે બધાની ઉપસ્થિતિ થાય છે અને ત્યારબાદ "काकेभ्यो दधि रक्ष्यताम्" આ વાક્યથી "ये ये दध्युपघातकास्तेभ्यः काकबिडाल-कुक्कुटसारमेयादिसर्वेभ्यो दधि रक्षणीयम्" આ પ્રમાણે બોધ થાય છે. અહીં લક્ષ્યાર્થ દધ્યુપઘાતક માત્ર છે. લક્ષ્યતાવચ્છેદક દધ્યુપઘાતકત્વેન લક્ષ્ય બિલાડાદિ તથા શક્ય કાક, ઉભયના બોધની પ્રયોજિકા અહીં લક્ષણા હોવાથી તે અજહલ્લક્ષણા છે. શક્યતાવચ્છેદકનો પરિત્યાગ કરીને તદ્રહિત વ્યક્તિમાત્રના બોધની પ્રયોજિકા લક્ષણાને વેદાન્તીઓ 'જહદજહલ્લક્ષણા' કહે છે. 'तत्त्वमसि' અહીં તત્પદાર્થસર્વજ્ઞ અને યુષ્મદ્પદાર્થ અલ્પજ્ઞ છે. શક્યતાવચ્છેદક અનુક્રમે સર્વજ્ઞત્વ અને અલ્પજ્ઞત્વ છે. અહીં શક્યાર્થસર્વજ્ઞ અને અલ્પજ્ઞનો અભેદાન્વય બાધિત છે. તેથી શક્યતાવચ્છેદક સર્વજ્ઞત્વાદિનો ત્યાગ કરી માત્ર તદાશ્રય આત્મદ્રવ્યરૂપ જ અર્થ જણાવાય છે. અહીં વ્યક્તિમાત્ર- બોધપ્રયોજિકા લક્ષણા જહદજહલ્લક્ષણા છે. ગ્રન્થકારના મતે આનો સમાવેશ ગૌણી લક્ષણામાં કરી શકાશે. કારણ કે આત્મત્વસ્વરૂપ સાદૃશ્ય ઉભયત્ર છે જ. "गङ्गातीरे घोषः" ઈત્યાદિનો પ્રયોગ ન કરતા વક્તા "गङ्गायां घोषः" ઈત્યાદિ વાક્યનો પ્રયોગ કરે છે. એમાં વક્તાનું તાત્પર્ય એ છે કે "ગંગાનદીની શીતલતા અને પવિત્રતા વગેરે ઝૂંપડામાં પણ છે." એ જણાવવાની ઈચ્છાથી વક્તા 'गङ्गायां घोषः' આ પ્રમાણે પ્રયોગ કરે છે. એના સ્થાને 'गंगातीरे घोषः' ઈત્યાદિ વાક્યનો પ્રયોગ વક્તા કરે તો વિવક્ષિત અર્થની પ્રતીતિ થતી નથી, આ રીતે સર્વત્ર લક્ષણાસ્થળે વક્તાના તાત્પર્યનું અનુસંધાન કરીને તેની અનુપપત્તિના કારણે લક્ષણા કરવી પડે છે.

**(૫૦) अवसरसंगतिमभिप्रेत्योपमानानन्तरं शब्दं निरूपयति आप्तेति। शब्द इति । शब्दप्रमाणमित्यर्थः । भ्रान्तविप्रलम्भकयोर्वाक्यस्य शब्दप्रमाणत्ववारणाय आप्तेति । ननु कोऽयमाप्त इत्यत आह- आप्तस्त्विति। यथार्थवक्ता=यथाभूताबाधितार्थोपदेष्टा । वाक्यं लक्षयति-**

वाक्यमिति । घटादिसमूहवारणाय पदेति । शक्तमिति । निरूपकतासंबन्धेन शक्तिविशिष्टमित्यर्थः । अस्मादिति । घटपदाद्घटरूपोऽर्थो बोद्धव्य इतीश्वरेच्छैव शक्तिरित्यर्थः । अर्थस्मृत्यनुकूलपदपदार्थसंबन्धत्वं तल्लक्षणम् । शक्तिरिव लक्षणापि पदवृत्तिः । अथ केयं लक्षणा । शक्यसंबन्धो लक्षणा । सा च त्रिधा । जहद्–अजहद्–जहदजहद्भेदात् । वर्तते च 'गङ्गायां घोष' इत्यत्र गङ्गापदशक्यप्रवाहसंबन्धस्तीरे । लक्षणाबीजं च तात्पर्यानुपपत्तिः । अत एव प्रवाहे घोषतात्पर्यानुपपत्तेस्तीरे लक्षणा सेत्स्यति । 'छत्रिणो यान्ती'त्यादौ द्वितीया । 'सोऽयमश्व' इत्यादौ तृतीया ॥

## પદકૃત્ય

શબ્દપ્રમાણના નિરૂપણમાં પ્રતિબન્ધકીભૂત "उपमानं किम् ?" ઈત્યાકારક શિષ્યજિજ્ઞાસા; ઉપમાનપ્રમાણના નિરૂપણ પછી નિવૃત્ત થવાથી શબ્દપ્રમાણમાં અવસરસંગતિને જોઈને હવે શબ્દપ્રમાણનું નિરૂપણ કરે છે आप्तवाक्यम्.... ઈત્યાદિ ગ્રન્થથી. वाक्यं पदसमूहः આ વાક્યલક્ષણમાં 'पद' પદનું ઉપાદાન ન કરીએ તો ઘટાદિપદાર્થના સમુદાયમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'पद' પદનું ઉપાદાન કર્યું છે. ઘટાદિનો સમુદાય, પદોનો સમુદાય નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. નિરૂપકતાસંબન્ધથી શક્તિવિશિષ્ટને પદ કહેવાય છે. અર્થસ્મૃતિને અનુકૂલ એવા, પદ અને પદાર્થના સંબન્ધને શક્તિ કહેવાય છે. ઘટાદિ પદના શ્રવણ પછી ઘટાદ્યર્થની ઉપસ્થિતિ થાય છે, પટાદ્યર્થની ઉપસ્થિતિ થતી નથી. તેથી ઘટાદિ પદને અને ઘટાદિપદાર્થને કોઈ પણ સંબન્ધ છે, એ સ્પષ્ટ છે. તે સંબંધ 'અર્થ–સ્મૃતિ'માં અનુકૂલ છે. એ, પદપદાર્થનો સંબંધ વાચ્યવાચક-ભાવરૂપ છે, જેને શક્તિ કહેવાય છે. શક્તિની જેમ લક્ષણા પણ પદવૃત્તિ છે. "गङ्गायां घोषः" અહીં ઉપર જણાવ્યા મુજબ જહલ્લક્ષણા છે. "छत्रिणो यान्ति" અહીં શક્યાર્થ છત્રવિશિષ્ટ અને લક્ષ્યાર્થ છત્રરહિત એક સમુદાયાન્તઃપાતી સકલજનોનું ગમન જણાય છે. તેથી લક્ષ્ય-

શક્ય ઉભયબોધપ્રયોજિકા અજહલ્લક્ષણા છે અને "सोऽयमश्वः" અહીં શક્યતાવચ્છેદક પૂર્વદૃષ્ટત્વ અને પુરોદૃષ્ટત્વનો ત્યાગ કરી માત્ર અશ્વ પદાર્થનું જ્ઞાન થવાથી શક્યતાવચ્છેદકના પરિત્યાગથી વ્યક્તિમાત્રના બોધની પ્રયોજિકા જહદજહલ્લક્ષણા છે.

## मूलम्

**आकाङ्क्षा योग्यता संनिधिश्च वाक्यार्थज्ञाने हेतुः । पदस्य पदान्तरव्यतिरेकप्रयुक्तान्वयाननुभावकत्वमाकाङ्क्षा । अर्थाबाधो योग्यता । पदानामविलम्बेनोच्चारणं संनिधिः । तथा च आकाङ्क्षादिरहितं वाक्यमप्रमाणम् । यथा गौरश्वः पुरुषो हस्तीति न प्रमाणमाकाङ्क्षाविरहात् । वह्निना सिञ्चेदिति न प्रमाणं योग्यताविरहात् । प्रहरे प्रहरेऽसहोच्चारितानि गामानयेत्यादिपदानि न प्रमाणं सांनिध्याभावात् ॥**

મૂલ : વાક્યાર્થજ્ઞાનમાં આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિ કારણ છે. પદાન્તરના અભાવના કારણે, પદમાં અન્વય (શાબ્દબોધ)નું અનનુભાવકત્વ (અજનકત્વ) હોય છે, તેને આકાંક્ષા કહેવાય છે. અર્થના અબાધને (બાધાભાવને) યોગ્યતા કહેવાય છે, અવિલંબથી પદોના ઉચ્ચારણને સંનિધિ કહેવાય છે. આકાંક્ષાદિથી રહિત જે વાક્ય હોય, તે વાક્ય અપ્રમાણ છે. 'गौरश्वः पुरुषो हस्ती' ઈત્યાદિ વાક્યો આકાંક્ષાશૂન્ય હોવાથી અપ્રમાણ છે. 'वह्निना सिञ्चेद्' ઈત્યાદિ વાક્યો, 'વહ્નિમાં સેકકરણત્વાદિ' અર્થ બાધિત હોવાથી યોગ્યતાના અભાવના કારણે અપ્રમાણ છે અને પ્રહર પ્રહરના અન્તરે સાથે નહિ ઉચ્ચારેલાં 'गाम्' 'आनय' આ પદો સન્નિધિથી રહિત હોવાથી પ્રમાણ નથી.

**(न्या०) आकाङ्क्षां लक्षयति–पदस्येति । अव्यवहितोत्तरत्वादिसंबन्धेन यत्पदे यत्पदप्रकारकज्ञानव्यतिरेकप्रयुक्तो यादृशशाब्दबोधाभावस्तादृशशाब्दबोधे तत्पदे तत्पदवत्त्वमाकाङ्क्षा । यथा घटमित्यादिस्थलेऽव्यवहितोत्तरत्वादिसंबन्धेनामूपदं घटपदवदित्याकारकामूपदविशेष्यकघटपद-प्रकारकज्ञानसत्त्वे घटीयं कर्मत्वमिति बोधो जायते । अम्**

**घट इति विपरीतोच्चारणे तु तादृशज्ञानाभावात्तादृशशाब्दबोधो न जायते। अतस्तादृशाकाङ्क्षाज्ञानं शाब्दबोधे कारणम् । अर्थाबाध इति । बाधाभावो योग्यतेत्यर्थः । 'अग्निना सिञ्चेदि'त्यत्र सेककरणत्वस्य जलादिधर्मस्य वह्नौ बाधनिश्चयसत्त्वान्न तादृशवाक्याच्छाब्दबोधः । संनिधिं निरूपयति– पदानामिति । असहोच्चारितानि विलम्बोच्चारितानि ।**

## ન્યાયબોધિની

अव्यवहितोत्तरत्वादिसम्बन्धेन...ઈત્યાદિ. આશય એ છે કે, 'घटम्' આ પ્રમાણેના પદથી 'घटीयकर्मता'નો બોધ થાય છે, પરંતુ 'अम् घट' આ પ્રમાણેના વિપરીતોચ્ચારણથી અથવા કેવલ 'घट' કે, 'अम्' પદના ઉચ્ચારણથી તાદૃશ શાબ્દબોધ થતો નથી એ સ્પષ્ટ છે. તેથી 'अम्' પદમાં 'ઘટપદવત્ત્વ' અથવા 'घट' પદમાં અમ્પદવત્ત્વ આકાંક્ષા મનાય છે. 'घटम्' અહીં સ્વાવ્યવહિતોત્તરત્વસંબંધથી ઘટપદવદ્ 'अम्' પદ છે અને સ્વાવ્યવહિતપૂર્વત્વસંબંધથી અમ્પદવદ્ 'घट' પદ છે. અર્થાત્ સ્વાવ્યવહિતોત્તરત્વાદિસંબંધથી અમાદિ પદો, ઘટાદિપદવદ્ હોય છે ત્યારે અમાદિ પદોમાં ઘટીયકર્મતાદિ શાબ્દબોધનું અનુભાવકત્વ હોય છે. પરંતુ 'अम् घट', 'घट' અથવા 'अम्' આવા પ્રયોગસ્થળે, સ્વાવ્યવહિતોત્તરત્વાદિસંબંધથી ઘટાદિપદવત્ત્વનો અમાદિપદોમાં અભાવ છે. તેથી તાદૃશ શાબ્દબોધનો પણ અભાવ છે. આથી સ્પષ્ટ છે કે 'अम् घट' ઈત્યાદિ સ્થળે स्वाव्यवहितोत्तरत्वसम्बन्धेन घटपदवदम्पदम् ઈત્યાકારક જ્ઞાનના અભાવે તેમ જ "स्वाव्यवहितपूर्वत्वसम्बन्धेन घटपदमम्पदवद्" ઈત્યાકારક જ્ઞાનના અભાવે 'घटीयकर्मत्व'નો બોધ થતો નથી. તેથી સ્વાવ્યવહિતોત્તરત્વસંબંધથી ઘટપદવત્ત્વ अम् પદમાં તેમ જ સ્વાવ્યવહિતપૂર્વત્વસંબંધથી અમ્પદવત્ત્વ ઘટ પદમાં આકાંક્ષાસ્વરૂપ છે. જેનું જ્ઞાન (આકાંક્ષાજ્ઞાન) ઘટીયકર્મતાના શાબ્દબોધમાં કારણ છે. બાધાભાવને યોગ્યતા કહેવાય છે. 'अग्निना सिञ्चेद्' અહીં સેકકરણત્વ જલાદિનો ધર્મ હોવાથી તેના બાધનો નિશ્ચય વહ્નિમાં થવાથી યોગ્યતાશૂન્ય તાદૃશવાક્યથી શાબ્દબોધ થતો નથી. યદ્યપિ પદોનું

ઉચ્ચારણ ક્રમિક જ થતું હોવાથી પદોમાં સહોચ્ચરિતત્વનો સંભવ નથી. તેથી 'असहोच्चारितानि' આ ગ્રન્થ સંગત નથી. પરંતુ असहोच्चारित નો અર્થ 'વિલમ્બોચ્ચરિત' છે જેથી અસઙ્ગતિ નહીં આવે.

**(૫૦) असंभववारणाय पदान्तरव्यतिरेकप्रयुक्तेति । पुनरसंभववारणाय पदान्तरेति । अर्थेति । आकाङ्क्षावारणाय अर्थेति । पदानामिति । असहोच्चारितेष्वतिव्याप्तिवारणाय अविलम्बेनेति । आकाङ्क्षावारणाय पदानामिति । आकाङ्क्षादिशून्यवाक्यस्यात्र प्रमाणत्वं निषेधति-तथा चेति । आकाङ्क्षादिकं शाब्दहेतुरित्युक्ते चेत्यर्थः । अनाकाङ्क्षाद्युदाहरणं दर्शयति–यथेति ।**

## પદકૃત્ય

'पदस्यान्वयाननुभावकत्वम् आकांक्षा' આટલું જ લક્ષણ કરીએ તો અવ્યવહિતોત્તરત્વાદિસંબંધથી ઘટાદિપદવત્ત્વ હોય તો अमादि પદમાત્રમાં અન્વયનું અનુભાવકત્વ જ હોવાથી કોઈ પણ સ્થળે આકાંક્ષાનું લક્ષણ નહિ જાય. તેમ જ 'व्यतिरेकप्रयुक्तान्वयाननुभावकत्वम् पदस्याकांक्षा' આટલું લક્ષણ કરીએ તોપણ ઘટાદિના અભાવના કારણે કોઈપણ પદમાં અન્વયાનનુભાવકત્વ ન હોવાથી અસંભવ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'पदान्तरव्यतिरेकप्रयुक्त' પદનો નિવેશ કર્યો છે. તેથી અસંભવ નહિ આવે. કારણ કે ઉપર ન્યાયબોધિનીમાં જણાવ્યા મુજબ અવ્યવહિતોત્તરત્વાદિસંબંધથી ઘટાદિપદવત્ત્વના અભાવના કારણે अमादि પદમાં શાબ્દબોધનું અજનકત્વ છે જ. તેથી 'अम्' વગેરે પદોમાં ઘટાદિપદવત્ત્વરૂપ આકાંક્ષા છે જ. 'बाधाभावो योग्यता' આટલું લક્ષણ કરીએ તો 'वह्निना सिञ्चेत्' ઈત્યાદિ સ્થળે તત્પદમાં તત્પદવત્ત્વ તો અબાધિત જ છે. તેથી આકાંક્ષાસ્થળે યોગ્યતા પણ રહેવાથી અહીં પણ શાબ્દબોધનો પ્રસંગ આવશે. તેથી તેના નિવારણ માટે યોગ્યતાના લક્ષણમાં 'अर्थ' પદનું ઉપાદાન કર્યું છે. 'वह्निना सिञ्चेत्' ઈત્યાદિ સ્થળે 'સેકકરણત્વ' રૂપ અર્થનો બાધ

હોવાથી, આકાંક્ષા હોવા છતાં યોગ્યતા નહીં મનાય, માત્ર 'अविलंबेनोच्चारणं सन्निधिः' આટલું લક્ષણ કરીએ તો 'घटम्' ઈત્યાદિ આકાંક્ષા યુક્તસ્થળે વર્ણોનું અથવા પદનું ઉચ્ચારણ પણ અવિલંબથી જ હોય છે. તેથી આકાંક્ષાસ્થળે સર્વત્ર (જ્યાં સન્નિધિ ન હોય તોપણ) સંનિધિ માનવાનો પ્રસંગ આવશે, તેના નિવારણ માટે લક્ષણમાં 'पदानाम्' પદનું ઉપાદાન કર્યું છે. ઘટાદિપદવદમાદિપદસ્થળે આકાંક્ષા એક એક પદમાં મનાય છે, જ્યારે સન્નિધિ અનેક પદોમાં મનાય છે; તેથી આકાંક્ષા અને સન્નિધિનો વિષય ભિન્ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે.

मूलम्

**वाक्यं द्विविधम्–वैदिकं लौकिकं च । वैदिकमीश्वरोक्तत्वात्सर्वमेव प्रमाणम् । लौकिकं त्वाप्तोक्तं प्रमाणम् । अन्यदप्रमाणम् ।**

મૂલ : વૈદિક અને લૌકિક ભેદથી વાક્ય બે પ્રકારનું છે. ઈશ્વરોચ્ચરિત હોવાના કારણે વૈદિકવાક્યો બધા જ પ્રમાણ છે. લૌકિકવાક્યો તો જે આપ્તોક્ત છે તે જ પ્રમાણ છે. પ્રમાણવાક્યથી અન્યવાક્યો અપ્રમાણ છે.

**(न्या०) वैदिकमिति । वेदवाक्यमित्यर्थः । इदमुपलक्षणम् । तेन वेदमूलस्मृत्यादीन्यपि ग्राह्याणि । लौकिकं त्विति । वेदवाक्यभिन्नमित्यर्थः । आप्तत्वं च प्रयोगहेतुभूतयथार्थज्ञानवत्त्वम् ।**

**इति न्यायबोधिन्यां शब्दपरिच्छेदः ॥**

## ન્યાયબોધિની

મૂલસ્થ वैदिक પદથી વેદમૂલકસ્મૃતિ (મનુસ્મૃતિ) ઈતિહાસ, પુરાણાદિ વાક્યોનો પણ સંગ્રહ કરવો. વૈદિક વાક્યભિન્ન વાક્યો લૌકિક છે. એમાંથી 'પ્રયોગમાં હેતુભૂત યથાર્થજ્ઞાનના આશ્રય' સ્વરૂપ આપ્તપુરુષથી ઉચ્ચરિત વાક્યો પ્રમાણ છે. અન્ય વાક્ય અપ્રમાણ છે.

## मूलमु

**वाक्यार्थज्ञानं शाब्दज्ञानम् । तत्करणं शब्दः ॥**

મૂલ : શબ્દજન્ય જ્ઞાનને વાક્યાર્થજ્ઞાન અર્થાત્ શાબ્દજ્ઞાન કહેવાય છે અને તેનું કરણ શબ્દ છે. અર્થાત્ શબ્દજ્ઞાનાત્મક પદજ્ઞાન છે.

**(૫૦) नन्वेतावता शाब्दसामग्री प्रपञ्चिता । प्रमाविभाजकवाक्ये शाब्दस्याप्युद्दिष्टत्वेन तत्कुतो न प्रदर्शितमित्यत आह-वाक्यार्थेति । शाब्दत्वं च 'शब्दात् प्रत्येमी' त्यनुभवसिद्धा जातिः । शाब्दबोधक्रमो यथा-'चैत्रो ग्रामं गच्छती'त्यत्र ग्रामकर्मकगमनानुकूलवर्तमानकृतिमांश्चैत्र इति शाब्दबोधः । द्वितीयायाः कर्मत्वमर्थः । धातोर्गमनम् । अनुकूलत्वं च संसर्गमर्यादया भासते। लटो वर्तमानत्वमाख्यातस्य कृतिः । तत्संबन्धः संसर्गमर्यादया भासते । 'रथो गच्छती'त्यत्र गमनानुकूलव्यापारवान् रथ इति शाब्दबोधः। 'स्नात्वा गच्छती'त्यत्र गमनप्रागभावावच्छिन्न- कालीनस्नानकर्ता गमनानुकूलवर्तमानकृतिमानिति शाब्दबोधः । क्त्वाप्रत्ययस्य कर्ता पूर्वकालीनत्वं चार्थः । एवमन्यत्रापि वाक्यार्थो बोध्यः ॥**

**इति पदकृत्ये शब्दपरिच्छेदः ॥**

## પદકૃત્ય

"आप्तवाक्यं शब्द..." ઈત્યાદિ ગ્રંથથી શાબ્દબોધની સામગ્રીનું જ વર્ણન કર્યું. પ્રમાવિભાજક "यथार्थानुभवश्चतुर्विधः...' આ વાક્યમાં શાબ્દબોધ પણ ઉદ્દિષ્ટ (નિરૂપણનો વિષય) છે, તો તેનું નિરૂપણ કેમ નથી કરતા ? આ પ્રશ્નની વિદ્યમાનતામાં શાબ્દબોધનું નિરૂપણ કરે છે- वाक्यार्थ.....ઈત્યાદિ ગ્રંથથી. 'शब्दात्प्रत्येमि અર્થાત્ 'शब्दजन्यज्ञान- वानहम्' ઈત્યાકારક અનુભવ બધાને થાય છે. તેથી તાદૃશાનુભવના વિષયભૂત શાબ્દબોધમાં રહેનારી 'શાબ્દત્વ' જાતિ અનુભવસિદ્ધ છે. शाब्दबोधक्रमः–'चैत्रो ग्रामं गच्छति' અહીં ગમ્ ધાતુનો અર્થ ગમનક્રિયા, ગ્રામપદોત્તર દ્વિતીયાવિભક્તિનો અર્થ કર્મતા, 'ति' પ્રત્યયનો અર્થ વર્તમાનકાલીનકૃતિ છે. ગમનક્રિયાનો અનુકૂલત્વસંબંધથી આખ્યાતાર્થ

કૃતિમાં અન્વય છે. કૃતિનો આશ્રયતાસંબંધથી ચૈત્ર પદાર્થમાં અન્વય છે. શાબ્દબોધમાં અનુકૂલત્વાદિસંબંધનું ભાન સંસર્ગમર્યાદાથી થાય છે. વાક્યઘટક પદોના અર્થથી, અધિક જે સંસર્ગાદિનું ભાન થાય છે, તે સંસર્ગમર્યાદાથી ભાસિત થયેલું મનાય છે. તેથી 'चैत्रो ग्रामं गच्छति' આ વાક્યથી, "ग्रामकर्मकगमनानुकूलवर्तमानकालीनकृतिमांश्चैत्रः" આવો શાબ્દબોધ થાય છે. "रथो गच्छति" આ વાક્યથી, રથમાં કૃતિ બાધિત હોવાથી "गमनानुकूलव्यापारवान् रथः" આવો શાબ્દબોધ થાય છે. 'स्नात्वा गच्छति' અહીં 'कृत्वा' પ્રત્યયનો અર્થ પૂર્વકાલીનત્વ અને કર્ત્તા છે. સામાન્યતઃ એક જ કર્તાની પૂર્વાપરીભાવાપન્ન બે ક્રિયા હોય તો, ભૂતકાલીનક્રિયાર્થક (પૂર્વક્રિયાર્થક) ધાતુને कृत्वा પ્રત્યય કર્તામાં થાય છે. તેથી સ્નાનની ક્રિયા, ગમનક્રિયાની પૂર્વે અર્થાદ્ ગમનક્રિયાના પ્રાગ-ભાવના કાલમાં થયેલી છે. એ સ્પષ્ટ છે. તેથી 'स्नात्वा गच्छति' આ વાક્યથી "गमनप्रागभावावच्छिन्नकालीनस्नानकर्ता गमनानुकूलवर्तमानकृतिमान्" આવો શાબ્દબોધ થાય છે. આ રીતે અન્ય વાક્યોથી પણ તત્ તત્ પદોના અર્થનું અનુસંધાન કરીને શાબ્દબોધનું સ્વરૂપ સ્વયં વિચારવું.

**॥ इति तर्कसंग्रहे शब्दपरिच्छेदः ॥**

## मूलम्

**अयथार्थानुभवस्त्रिविधः संशयविपर्ययतर्कभेदात् । एकस्मिन्धर्मिणि विरुद्धनानाधर्मवैशिष्ट्यावगाहि ज्ञानं संशयः । यथा स्थाणुर्वा पुरुषो वेति ॥**

મૂલ : સંશય, વિપર્યય અને તર્ક આ ત્રણ ભેદથી અયથાર્થ અનુભવ ત્રણ પ્રકારનો છે. એક ધર્મીમાં વિરુદ્ધ અનેક ધર્મોના વૈશિષ્ટ્યનું અવગાહન કરનાર જ્ઞાનને સંશય કહેવાય છે. "स्थाणुर्वा पुरुषो वा" આ જ્ઞાન સ્થાણુત્વ અને સ્થાણુત્વાભાવ તથા પુરુષત્વ અને પુરુષત્વાભાવ સ્વરૂપ વિરુદ્ધ અનેક ધર્મોના વૈશિષ્ટ્યનું અવગાહન કરનારું હોવાથી, આ જ્ઞાનને સંશય કહેવાય છે.

**(न्या०) यथार्थानुभवं निरूप्यायथार्थानुभवं विभजते-संशयेत्यादिना । एकेति । एकधर्मावच्छिन्नविशेष्यतानिरूपितभावाभावोभयनिष्ठप्रकारताकज्ञानं**

**संशय इत्यर्थः, भावद्वयकोटिकसंशयाप्रसिद्धेः । स्थाणुर्वेत्यत्र स्थाणुत्व-स्थाणुत्वाभावपुरुषत्वपुरुषत्वाभावकोटिक एव ॥**

## ન્યાયબોધિની

યથાર્થાનુભવનું નિરૂપણ કરીને અયથાર્થાનુભવનો વિભાગ કરે છે. संशयेत्यादि ગ્રંથથી, "एकधर्मावच्छिन्नविशेष्यतानिरूपितभावाभावोभयनिष्ठप्रकारतानिरूपकं ज्ञानं संशयः" આ સંશયનું લક્ષણ છે. 'अयं स्थाणु र्वा पुरुषो वा" ઈત્યાકારક જ્ઞાન; ઈદન્ત્વાવચ્છિન્નવિશેષ્યતા-નિરૂપિત સ્થાણુત્વ, સ્થાણુત્વાભાવ અથવા પુરુષત્વ પુરુષત્વાભાવ સ્વરૂપ ભાવાભાવોભયનિષ્ઠપ્રકારતાનિરૂપક હોવાથી સંશયસ્વરૂપ છે. ભાવદ્વયકોટિક(પ્રકારક)સંશય અપ્રસિદ્ધ છે.

**(प०) अयथार्थानुभवं विभजते—अयथार्थेति । संशयं लक्षयति-एकस्मिन्निति । एकस्मिन्धर्मिणि एकस्मिन्नेव पुरोवर्तिनि पदार्थे विरुद्धा व्यधिकरणा ये नानाधर्माः स्थाणुत्वपुरुषत्वादयस्तेषां वैशिष्ट्यं संबन्धस्त-दवगाहि ज्ञानं संशय इत्यर्थः । घटपटाविति समूहालम्बनज्ञानस्य घटत्वपटत्वरूपविरुद्धनानाधर्मवैशिष्ट्यावगाहित्वादतिप्रसक्तिवारणाय एक-स्मिन्निति। 'घटः पृथिवी'तिज्ञानस्यैकस्मिन्धर्मिणि घटे घटत्वपृथिवी-त्वरूपनानाधर्मवैशिष्ट्यावगाहित्वादतिप्रसङ्गवारणाय विरुद्धेति । घटत्वविरुद्धपटत्ववान् पट इति ज्ञानेऽतिप्रसक्तिवारणाय नानेति ॥**

## પદકૃત્ય

સંશયના લક્ષણમાં 'एकस्मिन् धर्मिणि' પદનું ઉપાદાન ન કરીએ તો 'इमौ घटपटौ' ઈત્યાકારક સમૂહાલંબનાત્મક જ્ઞાન પણ ઘટત્વ અને પટત્વરૂપ વિરુદ્ધ અનેક ધર્મના વૈશિષ્ટ્યનું અવગાહન કરતું હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'एकस्मिन्धर्मिणि' પદનો નિવેશ કર્યો છે. ઉક્ત સમૂહાલંબનાત્મક જ્ઞાન વિરુદ્ધ નાનાધર્મોનું અવગાહન, ઘટપટાત્મક અનેક ધર્મીમાં કરતું

હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'विरुद्ध' પદનો નિવેશ ન કરીએ તો 'घटः पृथिवी' ઈત્યાકારક જ્ઞાન ઘટાત્મક એક જ ધર્મીમાં ઘટત્વ, પૃથિવીત્વરૂપ અનેક ધર્મના વૈશિષ્ટ્યનું અવગાહન કરતું હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'विरुद्ध' પદનું ઉપાદાન કર્યું છે. 'घटः पृथिवी' ઈત્યાકારક જ્ઞાન નાના ધર્માવગાહી હોવા છતાં નાનાવિરુદ્ધધર્માવગાહી ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'नाना' પદનું ઉપાદાન ન કરીએ તો "घटत्वविरुद्धपटत्ववान् पटः" ઈત્યાકારક જ્ઞાન ઘટત્વવિરુદ્ધ પટત્વાત્મક એક વિરુદ્ધધર્મનું અવગાહન કરતું હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'नाना' પદનું ઉપાદાન કર્યું છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે "घटत्वविरुद्धपटत्ववान्पटः" ઈત્યાકારક જ્ઞાન એક જ વિરુદ્ધ ધર્માવગાહી છે. નાનાવિરુદ્ધ ધર્માવગાહી નથી.

## मूलम्

**मिथ्याज्ञानं विपर्ययः । यथा शुक्तौ 'रजतम्' इति ॥**

મૂલ : મિથ્યાજ્ઞાનને વિપર્યય કહેવાય છે. મિથ્યાજ્ઞાન, ભ્રમ અથવા અયથાર્થજ્ઞાન, આ ત્રણે શબ્દો, વિપર્યયના પર્યાયવાચી છે. છીપમાં રજતત્વાવગાહી જ્ઞાન વિપર્યય છે.

**(न्या०) मिथ्याज्ञानमिति । अयथार्थज्ञानमित्यर्थः । विपर्ययो नाम भ्रमः ॥**

(ન્યાયબોધિની :– અર્થ સ્પષ્ટ છે.)

**(प०) मिथ्येति । यथार्थज्ञानवारणाय मिथ्येति । अयथार्थवारणाय ज्ञानेति ।**

## પદકૃત્ય

"ज्ञानं विपर्ययः" આટલું જ લક્ષણ કરીએ તો યથાર્થજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'मिथ्या' પદનો નિવેશ કર્યો છે. તેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે યથાર્થજ્ઞાન મિથ્યાજ્ઞાન નથી. લક્ષણમાં 'ज्ञान' પદનું ઉપાદાન ન કરીએ તો

મિથ્યાજ્ઞાનના વિષયભૂત અયથાર્થ (અયથાર્થજ્ઞાનનો વિષય) ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'જ્ઞાન' પદનો નિવેશ કર્યો છે. તેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઘટાદિ; જ્ઞાનસ્વરૂપ નથી.

## मूलम्

**व्याप्यारोपेण व्यापकारोपस्तर्कः । यथा—यदि वह्निर्न स्यात्तर्हि धूमोऽपि न स्यादिति ॥**

મૂલ : વ્યાપ્યના આરોપથી વ્યાપકનો જે આરોપ તેને તર્ક કહેવાય છે. "पर्वतादौ यदि वह्निर्न स्यात्, तर्हि धूमोऽपि न स्यात्"આ પ્રમાણે તર્કનો આકારવિશેષ છે.

**(न्या०) व्याप्यारोपेणेति । तर्के व्याप्यस्य व्यापकस्य च बाधनिश्चयः कारणम् । अन्यथा बाधनिश्चयाभाव इष्टापत्तिदोषेण तर्कानुत्पत्तेः ॥**

## ન્યાયબોધિની

'पर्वतो वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થળે પ્રત્યક્ષમાત્રપ્રમાણવાદી ચાર્વાક, પર્વતમાં ધૂમ પ્રત્યક્ષ હોવાથી તેને માને છે અને વહ્નિને માનતો નથી. તેથી 'पर्वते धूमोऽस्तु वह्निर्मास्तु"આ પ્રમાણે વ્યભિચાર-શંકા કરે છે. એની નિવૃત્તિ માટે અનુમાનવાદીને અનુકૂળ તર્ક આપવો પડે છે. અન્યથા અનુકૂળ તર્કના વિરહમાં અનુમાન, અપ્રયોજક મનાય છે. પ્રકૃત સ્થળે "पर्वते यदि वह्निर्न स्यात्तर्हि धूमोऽपि न स्यात्" ઈત્યાકારક અનુકૂળ તર્ક છે. અનુમાનવાદીને પર્વતમાં વહ્નિ અને ધૂમ બન્નેનો નિર્ણય છે. તેથી અહીં પર્વતમાં વહ્ન્યભાવ અને ધૂમાભાવનું જ્ઞાન, બાધકાલીન છે. એતાદૃશજ્ઞાન, વ્યભિચારશંકાના નિરાકરણની ઈચ્છાના કારણે કરવું પડે છે. બાધકાલીન ઈચ્છાથી જન્ય જ્ઞાનને આરોપ કહેવાય છે. પ્રકૃતસ્થલે ધૂમાભાવ અને વહ્ન્યભાવનો આરોપ છે. વ્યાપ્યભૂત વહ્ન્યભાવના આરોપથી વ્યાપકીભૂત ધૂમાભાવનો આરોપ થાય છે. ચાર્વાકને ધૂમાભાવને પર્વતમાં માનવાનું ઈષ્ટ નથી. કારણ કે ત્યાં ધૂમ પ્રત્યક્ષસિદ્ધ છે. તેથી "पर्वते यदि वह्निर्न स्यात् तर्हि

ધૂમોऽपि न स्याद्" આ ચાર્વાકને આપત્તિરૂપ છે. તેથી પર્વતમાં વહ્નિના અસ્તિત્વને માન્યા વિના ચાર્વાક માટે ગત્યન્તર નથી. તર્કદાતાને તર્ક આપતાં પહેલા વ્યાપ્ય (वह्न्यभाव) અને વ્યાપક (धूमाभाव) બન્નેના અભાવનો નિર્ણય અવશ્ય હોવો જોઈએ. અન્યથા પ્રતિપક્ષી 'તમે પણ ક્યાં માનો છો ?' એમ કહીને આપત્તિને, ઈષ્ટાપત્તિ કહીને વધાવી લેશે અર્થાત્ ઈષ્ટાપત્તિના કારણે તર્કની ઉત્પત્તિ નહિ થાય.

**(૫૦) तर्कं लक्षयति–व्याप्यारोपेणेति । असंभववारणाय व्याप्यारोपेणेति । पुनरसंभववारणाय व्यापकारोप इति । अत्र वह्न्यभावो व्याप्यः धूमाभावो व्यापकः । यद्यपि तर्कस्य विपर्ययात्मकत्वेन पृथग्विभागोऽनुचितः, तथापि प्रमाणानुग्राहकत्वात् स उदित इति बोध्यम् । स्वप्नस्तु पुरीतद्बहिर्देशान्तर्देशयोः संधौ इडानाड्यां वा मनसि स्थितेऽदृष्टविशेषेण धातुदोषेण वा जन्यते । स च मानसविपर्ययान्तर्भूतः ।**

## પદકૃત્ય

ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે કે તર્ક, કેવલવ્યાપકના આરોપ સ્વરૂપ નથી તેમ જ ન તો તે કેવલ વ્યાપ્યના આરોપથી થાય છે. તેથી લક્ષણમાં અન્યતર પદનો નિવેશ ન કરીએ તો અસંભવ આવશે. જેના નિવારણ માટે ઉભય પદનો નિવેશ આવશ્યક છે. એ સમજવામાં મુશ્કેલી નહિ પડે. યદ્યપિ તર્ક પણ વહ્નિ અને ધૂમવદ્માં જ વહ્ન્યભાવ અને ધૂમાભાવના જ્ઞાનસ્વરૂપ હોવાથી વિપર્યયથી ભિન્ન નથી. તેથી તર્કરૂપે અયથાર્થાનુભવનો વિભાગ કરવો યોગ્ય નથી. પરંતુ તર્ક, અનુમાન પ્રમાણ માટે અનુગ્રાહક હોવાથી તેનો સ્વતંત્રતયા ઉલ્લેખ કર્યો છે. સ્વપ્નનો સમાવેશ મનથી જન્ય એવા માનસ વિપર્યયમાં કર્યો છે. પુરીતત્ નાડીના બાહ્ય અને આન્તર પ્રદેશના સંધિસ્થાનમાં અથવા ઈડાનાડીમાં જ્યારે મનની સ્થિતિ હોય છે ત્યારે અદૃષ્ટ (ધર્મ-અધર્મ) વિશેષથી અથવા શરીરની સપ્તધાતુની વિષમતાથી સ્વપ્નની ઉત્પત્તિ થાય છે.

### मूलम्

स्मृतिरपि द्विविधा–यथार्था अयथार्था च । प्रमाजन्या यथार्था । अप्रमाजन्या अयथार्था ॥

મૂલ : અનુભવની જેમ જ યથાર્થ અને અયથાર્થભેદથી સ્મૃતિ બે પ્રકારની છે. પ્રમાત્મક અનુભવથી જન્ય સ્મૃતિ યથાર્થ છે અને અપ્રમાત્મક અનુભવથી જન્ય સ્મૃતિ અયથાર્થ છે.

॥ इति तर्कसंग्रहे बुद्धिनिरूपणम् ॥

### मूलम्

सर्वेषामनुकूलवेदनीयं सुखम् ॥

મૂલ : બધાને જે અનુકૂલ જણાય છે તેને સુખ કહેવાય છે.

(न्या०) सुखं निरूपयति–सर्वेषामिति । इतरेच्छाऽनधीनेच्छाविषयत्वमिति निष्कर्षः । यथाश्रुते अनुकूलत्वप्रकारकवेदनाविशेष्यत्वस्य घटोऽनुकूल इत्याकारकज्ञानदशायामनुकूलत्वप्रकारकज्ञानविशेष्यत्वस्य घटादावपि सत्त्वाद् घटादावतिव्याप्तिरिति निष्कृष्टलक्षणमुक्तम् । भोजनादावतिव्याप्तिवारणाय इतरेच्छानधीनेतीच्छाविशेषणम् । सुखेच्छायाः सुखत्वप्रकारकज्ञानमात्रजन्यत्वात् ॥

## ન્યાયબોધિની

'अनुकूलत्वप्रकारकवेदनाविशेष्यत्वम्' આ પ્રમાણે યથાશ્રુત જ સુખનું લક્ષણ કરીએ તો 'घटो मेऽनुकूलः' ઈત્યાકારક અનુકૂલત્વપ્રકારક જ્ઞાનીયવિશેષ્યતા ઘટમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિવારણ માટે 'इतरेच्छानधीनेच्छाविषयत्वम्' આ પ્રમાણે સુખનું નિષ્કૃષ્ટ લક્ષણ કર્યું છે. ઘટાદિ અનુકૂલ હોવાથી, તેમાં ઈચ્છાવિષયત્વ હોવા છતાં તેની ઈચ્છા સુખેચ્છાધીન હોવાથી ઈતરેચ્છાને અનધીન ઈચ્છાનું વિષયત્વ ઘટાદિમાં ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. નિષ્કૃષ્ટ લક્ષણમાં 'इतरेच्छानधीन' પદનો નિવેશ ન કરીએ તો ભોજનાદિ સુખનાં સાધનો પણ ઈચ્છાના વિષય (ઈષ્ટ) હોવાથી તેમાં અતિવ્યાપ્તિ

આવશે. પરંતુ इतरेच्छानधीन પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ભોજનાદિમાં સ્વેતર સુખેચ્છાધીનેચ્છાવિષયત્વ છે. ઈતરેચ્છાનધીનેચ્છાવિષયત્વ નથી. સુખેચ્છા તો અન્ય કોઈપણ ઈચ્છાથી જન્ય ન હોવાથી, સુખના જ્ઞાનથી જ સાધ્ય સુખેચ્છામાં ઈતરેચ્છાનધીનેચ્છાવિષયત્વ છે જ.

(प०) सुखं निरूपयति–सर्वेषामिति । सर्वात्मनामनुकूलमिति वेद्यं यत्तत्सुखमित्यर्थः । 'अहं सुखी'त्यनुभवसिद्धसुखत्वजातिमत्, धर्ममात्रासाधारणकारणो गुणो वा सुखम् । शत्रुदुःखवारणाय सर्वेषामिति ॥

## પદકૃત્ય

સર્વ જીવોને અનુકૂળતયા જેનો અનુભવ થાય છે તેને સુખ કહેવાય છે. 'अहं सुखी' ઈત્યાકારક અનુભવથી સિદ્ધ સુખત્વ જાતિ છે. તેથી સુખત્વજાતિમદ્‌ને, અથવા ધર્મમાત્ર છે અસાધારણ કારણ જેનું એવા ગુણને 'સુખ' કહેવાય છે. સુખના લક્ષણમાં 'सर्वेषाम्' પદનું ઉપાદાન ન કરીએ તો શત્રુના દુઃખમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે શત્રુનું દુઃખ પણ, જેનો શત્રુ છે તેને અનુકૂલ લાગે છે. તેથી તેમાં આવતી અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં 'सर्वेषाम्' પદનો નિવેશ કર્યો છે. શત્રુનું દુઃખ, તેને પોતાને તો પ્રતિકૂલ જ જણાય છે. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## मूलम्

प्रतिकूलवेदनीयं दुःखम् ॥

મૂલ :- બધાને જે પ્રતિકૂલ જણાય છે તેને દુઃખ કહેવાય છે.

(न्या०) दुःखं निरूपयति–प्रतिकूलेति । अत्रापीतरद्वेषानधीनद्वेषविषयत्वमिति निष्कृष्टलक्षणम् । द्वेषविषयत्वमात्रोक्तौ सर्पादावतिव्याप्तिस्तत्रापि द्वेषविषयत्वसत्त्वादतस्तत्रातिव्याप्तिवारणायेतरद्वेषानधीनेति द्वेषविशेषणम् । सर्पजन्यदुःखादौ द्वेषात्सर्पेऽपि द्वेष इति सर्पद्वेषस्य सर्पजन्यदुःखद्वेषजन्यत्वादन्यद्वेषाजन्यद्वेषविषयत्वरूपदुःखलक्षणस्य सर्पादौ

**नातिव्याप्तिः । फलेच्छा उपायेच्छां प्रति कारणम् । अतः फलेच्छावशादुपायेच्छा भवति । एवं फले द्वेषादुपाये द्वेषः ॥**

## ન્યાયબોધિની

અહીં પણ 'इतरद्वेषानधीनद्वेषविषयत्वम्'' આ પ્રમાણે દુઃખનું નિષ્કૃષ્ટ લક્ષણ સમજવું જોઈએ, અન્યથા યથાશ્રુતલક્ષણથી તો દુઃખના સાધનભૂત સર્પાદિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે 'सर्पो मे प्रतिकूलः' ઈત્યાકારક પ્રતિકૂલત્વપ્રકારકજ્ઞાનીયવિશેષ્યત્વ સર્પાદિમાં છે જ. પરંતુ નિષ્કૃષ્ટલક્ષણની વિવક્ષાથી સર્પાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સર્પાદિમાં દુઃખદ્વેષાધીનદ્વેષવિષયત્વ છે. ઈતરદ્વેષાનધીનદ્વેષવિષયત્વ નથી. આથી સ્પષ્ટ છે કે દુઃખના નિષ્કૃષ્ટલક્ષણમાં પણ સર્પાદિમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા 'इतरद्वेषानधीन' પદનો નિવેશ કર્યો છે. અન્યથા કેવલદ્વેષવિષયત્વ તો સર્પાદિમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવત. સર્પાદિમાં ઈતરદ્વેષાજન્યદ્વેષવિષયત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. જેવી રીતે ફલેચ્છાની પ્રત્યે ઉપાયેચ્છા કારણ હોવાથી ફલેચ્છાવશથી ઉપાયેચ્છા થાય છે. એવી રીતે ફલના દ્વેષથી ઉપાયમાં પણ દ્વેષ થાય છે.

**(૫૦) प्रतिकूलेति । दुःखत्वजातिमत्, अधर्ममात्रासाधारणकारणो गुणो वा दुःखम् । पदकृत्यं पूर्ववत् ॥**

## પદકૃત્ય

'अहं दुःखी' ઈત્યાકારક અનુભવસિદ્ધદુઃખત્વજાતિમદ્‌ને અથવા અધર્મમાત્ર છે અસાધારણકારણ જેનું એવા ગુણને દુઃખ કહેવાય છે. માત્ર 'प्रतिकूलवेदनीयं दुःखम्' આટલું જ લક્ષણ કરીએ તો શત્રુના સુખમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે શત્રુનું સુખ પણ, જેનો શત્રુ છે, તેને પ્રતિકૂલ લાગે છે. તેથી 'सर्वेषाम्' પદનો નિવેશ લક્ષણમાં કરી લેવો, તેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે શત્રુનું સુખ બીજાને પ્રતિકૂલ લાગે તોપણ શત્રુને તો તે અનુકૂલ જ લાગે છે. અર્થાત્

શત્રુના સુખમાં 'सर्वेषां प्रतिकूलवेदनीयत्व' નથી.

## मूलम्

इच्छा कामः । क्रोधो द्वेषः । कृतिः प्रयत्नः ।

મૂલ : કામને ઈચ્છા કહેવાય છે, ક્રોધને દ્વેષ કહેવાય છે અને પ્રયત્નને કૃતિ કહેવાય છે.

(૫૦) इच्छां निरूपयति–इच्छेति । काम इति पर्यायः । इच्छात्वजातिमती इच्छा । सा द्विविधा–फलेच्छा उपायेच्छा च । फलं सुखादिकम् । उपायो यागादिः । द्वेषं निरूपयति–क्रोध इति । द्वेष्टीत्यनुभवसिद्धद्वेषत्वजातिमान् द्विष्टसाधनताज्ञानजन्यगुणो वा द्वेषः । प्रयत्नं निरूपयति–कृतिरिति । प्रयत्नत्वजातिमान्प्रयत्नः । स त्रिविधः–प्रवृत्ति-निवृत्ति–जीवनयोनिभेदात् । इच्छाजन्यो गुणः प्रवृत्तिः । द्वेषजन्यो गुणो निवृत्तिः । जीवनादृष्टजन्यो गुणो जीवनयोनिः । स च प्राणसंचारकारणम् ॥

## પદકૃત્ય

ઈચ્છાર્થક 'કામ' શબ્દ છે. 'इच्छात्वजातिमत्त्व' ઈચ્છાનું લક્ષણ છે. સુખાદિસ્વરૂપ ફલની ઈચ્છાને ફલેચ્છા કહેવાય છે. અને સુખાદિના ઉપાયભૂત યાગ વગેરેની ઈચ્છાને 'ઉપાયેચ્છા' કહેવાય છે. 'असौ द्वेष्टि, असौ द्वेष्टि' ઈત્યાકારક અનુભવસિદ્ધદ્વેષત્વજાતિમદ્‌ને દ્વેષ કહેવાય છે. અથવા 'इदं मम द्विष्ट(દુઃખ)साधनम्' ઈત્યાકારક જ્ઞાનથી જન્ય જે ગુણ છે તેને દ્વેષ કહેવાય છે. દુઃખસાધનતાના જ્ઞાનથી જ તે તે, દુઃખસાધન પર દ્વેષ ઉત્પન્ન થાય છે. પ્રયત્નત્વજાતિમાનને પ્રયત્ન કહેવાય છે. એ પ્રયત્ન પ્રવૃત્તિ, નિવૃત્તિ અને જીવનયોનિ આ ત્રણ ભેદથી ત્રણ પ્રકારનો છે. ઈચ્છાજન્યગુણને પ્રવૃત્તિસ્વરૂપ પ્રયત્ન કહેવાય છે. દ્વેષથી જન્યગુણને નિવૃત્તિસ્વરૂપ પ્રયત્ન કહેવાય છે અને જીવનના અદૃષ્ટવિશેષથી જન્યગુણને જીવનયોનિસ્વરૂપ પ્રયત્ન કહેવાય છે. એ પ્રયત્નથી જીવનોપયોગી અદૃષ્ટવિશેષના કારણે શરીરમાં પ્રાણવાયુનો

સંચાર થાય છે.

## मूलम्

**विहितकर्मजन्यो धर्मः । निषिद्धकर्मजन्यस्त्वधर्मः ।**

મૂલ :– વેદથી વિહિત એવા કર્મથી જન્ય ગુણને ધર્મ કહેવાય છે અને વેદથી નિષિદ્ધકર્મથી જન્ય ગુણને અધર્મ કહેવાય છે.

**(न्या०) धर्माधर्मौ निरूपयति–विहितेति । वेदविहितेत्यर्थः ॥ निषिद्धेति । वेदनिषिद्धेत्यर्थः ॥**

સ્પષ્ટ છે.

**(प०) धर्ममाह–विहितेति । वेदविहितेत्यर्थः । अधर्मवारणाय वेदविहितेति । यागादिक्रियावारणाय कर्मजन्य इति । स च कर्मनाशाजलस्पर्शकीर्त्तनभोगतत्त्वज्ञानादिना नश्यति । अधर्मलक्षणमाह–निषिद्धेति वेदेनेत्यर्थः । धर्मवारणाय वेदनिषिद्धेति । वेदनिषिद्धक्रियावारणाय कर्मजन्य इति । स च भोगप्रायश्चित्तादिना नश्यति । एतावेव अदृष्टमिति कथ्यते वासनाजन्यौ च । वासना च विलक्षणसंस्कारः ॥**

## પદકૃત્ય

માત્ર 'कर्मजन्यो धर्मः' આટલું જ લક્ષણ કરીએ તો નિષિદ્ધ કર્મજન્ય અધર્મમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં वेदविहित પદનું ઉપાદાન છે. અધર્મ, વેદવિહિતકર્મથી જન્ય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં कर्मजन्य પદનું ઉપાદાન ન કરીએ તો વેદવિહિત યાગાદિક્રિયામાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'कर्मजन्य' પદનું ઉપાદાન કર્યું છે. યાગાદિક્રિયા વેદવિહિત કર્મ છે તદ્જન્ય નથી, તેથી યાગાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કર્મનાશાનદીના જલસ્પર્શથી, કરેલા ધર્મનું વારંવાર કીર્ત્તન કરવાથી, ધર્મના ફલના ભોગથી અને તત્ત્વજ્ઞાન વગેરેથી ધર્મનો નાશ થાય છે. આવી જ રીતે कर्मजन्योऽधर्मः આટલું

જ લક્ષણ કરીએ તો ધર્મ પણ વેદવિહિતકર્મજન્ય હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે वेदनिषिद्ध પદનું ઉપાદાન કર્યું છે. ધર્મ, વેદનિષિદ્ધકર્મથી જન્ય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. અધર્મ લક્ષણમાં 'कर्मजन्य' પદનું ઉપાદાન ન કરીએ તો વેદનિષિદ્ધક્રિયામાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'कर्मजन्य' પદનું ઉપાદાન કર્યું છે. વેદનિષિદ્ધ ક્રિયા, વેદનિષિદ્ધકર્મજન્ય નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. અધર્મ, અધર્મના ફલના ભોગથી, અથવા પ્રાયશ્ચિત્તાદિથી નાશ પામે છે. ધર્મ અને અધર્મને અદૃષ્ટ કહેવાય છે. ધમાધર્મ વિલક્ષણસંસ્કારવિશેષાત્મક વાસનાથી જન્ય છે.

## मूलम्

**बुद्ध्यादयोऽष्टावात्ममात्रविशेषगुणाः । बुद्धीच्छाप्रयत्ना नित्या अनित्याश्च । नित्या ईश्वरस्य । अनित्या जीवस्य ॥**

મૂલ :- બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ અને અધર્મ આ આઠ વિશેષગુણો આત્માના છે. બુદ્ધિ, ઈચ્છા અને પ્રયત્ન આ ત્રણ વિશેષગુણો નિત્ય અને અનિત્ય છે. પરમાત્માના એ ગુણો નિત્ય છે અને જીવાત્માના તે ગુણો અનિત્ય છે, શેષ પાંચ ગુણો તો જીવાત્મામાં હોવાથી અનિત્ય છે.

**(न्या०) बुद्ध्यादयोऽष्टाविति । बुद्धि–सुख–दुःखेच्छाद्वेष–प्रयत्न धर्माधर्मा इत्यर्थः ॥**

**संस्कारस्त्रिविधः–वेगो भावना स्थितिस्थापकश्चेति । वेगः पृथिव्यादिचतुष्टयमनोवृत्तिः । अनुभवजन्या स्मृतिहेतुर्भावना आत्ममात्रवृत्तिः । अन्यथाकृतस्य पुनस्तदवस्थापादकः स्थितिस्थापकः कटादिपृथिवीवृत्तिः ॥**

**इति गुणाः ॥**

મૂલ :- વેગ, ભાવના અને સ્થિતિસ્થાપક, આ ત્રણ ભેદથી સંસ્કાર ત્રણ પ્રકારનો છે. વેગસ્વરૂપ સંસ્કાર પૃથ્વી, જલ, તેજ, વાયુ અને મન, આ પાંચ મૂર્ત્તદ્રવ્યવૃત્તિ છે. અનુભવથી જન્ય અને સ્મૃતિના કારણસ્વરૂપભાવનાત્મકસંસ્કાર માત્ર આત્મામાં વૃત્તિ છે. અન્યથા

(ભિન્નાવસ્થાપન્ન) કરેલી વસ્તુને (દ્રવ્યને) પૂર્વાવસ્થાને પ્રાપ્ત કરાવનાર સ્થિતિસ્થાપકસ્વરૂપ સંસ્કાર ચટઈ વગેરે સ્વરૂપ પૃથિવીમાં વૃત્તિ છે.

(न्या०) संस्कारं विभजते-संस्कार इति । भावनां लक्षयति-अनुभवेति । अनुभवजन्यत्वे सति स्मृतिहेतुत्वं भावनाया लक्षणम् । अत्रानुभवजन्यत्वे सतीति विशेषणानुपादाने आत्ममनःसंयोगेऽतिव्याप्तिरात्ममनःसंयोगस्य ज्ञानमात्रं प्रत्यसमवायिकारणत्वेन स्मृतिं प्रत्यपि कारणत्वादतस्तदुपादानम् । आत्ममनःसंयोगस्यानुभवजन्यत्वाभावान्नातिव्याप्तिः । तावन्मात्रे कृतेऽनुभवध्वंसेऽतिव्याप्तिः । अतः स्मृतिहेतुत्वोपादानम् । अनुभवध्वंसे स्मृतिहेतुत्वाभावान्नातिव्याप्तिः । (ननु[1] विशिष्टबुद्‌धिं प्रति विशेषणज्ञानस्य कारणता सकलतान्त्रिकमतसिद्‌धा । यथा दण्डविशिष्टबुद्‌धिं प्रति दण्डज्ञानस्य । दण्डविशिष्टबुद्‌धिर्नाम दण्डप्रकारकबुद्‌धिः । सा च 'दण्डी पुरुष' इत्याकारिका । न हि दण्डमजानानो 'दण्डी पुरुष' इति प्रत्येति । एवं च यत्रायं दण्ड इति प्रत्यक्षं जातं तदनन्तरं 'दण्डी पुरुष' इत्याकारकप्रत्यक्षमुत्पन्नं, तत्र 'दण्डी पुरुष' इत्याकारकप्रत्यक्षेऽतिव्याप्तिः । तद्‌धि स्वाव्यवहितपूर्वक्षणोत्पन्नदण्डज्ञानात्मकानुभवजन्यं, जनिष्यमाणे 'दण्डी पुरुष' इत्याकारकस्मरणे कारणं च, स्मृतिं प्रत्यनुभवस्य कारणत्वादिति चेत् । अत्र ब्रूमः—अनुभवजन्यत्वं हि अनुभवत्वाच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वम् । तथा च दण्डप्रकारकबुद्‌धित्वावच्छिन्नकार्यतानिरूपितदण्डज्ञाननिष्ठकारणतायां न दण्डानुभवत्वमवच्छेदकं दण्डानुभवादिव दण्डस्मरणादपि दण्डप्रकारकबुद्‌धेरुत्पत्तेः । अतो दण्डप्रकारकबुद्‌धित्वावच्छिन्नं प्रति स्मरणसाधारणदण्डज्ञानत्वेनैव दण्डज्ञानस्य कारणतायाः स्वीकरणीयत्वेनानुभवत्वावच्छिन्नकारणता—निरूपितकार्यताश्रयत्वस्योक्तप्रत्यक्षेऽभावान्नातिव्याप्तिः । भावनायां तु लक्षणमिदं वर्तते । तथा हि—अनुभवेनैव भावनाख्यसंस्कारोत्पत्त्या

---

१ कुण्डलितो ग्रन्थः प्रक्षिप्तः प्राचीनपुस्तकेष्वदर्शनात्, लेखस्यातिशिथिलत्वाच्च ।

भावनात्वावच्छिन्नं प्रत्यनुभवस्यानुभवत्वेनैव कारणतया भावनात्वावच्छिन्न-कार्यतानिरूपितानुभवनिष्ठकारणतायामनुभवत्वमवच्छेदकम् । अतोऽनुभव–त्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वस्य भावनायां सत्त्वात् । नन्वेवं स्मृतिहेतुत्वविशेषणवैयर्थ्यम् । तद्ध्यनुभवध्वंसेऽतिव्याप्तिवारणाय प्रागुपात्तम् । न हि यथोक्तानुभवजन्यत्व-विवक्षायामनुभवध्वंसेऽतिव्याप्तिः प्रसज्जते । तथाहि–ध्वंसत्वावच्छिन्नं प्रति प्रतियोगिनः कारणत्वं प्रतियोगित्वेन रूपेण, तत्तद्ध्वंसत्वावच्छिन्नं प्रति च तत्तत्प्रतियोगि- व्यक्तेस्तद्व्यक्तित्वेनेत्येव ध्वंसप्रतियोगिनोः कार्यकारणभावः । तथा च ध्वंसनिष्ठकार्यतानिरूपिता यानुभवनिष्ठा कारणता तस्यां प्रतियोगित्वमवच्छेदकं तत्तद्व्यक्तित्वं वा न त्वनुभवत्वमपीत्यनुभवध्वंसेऽनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वरू-पानुभवजन्यत्वविरहादिति चेत् । न, स्मृतावतिव्याप्तिवारणायैव तदुपादानात् । तथा हि-स्मृतिं प्रत्यनुभव एव कारणं न तु स्मृतिरप्यतो घटस्मृतित्वावच्छिन्नं प्रति घटानुभवस्य घटानुभवत्वेनैव कारणत्वं न तु घटज्ञानत्वेन । इत्थं चानु-भवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वस्य स्मृतौ विद्यमानत्वाद–तिव्याप्तिः । उक्तविशेषणदाने तु स्मृतेः स्मृतिहेतुत्वाभावात्तद्व्युदासः ॥)

## ન્યાયબોધિની

'अनुभवजन्यत्वविशिष्टस्मृतिहेतुत्व' આ ભાવનાના લક્ષણમાં વિશેષણાંશ अनुभवजन्यत्व પદનું ઉપાદાન ન કરીએ તો, જ્ઞાન-માત્રની પ્રત્યે આત્મા અને મનનો સંયોગ અસમવાયિકારણ હોવાથી, આત્મમનઃસંયોગમાં પણ સ્મૃતિહેતુત્વ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. 'अनुभवजन्यत्व' પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે આત્મમનઃસંયોગમાં અનુભવજન્યત્વ નથી. લક્ષણમાં માત્ર अनुभवजन्यत्व નો જ નિવેશ કરીએ તો, ધ્વંસની પ્રત્યે તેનો પ્રતિયોગી કારણ હોવાથી અનુભવથી જન્ય એવા અનુભવધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'स्मृतिहेतुत्व' પદનો નિવેશ કર્યો છે. અનુભવનો ધ્વંસ સ્મૃતિનો હેતુ ન હોવાથી, તેમાં

અતિવ્યાપ્તિ નહીં આવે. [વિશિષ્ટબુદ્ધિની પ્રત્યે 'વિશેષણજ્ઞાન' કારણ છે. એ સકલતન્ત્રપ્રસિદ્ધ છે. 'दण्डी पुरुषः' ઈત્યાકારક દણ્ડવિશિષ્ટના જ્ઞાનની પ્રત્યે દણ્ડત્વપ્રકારકદણ્ડવિશેષ્યકજ્ઞાન કારણ છે. જેને દણ્ડત્વ પ્રકારકદણ્ડવિશેષ્યકજ્ઞાન નથી તેને દણ્ડપ્રકારકપુરુષાદિવિશેષ્યક દણ્ડવિશિષ્ટબુદ્ધિ થતી નથી. તેથી જ્યાં दण्डत्वप्रकारकदण्डविशेष्यक પ્રત્યક્ષાત્મક દંડનું જ્ઞાન થયું અને ત્યારબાદ જે "दण्डी पुरुषः" ઈત્યાકારક પ્રત્યક્ષાત્મક જ્ઞાન થયું, તે દણ્ડપ્રકારકઅનુભવમાં, અતિવ્યાપ્તિ આવશે. કારણ કે સ્વાવ્યવહિતપૂર્વક્ષણમાં ઉત્પન્ન દંડના પ્રત્યક્ષથી (અનુભવથી); 'दण्डी पुरुषः' આ પ્રત્યક્ષાત્મક અનુભવ, જન્ય છે અને ભવિષ્યમાં જે 'दण्डी पुरुषः' ઈત્યાકારક સ્મરણાત્મક જ્ઞાન થશે, એની પ્રત્યે 'दण्डी पुरुषः' ઈત્યાકારક અનુભવ કારણ છે. આથી 'दण्डी पुरुषः' ઈત્યાકારક અનુભવમાં; તાદૃશ અનુભવજન્ય-ત્વવિશિષ્ટસ્મૃતિહેતુત્વ હોવાથી અતિવ્યાપ્તિ આવે છે, એ સ્પષ્ટ છે. પરંતુ તેના નિવારણ માટે લક્ષણઘટક 'अनुभवजन्यत्व' પદનો અર્થ 'अनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्व' વિવક્ષિત છે. તેથી 'दण्डी पुरुषः' ઈત્યાકારક અનુભવમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઉક્ત અનુભવની પ્રત્યે વિશેષણજ્ઞાનતયા દંડાનુભવ (દંડવિશેષ્ય-કાનુભવ), કારણ બને છે. જેમ દંડાનુભવથી, दण्डी पुरुष ઈત્યાકારક જ્ઞાન થાય છે તેમ દંડવિશેષ્યકસ્મરણથી પણ 'दण्डी पुरुषः' ઈત્યાકારક અનુભવ જન્ય છે. અર્થાત્ વિશિષ્ટબુદ્ધિની પ્રત્યે વિશેષણજ્ઞાન (અનુભવ સ્મૃતિ ઉભયસાધારણ) કારણ છે. કારણતાવચ્છેદક 'વિશેષણજ્ઞાનત્વ' છે. કેવલ વિશેષણાનુભવત્વ કે સ્મૃતિત્વ કારણતાવચ્છેદક નથી. આથી સ્પષ્ટ પણે સમજી શકાય છે કે दण्डज्ञानत्वा(दण्डविशेष्यकज्ञानत्वा) वच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्व, 'दण्डी पुरुषः' ઈત્યાકારક અનુભવમાં છે, પરંતુ વિવક્ષિત 'दण्डानुभवत्वावच्छिन्नकारणता–निरूपितकार्यताश्रयत्व" રૂપ, દંડાનુભવજન્યત્વ નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. જ્યારે ભાવનાત્મક સંસ્કાર તો, દંડાદિના અનુભવથી જ જન્ય હોવાથી દંડાદ્યનુભવનિષ્ઠ-કારણતાવચ્છેદક

તાદૃશાનુભવત્વ જ મનાય છે. પરંતુ જ્ઞાનત્વ મનાતું નથી. તેથી अनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्व રૂપ, અનુભવજન્યત્વ અને સ્મૃતિહેતુત્વ, ભાવનામાં હોવાથી ત્યાં લક્ષણસમન્વય થાય છે. યદ્યપિ લક્ષણમાં 'स्मृतिहेतुत्व' પદ અનુભવધ્વંસમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા આપ્યું છે- એ પૂર્વે જણાવ્યું છે. પરંતુ અનુભવત્વાવચ્છિન્નકારણતાનિરૂપિતકાર્યતાશ્રયત્વરૂપ અનુભવ-જન્યત્વ, અનુભવધ્વંસમાં ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ હવે નહીં આવે. કારણ કે ધ્વંસની પ્રત્યે પ્રતિયોગી કારણ છે. પરંતુ સામાન્યતઃ કાર્ય-કારણભાવની અપેક્ષાએ ધ્વંસમાં, प्रतियोगित्वावच्छिन्नकारणता–निरूपितकार्यताश्रयत्व મનાય છે. અથવા વિશેષતઃ કાર્યકારણભાવની અપેક્ષાએ, પ્રતિયોગિનિષ્ઠ તત્તદ્વ્યક્તિત્વાવચ્છિન્નકારણતા–નિરૂપિતકાર્યતાશ્રયત્વ મનાય છે. પરંતુ અનુભવત્વાવચ્છિન્નકારણતા-નિરૂપિતકાર્યતાશ્રયત્વરૂપ અનુભવજન્યત્વ અનુભવધ્વંસમાં મનાતું નથી. તેથી વિવક્ષિત અનુભવજન્યત્વ અનુભવધ્વંસમાં ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવતી નથી. જેથી તેના નિવારણ માટે આપેલું 'स्मृतिहेतुत्व' પદ વ્યર્થ છે. તોપણ સ્મૃતિમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં 'स्मृतिहेतुत्व' પદનો નિવેશ આવશ્યક છે, સ્મૃતિની પ્રત્યે અનુભવત્વેન અનુભવ કારણ છે, જ્ઞાનત્વેન નહિ. તેથી અનુભવત્વાવચ્છિન્નકારણતા નિરૂપિતકાર્યતાશ્રયત્વરૂપ 'અનુભવ-જન્યત્વ' સ્મૃતિમાં છે. હવે જો स्मृतिहेतुत्व પદનું ઉપાદાન ન કરીએ તો સ્મૃતિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં स्मृतिहेतुत्व પદના નિવેશથી સ્મૃતિમાં અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે સ્મૃતિનું કારણ સ્મૃતિ નથી.] (મુદ્રિત ન્યાયબોધિનીમાં જે પાઠ કંસમાં છે તેનું વિવરણ પણ કંસમાં મૂક્યું છે.)

**(५०) संस्कारं विभजते–संस्कारेति । सामान्यगुणात्मविशेषगुणोभय-वृत्तिगुणत्वव्याप्यजातिमान्संस्कारः । घटादिवारणाय गुणत्वव्याप्येति । संयोगादिवारणाय सामान्यविशेषगुणोभयवृत्तीति । ज्ञानादिवारणाय सामान्येति । द्वितीयादिपतनासमवायिकारणं वेगः । रूपादिवारणाय**

द्वितीयादिपतनेति । कालादिवारणाय असमवायीति । भावनां लक्षयति-अनुभवेति । आत्मादिवारणाय प्रथमदलम् । अनुभवध्वंसवारणाय द्वितीयदलम् । स्थितिस्थापकमाह—अन्यथेति । पृथिवीमात्रसमवेतसंस्कार-त्वव्याप्यजातिमत्त्वं स्थितिस्थापकत्वम् । गन्धत्वमादाय गन्धेऽतिव्याप्तिवार-णाय संस्कारत्वव्याप्येति । भावनात्वमादाय भावनावारणाय पृथिवीसमवे-तेति । स्थितिस्थापकरूपान्यतरत्वमादाय रूपवारणाय जातीति । इति गुणा इति । द्रव्यकर्मभिन्नत्वे सति सामान्यवान् गुणः । द्रव्यकर्मणोरतिव्या-प्तिवारणाय विशेषणदलम् । सामान्यादावतिव्याप्तिवारणाय विशेष्यदलम् ।

## પદકૃત્ય

સામાન્યગુણ અને આત્મવિશેષગુણ ઉભયવૃત્તિ જે ગુણત્વવ્યાપ્ય જાતિ, તદ્જાતિમાનને સંસ્કાર કહેવાય છે. સંસ્કારત્વ જાતિ, ગુણત્વની વ્યાપ્ય છે તથા સામાન્યગુણ વેગમાં અને વિશેષગુણ ભાવનામાં (ઉભયમાં) વૃત્તિ છે. માત્ર 'सामान्यविशेषगुणोभयवृत्तिजातिमान् संस्कारः' આટલું લક્ષણ કરીએ તો સામાન્યગુણ સંખ્યાદિ અને વિશેષગુણ રૂપાદિમાં વૃત્તિ સત્તાજાતિ ઘટાદિમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં "गुणत्वव्याप्य" પદનો નિવેશ કર્યો છે. સત્તા જાતિ, ગુણત્વવ્યાપ્ય ન હોવાથી તેને લઈને ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. "गुणत्वव्याप्यजातिमान् संस्कारः" આટલું જ લક્ષણ કરીએ તો ગુણત્વવ્યાપ્યસંયોગત્વાદિજાતિમાન સંયોગાદિ ગુણમાં અતિવ્યાપ્તિ આવશે.તેના નિવારણ માટે લક્ષણમાં 'सामान्यात्मविशेषगुणोभयवृत्ति' પદનો નિવેશ કર્યો છે. સંયોગત્વ જાતિ સામાન્યઆત્મવિશેષ–ગુણોભયવૃત્તિ ન હોવાથી, તેને લઈને સંયોગમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'आत्मविशेषगुणवृत्ति-गुणत्वव्याप्यजातिमान् संस्कारः' આટલું લક્ષણ કરીએ તો તાદૃશ વિશેષગુણજ્ઞાનાદિવૃત્તિગુણત્વ વ્યાપ્યજ્ઞાનત્વજાતિમાન જ્ઞાનાદિગુણોમાં અતિવ્યાપ્તિ આવશે. તેના

---

१. अत्र पृथिवीवृत्तिवेग इति पाठः संभाव्यते ।

નિવારણ માટે લક્ષણમાં 'सामान्यात्मविशेषगुणोभयवृत्ति' આ પ્રમાણે 'सामान्य' પદનો નિવેશ કર્યો છે. જ્ઞાનત્વ જાતિ સામાન્ય-આત્મવિશેષગુણોભયવૃત્તિ ન હોવાથી તેને લઈને જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે. દ્વિતીય તૃતીય વગેરે પતનક્રિયાના અસમવાયિકારણને વેગ કહેવાય છે. વેગના લક્ષણમાં 'द्वितीयादिपतन-क्रिया' પદનો નિવેશ ન કરીએ તો પટરૂપાદિના અસમવાયિકારણ તન્તુરૂપાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'द्वितीयादि-पतनक्रिया' પદનો નિવેશ કર્યો છે. તન્તુરૂપાદિ દ્વિતીયાદિપતનક્રિયાના અસમવાયિકારણ નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં असमवायि પદનો નિવેશ ન કરીએ તો કાર્યમાત્રની પ્રત્યે કાલ કારણ હોવાથી દ્વિતીયાદિ પતનક્રિયાના કારણભૂત કાલમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે असमवायि પદનો નિવેશ કર્યો છે. જેથી કાલમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે દ્વિતીયાદિ પતનક્રિયાનું અસમવાયિકારણ કાલ નથી. 'अनुभवजन्यत्वे सति स्मृतिहेतुत्वम्' આ ભાવનાના લક્ષણમાં માત્ર 'स्मृतिहेतुत्व' પદનો જ નિવેશ કરીએ તો સ્મૃતિના સમવાયિકારણ આત્માદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં, 'अनुभवजन्यत्व' પદનો નિવેશ કર્યો છે. આત્માદિ, અનુભવજન્ય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'અનુભવથી જન્ય એવા અનુભવધ્વંસમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં स्मृतिहेतुत्व પદનો નિવેશ કર્યો છે.'-એ પૂર્વે જણાવ્યું છે. 'पृथ्वीमात्र-समवेतत्वविशिष्ट-संस्कारत्वव्याप्यजातिमत्त्व' આ સ્થિતિ-સ્થાપકનું લક્ષણ છે. સ્થિતિસ્થાપકત્વસ્વરૂપ સંસ્કારત્વવ્યાપ્યજાતિમાન સ્થિતિસ્થાપક સંસ્કાર, પૃથ્વીમાત્રમાં સમવેત હોવાથી લક્ષણસમન્વય થાય છે. માત્ર 'पृथ्वीमात्रसमवेतत्वविशिष्टजातिमत्त्वं આટલું સ્થિતિસ્થાપકનું લક્ષણ કરીએ તો ગન્ધત્વજાતિમાન ગંધ પણ પૃથ્વીમાત્રમાં જ સમવેત હોવાથી તેમાં (ગંધમાં)અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'संस्कारत्वव्याप्य' પદનો નિવેશ કર્યો છે. ગન્ધત્વ જાતિ સંસ્કારત્વવ્યાપ્ય નથી. તેથી તેને લઈને ગંધમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં

'संस्कारत्वव्याप्यजातिमत्त्व' પદનો જ નિવેશ કરીએ તો સંસ્કારત્વવ્યાપ્ય ભાવનાત્વજાતિમદ્ ભાવનામાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં પૃથ્વીમાત્રસમવેત-પદનો નિવેશ કર્યો છે. ભાવનાત્મક સંસ્કાર પૃથ્વીમાત્રસમવેત ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'पृथ्वीमात्रसमवेतत्वविशिष्टसंस्कारत्वव्याप्यधर्मवत्त्वम्' આ પ્રમાણે સ્થિતિસ્થાપકના લક્ષણમાં 'जाति' પદનો નિવેશ ન કરીએ તો સંસ્કાર-ત્વવ્યાપ્ય, સ્થિતિસ્થાપક અને રૂપ (નીલાદિરૂપ) એતદન્યતરત્વ ધર્મ નીલરૂપમાં પણ છે અને નીલરૂપ પૃથ્વીમાત્રસમવેત પણ છે. (પૃથ્વી-ભિન્નમાં નીલાદિરૂપ સમવેત નથી.) તેથી તાદૃશાન્યતરત્વ ધર્મને લઈને નીલાદિરૂપમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં जाति પદનો નિવેશ કર્યો છે. સ્થિતિસ્થાપકરૂપાન્યતરત્વ ધર્મ, જાતિ સ્વરૂપ ન હોવાથી તેને લઈને નીલાદિરૂપમાં અતિવ્યાપ્તિ નહીં આવે. [સ્થિતિસ્થાપકરૂપાન્યતરત્વધર્મ, સંસ્કારત્વનો વ્યાપ્ય છે એમ માનીને અતિવ્યાપ્તિનું પ્રદર્શન અને નિરાકરણ છે. વસ્તુતઃ અહીં 'વ્યાપ્યત્વ' પદાર્થનું સ્વરૂપ વિચારણીય છે. અથવા સ્થિતિસ્થાપકરૂપાન્યતરત્વ પાઠઘટકરૂપના સ્થાને 'પૃથ્વીવૃત્તિત્વવિશિષ્ટવેગ'નો ઉલ્લેખ કરીને ગ્રંથને સંગત બનાવવો.] "द्रव्यकर्मभिन्नत्वविशिष्टसामान्यवान् गुणः" અર્થાત્ દ્રવ્ય અને કર્મથી ભિન્ન એવા જાતિમાન પદાર્થને 'ગુણ' કહેવાય છે. લક્ષણનાં પદોનું પ્રયોજન ખૂબ જ સ્પષ્ટ છે.

## मूलम्

**चलनात्मकं कर्म । ऊर्ध्वदेशसंयोगहेतुरुत्क्षेपणम्, अधोदेशसंयोगहेतुरपक्षेपणं, शरीरस्य संनिकृष्टसंयोगहेतुराकुञ्चनं, विप्रकृष्टसंयोगहेतुः प्रसारणम्, अन्यत्सर्वं गमनम् ॥**

મૂલ :- ચલનાત્મક અર્થાદ્ ઉત્તરદેશસંયોગમાં અનુકૂલવ્યાપાર સ્વરૂપ કર્મ છે. ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન, આ પાંચ ભેદથી કર્મ પાંચ પ્રકારનું છે. ઊર્ધ્વદેશના સંયોગના કારણ-ભૂતકર્મને ઉત્ક્ષેપણ કહેવાય છે. અધોદેશના સંયોગના કારણભૂત કર્મને

અપક્ષેપણ કહેવાય છે. શરીરની નજીકમાં રહેલી વસ્તુ સાથેના શરીરસંયોગમાં કારણભૂત કર્મને આકુંચન કહેવાય છે અને શરીરથી દૂર રહેલી વસ્તુ સાથેના શરીરસંયોગના કારણભૂત કર્મને પ્રસારણ કહેવાય છે. તથા આ ચાર કર્મથી અતિરિક્ત કર્મને ગમન કહેવાય છે.

**(૫૦) चलनेति । संयोगभिन्नत्वे सति संयोगासमवायिकारणं कर्म । हस्तपुस्तकसंयोगवारणाय सत्यन्तम् । घटादिवारणाय विशेष्यदलम् । ऊर्ध्वेति । अपक्षेपणवारणाय ऊर्ध्वेति । कालादिवारणाय 'असाधारणे'त्यपि बोध्यम् । अधोदेशेति । उत्क्षेपणवारणाय अधोदेशेति । कालादिवारणाय 'असाधारणे'त्यपि देयम् । शरीरेति । प्रसारणादिवारणाय संनिकृष्टेति । कालादिवारणाय 'असाधारणं' देयम् । विप्रकृष्टेति । उत्क्षेपणादिवारणाय विप्रकृष्टेति । कालादिवारणाय 'असाधारण'मप्यावश्यकम् ॥**

## પદકૃત્ય

સંયોગથી ભિન્ન એવા, સંયોગના અસમવાયિકારણને કર્મ કહેવાય છે. સંયોગમાત્રની ઉત્પત્તિમાં કર્મ કારણ છે, સંયોગાત્મક કાર્યની સાથે એક અધિકરણ દ્રવ્યમાં 'કર્મ' પણ સમવાયસંબંધથી વૃત્તિ હોવાથી 'समवायसंबन्धावच्छिन्नसंयोगत्वावच्छिन्नकार्यतानिरूपितसमवायसंबन्धावच्छिन्नकारणताश्रयत्व' કર્મમાં હોવાથી તે, સંયોગનું અસમવાયિકારણ છે. લક્ષણમાં संयोगभिन्नत्व પદનું ઉપાદાન ન કરીએ તો ટેબલપુસ્તકના સંયોગાદિનું અસમવાયિકારણ, હસ્તપુસ્તકના સંયોગાદિ પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં संयोग-भिन्नत्व પદનું ઉપાદાન કર્યું છે. હસ્તપુસ્તકનો સંયોગ, સંયોગથી ભિન્ન ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કર્મલક્ષણમાં માત્ર 'संयोगभिन्नत्व' પદનો જ નિવેશ કરીએ તો સંયોગથી ભિન્ન એવા ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'संयोगासमवायि-कारणत्व' પદનો નિવેશ કર્યો છે. ઘટાદિ, સંયોગના અસમવાયિકારણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. ઉત્ક્ષેપણાત્મક કર્મના

લક્ષણમાં 'ऊर्ध्व' પદનો નિવેશ ન કરીએ તો અધોદેશના સંયોગના કારણભૂત અપક્ષેપણમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'ऊर्ध्व' પદનો નિવેશ કર્યો છે. જેથી અપક્ષેપણમાં અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે અપક્ષેપણ ઊર્ધ્વદેશના સંયોગમાં કારણ નથી. યદ્યપિ કાર્યમાત્રનું 'કાલ' કારણ હોવાથી, ઊર્ધ્વદેશના સંયોગમાં કારણભૂત કાલમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ તેના નિવારણ માટે લક્ષણમાં असाधारण પદનો નિવેશ સમજવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે કાલ, ઊર્ધ્વદેશના સંયોગનું અસાધારણકારણ નથી. આવી જ રીતે અપક્ષેપણાદિ કર્મલક્ષણમાં પદોનું પ્રયોજન સ્વયં સમજી લેવું. [અહીં એ વિચારવું જોઈએ કે–ઉત્ક્ષેપણાદિકર્મના લક્ષણમાં असाधारण પદનો નિવેશ કરીએ તોપણ ઊર્ધ્વદેશના સંયોગના હેતુભૂત પાષાણાદિ (જે કર્મના સમવાયિકારણ છે) માં અતિવ્યાપ્તિ આવશે. તેથી ઉત્ક્ષેપણાદિ કર્મલક્ષણઘટક હેતુ પદનો અર્થ, કર્મસામાન્ય લક્ષણાનુસારે અસમવાયિકારણ કરવો જોઈએ. જેથી કર્મના સમવાયિકારણ પાષાણાદિમાં અને સાધારણકારણ કાલમાં પણ અતિવ્યાપ્તિ નહીં આવે. એટલે વસ્તુતઃ લક્ષણમાં 'असाधारण' પદનો નિવેશ કરવાની જરૂર નથી.]

**नित्यमेकमनेकानुगतं सामान्यम् । द्रव्यगुणकर्मवृत्ति । परं सत्ता । अपरं द्रव्यत्वादि ॥**

મૂલ : નિત્ય હોય અને અનેકમાં સમવાયસંબંધથી જે વૃત્તિ હોય, તેને 'સામાન્ય' કહેવાય છે. જે, દ્રવ્ય ગુણ અને કર્મમાં વૃત્તિ છે. 'પર' અને 'અપર' ભેદથી સામાન્ય બે પ્રકારનું છે, જેનું સ્વરૂપ પૂર્વે જ જણાવ્યું છે.

(न्या०) सामान्यं निरूपयति–नित्यमेकमिति । नित्यत्वे सत्यनेकसमवेतत्वं सामान्यलक्षणम् । नित्यत्वविशेषणानुपादानेऽनेकसमवेतत्वस्य संयोगादौ सत्त्वात्तत्रातिव्याप्तिस्तद्वारणाय नित्यत्वविशेषणम् । अनेकसमवेतत्वानुपादाने नित्यत्वमात्रोपादाने आकाशादावतिव्याप्तिस्तद्वारणायानेकसमवेतत्वम् । अनेकसमवेतत्वानुपादाने नित्यत्वविशिष्टसमवेतत्व-

**मात्रोक्तावाकाशगतैकत्वपरिमाणादौ जलपरमाणुगतरूपादौ चातिव्याप्तिः । जलपरमाणुगतरूपादेराकाशगतैकत्वपरिमाणादेर्नित्यत्वात् समवेतत्वाच्च । अतः 'अनेके'ति समवेतविशेषणम् ॥**

## ન્યાયબોધિની

'नित्यत्वविशिष्ट-अनेकसमवेतत्व' સામાન્યનું લક્ષણ છે. नित्यत्व પદનું ઉપાદાન ન કરીએ તો સંયોગાદિ, પણ અનેકમાં સમવેત હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. લક્ષણમાં नित्यत्व પદનું ઉપાદાન કરીએ તો સંયોગાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સંયોગાદિ નિત્ય નથી. લક્ષણમાં માત્ર नित्यत्व પદનો જ નિવેશ કરીએ તો નિત્ય એવા આકાશાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે अनेक–समवेतत्व પદનો નિવેશ કર્યો છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે આકાશાદિ કોઈમાં પણ સમવાયસંબંધથી વૃત્તિ નથી. લક્ષણમાં 'अनेक' પદનો નિવેશ ન કરીએ તો નિત્ય અને સમવાયસંબંધથી જલપરમાણુમાં વૃત્તિ એવા રૂપાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'अनेक' પદનો નિવેશ કર્યો છે. જલપરમાણુનું રૂપ એકમાં જ સમવેત હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

**(૫૦) नित्यमिति । संयोगादिवारणाय नित्यमिति । कालादिपरिमाण-वारणाय अनेकेति । अनेकानुगतत्वं च समवायेन बोध्यम् । तेन नात्यन्ताभावेऽतिव्याप्तिः।**

## પદકૃત્ય

अनेकानुगतमित्यादि–મૂલમાં અનેકાધિકરણમાં વૃત્તિત્વસ્વરૂપ અનેકાનુગતત્વ સમવાયસંબંધથી જ લેવું જોઈએ. નહિ તો, ઘટાદ્યભાવ નિત્ય છે અને અનેક ભૂતલાદિ અધિકરણમાં સ્વરૂપસંબંધથી વૃત્તિ છે તેથી ઘટાદ્યભાવમાં નિત્યત્વવિશિષ્ટાનેકાનુગતત્વ હોવાથી અતિવ્યાપ્તિ આવશે. અનેકાનુગતત્વ સમવાયસંબંધથી લઈએ તો અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઘટાદ્યભાવ સમવાયસંબંધથી કોઈ પણ જગ્યાએ વૃત્તિ નથી.

ઘટાદ્યભાવ સ્વાધિકરણ ભૂતલાદિમાં સ્વરૂપાદિસંબંધથી જ વૃત્તિ હોય છે.

मूलम्

**नित्यद्रव्यवृत्तयो व्यावर्तका विशेषाः ॥**

મૂલ – નિત્યદ્રવ્યની અંદર સમવાયસંબંધથી રહેનારા અને પરમાણ્વાદિના પરસ્પરના ભેદને સિદ્ધ કરનારા વિશેષો અનન્તા છે.

**(૫૦) नित्यद्रव्यवृत्तय इति । घटत्वादिवारणाय नित्यद्रव्यवृत्तय इति। आत्मत्वमनस्त्ववारणाय 'आत्मत्वमनस्त्वभिन्ना' इत्यपि बोध्यम् ।**

## પદકૃત્ય

માત્ર વ્યાવર્ત્તકને વિશેષ કહીએ તો ઘટત્વાદિ પણ સ્વાશ્રય ઘટાદિમાં પટાદિભેદના, સાધક હોવાથી ઘટત્વાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'नित्यद्रव्यवृत्तयः' પદનો નિવેશ કર્યો છે. ઘટત્વાદિ નિત્યદ્રવ્યવૃત્તિ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ આત્મત્વ અને મનસ્ત્વ પણ સ્વાશ્રય આત્મા અને મનમાં તદતિરિક્ત દ્રવ્યાદિના ભેદના સાધક, તથા નિત્યદ્રવ્ય આત્મા અને મનમાં વૃત્તિ હોવાથી આત્મત્વ અને મનસ્ત્વમાં અતિવ્યાપ્તિ આવશે. તોપણ તેના નિવારણ માટે લક્ષણમાં 'आत्मत्वमनस्त्वभिन्नाः'પદનો નિવેશ કરી લેવો. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે આત્મત્વ અને મનસ્ત્વ, આત્મત્વમનસ્ત્વથી ભિન્ન નથી.

मूलम्

**नित्यसंबन्धः समवायः । अयुतसिद्धवृत्तिः । ययोर्द्वयोर्मध्य एकमविनश्यदवस्थमपराश्रितमेवावतिष्ठते तावयुतसिद्धौ । यथा अवयवावयविनौ गुणगुणिनौ क्रियाक्रियावन्तौ जातिव्यक्ती विशेषनित्यद्रव्ये चेति ।**

મૂલ :– નિત્ય સંબંધને સમવાય કહેવાય છે. સમવાય, અયુતસિદ્ધપદાર્થમાં વૃત્તિ છે. જે બે પદાર્થોમાંનો એક પદાર્થ પોતાનો વિનાશ ન થાય ત્યાં સુધી બીજાને આશ્રયીને રહે છે, તે બન્ને અયુતસિદ્ધ પદાર્થો કહેવાય છે. અવયવ-અવયવી; ગુણગુણી; ક્રિયા–

ક્રિયાવાન; જાતિવ્યક્તિ અને નિત્યદ્રવ્યવિશેષ, આ બધા અયુતસિદ્ધ પદાર્થો છે. ઘટ કપાલ, રૂપ ઘટ, ભ્રમણ ચક્ર, ઘટ ઘટત્વ અને પરમાણુ વિશેષ ઈત્યાદિ પદાર્થોનો પરસ્પરનો સંબંધ અન્યતરના વિનાશ સુધી હોવાથી તે તે ઘટાદિ પદાર્થો સ્વવિનાશપર્યન્ત કપાલાદિ પદાર્થોને આશ્રયીને રહે છે. તેથી તે બધા અયુતસિદ્ધ કહેવાય છે અને એ બેનો જે સંબંધ છે તેને સમવાય કહેવાય છે.

**(न्या०) समवायं निरूपयति–नित्येति । संबन्धत्वं विशिष्ट-प्रतीतिनियामकत्वम् । तावन्मात्रोक्तौ संयोगेऽतिव्याप्तिः, अतो नित्य इति विशेषणम् । ययोर्द्वयोर्मध्य इति । (यन्निष्ठकालनिरूपिताधेय-तासामान्यं यदवच्छिन्नं तदुभयान्यतरत्वमयुतसिद्धत्वमित्यर्थः)[1] ॥**

## ન્યાયબોધિની

વિશિષ્ટપ્રતીતિના નિયામકને સંબંધ કહેવાય છે. દંડ અને પુરુષ બંન્ને ભૂતલ પર વિદ્યમાન હોવા છતાં 'दण्डी पुरुषः' ઈત્યાકારક દંડવિશિષ્ટ પુરુષની પ્રતીતિ થતી નથી. પરંતુ એ દંડનો પુરુષની સાથે સંયોગ થાય છે, ત્યારે દંડવિશિષ્ટ પુરુષની પ્રતીતિ થાય છે. તેથી તાદૃશ વિશિષ્ટપ્રતીતિના કારણભૂત સંયોગને સંબંધ કહેવાય છે. આવી જ રીતે અન્ય સમવાયાદિ સંબંધો પણ રૂપવાન્ ઘટઃ ઈત્યાદ્યાકારક વિશિષ્ટ પ્રતીતિમાં કારણ હોવાથી સમવાયાદિ પણ સંબંધ છે. લક્ષણમાં નિત્ય પદનું ઉપાદાન ન કરીએ તો સંયોગાદિ સંબંધમાં અતિવ્યાપ્તિ

---

१ इदानीं कपालेषु घटः, इदानीं घटे रूपमित्यादिप्रत्ययेषु काले कपालादिदेशे चोभयत्राधिकरणत्वं भासते । तत्रैकत्र साक्षादन्यत्र परंपरयेति संप्रदायः । परंपरया-धिकरणमवच्छेदकमित्युच्यते । इदं लक्षणं कालस्याधिकरणत्वं देशस्यावच्छेदक-त्वमङ्गीकृत्येति प्रथमयत्पदेनावयविगुणक्रियाजातिविशेषाणां ग्रहणं द्वितीयेनावयवादेः । आधेयतासामान्यं सर्वा आधेयताः । वस्तुतो घटादिगतमेवावच्छिन्नत्वमाधेयतायां तूपचारः । अवयविप्रभृतीनामुत्पत्तिमारभ्याविनाशमवयवादिभ्योऽन्यत्राविद्यमानत्वात्सर्वा आधेयता अवयवाद्यवच्छिन्ना एव भवन्तीति लक्षणसंगतिः । इति वाक्रे इत्युपाह्वमहादेवशर्मविरचिता विषमस्थलटिप्पणी समाप्ता ॥

આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં नित्य પદનું ઉપાદાન કર્યું છે સંયોગાદિ સંબંધ નિત્ય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. यन्निष्ठ......ઈત્યાદિ–इदानीं कपाले घटः, घटे रूपम्, घटे कर्म, घटे घटत्वम्, नित्यद्रव्ये विशेषो वा, ઈત્યાકારક પ્રતીતિસ્થળે કાલમાં અને કપાલ, ઘટ તથા નિત્યદ્રવ્યમાં, અધિકરણતા પ્રતીત થાય છે. તન્નિરૂપિતઆધેયતા ઘટ, રૂપ, કર્મ, ઘટત્વ અને વિશેષમાં, પ્રતીત થાય છે. કાલનિષ્ઠાધિકરણતા સાક્ષાદ્ છે અને કપાલાદિ-નિષ્ઠાધિ-કરણતા પરંપરાએ છે. કપાલાદિમાં અધિકરણતા પરંપરયા હોવાથી ઘટાદિનિષ્ઠાધેયતાસામાન્યનો અવચ્છેદક કપાલાદિ મનાય છે. આથી સ્પષ્ટ છે કે કાલનિષ્ઠાધિકરણતાનિરૂપિતઘટાદિનિષ્ઠાધેયતા–સામાન્ય કપાલાદ્યવચ્છિન્ન છે. તેથી ઘટાદિ અને કપાલાદિ; અયુતસિદ્ધ છે. લક્ષણઘટક પ્રથમ यत् પદથી ઘટાદિ આધેયનું ગ્રહણ કરવું અને દ્વિતીય यत् પદથી કપાલાદિ અધિકરણનું ગ્રહણ કરવું. કંસમાંનો પાઠ વિશ્વસનીય નથી. પુસ્તકમાં હોવાથી યથાપાઠ વિવરણ કર્યું છે.

**(૫૦) नित्येति । आकाशादिवारणाय संबन्ध इति । संयोगवारणाय नित्येति । स्वरूपसंबन्धवारणाय 'तद्भिन्न' इत्यपि बोध्यम् ॥**

## પદકૃત્ય

'नित्यत्वे सति सम्बन्धत्वम्'આ સમવાયના લક્ષણમાં 'संबंधत्व' પદનું ઉપાદાન ન કરીએ તો નિત્ય આકાશાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'सम्बन्धत्व' પદનું ઉપાદાન કર્યું છે. આકાશમાં સંબંધત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. नित्यत्व પદના અનુપાદાનથી સંયોગાદિસંબંધમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી તેના નિવારણ માટે લક્ષણમાં नित्यत्व પદનું ઉપાદાન કર્યું છે, જેથી અનિત્ય સંયોગાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ સ્વરૂપસંબંધ પણ નિત્ય હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ તેના નિવારણ માટે લક્ષણમાં स्वरूपसंबंधभिन्नत्व નો પણ નિવેશ કરી લેવો. જેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સ્વરૂપસંબંધ, સ્વરૂપસંબંધથી ભિન્ન નથી.

## मूलम्

**अनादिः सान्तः प्रागभावः । उत्पत्तेः पूर्वं कार्यस्य ॥**

મૂલ :– અનાદિ [ઉત્પત્તિરહિત] અને સાન્ત [વિનાશી]ને 'પ્રાગભાવ' કહેવાય છે. ઘટાદિ કાર્યની ઉત્પત્તિપૂર્વે 'इह घट उत्पत्स्यते' આ પ્રમાણે જે, ઘટાદિનો અભાવ પ્રતીત થાય છે. તે ઘટાદિનો પ્રાગભાવ છે.

**(प०) प्रागभावं लक्षयति-अनादिरिति । घटादिवारणाय प्रथमदलम् । परमाणुवारणाय द्वितीयदलम् । पुनः प्रागभावः कस्मिन्कालेऽस्तीत्यत आह- उत्पत्तेरिति । कार्यस्योत्पत्तेः प्राक् स्वप्रतियोगिसमवायिकारणे वर्तत इत्यर्थः ॥**

## પદકૃત્ય

માત્ર સાન્ત [વિનાશી]ને પ્રાગભાવ કહીએ તો વિનાશી એવા ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'अनादि' પદનું ઉપાદાન કર્યું છે. ઘટાદિ અનાદિ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર અનાદિને પ્રાગભાવ કહીએ તો, અનાદિ એવા પરમાણુમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'सान्त' પદનું ઉપાદાન કર્યું છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે પરમાણુનો નાશ થતો નથી. કાર્યની ઉત્પત્તિપૂર્વે સ્વપ્રતિયોગીના [ઘટાદિના] સમવાયિકારણમાં ઘટાદિનો પ્રાગભાવ હોય છે.

## मूलम्

**सादिरनन्तः प्रध्वंसः । उत्पत्त्यनन्तरं कार्यस्य ॥**

મૂળ :– સાદિ [ઉત્પત્તિમાન] અને અનન્ત [અવિનાશી] ને પ્રધ્વંસ કહેવાય છે. કાર્યની ઉત્પત્તિ બાદ 'इह घटो ध्वस्तः' ઈત્યાકારક પ્રતીતિનો વિષયભૂત ઘટાભાવ, ઘટનો પ્રધ્વંસસ્વરૂપ અભાવ છે.

**(प०) ध्वंसं लक्षयति–'सादिरिति । घटादिवारणाय अनन्त इति ।**

---

१. उत्पत्तिमान् अविनाशी प्रध्वंस इति भावः ।

आत्मादिवारणाय सादिरिति । उत्पत्तीति । कार्यस्योत्पत्त्यनन्तरं स्वप्रतियोगिसमवायिकारणवृत्तिरित्यर्थः ॥ स च 'ध्वस्तः' इति प्रत्ययविषयः ॥

## પદકૃત્ય

માત્ર 'सादि'ને પ્રધ્વંસ કહીએ તો ઉત્પત્તિમાન ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'अनन्त' પદનું ઉપાદાન કર્યું છે. ઘટાદિ સાન્ત હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'अनन्त'ને ધ્વંસ કહીએ તો અવિનાશી એવા આત્માદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'सादि' પદનું ઉપાદાન કર્યું છે. તેથી આત્માદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે આત્માદિ સાદિ નથી. અનાદિ છે. ધ્વંસ પણ કાર્યની ઉત્પત્તિ બાદ, સ્વપ્રતિયોગિસમવાયિકારણ કપાલાદિમાં વૃત્તિ હોય છે. જે 'ध्वस्तः' ઈત્યાકારક પ્રતીતિનો વિષય છે.

## मूलम्

त्रैकालिकसंसर्गावच्छिन्नप्रतियोगिताकोऽत्यन्ताभावः । यथा भूतले घटो नास्तीति ॥

ભૂલ : "त्रैकालिकत्वे सति संसर्गावच्छिन्नप्रतियोगिताकत्वम्" આ અત્યન્તાભાવનું લક્ષણ છે. અર્થાત્ જે અભાવ નિત્ય હોય, અને જે અભાવની પ્રતિયોગિતા સંસર્ગાવચ્છિન્ન હોય તે અભાવને અત્યન્તાભાવ કહેવાય છે. જેનો, અભાવ વિવક્ષિત છે, તે અભાવનો પ્રતિયોગી કહેવાય છે. "અભાવના અધિકરણમાં પ્રતિયોગીનું અસત્ત્વ જે સંબંધથી જણાવ્યું હોય છે તે સંબંધ અભાવીયપ્રતિયોગિતાનો અવચ્છેદક કહેવાય છે."

(न्या०). अत्यन्ताभावं निरूपयति—त्रैकालिकेति । (प्रागभावाप्रतियोगित्वे सति ध्वंसाप्रतियोगित्वे सत्यन्योन्याभावभिन्नत्वे सत्यभावत्वमत्यन्ताभावस्य लक्षणम् । ध्वंसप्रागभावान्योन्याभावाकाशादीनां वारणाय यथाक्रमं विशेषणोपादानम् । वस्तुतस्तु संसर्गाभावत्वं तादात्म्यभिन्नसंबन्धावच्छिन्न-

प्रतियोगिताकाभावत्वम् । ध्वंसप्रागभावयोश्च न संसर्गावच्छिन्नप्रतियोगिताकत्वमिति तेनैव तद्वारणे 'त्रैकालिके'ति स्वरूपाख्यानमेवेति बोध्यम् ।)

## ન્યાયબોધિની

જે પ્રાગભાવનો અપ્રતિયોગી છે, ધ્વંસનો અપ્રતિયોગી છે અને અન્યોન્યાભાવથી ભિન્ન છે, તે અભાવને અત્યન્તાભાવ કહેવાય છે. ધ્વંસનો ધ્વંસ થતો ન હોવાથી ધ્વંસમાં ધ્વંસનું અપ્રતિયોગિત્વ છે. પ્રાગભાવની ઉત્પત્તિ થતી ન હોવાથી પ્રાગભાવમાં પ્રાગભાવનું અપ્રતિયોગિત્વ છે. લક્ષણમાં અનુક્રમે प्रागभावाप्रतियोगित्व અને ध्वंसाप्रतियोगित्व પદનો નિવેશ ન કરીએ તો ધ્વંસ અને પ્રાગભાવમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી તેના નિવારણ માટે અનુક્રમે प्रागभावाप्रतियोगित्व અને ध्वंसाप्रतियोगित्व પદનો નિવેશ કર્યો છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ધ્વંસની ઉત્પત્તિ થતી હોવાથી ધ્વંસમાં પ્રાગભાવનું અપ્રતિયોગિત્વ નથી અને પ્રાગભાવનો વિનાશ થતો હોવાથી તેમાં ધ્વંસાપ્રતિયોગત્વ નથી. લક્ષણમાં अन्योन्याभाव(भेद) भिन्नत्व પદનો નિવેશ ન કરીએ તો અન્યોન્યાભાવ, નિત્ય હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે अन्योन्याभावभिन्नत्व પદનો નિવેશ કર્યો છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે અન્યોન્યાભાવ, અન્યોન્યાભાવથી ભિન્ન નથી. લક્ષણમાં अभावत्व પદનો નિવેશ ન કરીએ તો આકાશાદિ, નિત્ય અને અન્યોન્યાભાવથી ભિન્ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં अभाव પદનો નિવેશ કર્યો છે. જેથી આકાશાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તેમાં અભાવત્વ નથી. વસ્તુતઃ મૂલમાં 'संसर्गावच्छिन्न' પદનો અર્થ 'તાદાત્મ્યભિન્નસંબંધાવચ્છિન્ન' આ છે. તેથી "तादात्म्यभिन्नसंसर्गावच्छिन्नप्रतियोगिताकाभावत्वम्" આ અત્યન્તાભાવનું લક્ષણ વિવક્ષિત હોવાથી ધ્વંસ અને પ્રાગભાવમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ધ્વંસ અને પ્રાગભાવીયપ્રતિયોગિતા કોઈ પણ સંસર્ગાવચ્છિન્ન મનાતી નથી. તેમ જ અન્યોન્યાભાવીય

પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ તાદાત્મ્ય જ હોય છે. તેથી તેમાં પણ અતિવ્યાપ્તિ નહીં આવે. આથી યદ્યપિ મૂલમાં 'त्रैकालिक' પદ વ્યર્થ છે, પરંતુ તે પદનું ઉપાદાન માત્ર 'અત્યન્તાભાવ નિત્ય છે' એ જણાવવા જ કર્યું છે. એમ સમજવાથી કોઈ પણ દોષ મૂલમાં નહિ જણાય.

(प०) अत्यन्ताभावं लक्षयति–त्रैकालिकेति । त्रैकालिकत्वे सति संसर्गावच्छिन्नप्रतियोगिताकोऽत्यन्ताभावः । ध्वंसप्रागभाववारणाय त्रैकालिकेति । भेदवारणाय संसर्गेत्यादि ॥

## પદકૃત્ય

સ્પષ્ટપ્રાયઃ છે. જેઓ ધ્વંસ અને પ્રાગભાવીય પ્રતિયોગિતા પણ સંસર્ગાવચ્છિન્ન માને છે તેમના મતે ધ્વંસાદિમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં 'त्रैकालिक' પદનું ઉપાદાન આવશ્યક છે અને પૂર્વે જણાવ્યા મુજબ વિશિષ્ટ પ્રતીતિના નિયામકને જ સંસર્ગ મનાય છે. તેથી તાદાત્મ્યને જો સંસર્ગ ન માનીએ તો મૂલસ્થ संसर्गावच्छिन्न પદનો અર્થ, 'તાદાત્મ્યભિન્નસંસર્ગાવચ્છિન્ન' કરવાની આવશ્યકતા નથી. તાદાત્મ્યસંબંધથી કોઈ પણ વસ્તુ સ્વમાં જ વૃત્તિ હોવાથી 'ઘટો ઘટવાન્' ઈત્યાદિ વિશિષ્ટ પ્રતીતિ થતી ન હોવાથી તાદાત્મ્યસંબંધને વિશિષ્ટપ્રતીતિનિયામક સંસર્ગ માનતા નથી.

## मूलम्

तादात्म्यसंबन्धावच्छिन्नप्रतियोगिताकोऽन्योन्याभावः । यथा घटः पटो नेति ॥

(न्या०) अन्योन्याभावं निरूपयति–तादाम्येति ।

મૂળ : તાદાત્મ્યસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવને અન્યોન્યાભાવ કહેવાય છે. 'ઘટો ન પટઃ' ઈત્યાકારક પ્રતીતિ ઘટાધિકરણક પટભેદનું અવગાહન કરે છે. ઘટમાં પટ, કાલિકાદિ સંબંધથી વિદ્યમાન હોવા છતાં ઘટમાં પટના ભેદની જે પ્રતીતિ થાય છે તદનુસારે ઘટમાં પટ, તાદાત્મ્યસંબંધથી નથી. એ પ્રમાણે વક્તાનું

તાત્પર્ય સમજાય છે. આથી સ્પષ્ટ છે કે ઘટો ન પટઃ ઈત્યાકારક પ્રતીતિના વિષયભૂત અભાવીયપ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ તાદાત્મ્ય છે અને તદવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવને અન્યોન્યાભાવ કહેવાય છે.

**(૫૦) अन्योन्याभावं लक्षयति–तादात्म्येति । प्रागभावप्रध्वंसाभाववारणाय संबन्धेति । अत्यन्ताभाववारणाय तादात्म्यत्वेन संबन्धो विशेषणीयः ।**

## પદકૃત્ય

માત્ર અભાવને જ અન્યોન્યાભાવ કહીએ તો ધ્વંસાદિ પણ અભાવ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં સંસર્ગાવચ્છિન્ન પદનો નિવેશ કર્યો છે. જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ધ્વંસ અને પ્રાગભાવીય પ્રતિયોગિતા સંસર્ગાવચ્છિન્ન મનાતી નથી. માત્ર સંસર્ગાવચ્છિન્ન પ્રતિયોગિતાક અભાવને અન્યોન્યાભાવ કહીએ તો, અત્યન્તાભાવ પણ સંસર્ગાવચ્છિન્ન પ્રતિયોગિતાક હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં તાદાત્મ્ય પદનો નિવેશ કર્યો છે. તેથી અત્યન્તાભાવમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે અત્યન્તાભાવીયપ્રતિયોગિતા તાદાત્મ્યસંબંધાવચ્છિન્ન નથી હોતી. યદ્યપિ સંયોગીના અત્યન્તા–ભાવની પ્રતિયોગિતા સંયોગી[સંયોગવિશિષ્ટ]માં છે. પ્રતિયોગિતા–વચ્છેદક સંયોગિત્વ[સંયોગ]છે, જે સંયોગીનું તાદાત્મ્ય છે અને સંબંધ સ્વરૂપ પણ છે. તેથી સંયોગાત્મક તાદાત્મ્યસંબન્ધાવચ્છિન્નપ્રતિ-યોગિતાક સંયોગ્યત્યન્તાભાવમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે લક્ષણમાં તાદાત્મ્ય, તાદાત્મ્યત્વેન વિવક્ષિત હોવાથી સંયોગીના અત્યન્તાભાવમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે, સંયોગીના અત્યન્તાભાવીય પ્રતિયોગિતાનો અવચ્છેદક સંયોગ, તાદાત્મ્યસ્વરૂપ [સંયોગીના તાદાત્મ્યસ્વરૂપ] હોવા છતાં તેમાં [સંયોગાત્મક તાદાત્મ્યમાં] તાદાત્મ્યત્વ માનતા નથી. તેથી તાદૃશ સંયોગાત્મક તાદાત્મ્યાવચ્છિન્નપ્રતિયોગિતાક અત્યન્તાભાવમાં

અતિવ્યાપ્તિ નહીં આવે. અન્યોન્યાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક તાદાત્મ્યસંબંધમાં જ તાદાત્મ્યત્વ મનાય છે અને અન્ય સંયોગાદ્યાત્મક તાદાત્મ્યમાં તાદાત્મ્યત્વ મનાતું નથી. તેનું કારણ અધ્યાપકો પાસેથી અથવા અન્યગ્રંથથી જાણી લેવું.

## मूलम्

सर्वेषां पदार्थानां यथायथमुक्तेष्वन्तर्भावात्सप्तैव पदार्था इति सिद्धम् ।

कणादन्यायमतयोर्बालव्युत्पत्तिसिद्धये ।
अन्नंभट्टेन विदुषा रचितस्तर्कसंग्रहः ॥

इति श्रीमहामहोपाध्यायान्नंभट्टविरचितस्तर्कसंग्रहः समाप्तः ॥

મૂળ : ન્યાયદર્શનમાં પ્રસિદ્ધ સોળ પદાર્થોનો સમાવેશ ઉક્ત દ્રવ્યાદિ સાત પદાર્થોમાં થવાથી સાત જ પદાર્થો છે- એ સિદ્ધ થાય છે. કણાદ અને ન્યાયદર્શનના મતનું બાલ જીવોને જ્ઞાન થાય- એ આશયથી વિદ્વાન અન્નંભટ્ટે આ તર્કસંગ્રહની રચના કરી છે.

(न्या०) सर्वेषामिति । 'प्रमाणप्रमेयसंशयप्रयोजन दृष्टान्तसिद्धान्तावयवतर्क निर्णयवादजल्पवितण्डाहेत्वाभासच्छल-जाति–निग्रहस्थानानां तत्त्वज्ञानान्निःश्रेयसाधिगमः' इति न्यायस्यादिमसूत्र उक्तानां प्रमाणप्रमेयादीनामित्यर्थः । विस्तरस्त्वन्यत्रानुसंधेयः ।

इति श्रीमौनिगोवर्धनविरचिता तर्कसंग्रहस्य न्यायबोधिनीव्याख्या समाप्ता ॥

## ન્યાયબોધિની

(૧) प्रमाण. (२) प्रमेय. (३) संशय. (४) प्रयोजन. (५) दृष्टान्त. (६) सिद्धान्त. (७) अवयव. (८) तर्क. (९) निर्णय. (१०) वाद. (११) जल्प. (१२) वितण्डा. (१३) हेत्वाभास. (१४) छल. (१५) जाति. (१६) निग्रहस्थान. આ ન્યાયદર્શનપ્રસિદ્ધ સોળ પદાર્થોનો સમાવેશ, જે રીતે દ્રવ્યાદિ સાત પદાર્થોમાં થાય છે. તે દિનકરીથી સમજી લેવું. ઉક્ત સોળ પદાર્થોના તત્ત્વજ્ઞાનથી નિઃશ્રેયસ(મોક્ષ)ની પ્રાપ્તિ

થાય છે. એ પ્રમાણે ન્યાયદર્શનમાં આદ્યસૂત્રથી વર્ણન કરાયું છે.

(૫૦) पदार्थज्ञानस्य परमप्रयोजनं मोक्ष इत्यामनन्ति । स च आत्यन्तिकैकविंशतिदुःखध्वंसः । आत्यन्तिकत्वं च स्वसमानाधिकरणदुःखप्रागभावासमानकालीनत्वम् । दुःखध्वंसस्येदानीमपि सत्त्वेनास्मदादीनामपि मुक्तत्वापत्तिवारणाय कालीनान्तम् । मुक्त्यात्मकदुःखध्वंसस्यान्यदीयदुःखप्रागभावसमानकालीनत्वाद्वामदेवादीनां मुक्तात्मनामप्यमुक्तत्वप्रसंगात्स्वसमानाधिकरणेति प्रागभावविशेषणम् । दुःखानि चैकविंशतिः-शरीरं षडिन्द्रियाणि षड्विषयाः षड्बुद्धयः सुखं दुःखं चेति । दुःखानुषङ्गित्वाच्छरीरादौ गौणदुःखत्वम् । तथा च 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य' इति श्रुतेरात्मज्ञानसाधननिदिध्यासनसाधन–मननसाधनत्वं पदार्थज्ञाने संजाघटीति । एवं च तत्त्वज्ञाने सति शरीरपुत्रादावात्मत्वस्वीयत्वाभिमानरूपमिथ्याज्ञानस्य नाशः । तेन दोषाभावः । तेन प्रवृत्त्यनुत्पत्तिः । ततस्तत्कालीनशरीरेण कायव्यूहेन वा भोगतत्त्वज्ञानाभ्यां प्रारब्धकर्मणां नाशः । ततो जन्माभावः । 'नित्यनैमित्तिकैरेव कुर्वाणो दुरितक्षयम् । ज्ञानं च विमलीकुर्वन्नभ्यासेन च पाचयेत् ॥ अभ्यासात्पक्वविज्ञानः कैवल्यं लभते नरः ।' इत्यादिवचनात् 'तमेव विदित्वाऽतिमृत्युमेति' इति श्रुतेश्च, सगुणोपासनकाशीमरणादेरपि तत्त्वज्ञानद्वारा मुक्तिहेतुत्वम् । अत एव परमेश्वरः काश्यां तारकमुपदिशतीति सारम् ॥

चक्रे चन्द्रजसिंहो हि पदकृत्यमिदं शुभम् ।
परोपकारकरणं माधवो वीक्षतामिदम् ॥

इति श्रीमत्तत्रभवद्गुरुदत्तसिंहशिष्यश्रीचन्द्रजसिंहविरचितं पदकृत्यं समाप्तम् ॥

## પદકૃત્ય

પદાર્થજ્ઞાનનું પરમ પ્રયોજન–ફલ, મોક્ષ મનાય છે. આત્યન્તિક, એકવીશ દુઃખોના ધ્વંસને 'મોક્ષ' કહેવાય છે. દુઃખધ્વંસમાં

આત્યન્તિકત્વ, સ્વસમાનાધિકરણદુઃખપ્રાગભાવાસમાનકાલીનત્વસ્વરૂપ છે. જે દુઃખધ્વંસ, દુઃખધ્વંસાધિકરણવૃત્તિ–દુઃખપ્રાગભાવના કાલમાં વૃત્તિ ન હોય તે દુઃખધ્વંસ, આત્યન્તિક છે. મુક્તાત્માઓમાં વૃત્તિ દુઃખધ્વંસ, દુઃખપ્રાગભાવના કાલમાં વૃત્તિ નથી. કારણ કે મુક્તાત્માઓમાં દુઃખ ઉત્પન્ન થવાનું ન હોવાથી દુઃખપ્રાગભાવ નથી. માત્ર દુઃખધ્વંસને મોક્ષ કહીએ તો, યત્કિંચિત્ દુઃખધ્વંસ તો આપણા બધાના આત્મામાં પણ હોવાથી આપણામાં મુક્તત્વવ્યવહારનો પ્રસંગ આવશે. તેના નિવારણ માટે દુઃખધ્વંસનું 'દુઃખપ્રાગભાવાસમાન-કાલીનત્વ' વિશેષણ આપ્યું છે. જેથી આપણામાં મુક્તત્વવ્યવહારનો પ્રસંગ નહિ આવે. કારણ કે ભવિષ્યમાં ઉત્પન્ન થનાર દુઃખોનો પ્રાગભાવ આપણા આત્મામાં હોવાથી આપણો દુઃખધ્વંસ, દુઃખપ્રાગભાવસમાનકાલીન છે. માત્ર દુઃખપ્રાગભાવાસમાનકાલીન દુઃખધ્વંસને 'મુક્તિ' કહીએ તો, વામદેવાદિ મુક્તાત્માઓનો દુઃખધ્વંસ પણ આપણા આત્મામાં રહેનાર દુઃખપ્રાગભાવકાલીન હોવાથી તેઓમાં અમુક્તત્વની આપત્તિ આવશે. તેના નિવારણ માટે 'स्वसमानाधिकरण' પદનો નિવેશ કર્યો છે. જેથી વામદેવાદિમાં અમુક્તત્વાપત્તિ નહીં આવે. કારણ કે વામદેવાદિના આત્મામાં રહેનાર દુઃખધ્વંસ સ્વસમાનાધિકરણદુઃખપ્રાગભાવસમાનકાલીન નથી. ભિન્નાધિકરણવૃત્તિદુઃખપ્રાગભાવસમાનકાલીન છે. શરીર, છ ઈન્દ્રિયો, છ વિષયો (રૂપાદિ), ચાક્ષુષાદિ છ પ્રત્યક્ષ, સુખ અને દુઃખ આ એકવીશ દુઃખો છે. યદ્યપિ શરીરાદિ દુઃખસ્વરૂપ નથી. દુઃખાનુષંગી દુઃખના સાધન છે. તોપણ તેમાં દુઃખસાધનત્વરૂપ ગૌણદુઃખત્વ (ઉપચારથી દુઃખત્વ) હોવાથી શરીરાદિ ગૌણદુઃખસ્વરૂપ છે. મોક્ષની પ્રત્યે પદાર્થજ્ઞાનની ઉપયોગિતા સ્પષ્ટ કરે છે–तथा च 'आत्मा... ઈત્યાદિ ગ્રંથથી. "आत्मा वा अरे..." ઈત્યાદિ શ્રુતિથી આત્મજ્ઞાનનું સાધન નિદિધ્યાસન કહ્યું છે. નિદિધ્યાસનનું સાધન મનન કહ્યું છે અને એ મનનમાં સાધન પદાર્થજ્ઞાન છે. આ રીતે આત્મજ્ઞાનમાં પદાર્થજ્ઞાન પરંપરાએ સાધન છે. આશય એ છે કે, વેદાદિથી ઉપદિષ્ટ યોગાદિથી

આત્માનું નિદિધ્યાસન થાય છે અને તેનાથી આત્માનો સાક્ષાત્કાર થાય છે. આત્માના નિદિધ્યાસનમાં આત્માનું મનન અર્થાત્ અનુમાન પણ સાધન છે. એ અનુમાન "अयमात्मा स्वेतरभिन्न आत्मत्वात्" ઇત્યાકારક આત્મેતરભેદવિષયક છે. ઈતરભેદનું જ્ઞાન, આત્મામાં અનુમાનથી થાય છે. ઈતરભેદાત્મક અભાવના જ્ઞાનમાં આત્મેતર પદાર્થમાત્રનું જ્ઞાન પ્રતિયોગીના જ્ઞાનવિધયા કારણ છે. અભાવજ્ઞાનની પ્રત્યે પ્રતિયોગીનું જ્ઞાન કારણ છે. આ રીતે સ્વેતરભેદવિશિષ્ટ આત્મજ્ઞાનમાં, સ્વેતરપદાર્થમાત્રનું જ્ઞાન કારણ બને છે. આ રીતે તત્ત્વજ્ઞાન અર્થાદ્ આત્મજ્ઞાન થયા પછી, શરીર તથા પુત્રાદિ પદાર્થોમાં આત્મત્વ અને સ્વીયત્વના અભિમાનરૂપ મિથ્યાજ્ઞાનનો નાશ થાય છે. તેનાથી રાગાદિદોષોનો નાશ થાય છે. તેનાથી પ્રવૃત્તિની અનુત્પત્તિ થાય છે. જેથી નવાં કર્મો બંધાતાં અટકી જાય છે. પૂર્વસંચિત કર્મોનો, તત્કાલીન શરીરથી અથવા કાયસમૂહથી ભોગ અને તત્ત્વજ્ઞાનથી નાશ થાય છે અને ત્યાર બાદ જન્મનો અભાવ થાય છે. 'સંધ્યાવંદનાદિ નિત્યકર્મ અને યાગાદિ નૈમિત્તિક કર્મોથી પાપના ક્ષયને કરતો, જ્ઞાનને નિર્મળ બનાવતો અભ્યાસથી જ્ઞાનને પરિપક્વ બનાવે અને આ રીતે અભ્યાસથી પરિપક્વ વિજ્ઞાનવાલો મનુષ્ય કૈવલ્ય અવસ્થાને પ્રાપ્ત કરે છે.'' ઈત્યાદિ વચનથી અને "તેને અર્થાત્ આત્માને જ જાણીને જીવ અતિમૃત્યુ–મોક્ષ અવસ્થાને પ્રાપ્ત કરે છે." ઈત્યાદિ શ્રુતિથી આત્મજ્ઞાન જ મુક્તિનું સાધન છે-એ સ્પષ્ટ છે. 'કાશીમરણાન્મુક્તિઃ' ઈત્યાદિ વાક્યો પણ સગુણબ્રહ્મની ઉપાસના અને કાશીમરણમાં મુક્તિહેતુત્વ તત્ત્વજ્ઞાન દ્વારા જ જણાવે છે. તેથી જ કહ્યું છે કે "પરમેશ્વર કાશીમાં તારક એવા માર્ગનો ઉપદેશ આપે છે." પરોપકારને કરનારું, સુંદર આ પદકૃત્ય ચંદ્રજસિંહે બનાવ્યું છે. એને શ્રીકૃષ્ણ ભગવાન જુએ. ॥

॥ इति न्यायबोधिनी–पदकृत्यसमेततर्कसंग्रहविवरणम् ॥

अनल्पानतिविस्तार–मनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय, चन्द्रगुप्तेन धीमता ॥१॥

# तर्कसंग्रहे परिशिष्टम् ।

(१) ज्ञानेच्छाकृतयः सविषयाः ।

(२) "ઈષ્ટદેવતા નમસ્કારાત્મક મંગલ :- निधाय०... ...ઈત્યાદિ
વસ્તુનિર્દેશાત્મક મંગલ :- जीवा०... ...ઈત્યાદિ
આશીર્વાદાત્મક મંગલ :- कमठे०.... ...ઈત્યાદિ"

(३) "વિષય અધિકારી સંબંધ અને પ્રયોજન આ અનુબંધ ચતુષ્ટયનું કથન; બુદ્ધિમાનોની પ્રવૃત્તિ માટે ગ્રંથની આદિમાં કરાય છે."

(४) अधीतव्याकरणकाव्यकोशोऽनधीतन्यायशास्त्रो बालः ॥

(५) "तर्क्यन्ते=प्रमितिविषयीक्रियन्ते इति तर्काः ।

(६) संक्षेपेणोद्देशलक्षण-परीक्षा यस्मिन् स ग्रन्थः ।

(७) नाममात्रेण वस्तुसंकीर्त्तनमुद्देशः । यथा द्रव्यं गुणाः ।

(८) असाधारणधर्मो लक्षणम् । यथा पृथिव्या गन्धः ।

(९) लक्षितस्य लक्षणं सम्भवति न वेति विचारः परीक्षा ।

(१०) उद्देशस्य पक्षज्ञानं फलम्, लक्षणस्येतरभेदज्ञानम्, परीक्षाया लक्षणे दोषपरिहारः फलम् ॥

(११) द्रव्य-गुण-कर्म-सामान्य-विशेष-समवाया-भावाः सप्त पदार्थाः ।

(१२) असति बाधके उद्देश्यतावच्छेदकव्यापकत्वं विधेये भासते ।

(१३) अन्यूनानतिप्रसक्तो धर्मोऽवच्छेदकः ।
गौणसमनियतधर्मोऽवच्छेदकः ॥

(१४) "तद्भिन्नत्वे सति तद्भिन्नत्वे सति तद्भिन्नं यत् तदन्यत्वमन्यतमत्वम्" । "तद्भिन्नत्वे सति तद्भिन्नं यत् तदन्यत्वमन्यतरत्वम्" । 'भेदकूटावच्छिन्नप्रतियोगिताकभेदवत्त्वमन्यतमत्वम्' । भेदद्वयावच्छिन्नप्रतियोगिताकभेदवत्त्वमन्यतरत्वम् ।

(१५) यस्याभावः स प्रतियोगी ।

(१६) "स्वसमभिव्याहृतपदार्थतावच्छेदकव्याप्यमिथोविरुद्धयावद्धर्म-विशिष्टधर्मिणां प्रतिपादनं विभागः ।"

(१७) अधिकदेशवृत्तित्वम् व्यापकत्वम्; अल्पदेशवृत्तित्वञ्च व्याप्यत्वम् ।

(१८) वह्निसंयुक्तेन्धनादिसमवधानकालीनदाहाभावः, कारणाभावप्रयुक्तः, कार्याभावत्वाद् । यत्र यत्र कार्याभावत्वम्, तत्र तत्र कारणाभावप्रयुक्तत्वम् यथा दण्डाभावप्रयुक्तघटाभावः ।

(१९) शक्ति र्द्रव्यगुणकर्मभिन्ना, गुणवृत्तित्वाद् । यत्र यत्र गुणवृत्तित्वम् तत्र तत्र द्रव्यगुणकर्मभिन्नत्वम् यथा गुणत्वादिकम् । शक्तिः, सामान्यादिचतुष्टयभिन्ना, उत्पत्तिमत्त्वे सति विनाशशालित्वाद् । यत्र यत्रोत्पत्तिमत्त्वे सति विनाशशालित्वम् तत्र तत्र सामान्यादिचतुष्टयभिन्नत्वम् यथा द्रव्यादिकम् ।

(२०) प्रकृतकार्यानुकूलकारणविघटकत्वं प्रतिबन्धकत्वम् । कारणीभूताभावप्रतियोगित्वं प्रतिबन्धकत्वम् ॥

(२१) तत्र द्रव्याणि पृथिव्यप्तेजोवाय्वाकाशकालदिगात्ममनांसि नवैव ॥

(२२) गुणवत्त्वं क्रियाश्रयत्वं वा द्रव्यत्वम् ।

(२३) तमो द्रव्यं, नीलरूपवत्त्वात् चलनक्रियाश्रयत्वाच्च । यत्र यत्र नीलरूपवत्त्वं, चलनाश्रयत्वं वा तत्र तत्र द्रव्यत्वं, यथा घटादिकम् ॥

(२४) तमः पृथ्वीभिन्नं, गन्धशून्यत्वात् । यत्र यत्र गन्धशून्यत्वं तत्र तत्र पृथ्वीभिन्नत्वं, यथा जलादिकम् ॥ तमो, जलतेजोभिन्नं, शीतोष्णस्पर्शरहितत्वाद् । यत्र यत्र शीतोष्णस्पर्शशून्यत्वं तत्र तत्र जलतेजोभिन्नत्वं; यथा पृथिव्यादिकम् ॥ तमो, वाय्वादिषड्भिन्नं, रूपवत्त्वाद् । यत्र यत्र रूपवत्त्वं तत्र तत्र वाय्वादिषड्भिन्नत्वम्, यथा पृथिव्यादिकम् ॥

(२५) द्रव्यत्वजातिमत्त्वं गुणवत्त्वं समवायिकारणत्वं वा द्रव्यसामान्यलक्षणम् ।

(२६) रूपरसगन्धस्पर्शसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागपरत्वापरत्व–गुरुत्वद्रवत्वस्नेहशब्दबुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्म–संस्काराश्चतुर्विंशतिर्गुणाः ।

(२७) उत्क्षेपणापक्षेपणाकुञ्चनप्रसारणगमनानि पञ्च कर्माणि ॥ परमपरञ्चेति द्विविधं सामान्यम् ॥ परत्वञ्चाधिकदेशवृत्तित्वम् ।

अपरत्वञ्चाल्पदेशवृत्तित्वम् ॥

(२८) नित्यद्रव्यवृत्तयो विशेषास्त्वनन्ता एव ॥ समवायस्त्वेक एव ॥

(२९) अभावश्चतुर्विधः-प्रागभावः, प्रध्वंसाभावोऽत्यन्ताभावोऽन्योन्याभावश्च ॥

(३०) उत्पन्नं द्रव्यं क्षणमेकं निर्गुणं निष्क्रियञ्च तिष्ठति ।

(३१) गन्धवत्त्वं पृथिव्या लक्षणम् ॥

(३२) यो धर्मो यस्यावच्छेदकः स तद्धर्मावच्छिन्नः ।

(३३) यः सम्बन्धो यस्यावच्छेदकः स तत्सम्बन्धावच्छिन्नः ।

(३४) सामानाधिकरण्यम्—एकाधिकरणवृत्तित्वम् । तत्सम्बन्धावच्छिन्नतद्धर्मावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावन्निरूपिततत्सम्बन्धावच्छिन्न-तद्धर्मावच्छिन्नाधेयतावत्त्वम् तत्सामान्याधिकरण्यम् ॥

(३५) સ્વાધિકરણમાં આધેય જે સંબંધથી વૃત્તિ હોય છે તે સંબંધને આધેયતાવચ્છેદક કહેવાય છે અને આધેયતા તે સંબંધથી અવચ્છિન્ન કહેવાય છે.

(३६) "गन्धसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वं पृथिव्या लक्षणम् ।" गन्धत्वावच्छिन्न—समवायसम्बन्धावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावन्निरूपित—द्रव्यत्वव्याप्यजातित्वावच्छिन्न—समवायसम्बन्धावच्छिन्नाधेयतानिरूपिताधिकरणताश्रयत्वं पृथिव्या लक्षणम् ॥

(३७) यदव्याप्त्यतिव्याप्त्यसम्भवरूपदोषत्रयशून्यम् तदेव लक्षणम् ॥

(३८) लक्ष्यैकदेशावृत्तित्वम् अव्याप्तिः ।
लक्ष्यतावच्छेदकसामानाधिकरण्ये सति लक्ष्यतावच्छेदकसमानाधिकरणात्यन्ताभावप्रतियोगित्वमव्याप्तिः ॥

(३९) लक्ष्यवृत्तित्वे सति अलक्ष्यवृत्तित्वमतिव्याप्तिः ।
लक्ष्यतावच्छेदकव्यापकत्वे सति लक्ष्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकभेदसामानाधिकरण्यमतिव्याप्तिः ॥

(४०) लक्ष्यमात्रावृत्तित्वमसम्भवः ।
लक्ष्यतावच्छेदकव्यापकीभूताभावप्रतियोगित्वम् असम्भवः ॥

(४१) ध्वंसभिन्नत्वे सति ध्वंसाप्रतियोगित्वम् नित्यत्वम् ।

(૪૨) ध्वंसप्रागभावान्यतरप्रतियोगित्वमनित्यत्वम् ।

(૪૩) यद् भोगायतनम् तदेव शरीरम् । चेष्टाश्रयत्वं शरीरस्य लक्षणम् । हिताहितप्राप्तिपरिहारानुकूलक्रिया चेष्टा ॥

(૪૪) शरीरेन्द्रियभिन्नत्वे सति उपभोगसाधनं विषयः ॥

(૪૫) उष्णस्पर्शवत्तेजः । उष्णस्पर्शसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वं तेजसो लक्षणम् ।

(૪૬) शीतस्पर्शवत्य आपः । शीतस्पर्शसमानाधिकरणद्रव्यत्वव्याप्य-जातिमत्त्वं जलस्य लक्षणम् ॥

(૪૭) रूपरहितत्वे सति स्पर्शवत्त्वं वायोर्लक्षणम् ॥

समवायसम्बन्धावच्छिन्नरूपत्वावच्छिन्नप्रतियोगिताकाभावत्वावच्छिन्न-स्वरूपसंबंधावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावन्निरूपितसमवाय-सम्बन्धावच्छिन्नस्पर्शत्वावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावन्निरूपित-समवायसंबंधावच्छिन्नद्रव्यत्वव्याप्यजातित्वावच्छिन्नाधेयतानिरूपिता-धिकरणताश्रयत्वं वायोर्लक्षणम् ॥

रूपाभावसमानाधिकरणस्पर्शसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वं वायोर्लक्षणम् ॥

(૪૮) कालिकसंबन्धेन सर्वेषां पदार्थानां कालेऽनित्यमात्रे च वृत्तित्वम् ॥

(૪૯) कालेतरनित्येषु सर्वेषां कालिकसम्बंधावच्छिन्नप्रतियोगिताकाभावानां वृत्तित्वम् ॥

(૫૦) અભાવના અધિકરણમાં પ્રતિયોગીનું અસત્ત્વ જે સંબંધથી જણાવાયું હોય, તે સંબંધને અભાવીયપ્રતિયોગિતાવચ્છેદક સંબંધ કહેવાય છે.

(૫૧) વિશેષ્ય વૃત્તિ ધર્મ, વિશેષણ હોય છે. વિશેષ્યમાં જે સંબંધથી વિશેષણ રહે છે તે સંબંધને વિશેષણતાવચ્છેદક [પ્રકાર-તાવચ્છેદક] સંબંધ કહેવાય છે.

(૫૨) सतिसप्तम्या बोधितं वैशिष्ट्यं सर्वत्र सामानाधिकरण्यसंबन्धेन बोध्यम् ॥

(૫૩) અવયવ–અવયવી, ગુણગુણી, ક્રિયા–ક્રિયાવાન, જાતિવ્યક્તિ

અને નિત્યદ્રવ્ય–વિશેષ, આ પદાર્થોનો સમવાયસંબંધ હોય છે. બે દ્રવ્યોનો સંયોગસંબંધ હોય છે અને જે સંબંધીઓનો સંયોગ, સમવાય કે કાલિક સંબંધ નથી, તેઓનો બહુલતયા સ્વરૂપસંબંધ હોય છે.

(५४) समवायेन शब्दाश्रयत्वं गगनस्य लक्षणम् ।

(५५) सर्वमूर्त्तद्रव्यसंयोगित्वं विभुत्वम् । क्रियाश्रयत्वं मूर्तत्वम् । बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वं भूतत्वम् ।

(५६) रूपं गन्धो रसः स्पर्शः स्नेहः सांसिद्धिको द्रवः ।
बुद्ध्यादिभावनान्ताश्च शब्दो वैशेषिका गुणाः ॥

(५७) विभुत्वे सति अतीतादिव्यवहारहेतुत्वं कालस्य लक्षणम् ॥

(५८) विभुत्वे सति प्राच्यादिव्यवहारहेतुत्वं दिशो लक्षणम् ॥

(५९) ज्ञानाधिकरणमात्मा । सुखादिसमवायिकारणत्वं जीवस्य लक्षणम् । नित्यज्ञानवान् परमात्मा ॥

(६०) सुखदुःखादिसाक्षात्कारकारणत्वे सति इन्द्रियत्वं मनसो लक्षणम् ॥

(६१) चक्षुर्मात्रग्राह्यो गुणो रूपम् । चक्षुर्भिन्नेन्द्रियजन्यप्रत्यक्षाविषयत्वे सति चक्षुर्जन्यप्रत्यक्षविषयत्वे सति विशेषगुणत्वं रूपस्य लक्षणम् ॥ चक्षुर्मात्रग्राह्यजातिमद्गुणत्वं रूपस्य लक्षणम् ॥

(६२) येनेन्द्रियेण या व्यक्तिर्गृह्यते तद्गता जातिस्तदभावश्च तेनैवेन्द्रियेण गृह्यते । यो गुणो यदिन्द्रियग्राह्यस्तद्गताजातिस्तदिन्द्रियग्राह्या ॥

(६३) रसनग्राह्यो गुणो रसः । घ्राणग्राह्यो गुणो गन्धः । त्वगिन्द्रियमात्रग्राह्यो गुणः स्पर्शः ॥

(६४) रूपादिचतुष्टयं पृथिव्यां पाकजमनित्यञ्च । अन्यत्र जलादावपाकजम् । पाको नाम विजातीयतेजःसंयोगः ॥

(६५) एकत्वादिव्यवहारहेतुः संख्या ॥ मानव्यवहारासाधारणकारणं परिमाणम् ॥ पृथग्व्यवहारासाधारणकारणं पृथक्त्वम् ॥

(६६) संयुक्तव्यवहारहेतुः संयोगः । संयोगनाशकत्वविशिष्टगुणत्वं विभागस्य लक्षणम् ॥

(६७) परापरव्यवहारासाधारणकारणे परत्वापरत्वे ॥

(६८) आद्यपतनासमवायिकारणं गुरुत्वम् ।

(६९) आद्यस्यन्दनासमवायिकारणं द्रवत्वम् ।

(७०) चूर्णादिपिण्डीभावहेतुत्वे सति गुणत्वं स्नेहस्य लक्षणम् ॥

(७१) श्रोत्रेन्द्रियग्राह्यो गुणः शब्दः ॥ श्रोत्रेन्द्रियग्राह्यजातिमत्त्वं शब्दस्य लक्षणम् ॥

(७२) सर्वव्यवहारहेतुर्गुणो बुद्धिर्ज्ञानम् ॥

(७३) संस्कारमात्रजन्यं ज्ञानं स्मृतिः ॥ संस्कारजन्यत्वे सति संस्कारेतरेन्द्रियार्थसन्निकर्षाजन्यत्वविशिष्टज्ञानत्वं स्मृतेर्लक्षणम् ॥

(७४) स्मृतित्वावच्छिन्नप्रतियोगिताकभेदवत्त्वे सति ज्ञानत्वमनुभवस्य लक्षणम् ॥

(७५) पुरोवर्तिनि पूर्वदृष्टस्याभेदावगाहिज्ञानं प्रत्यभिज्ञा ।

(७६) तद्वति तत्प्रकारकोऽनुभवो यथार्थः । सैव प्रमा ॥ तद्वन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारताशालित्वे सत्यनुभवत्वं यथार्थानुभवस्य लक्षणम् ॥

(७७) नानामुख्यविशेष्यताशालिज्ञानं समूहालम्बनम् ॥

(७८) तदभाववति तत्प्रकारकोऽनुभवोऽयथार्थः ॥ तदभाववन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारतानिरूपकानुभवत्वमयथार्थानुभवस्य लक्षणम् ॥

(७९) प्रमाकरणत्वं प्रमाणस्य लक्षणम् ॥

(८०) व्यापारवदसाधारणकारणं करणम् ॥

(८१) कार्यत्वातिरिक्तधर्मावच्छिन्नकार्यतानिरूपितकारणताश्रयत्वमसाधारणकारणत्वम् ॥ कार्यत्वावच्छिन्नकार्यतानिरूपितकारणताश्रयत्वं साधारणकारणत्वम् ॥

(८२) द्रव्यान्यत्वे सति तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वं व्यापारस्य लक्षणम् ॥

(८३) अन्यथासिद्धिशून्यत्वे सति कार्यनियतपूर्ववृत्तित्वं कारणत्वम् ॥

(८४) अवश्यक्लृप्तनियतपूर्ववर्त्तिनैव कार्यसम्भवे तत्सहभूतत्वमन्यथासिद्धिः ॥

(૮૫) प्रागभावप्रतियोगित्वं कार्यत्वम् ॥

(૮૬) यत्समवेतं सत्कार्यमुत्पद्यते तत्समवायिकारणम् ॥ समवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकारणताश्रयत्वम् समवायिकारणस्य लक्षणम् ॥

(૮૭) कार्येण स्वकार्यसमवायिकारणेन वा सहैकस्मिन्नर्थे समवेतं सत्; यत्कारणं तदसमवायिकारणम् ॥ समवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपितसमवाय–स्वसमवायिसमवेतत्वान्यतरसंबंधावच्छिन्न–कारणताश्रयत्वे सति आत्मविशेषगुणभिन्नत्वमसमवायिकारणस्य लक्षणम् । अथवा, आत्मविशेषगुणभिन्नत्वे सति समवाय-स्वसमवायिसमवायित्वान्यतरसंबंधावच्छिन्नकार्यतानिरूपित–समवायसंबंधावच्छिन्नकारणताश्रयत्वमसमवायिकारणस्य लक्षणम् ॥

(૮૮) समवायिकारणभिन्नत्वे सति असमवायिकारणभिन्नत्वविशिष्ट-कारणत्वं निमित्तकारणस्य लक्षणम् ॥

(૮૯) यो जानाति स इच्छति, य इच्छति स करोति ॥

(૯૦) કાર્ય અને કારણ એક અધિકરણમાં જે સંબંધથી વૃત્તિ હોય છે તે સંબંધને અનુક્રમે કાર્યતાવચ્છેદક અને કારણતાવચ્છેદક સંબંધ કહેવાય છે અને તે સંબંધથી ક્રમશઃ કાર્યતા અને કારણતા અવચ્છિન્ન કહેવાય છે.

(૯૧) प्रत्यक्षज्ञानकरणम् प्रत्यक्षम् ॥

(૯૨) इन्द्रियार्थसन्निकर्षजन्यं ज्ञानं प्रत्यक्षम् । ज्ञानाकरणकं ज्ञानं प्रत्यक्षम् ॥

(૯૩) निष्प्रकारकं ज्ञानं निर्विकल्पकम् । प्रकारतादिविषयतात्रयशून्यत्वे सति ज्ञानत्वं निर्विकल्पकस्य लक्षणम् ॥

(૯૪) सप्रकारकं ज्ञानं सविकल्पकम् ॥ प्रकारतादिविषयतात्रयनिरूपकं ज्ञानं सविकल्पकम् ॥

(૯૫) द्रव्यवृत्तिलौकिकविषयत्वसंबंधावच्छिन्नचाक्षुषत्वस्पार्शनत्वमानसत्वावच्छिन्नकार्यतानिरूपितसमवायसम्बन्धावच्छिन्नकारणताश्रयश्चक्षुः–

[૧]संयोगः, [૨]त्वक्संयोगः, [૩]मनःसंयोगः सन्निकर्षः ॥ द्रव्यसमवेत गुणादिवृत्तिलौकिकविषयत्वसंबंधावच्छिन्न–चाक्षुषत्व–स्पार्शनत्व–मानसत्व–रासनत्व–घ्राणजत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबंधा–वच्छिन्नकारणताश्रयश्चक्षुः[૪]संयुक्तसमवायः, त्वक्[૫]संयुक्तसमवायः,मनः-[૬]संयुक्तसमवायः, [૭]रसनसंयुक्तसमवायः, [૮]घ्राणेन्द्रियसंयुक्तसमवायः सन्निकर्षः ॥

द्रव्यसमवेतसमवेतगुणत्वादिवृत्तिलौकिकविषयत्वसम्बंधावच्छिन्न–चाक्षुषत्व–स्पार्शनत्व–मानसत्व–रासनत्व–घ्राणजत्वावच्छिन्न–कार्य–तानिरूपितस्वरूपसम्बन्धावच्छिन्नकारणताश्रयश्चक्षु[૯]संयुक्तसमवेत––समवायः, [૧૦]त्वक्संयुक्तसमवेतसमवायः, [૧૧]मनःसंयुक्तसमवेतसमवायः, [૧૨]रसनसंयुक्तसमवेतसमवायः, [૧૩]घ्राणेन्द्रियसंयुक्तसमवेतसमवायः सन्निकर्षः ॥

शब्दवृत्तिलौकिकविषयत्वसम्बन्धावच्छिन्नश्रावणत्वावच्छिन्नकार्यता–निरूपितस्वरूपसम्बन्धावच्छिन्नकारणताश्रयः [૧૪]श्रवणेन्द्रियसमवायः सन्निकर्षः ॥

श्रवणेन्द्रियसमवेतसमवेतशब्दत्वादिवृत्तिलौकिकविषयत्वसम्बन्धाव-च्छिन्नश्रावणत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूपसम्बन्धावच्छिन्न–कारणताश्रयः [૧૫]श्रवणेन्द्रियसमवेतसमवायसन्निकर्षः ॥

(૯૬) 'यद्यत्र स्यात्तर्हि उपलभ्येत' આ પ્રમાણેના આરોપના વિષયભૂત અભાવનું પ્રાયઃ પ્રત્યક્ષ થાય છે.

(૯૭) द्रव्याधिकरणकाभाववृत्तिलौकिकविषयत्वसम्बन्धावच्छिन्नचाक्षुषत्व –स्पार्शनत्व–मानसत्व–रासनत्व–घ्राणजत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूप–संबंधावच्छिन्नकारणताश्रय[૧]श्चक्षुःसंयुक्तविशेषणता,[૨]त्वक्संयुक्तविशेष-

णता, मनःसंयुक्तविशेषणता[૩], रसनसंयुक्तविशेषणता[૪], घ्राणेन्द्रियसंयुक्तविशेषणता[૫] सन्निकर्षः ॥ द्रव्यसमवेतगुणाद्यधिकरणकाभाव-वृत्तिलौकिकविषयत्वसम्बन्धावच्छिन्न–चाक्षुषत्व–स्पार्शनत्व-मानसत्व–रासनत्व– घ्राणजत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूप––सम्बन्धावच्छिन्न–कारणताश्रयश्चक्षुःसंयुक्तसमवेतविशेषणता[૬],––त्वक्संयुक्तसमवेतविशेषणता[૭], मनःसंयुक्तसमवेतविशेषणता[૮],––रसनसंयुक्तसमवेतविशेषणता[૯], घ्राणेन्द्रियसंयुक्तसमवेतविशेषण-तासन्निकर्षः[૧૦] ॥ द्रव्यसमवेतसमवेतसामान्याधिकरणकाभाव-वृत्तिलौकिकविषयत्वसम्बन्धावच्छिन्नचाक्षुषत्व–स्पार्शनत्व-मानसत्व–रासनत्व–घ्राणजत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूपसम्बन्धा-वच्छिन्नकारणताश्रयश्चक्षुःसंयुक्तसमवेतसमवेतविशेषणता[૧૧], त्वक्संयुक्त समवेतसमवेतविशेषणता[૧૨], मनःसंयुक्तसमवेतसमवेतविशेषणता[૧૩], रसनसंयुक्तसमवेतसमवेतविशेषणता[૧૪], घ्राणेन्द्रियसंयुक्तसमवेतसमवेत-विशेषणतासन्निकर्षः[૧૫] ॥

गगनाधिकरणकशब्दाभाववृत्तिलौकिकविषयत्वसम्बन्धावच्छिन्न-श्रावणत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूपसम्बन्धावच्छिन्नकारणताश्रयः श्रवणेन्द्रियविशेषणतासन्निकर्षः[૧૬] ॥ शब्दाधिकरणककत्वाद्यभाववृत्ति-लौकिकविषयत्वसम्बन्धावच्छिन्नश्रावणत्वावच्छिन्नकार्यतानिरूपित-स्वरूपसंबंधावच्छिन्नकारणताश्रयः श्रवणेन्द्रियसमवेतविशेषणता-सन्निकर्षः[૧૭] ।

शब्दत्वाधिकरणककत्वाद्यभाववृत्तिलौकिकविषयत्वसंबंधावच्छिन्नश्रा-वणत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबंधावच्छिन्नकारणताश्रयः श्रव-णेन्द्रियसमवेतसमवेतविशेषणतासन्निकर्षः[૧૮] ॥ एवमेवाभावप्रत्य-

क्षकारणीभूतविशेषणतात्मकसन्निकर्षस्थाने तत्तदिन्द्रियसंयुक्तादि-विशेष्यतासन्निकर्षमुक्त्वाऽन्येऽपि अष्टादशसन्निकर्षाः स्वयमेव ज्ञेयाः ॥

(९८) द्रव्यवृत्तिलौकिकविषयत्वसम्बन्धावच्छिन्नचाक्षुषत्वाचमानसप्रत्यक्ष-त्वावच्छिन्नकार्यतानिरूपितसंयोगसम्बन्धावच्छिन्नकारणताश्रय-श्चक्षुः, त्वक्, मनश्च ॥ एवमेव द्रव्यसमवेतगुणादिप्रत्यक्ष–कारणीभूतसन्निकर्षाणां कारणतावच्छेदकसम्बन्धत्वं विज्ञाय पूर्ववदेव एकपञ्चाशद्भेदाः कार्यकारणभाव[प्रत्यक्षेन्द्रिययोः कार्यकारणभाव]स्य विज्ञेयाः ॥

(९९) अनुमितिकरणमनुमानम् ॥

(१००) परामर्शजन्यत्वे सति हेत्वविषयकज्ञानत्वमनुमितेर्लक्षणम् ॥
'साध्यवान्पक्षः' इत्याकारकज्ञानमनुमितिरूपम् ॥

(१०१) व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानं परामर्शः । पक्षनिष्ठविशेष्यतानिरूपित-हेतुनिष्ठप्रकारतानिरूपितव्याप्तिनिष्ठप्रकारतानिरूपकं ज्ञानं परामर्शः ॥ "साध्यव्याप्यहेतुमान्पक्षः" इति परामर्शात्मकज्ञान-स्याकारः ॥

(૧૦૨) જ્ઞાન, ઈચ્છા અને કૃતિ વિષયતાસંબંધથી સ્વવિષય ઘટાદિમાં રહે છે. તેમ જ સકલ પદાર્થો, વિષયિતાસંબંધથી પોતાના વિષયી જ્ઞાન, ઈચ્છા અને કૃતિમાં રહે છે.

(१०३) हेतुव्यापकसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ॥ स्वाधिकरण-वृत्त्यत्यन्ताभावप्रतियोगितानवच्छेदकधर्मवत्त्वं व्यापकत्वम् ॥

(१०४) पूर्वपक्षव्याप्तिस्तु–साध्याभाववदवृत्तित्वम् ॥ साध्याभावाधिकरण-निरूपितवृत्तित्वाभावो व्याप्तिः ॥

(૧૦૫) અનુમાનકર્તાને, પક્ષની અંદર સાધ્યસિદ્ધિ જે સંબંધથી ઈષ્ટ હોય તેને સાધ્યતાવચ્છેદકસંબંધ કહેવાય છે. વિવક્ષિત સાધ્યને સિદ્ધ કરવા જે સંબંધથી હેતુનું અસ્તિત્વ પક્ષમાં જણાવ્યું હોય તે સંબંધને હેતુતાવચ્છેદકસંબંધ કહેવાય છે. પ્રતિયોગીના અધિકરણથી ભિન્ન અધિકરણમાં રહેનારા અભાવને

પ્રતિયોગિવ્યધિકરણાભાવ કહેવાય છે.

(૧૦૬) साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न[१]–साध्यतावच्छेदकावच्छिन्नप्रति[१]–योगिताक[१][२]–प्रतियोगितावच्छेदकसंबंधावच्छिन्न[३]–प्रतियोगितावच्छेदकावच्छिन्नाधेयता[३][३]निरूपिताधिकरणतावद्भिन्नाधिकरणवृत्त्यभावत्वा[२]–वच्छिन्नाधेयता[४][४]निरूपिताधिकरणतावन्निरूपित[५]हेतुतावच्छेदकसंबंधावच्छिन्नवृत्तिता[५][५]त्वावच्छिन्न[६]प्रतियोगिताका[६]भावो व्याप्तिः ॥

(૧૦૭) व्याप्यस्य पर्वतादिवृत्तित्वं पक्षधर्मता । व्याप्यो नाम व्याप्त्याश्रयः । કોઈપણ સંબંધ, પ્રતિયોગિતાસંબંધથી આધેયમાં અને અનુયોગિતાસંબંધથી અધિકરણમાં રહે છે. પક્ષાનુયોગિક હેતુપ્રતિયોગિક સંબંધને પક્ષધર્મતા કહેવાય છે.

(૧૦૮) न्यायाऽप्रयोज्यानुमानम् स्वार्थानुमानम् ॥ न्यायप्रयोज्यानुमानम् परार्थानुमानम् ॥

(૧૦૯) प्रतिज्ञाद्यवयवपञ्चकसमुदायत्वं न्यायत्वम् ॥ प्रतिज्ञाद्यन्यतमत्वं अवयवत्वम् ।

(૧૧૦) प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनानि पञ्चावयवाः ॥ साध्यविशिष्टपक्षबोधकवचनं प्रतिज्ञा । पञ्चम्यन्तं तृतीयान्तं वा लिङ्गवचनं हेतुः । व्याप्तिप्रतिपादकदृष्टान्तवचनमुदाहरणम् । उदाहृतव्याप्तिविशिष्टत्वेन हेतोः पक्षधर्मताप्रतिपादकवचनमुपनयः । पक्षे साध्यस्याबाधितत्वप्रतिपादकवचनं निगमनम् ॥

(૧૧૧) अन्वयेन व्यतिरेकेण च व्याप्तिमदन्वयव्यतिरेकि ।

(૧૧૨) साध्याभावव्यापकीभूताभावप्रतियोगित्वं व्यतिरेकव्याप्तिः ॥
व्याप्यव्यापकभावो हि भावयो र्यादृगिष्यते । तयोरभावयोस्तस्माद्
विपरीतः प्रतीयते ॥ अन्वये साधनं व्याप्यं साध्यं व्यापकमिष्यते ।
साध्याभावोऽन्यथा व्याप्यो व्यापकः साधनात्ययः ॥

(૧૧૩) अन्वयमात्रव्याप्तिकं केवलान्वयी । केवलान्वयिसाध्यकत्वं केवला-

न्वयिहेतोर्लक्षणम् । स्वविरोधिवृत्तिमदभावाऽप्रतियोगित्वं केवलान्वयित्वम् ॥ एकजातीयसंबंधेन सर्वत्रविद्यमानत्वं केवलान्वयित्वमिति नव्याः ॥

(११४) व्यतिरेकमात्रव्याप्तिकं केवलव्यतिरेकि ॥

(११५) संदिग्धसाध्यवान्पक्षः । अनुमित्युद्देश्यत्वं पक्षस्य लक्षणम् ॥

(११६) निश्चितसाध्यवान्सपक्षः । निश्चितसाध्याभाववान् विपक्षः ॥

(११७) सव्यभिचारविरुद्धसत्प्रतिपक्षासिद्धबाधिताः पञ्च हेत्वाभासाः ॥

(११८) यद्विषयकत्वेन ज्ञानस्यानुमितितत्करणान्यतरप्रतिबन्धकत्वं तत्त्वं दोषसामान्यस्य लक्षणम् ॥

(११९) अनुमितितत्करणान्यतरनिष्ठप्रतिबध्यतानिरूपितज्ञाननिष्ठप्रतिबन्धकता यद्विषयकत्वावच्छिन्ना तत्त्वं दोषसामान्यस्य लक्षणम् ॥

(१२०) तद्वत्ताबुद्धिं प्रति तदभाववत्ताबुद्धिस्तदभावव्याप्यवत्ताबुद्धिर्वा प्रतिबन्धिका ॥

(१२१) अवश्यनिरूपणीयत्वे सति स्मृतस्योपेक्षानर्हत्वम् सप्रसङ्गसङ्गतित्वम् ॥

(१२२) पक्षवृत्तित्वे सति सपक्षवृत्तित्वे सति साध्याभाववद्वृत्तित्वम् साधारणानैकान्तिकस्य लक्षणम् ॥ सर्वसपक्षविपक्षव्यावृत्तः, केवलव्यतिरेकिभिन्नत्वविशिष्टः पक्षमात्रवृत्तिरसाधारणानैकान्तिकः ॥ अन्वयव्यतिरेकदृष्टान्तरहितोऽनुपसंहारी अनैकान्तिकः ॥

(१२३) सत्प्रतिपक्षभिन्नत्वविशिष्टसाध्याभावव्याप्तो हेतुर्विरुद्धः ।

(१२४) साध्याभावसाधकं हेत्वन्तरं यस्य स सत्प्रतिपक्षः ॥

(१२५) आश्रयासिद्ध-स्वरूपासिद्ध-व्याप्यत्वासिद्धान्यतमत्वमसिद्धत्वम् ॥ पक्षतावच्छेदकाभाववत्पक्षकत्वमाश्रयासिद्धत्वम् ॥ पक्षे हेतोरभावः स्वरूपासिद्धिः ॥

(१२६) सोपाधिको हेतुर्व्याप्यत्वासिद्धः । साध्यव्यापकत्वे सति साधना–ऽव्यापकत्वमुपाधिः । साध्यसमानाधिकरणात्यन्ताभावाऽप्रतियोगित्वम् साध्यव्यापकत्वम् । साधनवन्निष्ठात्यन्ताभावप्रतियोगित्वं

साधनाव्यापकत्वम् ॥ साधनम् साध्यव्यभिचारि, साध्यव्यापकोपाधिर्व्यभिचारित्वात् । यो यो यत्साध्यव्यापकव्यभिचारी स सर्वोऽपि तत्साध्यव्यभिचारी ॥

(१२७) यस्य साध्याभावः प्रमाणान्तरेण निश्चितः स बाधितः ॥ यस्य हेतोः साध्यरूपो विषयः पक्षे बाधितः, स बाधितः ॥

(१२८) उपमितिकरणमुपमानम् । संज्ञासंज्ञिसम्बन्धज्ञानमुपमितिः । एकत्र श्रुतस्यान्यत्र संबंधोऽतिदेशः ॥

(१२९) आप्तवाक्यं शब्दः । प्रयोगहेतुभूतयथार्थज्ञानवत्त्वमाप्तस्य लक्षणम् ॥ वाक्यं पदसमूहः ॥ निरूपकतासम्बन्धेन शक्तिविशिष्टं पदम् । अस्मात्पदादयमर्थो बोधव्य इतीश्वरसंकेतः शक्तिः । घटादिविशेष्यकघटादिपदजन्यबोधविषयत्वप्रकारकेश्वरेच्छा शक्तिः ॥ अर्थस्मृत्यनुकूलपदपदार्थसम्बन्धत्वं शक्तेर्लक्षणम् ॥

(१३०) शक्तिज्ञानजन्योपस्थितीयविशेष्यताश्रयत्वम् शक्यत्वम् । शक्यसंबंधो लक्षणा । लक्षणाज्ञानजन्योपस्थितीयविशेष्यताश्रयत्वं लक्ष्यत्वम् । एकसम्बन्धिज्ञानमपरसम्बन्धिनं स्मारयति ॥ सादृश्यविशिष्टे लक्षणा गौणी । लक्ष्यतावच्छेदकरूपेण लक्ष्यमात्रबोधप्रयोजिका लक्षणा जहल्लक्षणा । लक्ष्यतावच्छेदकरूपेण लक्ष्यशक्योभयबोधप्रयोजिका लक्षणा अजहल्लक्षणा । शक्यतावच्छेदकपरित्यागेन व्यक्तिमात्रबोधप्रयोजिका लक्षणा जहदजहल्लक्षणा ॥

(१३१) प्रतिबन्धकीभूतशिष्यजिज्ञासानिवृत्त्यनन्तरमवश्यवक्तव्यत्वमवसरसङ्गतित्वम् ॥

(१३२) पदस्य पदान्तरव्यतिरेकप्रयुक्तान्वयाननुभावकत्वमाकांक्षा ॥ अव्यवहितोत्तरत्वादिसम्बन्धेन यत्पदे यत्पदप्रकारकज्ञानव्यतिरेकप्रयुक्तो यादृशशाब्दबोधाऽभावस्तादृशशाब्दबोधे तत्पदे तत्पदवत्त्वमाकाङ्क्षा । अर्थाबाधो योग्यता । पदानामविलम्बेनोच्चारणं सन्निधिः ॥

(१३३) एकस्मिन् धर्मिणि विरुद्धनानाधर्मवैशिष्ट्यावगाहि ज्ञानं संशयः । एकधर्मावच्छिन्नविशेष्यतानिरूपितभावाभावोभयनिष्ठप्रकारतानिरूपकं ज्ञानं संशयः ॥ मिथ्याज्ञानं विपर्ययः ॥ व्याप्यारोपेण

व्यापकारोपस्तर्कः । बाधकालीनेच्छाजन्यं ज्ञानमारोपः ॥

(१३४) सर्वेषामनुकूलवेदनीयं सुखम् । इतरेच्छानधीनेच्छाविषयत्वं सुखस्य लक्षणम् ॥

(१३५) सर्वेषां प्रतिकूलवेदनीयं दुःखम् ॥ इतरद्वेषानधीनद्वेषविषयत्वं दुःखस्य लक्षणम् ॥

(१३६) इच्छात्वजातिमत्त्वमिच्छाया लक्षणम् । द्वेषत्वजातिमत्त्वं द्वेषस्य लक्षणम् ॥ द्विष्टसाधनताज्ञानजन्यगुणत्वं द्वेषस्य लक्षणम् ॥

(१३७) प्रयत्नत्वजातिमान् प्रयत्नः । इच्छाजन्यो गुणः प्रवृत्तिः । द्वेषजन्यो गुणो निवृत्तिः । जीवनादृष्टजन्यो गुणो जीवनयोनिः ॥

(१३८) वेदविहितकर्मजन्यो गुणो धर्मः । वेदनिषिद्धकर्मजन्यो गुणोऽधर्मः ॥

(१३९) सामान्यगुणात्मविशेषगुणोभयवृत्तिगुणत्वव्याप्यजातिमान् संस्कारः । द्वितीयादिपतनाऽसमवायिकारणं वेगः । अनुभवजन्यत्वे सति स्मृतिहेतुत्वं भावनाया लक्षणम् । अनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वे सति स्मृतिहेतुत्वम् भावनाया लक्षणम् ॥ अन्यथाकृतस्य पुनस्तदवस्थापादकः स्थितिस्थापकः ॥

(१४०) द्रव्यकर्मभिन्नत्वे सति सामान्यवत्त्वं गुणसामान्यलक्षणम् ।

(१४१) संयोगभिन्नत्वे सति संयोगाऽसमवायिकारणं कर्म ॥ ऊर्ध्वदेशसंयोगहेतुरुत्क्षेपणम् । अधोदेशसंयोगहेतुरपक्षेपणम् । शरीरस्य सन्निकृष्टसंयोगहेतुराकुञ्चनम् । शरीरस्य विप्रकृष्टसंयोगहेतुः प्रसारणम् । उत्क्षेपणादिचतुष्टयभिन्नं कर्म गमनम् ॥

(१४२) नित्यत्वे सति अनेकसमवेतत्वम् सामान्यस्य लक्षणम् ।

(१४३) नित्यद्रव्यवृत्तयो व्यावर्त्तका विशेषाः ॥

(१४४) विशिष्टप्रतीतिनियामकत्वं सम्बन्धत्वम् । नित्यत्वे सति संबंधत्वम् समवायस्य लक्षणम् ।

(१४५) ययो र्द्वयोर्मध्य एकमविनश्यदवस्थमपराश्रितमवतिष्ठते तावयुतसिद्धौ ॥ अयुतसिद्धयोः समवायः ॥

(૧૪૬) अनादिः सान्तः प्रागभावः । सादिरनन्तः प्रध्वंसः ।

(૧૪૭) त्रैकालिकत्वे सति संसर्गावच्छिन्नप्रतियोगिताकाभावत्वमत्यन्ताभावस्य लक्षणम् । तादात्म्यभिन्नसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वमत्यन्ताभावस्य लक्षणम् ॥

(૧૪૮) तादात्म्यसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वम्, अन्योन्याभावस्य लक्षणम् ।

(૧૪૯) [१] प्रमाण–[२] प्रमेय–[३] संशय–[४] प्रयोजन–[५] दृष्टान्त–[६] सिद्धान्ता–[७] ऽवयव–[८] तर्क–[९] निर्णय–[१०] वाद–[११] जल्प–[१२] वितण्डा–[१३] हेत्वाभास–[१४] छल–[१५] जाति–[१६] निग्रहस्थानानां तत्त्वज्ञानान्निःश्रेयसाधिगमः ॥

(૧૫૦) स्वसमानाधिकरण–दुःखप्रागभावासमानकालीनदुःखध्वंसो मोक्षः ।

(૧૫૧) ध्वंसं प्रति प्रतियोगिनः कारणत्वम् ॥

॥ इति मुनिचन्द्रगुप्तविजयेन सङ्कलितं परिशिष्टम् ॥